સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 13
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ચૈત્ર સુદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૩૦ માર્ચ, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

SCAN FOR TODAY'S GOLD RATE
WE BUY OLD GOLD AT BEST RATE
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

ભૂકંપનો મરણાંક ૨,૧૦૦ થયો

છત્તીસગઢમાં ૧૭ નક્સલી ઠાર, બે જવાન ઘાયલ

૧

અંક પ્રગટ થઈ ચૂક્યો છે




Compare Gold Rate + Making Charge per gram and then buy
Gold & Diamonds at Wholesale Prices
Happy Gudi Padwa!



0% Making Charges on Selected 22kt Antique Jewellery | LOWEST Gold Rates Guaranteed* | 14% Making charges on Antique Jewellery | 15% OFF on Diamonds | 50% OFF on Making Charges of Diamond Jewellery

IGI Certified Diamonds
SHUBHAM MOTIWALA JEWELLERS
Govt Recognised Star Export House
Unity Heights, Shop No. 5, Chincholi Junction, S. V. Road, Malad (W). Tel: 022 49632752/64, 9833089109.
www.shubhammotiwala.com
OFFER VALID TILL 30TH APRIL

KNB TOURS
Khojeste Noshir Bharucha
9987289154 / 8454041176/9967846353

JAPAN 13 DAYS | 23 MAY 4 JUN 2025 | INR 480000/-

ALL INCLUSIVE

TOKYO
• Tokyo Sky Tree • 3D Team Lab • Asakusa Temple • Nakamise Shopping Street • Sumida River Cruise • Ginza Shopping Area • Visit Odaiba • Shibuya Crossing Drive By • Tokyo Orientation Tour

KOBE
• Earthquake Museum • Todaiji Temple • Nara Deer Park • Kasuga Taisha Shrine • Akashi Kaiko Bridge • Visit Dotombori Street

GIFU
• Shirakawago Village Tour - Unesco • Ukai Boat Ride

MT FUJI AND HAKONE
• Mt Fuji - 5th Station (Weather Permitted) • Hakone Ropeway • Lake Ashi Cruise (Togendai to Hakone Machi) • Oshino Hakkai Village

TOYOMA - ALPINE ROUTE
• Ougisawa - Kurubo Dam by Tunnel Trolley Bus • Kurobe Lake Kurobe Dam by Cable Car • Kurobe Dairadaikan by Ropeway • Daikan Bou Murodo by Trolley Bus • Murudo Bijodaira by Highland Local Bus • (Snow Valley) • Bijodaira Tateyama by Cable Car

OSAKA
• Osaka Castle (Photostop) • Osaka Aquarium

HIROSHIMA
• Osaka - Hiroshima - Bullet Train • Atomic Bomb Dome • Peace Memorial Park • Miyajima Island • Itsukushima Shrine

KYOTO
• Arashiyama Bamboo Forest • Kiyomizudera • Giesha District • Kinkaku Ji Temple • Visit Kawaramachi Street • Fushimi Inari Taisha Shrine

NAGOYA
• SC Maglev and Railway Parl • Toyota Kikan Museum • Nabana No Sato




On completing 34 year of our existence this Gudi Padva day we would like to thanks each and every patron who are a extended arms of our family for giving us overwhelming support and are assured that you wil continue to do so.

AJAY ARVINDBHAI KHATRI
अजय अरविंदभाई खत्री
@ajayarvindbhaikhatri
www.ajayarvindbhaikhatri
Online Shopping 8169344142

BORIVALI (W) : 1, Landmark Bldg., Nr. Petrol Pump, S.V. Road. +91 8591547910
BORIVALI (W) : Chandavarkar Rd. +91 8591545295
MALAD (W) : 1/5, Somaiya Chambers, S.V. Rd. +91 8591541925
AHMEDABAD : Shop G-1, Ten-11 Bdg., C.G. Rd. +91 7600527323




OTHER DESTINATIONS - VIETNAM | SCANDINAVIA | RUSSIA NORTHERN LIGHTS | KAILASH MANSAROVAR
Velvet Vacations By NOVEX COMMUNICATIONS
www.velvetvacations.in
B/301, 3rd Floor, Remi Biz Court, Plot No. 9, Shah Industrial Estate,Off Veera Desai Rd, Andheri (W),Mumbai, Maharashtra 400053.
ANUJ: +91 8355851053 | JAGRUTI: +91 8422090451
AMIT: +91 9920887058 | HARESH: +91 8355851057

## નર્મદા ઉત્તરવાહિની પંચકોશી પરિક્રમા શરૂ: પૂજા-અર્ચના સાથે યાત્રાનો શુભારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા અને નર્મદા જિલ્લામાંથી પસાર થતી નર્મદા નદી લગભગ ૬ કિ.મી. સુધી ઉત્તર દિશામાં વહેતી હોવાથી ચૈત્ર મહિનામાં પંચકોશી ઉત્તરવાહિની પરિક્રમાનું વિશેષ માહાત્મ્ય છે. આ વર્ષે ૨૯મી માર્ચ શનિવારથી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા શરૂ થઈ હતી, જે આગામી ૨૭મી એપ્રિલ એટલે કે લગભગ એક મહિના સુધી યોજાશે. સંત સાંવરિયા મહારાજ, સાધુસંતો અને પરિક્રમાર્થીઓએ મા રેવાના દર્શન કરી, પુષ્પ અર્પણ અને દીપ પ્રાગટ્ય સાથે આ આધ્યાત્મિક યાત્રાનો શુભારંભ કર્યો હતો.

નર્મદા પરિક્રમામાં જુદાં જુદાં રાજ્યોના ભક્તો મોટી સંખ્યામાં આવતા હોવાથી નર્મદા જિલ્લાના વહીવટીતંત્રએ ખાસ તૈયારી કરી છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા નર્મદા પરિક્રમા દરમિયાન ઊમટનાર હજારો ભક્તો માટે ૩.૮૨ કરોડ રૂપિયાના ખર્ચે અનેક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાના માર્ગમાં નર્મદા નદીના શહેરાવ ઘાટ, રેંગણ ઘાટ, રામપુરા ઘાટ અને તિલકવાડા ઘાટ આવેલ છે. આ તમામ ઘાટ પર યાત્રિકોને લાઇનમાં ઊભા રહેવા માટેની રેલિંગ, વોચ ટાવર, ફૂડ સ્ટોલ તથા સ્નાન માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

કલેક્ટર એસ.કે. મોદીએ જણાવ્યા હતું કે, યાત્રાળુઓની સુવિધા માટે મજબૂત બ્રિજ બનાવવામાં આવ્યો છે. ટેન્ટ અને રેલિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. વધુ બોટ પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ૨૪ કલાક કંટ્રોલરૂમ કાર્યરત કરાયો છે. પરિક્રમા દરમિયાન મહિલાઓની સુરક્ષા માટે ખાસ વ્યવસ્થા, હેલ્થ ટીમ અને ૨૪ X ૭ પેટ્રોલિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

## નેશનલ ફેમિલી બેનિફિટ સ્કીમ હેઠળ પાત્રતા ધરાવતા ૨૭,૮૦૧ લાભાર્થીને લાભ ન મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નેશનલ ફેમિલી બેનિફિટ સ્કીમ (એનએફબીએસ) હેઠળ પાત્રતા ધરાવતા ૨૭,૮૦૧ લાભાર્થીને લાભ ન મળ્યો હોવાનો ઘટસ્ફોટ ગુજરાત વિધાનસભામાં વર્ષ ૨૦૨૩-૨૪નો કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ-કેગના રિપોર્ટમાં થયો હતો. જેને પરિણામે વર્ષ ૨૦૧૭-૨૧માં રાજ્યમાં નોંધાયેલા ૨૭,૮૦૧ લાભાર્થી કુલ રૂપિયા ૫૫.૬૦ કરોડના લાભોથી વંચિત રહ્યા હતા. વર્ષ ૨૦૧૭થી ૨૦૨૦ દરમિયાન આઈજીએનડબલ્યુપીએસ માટે ભારત સરકારે ગુજરાત સરકારને કંઈ પણ અનુદાન ન આપતા વર્ષ ૨૦૧૭-૨૧ના સમયગાળા દરમિયાન રૂપિયા ૧૭૯.૩૦ કરોડનો વધારાનો નાણાકીય બોજ સહન કરવો પડ્યો હતો. મામલતદાર અને સમાજ સુરક્ષા અધિકારીઓની બેદરકારીના કારણે સહાય ન મળી હોવાનું બહાર આવ્યું હતું.

કેગના અહેવાલમાં કહેવાયું હતું કે, ખાસ કરીને ભરૂચના ઝઘડિયા તાલુકામાં વર્ષ ૨૦૧૪થી ૨૦૧૯ દરમિયાન ૨૦૧ પાત્રતા ધરાવતા લોકો સહાયથી વંચિત રહ્યા છે. ડાંગના આહવામાં વર્ષ ૨૦૧૭થી ૨૦૨૦ દરમિયાન ૭૭૪ પાત્રતા ધરાવતા લોકો સહાયથી વંચિત રહ્યા છે. જેને પરિણામે વર્ષ ૨૦૧૭-૨૦૨૦ના સમયગાળામાં તેમને લાભોમાં રૂપિયા ૧.૫૫ કરોડનું નુકસાન થયું હતું. મૃત્યુ અથવા ગરીબી રેખા માટેની નિયત મર્યાદા પાર કરી લેવી જેવાં પરિબળોને કારણે ૧૭૦૨ લાભાર્થીઓને રદ કરવામાં આવ્યા હોવા છતાં, આવા લાભાર્થીઓને પેન્શનનું ચૂકવણું કરાયું હતું. વર્ષ ૨૦૧૭-૨૧થી આવા રદ થયેલા લાભાર્થીઓને રૂપિયા ૩૨.૬૦ લાખનું ચુકવણું કરવામાં આવ્યું હતું.

ગરીબી રેખા નીચે જીવતા લોકો-બીપીએલ કાર્ડધારક પરિવારના મોભીના અકસ્માત મૃત્યુ બાદ વિધવા થયેલી બહેનોને સરકાર રૂ. ૨૦ હજારની વન ટાઇમ સહાય ચૂકવે છે. મામલતદાર અને સમાજ સુરક્ષા અધિકારીની બેદરકારીથી વિધવાઓને ૨૦ હજાર રૂપિયાની સહાય ન મળી શકી હોવાનું પણ બહાર આવ્યું હતું.

એનએસએપી યોજના અંતર્ગત અનેક લાભાર્થીઓને સમયસર પેન્શન ન મળ્યું હોવાનું પણ કેગ રિપોર્ટમાં બહાર આવ્યું હતું. એનએસએપી યોજનાના ૩૮૨૦ લાભાર્થીને વર્ષ ૨૦૧૭થી ૨૧ દરમિયાન ૧થી ૩૮ મહિના સુધી પેન્શન મળ્યું ન હતું. આ વિલંબને લઈ ૩૮૨૦ લાભાર્થીને રૂપિયા ૧.૮૧ કરોડનું સહિયારું નુકસાન થયું હતું.

## સરકારી પ્રા. સ્કૂલોમાં દિવ્યાંગજનો માટે ૪૧૮૪ વિદ્યાસહાયકની ભરતી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દિવ્યાંગજનો માટે વિદ્યાસહાયકની ભરતી કરવાનું આયોજન કરાયું છે. જેમાં દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ભરતી માટે ૧ એપ્રિલથી ઓનલાઈન અરજી કરી શકશે. ઉમેદવારો ૧૦ એપ્રિલ સુધી અરજી કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ધો.૧થી ૫ની સ્કૂલોમાં શિક્ષક બનવા માટે ૩૭૧૫ અને ધો.૬થી ૮ની સ્કૂલોમાં શિક્ષક બનવા માટે ૪૬૯ મળી કુલ ૪૧૮૪ દિવ્યાંગજનોની વિદ્યાસહાયક તરીકે ભરતી કરવામાં આવશે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દિવ્યાંગજનો માટે વિદ્યાસહાયકની ભરતીની જાહેરાત કરી હતી. હાઈ કોર્ટમાં દાખલ થયેલી પિટિશનના ઓરલ ઓર્ડરને ધ્યાને રાખીને રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ૧૧ નવેમ્બર, ૨૦૨૪ના રોજ પરિપત્રથી દિવ્યાંગજનો માટે ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દિવ્યાંગજનોની ભરતી યોજવા માટે પરિપત્ર કર્યો હતો. જે અંતર્ગત શિક્ષણ વિભાગ દ્વારા ૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના પરિપત્રથી રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષક માટે દિવ્યાંગ વ્યક્તિઓની ઘટને લઈ ખાસ ભરતી કરવા મંજૂરી આપવામાં આવી હતી.

સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ-૧થી ૫માં શિક્ષક બનવા માટે ૩૭૧૫ જગ્યાઓ અને ધોરણ-૬થી ૮માં શિક્ષક બનવા માટે ૪૬૯ જગ્યાઓ મળી કુલ ૪૧૮૪ જેટલી જગ્યાઓ પર ખાસ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. હાલમાં જે કુલ જગ્યાઓ દર્શાવવામાં આવેલી છે, જિલ્લા પસંદગી કાર્યવાહી શરૂ થતાં પહેલા વિભાગવાર, વિષયવાર અને દિવ્યાંગતાના જૂથવાર જગ્યાઓ વેબસાઈટ પર મુકાશે.

## મુંબઈ-પોરબંદર વચ્ચે વિમાની સેવાનો ફરી આરંભ: અઠવાડિયામાં બે વિમાન ઉડાન ભરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોરબંદરમાં વિમાની સેવા ફરી શરૂ થઈ છે. શનિવારે મુંબઈથી સવારે ૧૧:૧૦ કલાકે ઉડાન ભરેલું વિમાન બપોરે ૧૨:૫૦ કલાકે પોરબંદર એરપોર્ટ પર ઉતર્યું હતું. હવે સપ્તાહમાં બે વખત મુંબઈ-પોરબંદર વચ્ચે વિમાની સેવા ઉપલબ્ધ રહેશે.

૧૯૮૦ના દાયકાથી પોરબંદરમાં મુંબઈ, અમદાવાદ અને દિલ્હી સુધીની વિમાની સેવા કાર્યરત હતી. જો કે, કોરોના મહામારી દરમિયાન આ સેવા બંધ થઈ ગઈ હતી. ત્રણ વર્ષથી બંધ રહેલી આ સેવાને ફરી શરૂ કરવા માટે વેપારીઓ અને વિવિધ સંસ્થાઓએ રજૂઆત કરી હતી.

પ્રથમ વિમાનના આગમન પર પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા, પૂર્વ કેબિનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયા, જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ વિક્રમભાઈ ઓડેદરા સહિત અનેક આગેવાનો હાજર રહ્યા હતા. તેમણે મુસાફરોનું ગુલાબના પુષ્પથી સ્વાગત કર્યું હતું.

ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, આ વિમાની સેવાથી પોરબંદર અને આસપાસના જિલ્લાના લોકોને લાભ મળશે. શહેરીજનોએ પણ વિમાની સેવા ફરી શરૂ થવા બદલ ખુશી વ્યક્ત કરી હતી.

## કેજરીવાલ સાથે વાતચીત બાદ રાજનીતિમાં પ્રવેશવાની અટકળો વચ્ચે વિક્રમ ઠાકોરનો ખુલાસો: સમય આવ્યે નિર્ણય કરીશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતી ફિલ્મોના જાણીતા અભિનેતા અને લોકગાયક વિક્રમ ઠાકોરને અગાઉ વિધાનસભામાં આમંત્રિત નહીં કરાતા વિવાદ શરૂ થયો હતો. ત્યાર બાદ સરકારે તેમને આમંત્રણ આપ્યું હોવા છતાં તેઓ નહીં ગયા હોવાથી અનેક અટકળો શરૂ થઈ હતી. તેઓ રાજનીતિમાં પ્રવેશ કરશે તેવી ચર્ચાઓ વચ્ચે તેમણે ખુલાસો કરતાં કહ્યું હતું કે, હાલ કંઈ વિચાર્યું નથી પણ ભવિષ્યમાં આ અંગે નિર્ણય કરશે.

આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ સાથે વિક્રમ ઠાકોરે વાતચીત કરી હતી. વિક્રમ ઠાકોરે જણાવ્યું હતું કે, કેજરીવાલનો ફોન મારા પર આવ્યો હતો અને તેમણે મને મુલાકાત માટે આમંત્રણ આપ્યું છે. તેમણે રાજનીતિમાં જોડાવા માટે નહીં પરંતુ શુભેચ્છા મુલાકાત માટે આમંત્રણ આપ્યું છે. ત્યાર બાદ રાજકીય વર્તુળોમાં વિક્રમ ઠાકોર આમ આદમી પાર્ટીમાં જોડાશે તેવી અટકળો શરૂ થઈ હતી.

તેમણે આ અટકળો પર પૂર્ણ વિરામ મૂકતા ખુલાસો કર્યો હતો કે, હાલ રાજનીતિમાં પ્રવેશવા અંગે કશું વિચાર્યું નથી પણ સમય આવ્યે જરૂર નિર્ણય કરીશ. લોકગાયક વિક્રમ ઠાકોરે મીડિયા સમક્ષ કહ્યું હતું કે, તેમને દરેક રાજકીય પક્ષ તરફથી રાજનીતિમાં આવવા માટે ઓફરો મળી રહી છે. તેમણે કહ્યું હતું કે, હું હાલમાં મારા કામમાં ધ્યાન આપવા માગું છું. રાજનીતિમાં પ્રવેશવાનો નિર્ણય હું યોગ્ય સમયે લઈશ.

## ખંભાત પાલિકાની સામાન્ય સભામાં હોબાળો: ચીફ ઓફિસરે છ મહિલા કોર્પોરેટરો સામે ફરિયાદ નોંધાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ખંભાત નગરપાલિકાની સામાન્ય સભામાં રાજીનામું આપ્યા બાદ પણ મહિલા કોર્પોરેટરોએ સભામાં હાજર રહી રજિસ્ટરની ખેંચતાણ કરીને હોબાળો કર્યો હતો. જેથી ચીફ ઓફિસરે છ મહિલા કોર્પોરેટરો સામે ફરિયાદ નોંધાવી હતી. સામાન્ય સભામાં થયેલા હોબાળાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

ખંભાત નગર પાલિકામાં યોજાયેલી સામાન્ય સભામાં રાજીનામું આપ્યા બાદ હાજર રહેલી છ મહિલા કોર્પોરેટરોએ રજિસ્ટરની ખેંચતાણ કરીને હોબાળો મચાવ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો થઈ ગયો હતો. વાયરલ થયેલા વીડિયો પ્રમાણે રાજીનામું આપનાર મહિલા કોર્પોરેટરો ચીફ ઓફિસર પાસેથી રજિસ્ટર લેવા માટે હોબાળો કરી રહી છે. તેમણે ચીફ ઓફિસરનો કોલર પકડીને મારામારી કરી રજિસ્ટર લેવા માટે ખેંચતાણ કરી હતી. ચીફ ઓફિસરે છ મહિલા કોર્પોરેટરો સામે પોલીસ ફરિયાદ કરી હતી.

ખંભાત પાલિકામાં બે મહિના પહેલા યોજાયેલ સામાન્ય સભામાં પણ મોટી બબાલ થઈ હતી. સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને યોજાયેલ સભામાં એજન્ડા નોટિસમાં ૩૬માંથી ૨૮ સભ્યોના નામ સામેલ કરાતા બાકીના સભ્યો રોષે ભરાયા હતા. પાલિકા પ્રમુખની કામગીરીથી નારાજ અપક્ષના બે અને ભાજપના છ કાઉન્સિલરોએ રાજીનામાં આપ્યાં હતાં. તમામ કાઉન્સિલરોએ પાલિકામાં ભ્રષ્ટાચારનો આક્ષેપ કરતાં પાલિકા પ્રમુખ કોઈની રજૂઆત સાંભળતા નથી અને મનમાની રીતે શાસન કરતા હોવાની ફરિયાદ કરી હતી.

## ગાંધીનગરના મેયરે ચૈત્રી નવરાત્રિમાં નોનવેજની લારીઓ અને કતલખાના બંધ રાખવા રજૂઆત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આજથી શરૂ થતી ચૈત્ર નવરાત્રિ દરમિયાન ગાંધીનગરમાં નોનવેજની લારીઓ અને કતલખાના બંધ રાખવા મેયરે મહાનગર પાલિકાના કમિશ્નરને પત્ર લખી રજૂઆત કરી હતી. તેમણે આ પત્રમાં હિન્દુ ધર્મમાં ચૈત્રી નવરાત્રીના પર્વનું ધાર્મિક મહત્ત્વ છે. તેને લક્ષમાં રાખી ઈંડાં અને નોનવેજની દુકાનો અને લારીઓ તેમજ કતલખાના બંધ રાખવા માટે જરૂરી હૂકમ કરવા જણાવ્યું હતું.

ગાંધીનગરનાં મેયર મીરાબેન પટેલે મહાનગર પાલિકાના કમિશ્નરને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, ચૈત્ર નવરાત્રિ એ હિન્દુ ધર્મનો એક મહત્ત્વપૂર્ણ તહેવાર છે. જેમાં ભક્તો નવ દિવસ સુધી ભક્તિભાવથી દેવીની પૂજા કરે છે. જેને ધ્યાનમાં રાખીને, ૩૦ માર્ચથી ૧૨ એપ્રિલ સુધી ગાંધીનગરમાં દેવીના તમામ મંદિરોમાં આ તહેવાર ઉજવવામાં આવશે.

ચૈત્ર નવરાત્રિ દરમિયાન ગાંધીનગરમાં તમામ માંસાહારી અને ઇંડાની દુકાનો, સ્ટોલ અને કતલખાનાઓ બંધ રાખવાનો આદેશ આપવા વિનંતી છે.

તેમણે પત્રમાં વધુમાં જણાવ્યું હતું કે, ચૈત્ર નવરાત્રી દરમિયાન, હિન્દુઓ મંદિરોમાં પૂજા કરે છે અને આવી સ્થિતિમાં, સ્ટોલ પર ઈંડાં કે માંસાહારી વસ્તુઓ વેચવી યોગ્ય નથી.

તેથી, આ બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરને પત્ર લખવામાં આવ્યો છે અને કમિશનર સાથે પણ ચર્ચા કરવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરે ખાતરી આપી છે કે ટૂંક સમયમાં આદેશ જારી કરવામાં આવશે. આ બાબતે ટૂંક સમયમાં આદેશ જારી કરવામાં આવશે.

અગાઉ ૧૫ નવેમ્બર, ૨૦૨૧ના રોજ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટાઉન પ્લાનિંગ કમિટીએ અમદાવાદ શહેરના મુખ્ય રસ્તાઓ, શાળાઓ, કોલેજો, ધાર્મિક સ્થળો, બગીચાઓ અથવા કોમ્યુનિટી હોલની નજીકના વિસ્તારોમાંથી ઇંડાં અને અન્ય માંસાહારી સ્ટોલ દૂર કરવાનો આદેશ આપ્યો હતો. જેના કારણે ઘણો વિવાદ થયો હતો. શહેરના તમામ રસ્તાઓ પરથી માંસાહારી કે ઈંડાના સ્ટોલ દૂર કરવાનો આદેશ આપ્યા બાદ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને પોતાનો નિર્ણય પાછો ખેંચવો પડ્યો હતો.

## ગુજરાત હાઈ કોર્ટે સગીર દુષ્કર્મ પીડિતાને વધુ વળતર પેટે ₹ ૧૨.૭૫ લાખ ચૂકવવા આદેશ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દુષ્કર્મ પીડિતોના વળતર સાથે જોડાયેલા એક મહત્વપૂર્ણ આદેશમાં ગુજરાત હાઈ કોર્ટના જસ્ટિસ વી.કે.વ્યાસે ગુજરાત રાજ્ય કાનૂની સત્તા સેવા મંડળને એક સગીર દુષ્કર્મ પીડિતાને ૧૨.૭૫ લાખ રૂપિયા ચૂકવવાનો નિર્દેશ કર્યો હતો. આ જઘન્ય કૃત્ય બદલ સગીર પીડિતાને ગર્ભપાત કરાવવો પડ્યો હતો. આ વળતર ચુકવણીની રકમમાં અગાઉ ટ્રાયલ કોર્ટ દ્વારા હૂકમ કરાયેલા ત્રણ લાખ રૂપિયા પણ સામેલ છે.

સગીર દુષ્કર્મ પીડિતાના વકીલ નીરવ પારઘીએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર પાસે પીડિતા અથવા તેના આશ્રિતોને વળતર ચૂકવવા માટેની એક યોજના છે. જે લોકોને શારીરિક ગુનાઓના કારણે ઈજા થઈ હોય અથવા નુકસાન થયું હોય તેમને પુનર્વસનની જરૂર છે. જેનું નામ ગુજરાત પીડિતા વળતર યોજના ૨૦૧૯ છે. આ યોજના હેઠળ પીડિત વ્યક્તિ ૧૯.૫૦ લાખ રૂપિયાનું વળતર મેળવવા માટે હકદાર છે.

આ કેસમાં ટ્રાયલ કોર્ટે આરોપીને સાત વર્ષની કેદ અને ત્રણ લાખ રૂપિયાનું વળતર આપવાનો આદેશ કર્યો હતો.

પીડિતાના વકીલે કોર્ટમાં દલીલ કરી હતી કે, કોર્ટના આદેશમાં ઓછી રકમ આપવાનાં કારણો દર્શાવાયાં નથી.

આ કેસની સુનાવણી બાદ હાઈ કોર્ટે વિવિધ પાસાઓ હેઠળ ૧૨.૭૫ લાખ રૂપિયાનું વળતર મંજૂર કર્યું હતું. કોર્ટે અવલોકન કર્યું હતું કે, પ્રાથમિક રીતે એવું લાગે છે કે, અરજદાર પીડિતાને શારીરિક સતામણી, માનસિક યાતના અને આઘાત સહન કરવો પડ્યો છે. આરોપી દ્વારા તેની સાથે અનેકવાર દુષ્કર્મ કરવામાં આવ્યું હોવાથી તેને ગર્ભપાત પણ કરાવવો પડ્યો હતો.

કોર્ટે કહ્યું હતું કે, આ દુષ્કર્મનો ગંભીર કેસ છે. જેથી ટ્રાયલ કોર્ટે વધુ વળતર ચૂકવવાની જરૂર હતી.

## અમદાવાદ પોલીસમાં બદલીઓનો દોર યથાવત: વધુ ૩૮ પોલીસકર્મીની આંતરિક બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના ૩૮ પોલીસકર્મીઓની ક્રાઇમ અને ટ્રાફિક વિભાગમાં બદલી કરવામાં આવી હતી. પોલીસ કમિશનર જી.એસ. મલિકે પોલીસ કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલ સહિતના ૩૮ પોલીસકર્મીઓની આંતરિક બદલીના આદેશ આપ્યા હતા. પોલીસ કમિશનર આ કાર્યવાહીથી પોલીસબેડામાં ખળભળાટ શરૂ થઇ ગયો હતો.

મળતી વિગતો મુજબ શહેર પોલીસ કમિશનર જી.એસ. મલિક દ્વારા શહેરમાં ૩૮ પોલીસકર્મીઓની આંતરિક બદલીના આદેશ આપવામાં આવ્યા હતા. ૩૮ પોલીસકર્મીઓની ક્રાઇમ અને ટ્રાફિક વિભાગમાં બદલી કરવામાં આવી હતી. પોલીસ કમિશનરે જુદા જુદા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૨૯ હેડ કોન્સ્ટેબલની ક્રાઇમ વિભાગમાં બદલી કરી હતી. જ્યારે જુદા જુદા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૯ પોલીસકર્મીની ટ્રાફિક વિભાગમાં બદલી કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ વસ્ત્રાલમાં અસામાજિક તત્ત્વોનાં આતંકની ઘટના બાદ અમદાવાદ પોલીસની કામગીરી સામે ગંભીર પ્રશ્નો ઉભા થયા હતા.

ત્યારબાદ પોલીસ વિભાગમાં પણ કાર્યવાહી કરવામાં આવી હતી અને અમદાવાદ શહેરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવતા ૪૪૦ જેટલા પોલીસ કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલની આંતરિક બદલી કરવામાં આવી હતી.

## ઈમ્પેક્ટ ફીની અરજીઓ મુદ્દે લોક દરબાર યોજવા અંગે ભાજપના નેતાઓની નારાજગી

### ૯ એપ્રિલથી ૨ મે સુધી અમદાવાદના વિવિધ ઝોનમાં લોક દરબાર યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગેરકાયદેસર બાંધકામ કરનારા લોકોને તેમના બાંધકામોને કાયદેસર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા લાવવામાં આવેલા ઇમ્પેક્ટ ફી મામલે મ્યુનિસિપલ કોર્પોરેશનના ટાઉન પ્લાનિંગ એન્ડ એસ્ટેટ વિભાગ દ્વારા યોજાનારા લોક દરબાર અંગે ભાજપના સત્તાધીશો સાથે સંકલન કર્યા વિના તારીખોની જાહેરાત કરી દેવામાં આવી હતી. જોકે, ભાજપના નેતાઓની નારાજગીના પગલે તારીખો બદલવામાં આવી હતી. હવે એપ્રિલ મહિનાની ૯ એપ્રિલથી લઈ અને ૨ મે સુધી અલગ અલગ તારીખે અલગ અલગ ઝોનમાં લોક દરબાર યોજાશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટાઉન પ્લાનિંગ એન્ડ એસ્ટેટ વિભાગ દ્વારા એપ્રિલ મહિનામાં બે તબક્કામાં અલગ અલગ દિવસે અલગ અલગ ઝોનમાં લોક દરબારનું આયોજન કરવા અંગેની જાહેરાત કરી દેવામાં આવી હતી. જે અંતર્ગત પ્રથમ તબક્કામાં ૨ એપ્રિલથી ૭ એપ્રિલ અને બીજા તબક્કામાં ૨૧ એપ્રિલથી લઈ ૩૦ એપ્રિલ સુધી લોક દરબાર યોજાવાનો હતો. લોક દરબાર યોજાવા અંગેની વિવિધ અખબારો અને સોશિયલ મીડિયામાં જાહેરાત મારફતે ભાજપના સત્તાધીશોને જાણ થતાં રોષ ફેલાયો હતો. મ્યુનિસિપલ કમિશનરથી લઇ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અને એસ્ટેટ વિભાગના અધિકારીઓને આ મામલે તેઓએ ધ્યાન દોરી અને પૂછયા વિના જ તારીખો જાહેર કરી દેવામાં આવતા નારાજગી વ્યક્ત કરી હતી.

ભાજપના નેતાઓની નારાજગી જોઈને હવે લોક દરબારની તારીખ નવેસરથી જાહેર કરવા સૂચના આપતા નવી તારીખ જાહેર કરવામાં આવી હતી. અલગ અલગ ઝોનમાં હવેથી ૯ એપ્રિલથી લઈને ૨ મે સુધી દરેક ઝોનમાં બે તબક્કામાં લોક દરબાર યોજાશે. દરેક ઝોનમાં કુલ ચાર દિવસ માટે આ લોક દરબાર યોજાશે જેમાં જે પણ વ્યક્તિએ ઓક્ટોબર ૨૦૨૨ પહેલા પોતાનું ગેરકાયદેસર બાંધકામ કર્યું હોય તેને ઇમ્પેક્ટ ફીના નિયમ કાયદા મુજબ કાયદેસર કરાવી શકાશે.

## દારૂબંધીના દાવાનું સુરસુરિયું: અમદાવાદમાં ૪૩ લાખના વિદેશી દારૂ સાથેનું ટેન્કર ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં દારૂબંધીના દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે. રાજ્યના વિવિધ ભાગોમાંથી અવારનવારનો જથ્થો ઝડપાતો રહે છે. અમદાવાદના એસ.પી રીંગ રોડ પર દાસ્તાન ફાર્મ નજીક પીસીબીએ રાજસ્થાનથી આવેલા કન્ટેનરને રોકીને તેમાંથી રૂપિયા ૪૩ લાખની કિંમતની ૧૮,૫૦૦ બોટલ વિદેશી દારૂ જપ્ત કરીને ડ્રાઇવરની ધરપકડ કરી હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે રાજસ્થાનના એક બુટલેગરે જયપુરથી દારૂ ભરેલા કન્ટેનરને આપીને અસલાલીમાં પાર્કિંગમાં અન્ય એક વ્યક્તિને પહોંચતું કરવા માટે સૂચના આપી હતી. આ અંગે પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

પીસીબીના સ્ટાફને બાતમી મળી હતી કે દાસ્તાન ચાર રસ્તા સરદાર પટેલ રિંગ રોડ પર દારૂનો મોટો જથ્થો એક કન્ટેનરમાં મોકલવામાં આવી રહ્યો છે. જેના આધારે શુક્રવારે મોડી રાત્રે વોચ ગોઠવીને એક કન્ટેનરને રોકીને તેમાં તપાસ કરતા ૫૯૭ પેટી વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેમાં કુલ ૧૮,૫૦૦ જેટલી વિદેશી બોટલ દારૂ હતો. આ અંગે પોલીસે ડ્રાઇવર અણદારામ જાટની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે ઉદેપુરમાં રહેતા રણદીપ નામના બુટલેગરે દારૂ ભરેલું કન્ટેનર જયપુરથી તેને અન્ય ડ્રાઇવર પાસેથી અપાવ્યું હતું. જેને અસલાલી પહોંચતું કરવાનું હતું.

## કેનેડાના વિઝાના નામે ₹ ૨.૫૨ કરોડની ઠગાઈ: વડોદરાના ઠગ દંપતી સામે ફરિયાદ

અમદાવાદ: વડોદરાના એક દંપતી અને તેમના દીકરાએ મળીને લોકો સાથે કુલ રૂ. ૨.૫૨ કરોડની ઠગાઈ આચરી હોવાનો મામલો પ્રકાશમાં આવ્યો હતો. આ ઠગ પરિવારે ગાંધીનગરના કલોલ ખાતે રહેતા એક યુવક સાથે પણ ૨૦ લાખની છેતરપિંડી કરી હતી. આ પરિવારે શેર માર્કેટમાં રોકાણથી વધુ નફો અને કેનેડાના વિઝા આપવાની લાલચ આપીને યુવક પાસેથી ૨૦ લાખ સેરવી લીધા હતા, જેમાં શેર માર્કેટના નામે રૂ. ૪.૮૫ લાખ અને કેનેડાના વિઝા માટે ૧૫ લાખનો સમાવેશ થતો હતો.

યુવકે જ્યારે પોતાના રૂપિયા પરત માગ્યા, તો ઠગ પરિવારે માત્ર ૧૩ લાખ પરત કર્યા અને બાકીની રકમ આપવાનો ઇન્કાર કર્યો હતો. આ ઘટના વર્ષ ૨૦૧૮થી વર્ષ ૨૦૨૧ દરમિયાન બની હતી, જેમાં આ પરિવારે સતત છેતરપિંડી આચરી હતી. આખરે, યુવકે આ ઠગ દંપતી અને તેમના દીકરા સામે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.

## ગુજરાતમાં મંદીની ઈફેક્ટ: શૅરબજારમાં નવા રોકાણકારોના રજિસ્ટ્રેશનમાં ૫૫ ટકાનો ઘટાડો

અમદાવાદ: શૅરબજારમાં સતત ચાલી રહેલી મંદીને કારણે રોકાણકારોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ફેબ્રુઆરીમાં આ મંદીને કારણે રોકાણકારોની સંખ્યામાં ધરખમ ઘટાડો નોંધાયો હતો. ગુજરાતમાં ફેબ્રુઆરી મહિનામાં નવા ઈન્વેસ્ટરોના રજિસ્ટ્રેશનમાં ૫૫.૫ ટકાનો નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. ફેબ્રુઆરીમાં માત્ર ૬૫ હજાર નવા રોકાણકારો નોંધાયા હતા. નેશનલ સ્ટોક એકસચેન્જના રિપોર્ટ મુજબ નવા રોકાણકારોમાં ગુજરાતનો હિસ્સો ૮.૯ ટકાથી ઘટીને ૫.૭ ટકા થઈ ગયો હતો અને રાષ્ટ્રીય રેકિંગમાં ગુજરાત ૩માંથી ૬ઠ્ઠા ક્રમે પહોંચી ગયું હતું. નવા રોકાણકારોનાં રજિસ્ટ્રેશનની સંખ્યા જૂન ૨૦૨૩ પછીના સૌથી નીચા સ્તરે હતી. જૂન ૨૦૨૩માં ૮૦ હજાર નવા રોકાણકારોનું રજિસ્ટ્રેશન હતું. ફેબ્રુઆરી ૨૦૨૪માં ૧.૪૬ લાખ નવા રોકાણકારો નોંધાયા હતા. નવા રોકાણકારોની સંખ્યામાં ઘટાડો થતાં ૯૮.૮૬ લાખ રોકાણકારો સાથે કુલ સંખ્યામાં ગુજરાતનો ત્રીજો રેન્ક યથાવત રહ્યો હતો. શૅરબજારના નિષ્ણાંતોના મત મુજબ ગુજરાતમાં દર મહિને એક લાખ રોકાણકારો ઉમેરાતા હોય છે. પરંતુ સળંગ મંદી ચાલુ રહેતા રોકાણકારોમાં ભય ફેલાયો હતો.

## ગુજરાતમાં સતત વધી રહેલી ગરમીની અસરથી બચવા અધિક વિકાસ કમિશનરે માર્ગદર્શિકા જાહેર કરી

અમદાવાદ: ગુજરાતમાં માર્ચ મહિનાના અંતમાં આગઝરતી ગરમી શરૂ થઈ ગઈ છે. સતત વધી રહેલી ગરમીને કારણે રોગચાળો પણ વકરી રહ્યો છે. ત્યારે ગુજરાતના અધિક વિકાસ કમિશ્નરે ગરમીની વિપરીત અસરથી બચવા માટે એક માર્ગદર્શિકા તૈયાર કરીને તમામ જિલ્લા વિકાસ અધિકારીઓને મોકલી આપી હતી. આ માર્ગદર્શિકામાં સનસ્ટ્રોકથી બચવા સહિતના ઉપાયો દર્શાવાયા છે.

સતત વધી રહેલી ગરમીમાં લોકોએ બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું અને ગરમીથી બચવા સફેદ, સુતરાઉ કપડા પહેરવા માટે અધિક વિકાસ કમિશ્નરની માર્ગદર્શિકામાં અપીલ કરવામાં આવી છે. નાના બાળકો અને સગર્ભા માતાઓ તેમ જ વૃદ્ધો તથા અશક્ત વ્યક્તિઓએ તડકામાં ફરવું નહી દિવસ દરમિયાન પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવું જોઈએ. ગરમીની સિઝનમાં ભૂખ્યા ન રહેવું જોઈએ. જો કોઈ વ્યક્તિને લૂ લાગી હોય તો પ્રાથમિક સારવાર માટે ભીના કપડાંનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડવું જોઈએ.

સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 13
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ચૈત્ર સુદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૩૦ માર્ચ, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# નવસારીમાં દેશનો સૌથી મોટો સોલર સેલ પ્લાન્ટ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના નવસારીના ચીખલી ખાતે શનિવારે દેશની સૌથી મોટી સોલર પાવર અને સોલર પેનલ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય ઊર્જા પ્રધાન પ્રહલાદ જોશીના હસ્તે કરવામાં આવ્યું હતું. નવસારી જિલ્લાના દેગામ ખાતે વારી એનર્જીસ લિમિટેડની અત્યાધુનિક ૫.૪ ગીગાવોટ સોલાર સેલ ઉત્પાદન સુવિધાનું ઉદ્‌ઘાટન કરતાં કહ્યું હતું કે, ભારતની સોલાર પીવી મોડ્યુલ મેન્યુફેક્ચરિંગ કેપેસિટી ૨૦૩૦ સુધીમાં ૮૦ ગીગાવોટથી વધીને ૧૨૫ ગીગાવોટ થઈ જશે. જ્યારે ઈન્સ્ટોલ કરવામાં આવેલી સોલાર સેલ મેન્યુફેક્ચરિંગ કેપેસિટી હાલમાં ૨૫ ગીગાવોટ છે તે વધીને ૪૦ ગીગાવોટ સુધી પહોંચી જશે. ૨૦૧૪માં દેશમાં સોલાર પીવી મોડ્યુલનું મેન્યુફેક્ચરિંગ એટલી માત્રામાં નહોતું.

તેમણે ઉમેર્યું હતું કે, આજે વારી જેવી કંપનીઓ ૮૦ ગીગાવોટ સૌર પીવી મોડ્યુલનું મેન્યુફેક્ચરિંગ કરી રહી છે. ૨૦૨૩ સુધીમાં આપણી કુલ પીવી મેન્યુફેક્ચરિંગ ક્ષમતા ૧૨૫ ગીગાવોટ થઈ જશે. ૨૦૧૪માં સોલાર સેલ મેન્યુફેક્ચરિંગ શૂન્ય હતું. પરંતુ આજે આપણે ૨૫ ગીગાવોટનું નિર્માણ કરી રહ્યાં છીએ અને ટૂંક સમયમાં ૪૦ ગીગાવોટ સુધી પહોંચી જઈશું. તેમણે કહ્યું હતું કે, આપણે પોલિસિલિકોનથી લઈને મોડ્યુલ સુધી ભારતમાં મેન્યુફેક્ચરિંગ કરવાના વિચાર સાથે આગળ વધી રહ્યાં છીએ.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો રિન્યુએબલ એનર્જીનું મેન્યુફેક્ચર કરનાર દેશ બન્યો છે. ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ રિન્યુએબલ ઊર્જા ક્ષમતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી લેશે જે હાલમાં ૨૨૦ ગીગાવોટ છે. ૫૦૦ ગીગાવોટનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકાશે કારણ કે, વડા પ્રધાન મોદી છે તો આ સંભવ છે. ગ્રીન એમોનિયા માટે દુનિયામાં સૌથી મોટી બોલી ભારત દ્વારા લગાવવામાં આવી છે. તે ઉપરાંત ઈલેક્ટ્રોલાઈઝર અને ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન માટે ૫૦ ટકા નિકાસ ઓર્ડર બુક કરવામાં આવ્યાં છે.

ભારતમાં ઊર્જાની માગ ઝડપથી વધી રહી છે. ૨૦૩૨ સુધીમાં તે ડબલ થઈ જશે. ૧૮૧૦૦ ગામોમાં વીજળી પહોંચી જશે અને ભારત પોતાની વિશ્વસનિયતા અને માનવ સંસાધનોની ઉપલબ્ધતાને

(જુઓ પાનું ૨) ▸▸



**ગૂડી પાડવાઃ** સુરતમાં શનિવારે ગૂડી પાડવાની ઉજવણી દરમિયાન પરંપરાગત વિધિ કરી રહેલી છોકરીઓ. (એજન્સી)

## ગુજરાતમાં ૩૧મીથી ૨ એપ્રિલ સુધી કમોસમી વરસાદની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હવામાન વિભાગ દ્વારા ભરઉનાળે માવઠાંની આગાહી કરવામાં આવી હતી. એપ્રિલની કાળઝાળ ગરમીમાં ૩૧ માર્ચથી એપ્રિલના પ્રથમ બે દિવસ દરમિયાન વરસાદ વરસી શકે છે. સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લા, દક્ષિણ અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આ સાથે આગામી પાંચ દિવસ દરમિયાન મહત્તમ અને લઘુતમ તાપમાનમાં પણ વધારા પર નિયંત્રણ લાગશે, એટલે કે ગરમીથી આંશિક રાહત મળશે. બીજી તરફ માવઠાંની આગાહીને કારણે ખેડૂતો ચિંતિત બન્યા છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, ૩૧ માર્ચથી ૨ એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન ગુજરાતના વિવિધ ભાગોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. આ સાથે જ સૌરાષ્ટ્રના જિલ્લા અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં વીજળીના ચમકારાનું યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું હતું. બીજી તરફ સિસ્ટમ સક્રિય થતાં ગરમીમાં પણ ઘટાડો થઈ શકે છે. ગુજરાતના કેટલાક જિલ્લાઓના મહત્તમ તાપમાનમાં છેલ્લા ૨૪ કલાકમાં એકાદ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે, જોકે આગામી ૪૮ કલાક કેટલાક જિલ્લામાં

(જુઓ પાનું ૨) ▸▸

**ઘર ખરીદનારાઓ સાથે ઠગાઈનો કેસ**

## બિલ્ડરના મુંબઈ, પુણેનાં ઘર, જમીનને ટાંચ મરાઈ

નવી દિલ્હીઃ નવી મુંબઈમાં ઘર ખરીદનારા ૧,૭૦૦ જેટલા સાથે ઠગાઈ કરવા સંબંધિત કેસને મામલે મહારાષ્ટ્રસ્થિત બિલ્ડર અને તેના સાથીદારો વિરુદ્ધ ઍન્ટી-મનીલૉન્ડરિંગ ઍક્ટ અંતર્ગત કાર્યવાહી કરી તેમની અંદાજે રૂ. ૪૪ કરોડ કરતાં પણ વધુની મિલકત ટાંચમાં લેવામાં આવી હોવાનું એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ શનિવારે કહ્યું હતું.

ઈડીએ કાર્યવાહી કરી બિલ્ડર અને તેના સાથીદારોની દુબઈ વિલા, મુંબઈ અને પુણેસ્થિત ઘર અને જમીન સહિતની મિલકત ટાંચમાં લીધી હતી.

ઈડી દ્વારા સુપ્રીમ કન્સ્ટ્રક્શન ઍન્ડ ડેવલપર પ્રા.લિ. અને તેનાં પ્રમોટર લલિત ટેકચંદાની તેમ જ અન્યો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી. આ લોકોએ તળોજા, નવી મુંબઈસ્થિત તેમના પ્રોજેક્ટ અંતર્ગત ૧,૭૦૦ ગ્રાહકો પાસેથી અંદાજે રૂ. ૪૦૦ કરોડ એકઠાં કર્યાં હતાં. પ્રોજેક્ટમાં થયેલા વિલંબને કારણે ફ્લેટ કે રિફંડ પણ ન મળવાથી ગ્રાહકો અવઢવમાં પડી ગયા હોવાનું તપાસ એજન્સી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

ઈડીએ ગયા વર્ષના માર્ચમાં ટેકચંદાનીની ધરપકડ કરી હતી અને તે હાલ જેલમાં છે.

પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે ગ્રાહકો પાસેથી મળેલા રૂપિયાનો બિલ્ડરે વ્યક્તિગત લાભ માટે અને પરિવારના સભ્યો સહિત જુદાં જુદાં નામે મિલકત ખરીદવામાં

(જુઓ પાનું ૨) ▸▸

## છત્તીસગઢમાં ૧૭ નક્સલી ઠાર, બે જવાન ઘાયલ

સુકમાઃ છત્તીસગઢના સુકમા જિલ્લામાં શનિવારે એક મોટા માઓવાદી વિરોધી અભિયાનમાં ૧૭ નક્સલીઓને ઠાર કરવામાં આવ્યા હતા. જ્યારે બે જવાનો ઘાયલ થયા હતા. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ઘાયલ જવાનો ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ(ડીઆરજી)ના હતા, જે રાજ્ય પોલીસનું એક એકમ છે. બસ્તર રેન્જના પોલીસ મહાનિરીક્ષક સુંદરરાજ પી.એ જણાવ્યું કે કેરળપાલ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના જંગલમાં સવારે ૮ વાગ્યાની આસપાસ એન્કાઉન્ટર શરૂ થયું હતું. જ્યાં સુરક્ષા કર્મચારીઓની સંયુક્ત ટીમ નક્સલ વિરોધી અભિયાન પર નીકળી હતી. તેમણે જણાવ્યું કે એન્કાઉન્ટર સ્થળેથી અત્યાર સુધીમાં ૧૭ નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. તેમજ અભિયાન હજુ પણ ચાલુ છે.

આઇજીએ જણાવ્યું કે કેરળપાલ વિસ્તારમાં માઓવાદીઓની હાજરી

(જુઓ પાનું ૨) ▸▸

## ભૂકંપનો મરણાંક ૨,૧૦૦ થયો

બેંગકોકઃ મ્યાનમાર, થાઈલેન્ડ ઉપરાંત બાંગ્લાદેશ, ભારત અને ચીનના કેટલાક શહેરમાં શુક્રવારે આવેલા ભૂકંપનો મરણાંક શનિવારે વધીને ૨,૧૦૦ થયો હતો. હજુ સેંકડો લોકો ઘાયલ અથવા લાપતા હોવાથી મરણાંક વધવાની પૂરી શક્યતા છે.

૭.૭ની તીવ્રતાના ભૂકંપને કારણે અનેક બહુમાળી ઈમારતો કાટમાળમાં ફેરવાઈ ગઈ હતી. શનિવારે કાટમાળ હેઠળથી વધુ મૃતદેહ બહાર કાઢવામાં આવતાં મરણાંક વધીને ૨,૧૦૦ પર પહોંચ્યો હતો.

ઈજાગ્રસ્તોનો આંક ૨,૩૭૬ પર પહોંચ્યો હોવાનું તેમ જ ૩૦ જેટલા લોકો હજુ પણ ગુમ હોવાનું સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

લાંબા સમયથી લોહીયાળ સિવલ વૉરમાં ફસાયેલા મ્યાનમાર માનવતાની કટોકટી માટે જવાબદાર છે અને તેને કારણે દેશમાં જ એક સ્થળેથી બીજે સ્થળે જવાનું મુશ્કેલ તેમ જ જોખમી બન્યું હોવાથી રાહત કામગીરીમાં અવરોધ ઊભો થઈ રહ્યો છે. આ કારણે પણ મરણાંક વધે તેવો ભય સેવાઈ રહ્યો છે.

ભૂંકપ બાદ ૬.૪ની તીવ્રતા સહિતના

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતે ભૂકંપગ્રસ્તો માટે રાહત સામગ્રી મોકલી

નવી દિલ્હીઃ ૭.૭ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપે શુક્રવારે પડોશી દેશ મ્યાનમાર અને થાઈલૅન્ડમાં વિનાશ વેર્યા બાદ ભારતે 'ઑપરેશન બ્રહ્મા' અંતર્ગત ભૂકંપગ્રસ્તો માટે શનિવારે ૧૫ ટન રાહત સામગ્રી મોકલી હતી. ભારતીય હવાઈદળના લશ્કરી માલવાહક વિમાન સી૧૩૦જે મારફતે આ રાહત સામગ્રી મ્યાનમારના યાન્ગોન શહેરમાં મોકલવામાં આવી હતી.

અધિકારીઓના જણાવ્યાનુસાર રાહત સામગ્રીમાં તંબુઓ, સ્લિપિંગ બૅગ, બ્લેન્કેટ, રેડી ટૂ ઈટ ફૂડ, વૉટર પ્યૂરિફાયર, સોલાર લેમ્પ, જનરેટર સેટ અને આવશ્યક દવાઓનો સમાવેશ થતો હતો.

'ઑપરેશન બ્રહ્મા' અંતર્ગત રાહત સામગ્રીનો પહેલો જથ્થો મ્યાનમારના યાન્ગોન શહેરમાં પહોંચી ગયો હોવાનું વિદેશ પ્રધાન એસ. જયશંકરે શનિવારે કહ્યું હતું.

મ્યાનમારસ્થિત ભારતીય રાજદૂત અભય ઠાકુરે આ રાહત સામગ્રી યાન્ગોનના મુખ્ય પ્રધાન યૂ શૉ થૅઈનને સુપરત કરી દીધી હોવાનું તેમણે કહ્યું હતું.

ભારતીય હવાઈ દળના વધુ બે વિમાન

(જુઓ પાનું ૨) ▸▸

## ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમ મ્યાનમાર પહોંચી

નવી દિલ્હીઃ ભૂકંપગ્રસ્ત મ્યાનમારના અસરગ્રસ્તોને સહાયરૂપ થવા ૮૦ સભ્યની બનેલી ભારતની ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમ મ્યાનમાર પહોંચી હતી, એમ સત્તાવાર સૂત્રોએ શનિવારે કહ્યું હતું.

'ઑપરેશન બ્રહ્મા' અંતર્ગત મોકલવામાં આવેલી અને રાહત ઉપકરણોથી સજ્જ આ ટીમ ભૂકંપને કારણે નિર્માણ પામેલી પરિસ્થિતિમાં પડોશી દેશ માટે રાહતરૂપ પુરવાર થશે.

અગાઉ વર્ષ ૨૦૧૫માં નેપાળમાં અને વર્ષ ૨૦૨૩માં તુર્કીમાં વિનાશક ભૂકંપ આવ્યો હતો ત્યારે ભારતે એનડીઆરએફની ટીમ વિદેશ મોકલી હતી. પૂર્વમાં ભારત મ્યાનમાર સાથે ૧,૬૪૨ કિ.મી લાંબી સરહદ ધરાવે છે. (એજન્સી)

## મણિપુર અને અફઘાનિસ્તાનમાં ભૂકંપ

ઈમ્ફાલઃ મણિપુરના નોની જિલ્લામાં શનિવારે ૩.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે અત્યાર સુધી જાનહાનિ કે સંપત્તિના નુકસાન અંગે કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપ બપોરે ૨:૩૧ વાગ્યે આવ્યો હતો. તેનું કેન્દ્ર મણિપુરના નોની જિલ્લામાં હતું. ભૂકંપની ઊંડાઈ ૧૦ કિલોમીટર માપવામાં આવી હતી.

ઉત્તર-પૂર્વ ભારત ભૂકંપની સંભાવનાવાળા વિસ્તારમાં આવે છે અને અહીં વારંવાર ભૂકંપના આંચકા અનુભવાય છે. નિષ્ણાતો કહે છે કે આ વિસ્તારમાં ભૂસ્તરશાસ્ત્રીય ગતિવિધિઓ વધુ સક્રિય રહે છે, જેના કારણે સમયાંતરે ભૂકંપ આવતા રહે છે.

અફઘાનિસ્તાનમાં શનિવારે ૪.૦ કરતાં વધુની તીવ્રતાના ભૂકંપના બે આંચકા લાગ્યા હતા, એમ નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ કહ્યું હતું. ભારતીય સમય પ્રમાણે ઉત્તર અફઘાનિસ્તાનમાં શનિવારે વહેલી સવારે

(જુઓ પાનું ૨) ▸▸

## મોદી બહુ સ્માર્ટ વ્યક્તિ અને સારા મિત્ર છેઃ ટ્રમ્પ

વોશિંગ્ટન/ ન્યૂયોર્કઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હતી અને તેમને 'નજીકના મિત્ર' અને 'ખૂબ જ સ્માર્ટ વ્યક્તિ' ગણાવ્યા છે. શુક્રવારે વાઇટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે આશા વ્યક્ત કરી કે ભારત સાથે ચાલી રહેલી ટેરિફ વાટાઘાટો ખૂબ સારી રીતે કાર્ય કરશે. અમેરિકન રાષ્ટ્રપતિએ પત્રકારોને જણાવ્યું હતું કે, 'વડા પ્રધાન મોદી તાજેતરમાં અહીં આવ્યા હતા અને અમે હંમેશાં ખૂબ સારા મિત્રો રહ્યા છીએ.' ભારત વિશ્વમાં સૌથી વધુ ટેરિફ ધરાવતા દેશોમાંનો એક છે. તે ખૂબ જ સ્માર્ટ છે.

ડોનલ્ડ ટ્રમ્પનું આ નિવેદન એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે દિવસે વિદેશ સચિવ

(જુઓ પાનું ૨) ▸▸

## દેશમાં ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીમાં નક્સલવાદનો અંત આવશેઃ અમિત શાહ

નવી દિલ્હીઃ દેશમાં ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં નક્સલવાદનો અંત આવશે, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ફરી એકવાર આ હાકલ કરી છે. તેમણે નક્સલીઓને હિંસાનો માર્ગ છોડીને શાંતિ અને વિકાસનો માર્ગ પસંદ કરવાની પણ અપીલ કરી છે. છત્તીસગઢના સુકમા જિલ્લામાં શનિવારે સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલા અભિયાનમાં ૧૭ નક્સલીઓને ઠાર કરાયા બાદ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે તેને ૩૧ માર્ચ, ૨૦૨૬ પહેલા નક્સલવાદનો અંત લાવવાના

(જુઓ પાનું ૨) ▸▸

## 'જમ્મુ-કાશ્મીરને ફરી રાજયનો દરજ્જો અપાશે'

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે વચન મુજબ જમ્મુ અને કાશ્મીરનો રાજ્ય દરજ્જો ફરીથી પરત આપવામાં આવશે. જોકે, અમિત શાહે કોઈ સમયમર્યાદા આપી નહોતી. શુક્રવારે રાત્રે 'ટાઈમ્સ નાઉ સમિટ ૨૦૨૫'માં શાહે કહ્યું હતું કે ગયા વર્ષે જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાઈ હતી. રાજ્યનો દરજ્જો ફરીથી

(જુઓ પાનું ૨) ▸▸

## જયપુરમાં મૂર્તિને તોડવા મામલે વિરોધ પ્રદર્શન, રસ્તાઓ કરાયા બ્લોક

જયપુરઃ રાજસ્થાનના જયપુરમાં પ્રતાપ નગરમાં વીર તેજાજી મંદિરમાં કેટલાંક અસામાજિક તત્ત્વો દ્વારા મૂર્તિને નુકસાન પહોંચાડ્યા બાદ વિશ્વ હિંદુ પરિષદ (વીએચપી) અને બજરંગ દળ સહિતના ભક્તોએ ટોંક રોડ બ્લોક કરી દીધો હતો. પ્રદર્શનકારીઓએ વહીવટીતંત્ર પાસે માગ કરી છે કે ગુનેગારોની જલદી ધરપકડ કરવામાં આવે. પોલીસે લોકોના ટોળાને વિખેરવા માટે હળવો લાઠીચાર્જ કરવો પડ્યો હતો. પોલીસે આ મામલે કેટલાક લોકોની અટકાયત કરી હતી અને પોલીસે ટ્રાફિક માટે રસ્તો ખુલ્લો કર્યો હતો.

રાજધાનીના સાંગાનેર વિસ્તારમાં શુક્રવારે મોડી રાત્રે પ્રતાપ નગર સ્થિત વીર તેજાજી મંદિરની મૂર્તિને કેટલાંક અસામાજિક તત્ત્વો દ્વારા નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. આ ઘટના બાદ વિસ્તારમાં તણાવ ફેલાઈ ગયો હતો અને શ્રદ્ધાળુઓ અને સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. થોડી જ વારમાં ટોંક રોડ પર મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા અને ગુનેગારોની ધરપકડની માગ કરવા લાગ્યા હતા. વીએચપી અને બજરંગ દળના

(જુઓ પાનું ૨) ▸▸

## યુપીમાં રામચરિતમાનસના અખંડ પાઠ થશે

લખનઊ : ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ચૈત્ર રામનવમીના શુભ અવસર પર તમામ જિલ્લાઓમાં ૨૪ કલાક સતત શ્રી રામચરિતમાનસ પાઠનું આયોજન કરવાના નિર્દેશો આપ્યા છે. તેમણે કહ્યું છે કે ૫ એપ્રિલના બપોરથી શરૂ થનારા અખંડ માનસ પાઠનું સમાપન ૬ એપ્રિલના રોજ શ્રી રામ નવમીના દિવસે બપોરે ૧૨ વાગ્યે શ્રી રામજન્મભૂમિ મંદિરમાં શ્રી રામ લલ્લાના સૂર્ય તિલક સાથે થવું જોઈએ. મુખ્ય પ્રધાનની સૂચના બાદ તમામ જિલ્લાના મંદિરોમાં જરૂરી વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે.

યોગી આદિત્યનાથે ચૈત્ર નવરાત્રી દરમિયાન રાજ્યભરમાં દિવસ-રાત અવિરત વીજળી પુરવઠો રહે તે સુનિશ્ચિત કરવા સૂચનાઓ પણ આપી છે, જેથી ભક્તોને કોઈ અસુવિધા ન થાય. વધુમાં તેમણે મંદિરોની આસપાસ સ્વચ્છતા જાળવવા અને કોઈપણ પ્રકારની માંસ કે ઈંડાની દુકાનો પર પ્રતિબંધ મૂકવા સૂચનાઓ

(જુઓ પાનું ૨) ▸▸

## ધીરેન્દ્ર બ્રહ્મચારીના આશ્રમનું નિયંત્રણ હરિયાણા સરકારે લઇ લીધું

ચંડીગઢઃ હરિયાણા વિધાનસભાએ શુક્રવારે એક બિલ પસાર કર્યું જે રાજ્ય સરકારને ગુરુગ્રામમાં દિવંગત યોગ ગુરુ ધીરેન્દ્ર બ્રહ્મચારીના ગુરુગ્રામ સ્થિત અપર્ણા આશ્રમનું સંચાલન અને નિયંત્રણ પોતાના હાથમાં લેવાની સત્તા આપશે. બિલ મુજબ, છેલ્લા અનેક વર્ષોથી સોસાયટી અને તેના સભ્યો વચ્ચે છેલ્લા ઘણાં વર્ષોથી વિવાદ ચાલી રહ્યો છે.

વિધાનસભામાં પસાર થયેલા 'અપર્ણા સંસ્થાન (વ્યવસ્થાપન અને નિયંત્રણનું અધિગ્રહણ) બિલ, ૨૦૨૫' અનુસાર, આ પગલું જાહેર હિતમાં અને યોગ્ય અને અસરકારક સંચાલન સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવ્યું છે. આ સંસ્થા ગુરુગ્રામના સિલોકડા ગામમાં આવેલી છે અને લાંબા સમયથી સોસાયટી અને તેના સભ્યો વચ્ચે વિવાદ ચાલી રહ્યો હતો.

વિધાનસભામાં કૉંગ્રેસના ધારાસભ્ય

(જુઓ પાનું ૨) ▸▸

## શનિચરી અમાસે નદીઓમાં પવિત્રસ્નાન કરાયું

ભોપાલઃ શનિચરી અમાસ નિમિત્તે શનિવારે દેશભરની મુખ્ય નદીઓના ઘાટ અને કિનારા પર ભક્તોની ભારે ભીડ ઊમટી હતી. આ દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન કરવાનું વિશેષ મહત્ત્વ છે. રાજ્યમાં શનિચરી અમાસને ભૂતડી અમાસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે નદીઓના કિનારે અથવા ઘાટ પર વિશેષ પૂજા-અર્ચન કરવાથી દુષ્ટ આત્માઓથી મુક્તિ મળતી હોવાની માન્યતા છે.

આ જ કારણે મોડી રાતથી જ નદીના ઘાટ અને કિનારા પર શ્રદ્ધાળુઓ પહોંચવા લાગ્યા હતા. આ સાથે સવારથી જ પ્રાર્થના સાથે નદીઓમાં સ્નાન કરવાની શરૂઆત થઇ ગઇ હતી. રાજ્યની મુખ્ય નદીઓ નર્મદા, બેતવા, શિપ્રા વગેરેના કિનારાઓ પર મેળા જેવો નજારો જોવા મળ્યો હતો. હજારોની સંખ્યામાં લોકો અહીં પહોંચ્યા

(જુઓ પાનું ૨) ▸▸

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
## તા. ૩૦-૩-૨૦૨૫ થી તા. ૫-૪-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં મીન રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ મિથુનમાંથી કર્કમાં તા. ૩જીએ પ્રવેશે છે. બુધ સમગ્ર સપ્તાહમાં મીન રાશિમાં વક્રી રહે છે. ગુરુ વૃષભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મીન રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તા. ૩૦મીએ મેષ રાશિમાં પ્રવેશે છે. તા. ૧લીએ વૃષભ, તા. ૩જીએ મિથુન, તા. ૫મીએ કર્ક રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના તેજીના વેપારમાં સંભાળવું જરૂરી છે. નોકરીમાં વધુ પડતી જવાબદારી માથે લેવી નહીં. સામાજિક – રાજકીય પ્રવૃત્તિમાં સાવધાની અને કાર્યદક્ષતા દાખવવી જરૂરી છે. નાણાવ્યય અમર્યાદ થાય તેમ છે. પરંતુ કામકાજની નાણાઆવક જળવાઈ રહેશે. મહિલાઓના આ સપ્તાહના પરિવારના વિવાદોનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓને શિક્ષકનું માર્ગદર્શન અપેક્ષાનુસાર પ્રાપ્ત થતું જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં લાભ થશે. નોકરીમાં તા. ૪, ૫ શુભ જણાય છે. નોકરીના અધિકારીનું માર્ગદર્શન મેળવશો. વેપારમાં પ્રગતિ જળવાઈ રહેશે. નાણાંની આવક જળવાઈ રહેશે. નવા નાણાં આવકના સાધનો પણ પ્રાપ્ત કરશો. ગૃહિણીઓના સંતાનના જવાબદારીના કામકાજ પણ સફળ થતાં જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસ માટે અપેક્ષિત સાધનો પ્રાપ્ત થતા જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. સપ્તાહમાં નોકરીના કામકાજ યશસ્વી પુરવાર થશે. તા. ૩૦, ૩૧, ૪ના નોકરીના કામકાજ યશસ્વી બની રહેશે. નવા આવકના સાધનો મેળવશો. રાજકારણમાં પ્રભાવ, પ્રતિષ્ઠા વધશે. મહિલાઓના પરિવારના જવાબદારીના કામકાજ આ સપ્તાહમાં સરળતાથી પૂર્ણ થતાં જણાશે. વિદ્યાર્થીઓને મૂંઝવણોમાં સહઅધ્યાયીઓ માર્ગદર્શક બની રહેશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં સંભાળવું જરૂરી છે. નોકરીના કામકાજ અર્થે પ્રવાસ તા. ૩૧, ૨, ૩ના રોજ જણાય છે. આયાત–નિકાસ, વિદેશ વેપાર ઉપયોગી બની રહેશે. પ્રવાસ દ્વારા નાણાં ઉઘરાણીના કામકાજ પણ સરળતાથી સંપન્ન થતાં જણાશે. મહિલાઓને આ સપ્તાહમાં તીર્થપ્રવાસ, ધાર્મિક કાર્યો પૂર્ણ કરવા માટે પરિવારજનોની મદદ પ્રાપ્ત થતી જણાશે. વિદ્યાર્થીઓનો શિક્ષણની પ્રવૃત્તિ અર્થે પ્રવાસ જણાય છે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ગેરદોરવણીથી સંભાળવું જરૂરી છે. નોકરીમાં તા. ૩૧, ૨, ૩ શુભ પુરવાર થશે. નોકરીના મિત્રોમાં સંપ અને યશસ્વી અનુભવ થાય. ભાગીદારીના સંબંધો પણ સુખદ પુરવાર થશે. વેપારના નાણાં આવકના સાધનો વધુ મજબૂત બનશે. મહિલાઓને પતિનો સહયોગ કામકાજમાં પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓના નિત્ય અભ્યાસ નિયમિત જળવાઈ રહેશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જરૂરી માર્ગદર્શન મેળવી શકશો. નોકરી માટે તા. ૩૧, ૨, ૩ શુભ છે. નવા નાણા આવકના સાધનો મેળવશો. લાંબા અંતરનો પ્રવાસ સુખદ બની રહેશે. વેપારની નાણાંની આવકની વૃદ્ધિ થશે. કારોબારના મિત્રોમાં યશ મેળવશો. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓના નિત્ય અભ્યાસ નિયમિત બની રહેશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આવડત અનુભવ, કાર્યદક્ષતાનો ઉપયોગ કરી શકશો. નોકરીમાં તા. ૧, ૪, ૫ શુભ જણાય છે. નોકરીમાં યશ મેળવશો. જરૂર મદદનીશ મેળવશો. ઉદ્યોગ વેપારમાં યશ મેળવશો. અનારોગ્યમાં ઝડપી સારવાર મેળવશો. મહિલાઓને સંતાનની જવાબદારીમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સરળ તકો પ્રાપ્ત થતી જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લાંબા સમયનું નાણાંરોકાણ શક્ય જણાય છે. નોકરીમાં પરિવર્તનો આવે તેમ છે. સહકાર્યકરોનો સુખદ અનુભવ થશે. તા. ૧, ૨, ૪ના રોજ પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ સંપન્ન થઈ શકશે. જૂની ઉઘરાણીની વસૂલી સફળ નીવડશે. સંતાન પરિવારના કારોબારમાં જોડાશે. મહિલાઓને કાર્યક્ષેત્રે યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના શૈક્ષણિક કામકાજ નિયમિતપણે પૂર્ણ થતાં જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ રહેશે. નોકરીના સગવડતાના સાધનો પ્રાપ્ત કરશો. તા. ૩, ૪, નોકરી માટે સફળતાસૂચક દર્શાવે છે. કાર્યક્ષેત્રે વાટાઘાટો સફળ નીવડશે. મકાન–મિલકત– વાહન ઈત્યાદિના નિર્ણયો આ સપ્તાહમાં લઈ શકશો. વ્યક્તિગત પ્રભાવ, યશ, વૃદ્ધિ થશે. મહિલાઓના આ સપ્તાહના પરિવાર માટેના નિર્ણયો સફળ પુરવાર થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવીન અભ્યાસના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં સાહસિકતા, આત્મવિશ્વાસ, આવડત, અનુભવનો પૂર્ણ ઉપયોગ કરી શકશો. સાહસિકતાથી નોકરીના કામકાજનો નિર્ણય સ્વપ્રયત્ને લઈ શકશો. તા. ૩, ૪, ૫ના કામકાજથી નોકરીમાં યશ મેળવશો. સરકારી અધિકારી કોર્ટ પ્રશ્નો ઈત્યાદિના કામકાજ સફળ બનશે. મુલાકાતો સફળ બનશે. ભાઈ–બહેનો સાથેના નાણાંવ્યવહાર પણ પૂર્ણ થશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના નિર્ણયો સફળ બની રહેશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વેપારથી નાણાઆવક જળવાઈ રહેશે. નોકરીમાં સહકાર્યકરો, અધિકારીનો સહયોગ મેળવશો. જૂનાં ઉઘરાણીનાં નાણાંની વસૂલી થાય. નવા નાણાં ઉપાર્જન, આવકના સાધનોનો પ્રારંભ થશે. પરિવારના સ્વજનો સાથેના નાણાવ્યવહાર પણ પૂર્ણ થશે. નાણાબચતના નિર્ણયોનો અમલ પણ થઈ શકશે. ગૃહિણીઓને પરિવારજનોથી સુખદઅનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વાંચન અભ્યાસની સામગ્રી સરળતાથી પ્રાપ્ત થતી જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણારોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં તા. ૧, ૩, ૪ શુભ ફળદાયી જણાય છે. રાજકારણ, સામાજિક પ્રવૃત્તિઓમાં સફળતા મેળવશો. પરિવારના સદસ્યો સાથેનો નાણાવ્યવહાર સફળ રહેશે. આ સપ્તાહમાં મહિલાઓનો તીર્થપ્રવાસ, ધાર્મિક કાર્યક્રમો સફળ બની રહેશે. અનારોગ્યમાં ઝડપી સુધારો થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સાનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે. ■

## આજનું પંચાંગ
## ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, રવિવાર, તા. ૩૦-૩-૨૦૨૫, ગૂડી પડવો, ચૈત્ર નવરાત્રિ પ્રારંભ

ભારતીય દિનાંક ૯, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ચૈત્ર સુદ –૧
જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ સુદ–૧
પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૧૮મો રશ્ને, માહે ૯મો આદર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧૦મો આવાં, માહ ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
મીસરી રોજ ૧લો, માહે ૧૦મો શવ્વાલ સને ૧૪૪૬
નક્ષત્ર રેવતી સાંજે ક. ૧૬–૩૪ સુધી, પછી અશ્વિની
ચંદ્ર મીનમાં સાંજે ક. ૧૬–૩૪ સુધી, પછી મેષમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૬, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૦, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૫૩, સ્ટા. ટા.
–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
ભરતીઃ બપોરે ક. ૧૨–૪૩, મધ્યરાત્રે ક. ૦૦–૪૪
ઓટઃ સાંજે ક. ૧૮–૪૨
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
‘વિશ્વાવસુ’નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – પ્રતિપદા. ઈષ્ટિ, સંવત્સર પ્રારંભ, ગૂડી પડવો, શાલિવાહન શકે ૧૯૪૭ ‘વિશ્વાવસુ’ નામ સંવત્સર પ્રારંભ, અભ્યંગ સ્નાન, ધ્વજારોહણ, ચૈત્ર નવરાત્રિ પ્રારંભ, કલ્પાદિ, હેગડેવર જયંતી, ચેતીચાંદ (સિંધી), ચંદ્રદર્શન મું. ૩૦. સામ્યાર્ઘ, દક્ષિણ શૃંગોન્નતિ
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ તીર્થમાં સ્નાન, દાન, જપ, તપ, ગાયત્રી જાપ, હવન, બ્રહ્મમૂહૂર્તમાં અભ્યંગ સ્નાનનો મહિમા, સૂર્ય, ઋષિ, પિતૃતર્પણ, શ્રાદ્ધ, મંદિરોમાં ધજા, કળશ,પતાકા ચઢાવવી. ઘરના દરવાજે ગૂડી, ધજા બાંધવી. ભગવાન સૂર્યનારાયણનું પૂજન, બુધ ગ્રહદેવતાનું પૂજન, પૂષાદેવતાનું પૂજન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું. સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી ગણેશ પૂજા, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ પૂજા, કથા શ્રવણ, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, પુરુસુક્ત, શ્રીસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક,ષોડ્શઉપચારમાં ભગવાનને શેરડીના રસનું નૈવેધ વિશેષરૂપે અર્પણ કરવું. પરદેશગમનનું પસ્તાનું, નવાં વસ્રો, આભૂષણ, વાસણ, વાહન, પશુ લે–વેંચ, નિત્ય થતાં યંત્ર, દસ્તાવેજ, દુકાન–વેપાર, પશુ લે–વેંચના કામકાજ, માલ લેવો, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, પ્રયાણ. પ્રયાસ શુભ, રત્નધારણ, યંત્ર પ્રતિષ્ઠા, સીમંત સંસ્કાર, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, મહુડાના ઔષધીય પ્રયોગો, હજામત, નવા કામકાજ, પ્રવૃત્તિઓ, આયોજનોનો પ્રારંભ કરવો. સકારાત્મક સમાજને ઉપયોગી પ્રવૃત્તિઓ કરવી, વેપાર, વાણિજય, અર્થવ્યવસ્થા, નાણાં વ્યવહાર પૂરા કરવા. જૂના અધૂરા ચીજવસ્તુઓની લેતી–દેતીના કામ પૂર્ણ કરવા, સગાઈ, ધાર્મિક પ્રસંગોની ઉજવણી, ઘર, જમીન, મકાન, સ્થાવર મિલકતના ખરીદીના કામકાજ. સંગીત, નાટ્ય જેવી પ્રવૃત્તિઓ શીખવાનો પ્રારંભ કરવો. દાન આપવું, જ્યોતિષ, ખગોળ, અધ્યાત્મ, ધર્મ, તત્ત્વજ્ઞાન, સંસ્કૃત, મંત્રો વગેરે વિષયે શીખવા, સમાજોપયોગી કાર્યો કરવા, નવા ઔષધી ઉપચારનો પ્રારંભ કરવો. અત્યંત વ્યસ્ત સમયમાંથી શરીરને જરૂરી આરામ, હળવાશની તકો આપવી, બગીચાના કામકાજ, જૂનાં અધૂરાં કામકાજ, આયોજનો પૂર્ણ કરવા, નવા વર્ષનો પ્રારંભ હોઈ જ્યોતિષી, બ્રાહ્મણ, વિદ્વાનો, સાહિત્યકારો, ભાષાવિદો, ભાષાનું લેખાંકન કરનારનું બહુમાન કરવું, મુદ્રકોનું બહુમાન કરવું, મિત્રતા કરવી. જૂના ભુલાયેલા સંબંધો તાજા કરવી. ભૂલચૂક માફ કરી પરસ્પર સંબંધોનો પુનઃસ્થાપિત કરવા.
આચમનઃ બુધ–નેપ્ચૂન યુતિ અવ્યવહારું, ચંદ્ર–મંગળ ચતુષ્કોણ અવિચારી
ખગોળ જ્યોતિષઃ બુધ–નેપ્ચૂન યુતિ, ચંદ્ર–મંગળ ચતુષ્કોણ
ગોચરગ્રહોઃ સૂર્ય–મીન, માર્ગી મંગળ–મિથુન, વક્રી બુધ–મીન, માર્ગી ગુરુ–વૃષભ, વક્રી શુક્ર–મીન, શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની
## તા. ૩૦-૩-૨૦૨૫ થી તા. ૫-૪-૨૦૨૫

રવિવાર, ચૈત્ર સુદ–૧, વિ. સં. ૨૦૮૧, તા. ૩૦મી માર્ચ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર રેવતી સાંજે ક. ૧૬–૩૪ સુધી, પછી અશ્વિની, ચંદ્ર મીનમાં સાંજે ક. ૧૬–૩૪ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, સંવત્સર પ્રારંભ, ગૂડી પડવો, શાલિવાહન શકે ૧૯૪૭ ‘વિશ્વાવસુ’ નામ સંવત્સર પ્રારંભ, અભ્યંગસ્નાન, ધ્વજારોહણ, ચૈત્ર નવરાત્રિ પ્રારંભ, કલ્પાદિ, હેગડેવર જયંતી, ચેતીચાંદ(સિંધી), ચંદ્રદર્શન .મું. ૩૦. સામ્યાર્ઘ, દક્ષિણ શૃંગોન્નતિ, પર્વાધિરાજ શુભ દિવસ.ઉપનયન

સોમવાર, ચૈત્ર સુદ–૨, તા. ૩૧મી નક્ષત્ર અશ્વિની બપોરે ક. ૧૩–૪૪ સુધી, પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, સંવત્સર પ્રારંભ, ચૈત્ર શુક્લ – દ્વિતીયા. તૃતીયા ક્ષયતિથિ છે. મત્સ્ય જયંતી, ગૌરી તૃતિયા, આંદોલન તૃતીયા, મનોરથ તૃતીયા વ્રત, મન્વાદિ, ગણગૌર (રાજસ્થાન), મુસ્લિમ શવ્વાલ ૧૦મો માસારંભ,રમજાન ઇદ. શુભ કાર્યો વર્જ્ય છે.

મંગળવાર, ચૈત્ર સુદ–૪, તા. ૧લી એપ્રિલ, નક્ષત્ર ભરણી સવારે ક. ૧૧–૦૬ સુધી, પછી કૃત્તિકા. ચંદ્ર મેષમાં સાંજે ક. ૧૬–૨૯ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, અંગારક યોગ, બુધોદય પર્વ, ભદ્રા સાંજે ક. ૧૬.૦૪થી ૨૬–૩૨.શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, ચૈત્ર સુદ–૫, તા. ૨જી, નક્ષત્ર કૃત્તિકા સાંજે ક. ૦૮–૪૯ સુધી, પછી રોહિણી. ચંદ્ર મેષમાં સાંજે ક. ૧૬–૨૯ સુધી, પછી વૃષભમાં. ચૈત્ર શુક્લ – પંચમી. શ્રી પંચમી, કલ્પાદિ, શનિ પૂર્વોદય, મંગળ કર્કમાં ક. ૨૫–૨૫. શુભ દિવસ.લગ્ન,સર્વદેવ પ્રતિષ્ઠા,ઉપનયન

ગુરુવાર, ચૈત્ર સુદ–૬, તા. ૩જી, નક્ષત્ર રોહિણી સવારે ક. ૦૭–૦૯ સુધી, પછી મૃગશીર્ષ મધ્યરાત્રિ પછી ક. ૨૯–૫૦ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર વૃષભમાં ૧૮–૨૧ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. સ્કંદષષ્ઠી, સૂર્ય ષષ્ઠી, અશોકા ષષ્ઠી (બંગાળ). શુભ કાર્ય વર્જ્ય છે. યમુના જયંતી

શુક્રવાર, ચૈત્ર સુદ–૭, તા. ૪થી, નક્ષત્ર આર્દ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૯–૧૯ સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુનમાં. નક્ષત્ર આર્દ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૯–૧૯ સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. વાસંતી દુર્ગાપૂજા (બંગાળ), ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦–૧૨. સામાન્ય દિવસ.

શનિવાર, ચૈત્ર સુદ–૮, તા. ૫મી, નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રિ પછી ક. ૨૯–૩૧ સુધી, પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં રાત્રે ક. ૨૩–૨૪ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, ભવાની પ્રાગટય, અશોકકલિકા પ્રાશન રાત્રે ક. ૧૯–૧૭ સુધી, મેલા બાહુ કોર્ટ (કાશ્મીર), અન્નપૂર્ણા પૂજા (બંગાળ), ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૭–૪૩. શુભ દિવસ. ■

## પહેલા પાનાનું

### નવસારીમાં દેશનો

કારણે દુનિયાનું ઉત્પાદન કેન્દ્ર બનશે. છેલ્લા ૬૦ વર્ષોમાં ભારતની વીજ ઉત્પાદન ક્ષમતા ૨૬૯ ગીગાવોટ હતી. પરંતુ છેલ્લા ૧૦ વર્ષોમાં તે વધીને ૪૫૯ ગીગાવોટ થઈ ગઈ છે.

આ પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને વિકાસનો આદર્શ અને વિકાસનું એન્જિન તેમજ નીતિ સંચાલિત રાજ્ય રૂપે સ્થાપિત કરવા માટે વડા પ્રધાન મોદીની પ્રસંશા કરી હતી. વ્યાપારમાં સરળતા, જનલક્ષી નીતિઓ અને માળખાગત સુવિધાઓએ ગુજરાતને ઉદ્યોગપતિઓ અને રોકાણકારો માટે પસંદગીનું રાજ્ય બનવામાં મદદ કરી છે. અમે પરંપરાને આગળ વધારી છે. તેમજ વધુ મોટા ઉદ્યોગોને આકર્ષિત કરવા માટે આત્મનિર્ભર ગુજરાત નીતિ લાવવામાં આવી છે. આ નીતિને કારણે ૪૩ હજાર કરોડ રૂપિયાના રોકાણ થકી ૧૮૩ ઔદ્યોગિક એકમો શરૂ થઈ ગયાં છે. ■

### બિલ્ડરના મુંબઈ

ઉપયોગ કર્યો હતો. કંપનીની માલિકી અને ડિરેક્ટરપદેથી નીકળી ગયા હોવા છતાં ટેકચંદાનીએ અન્ય આરોપીઓની મદદથી કંપનીની મિલકત અન્યત્ર વાળી હતી.

આરોપીઓ મળતી રકમ અન્ય સંકળાયેલી કંપનીના ખાતામાં ટ્રાન્સફર કરી ભંડોળની ઉચાપત કરતા હતા.

તપાસના ભાગરૂપ ઈડીએ અગાઉ રૂ. ૧૫૮ કરોડની મિલકત ટાંચમાં લીધી હતી. (એજન્સી) ■

### છત્તીસગઢમાં

અંગેની ચોક્કસ બાતમીના આધારે શુક્રવારે રાત્રે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ડીઆરજી અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ(સીઆરપીએફ)ના જવાનો સામેલ હતા. તેમણે વધુમાં જણાવ્યું કે આ અથડામણમાં ડીઆરજીના બે જવાનોને સામાન્ય ઇજા થઇ હતી. તેમની સ્થિતિ સામાન્ય હોવાનું જણાવાઇ રહ્યું છે.

સુંદરરાજે જણાવ્યું કે ઘટનાસ્થળેથી એકે-૪૭ રાઇફલ, સેલ્ફ લોડિંગ રાઇફલ(એસએલઆર), આઇએનએસએએસ રાઇફલ, .૩૦૩ રાઇફલ, એક રૉકેટ લોન્ચર અને બેરલ ગ્રેનેડ લોન્ચર(બીજીએલ) સહિત ભારે માત્રામાં હથિયાર અને વિસ્ફોટક સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે આ વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે. આ તાજી કાર્યવાહીની સાથે આ વર્ષે અત્યાર સુધીમાં રાજ્યમાં વિવિધ એન્કાઉન્ટરમાં ૧૩૨ નક્સલીઓ માર્યા ગયા છે. આમાંથી ૧૧૬ નક્સલી બીજાપુર સહિત સાત જિલ્લાવાળા બસ્તર વિભાગમાં માર્યા ગયા હતા.

અત્રે નોંધનીય છે કે સુકમા છત્તીસગઢના બસ્તર ક્ષેત્રના સૌથી વધુ પ્રભાવિત જિલ્લાઓમાંનો એક છે. જ્યાં અગાઉ પર ઘણા નક્સલી હુમલા થઇ ચૂક્યા છે. શુક્રવારે નારાયણપુર જિલ્લામાં નક્સલીઓ દ્વારા લગાવવામાં આવેલા ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ(આઇઇડી)માં વિસ્ફોટ થવાથી એક જવાન ઘાયલ થયો હતો. ■

### ગુજરાતમાં ૩૧મીથી

એકથી બે ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં વધારો થઈ શકે છે, પરંતુ એ વધારો સામાન્ય રહેશે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસના જણાવ્યા અનુસાર, ગુજરાત પર આગામી ૩૧ માર્ચથી સિસ્ટમ સક્રિય થશે, જેને કારણે ૨ એપ્રિલ, ૨૦૨૫ સુધી વિવિધ ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ગુજરાત પર એક ટ્રફ સક્રિય થયું છે, જેને કારણે દરિયાનો ભેજ જમીન તરફ ખેંચાશે. એને કારણે સૌરાષ્ટ્ર અને દરિયાકાંઠાના જિલ્લામાં, દક્ષિણ ગુજરાત અને પૂર્વ તરફના જિલ્લાઓ ઉપરાંત ઉત્તર ગુજરાતના પણ કેટલાક જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ■

### મોદી બહુ સ્માર્ટ

વિક્રમ મિસરીએ અમેરિકાના ડેપ્યુટી સેક્રેટરી ઓફ સ્ટેટ ક્રિસ્ટોફર લેન્ડૌ સાથે દ્વિપક્ષીય વેપાર અંગે ચર્ચા કરી હતી. ટ્રમ્પ દ્વારા અમેરિકાના વેપાર ભાગીદારો પર પારસ્પરિક ટેરિફ ૨ એપ્રિલથી શરૂ થાય તેના થોડા દિવસો પહેલા આ ટિપ્પણીઓ કરી હતી.

પીએમ મોદી વિશે ટ્રમ્પે આગળ કહ્યું હતું કે, ‘તેઓ ખૂબ જ સ્માર્ટ વ્યક્તિ છે અને મારા ખૂબ સારા મિત્ર છે.’ અમારી વચ્ચે ખૂબ સારી વાતચીત થઈ. મને લાગે છે કે ભારત અને આપણા દેશ વચ્ચે બધું ખૂબ સારું થવાનું છે. તેમણે આગળ કહ્યું હતું કે, ‘હું કહેવા માગું છું કે તમારી પાસે એક મહાન પ્રધાનમંત્રી છે.’ પીએમ મોદી ગયા ફેબ્રુઆરીમાં વાઇટ હાઉસમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પને મળ્યા હતા, જ્યાં તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. બંને વચ્ચેની મુલાકાત સારી રહી હતી.

દરમિયાન ટ્રમ્પે પીએમ મોદીને ‘કઠોર વાર્તાકાર’ કહ્યા હતા. નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારત અને અમેરિકા વચ્ચેની વાતચીતમાં વધતા દ્વિપક્ષીય વેપાર, સંરક્ષણ અને ટેકનોલોજી સહયોગ અને ગતિશીલતા અને સ્થળાંતર સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. ■

### દેશમાં ૩૧ માર્ચ

સરકારના સંકલ્પનો ભાગ ગણાવ્યો હતો. સુકમામાં સુરક્ષા એજન્સીઓના અભિયાન વિશે માહિતી આપતા ગૃહ પ્રધાન અમિત શાહે એક્સ પર જણાવ્યું કે નક્સલવાદને વધુ એક ફટકો! આપણી સુરક્ષા એજન્સીઓએ સુકમામાં એક ઓપરેશનમાં ૧૭ નક્સલીઓને ઠાર કર્યા છે અને સ્વચાલિત હથિયારોનો મોટો જથ્થો પણ જપ્ત કર્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અમે ૩૧ માર્ચ ૨૦૨૬ પહેલા નક્સલવાદનો ખાતમો કરવા માટે કટિબદ્ધ છીએ. હથિયાર રાખનારાઓને મારી અપીલ છે કે હથિયાર અને હિંસાથી પરિવર્તન આવી શકે નહીં, માત્ર શાંતિ અને વિકાસ જ પરિવર્તન લાવી શકે છે. અત્રે નોંધનીય છે કે સુકમા જિલ્લાના કેરળપાલ વિસ્તારમાં ચાલી રહેલા નક્સલ વિરોધી અભિયાનમાં અત્યાર સુધીમાં ૧૭ નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. ■

### ભૂકંપનો મરણાંક

અનેક આફ્ટરશૉક પણ અનુભવાયા હતા.

ભૂકંપને કારણે અનેક વિસ્તારમાં ઈમારતો ધરાશાયી થઈ ગઈ હોવા ઉપરાંત રસ્તાઓ પર પણ મોટી મોટી તિરાડો પડી ગઈ હતી. ભૂકંપને કારણે પુલ અને બંધ પણ તૂટી ગયા હતા. મોટાભાગના વિસ્તારમાં શનિવારે પણ વીજળી, ઈન્ટરનેટ અને ફોનસેવા ઠપ રહી હતી. અગાઉ, મ્યાનમાર અને થાઈલેન્ડના અનેક શહેરમાં ૭.૭ની તીવ્રતાવાળા ધરતીકંપના આચકા અનુભવાયા હતા. આ ઉપરાંત, ભારત, ચીન, બાંગ્લાદેશમાં ભૂકંપના આચકા લાગ્યા હતા. ધરતીકંપમાં જાનમાલની ભારે હાનિ થઇ હતી. અનેક લોકો માર્યા ગયા હતા, ઘણાં ઘાયલ થયા હતા અને અસંખ્ય લોકો લાપતા છે. લોકો ગભરાઈને ઘરોમાંથી બહાર દોડી ગયાં હતાં, અનેક ઘરો તૂટી પડ્યા હતા. મ્યાનમાર અને થાઇલૅન્ડની મોટા ભાગની ફ્લાઇટ રદ કરાઇ હતી. ભારતમાં દિલ્હી, કોલકાતા, મેઘાલય સહિત અનેક સ્થળે આંચકા અનુભવાયા હતા. (એજન્સી) ■

### જમ્મુ-કાશ્મીરને

આપવા માટેની સમયમર્યાદા વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું, અમે ખાતરી આપી છે કે રાજ્યનો દરજ્જો ફરીથી સોંપવામાં આવશે. પરંતુ તે ક્યારે આપવામાં આવશે તે જાહેર મંચ પર કહી શકાય નહીં. જ્યારે ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી અને ભૂતપૂર્વ જમ્મુ અને કાશ્મીર રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કરવામાં આવ્યું ત્યારે શાહે સંસદમાં કહ્યું હતું કે યોગ્ય સમયે જમ્મુ અને કાશ્મીરનો રાજ્યનો દરજ્જો ફરીથી આપવામાં આવશે.

તેમણે કહ્યું હતું કે, ‘કાશ્મીરમાં ૪૦ વર્ષ પછી આ પહેલી ચૂંટણી હતી જેમાં કોઈપણ જગ્યાએ ફરીથી મતદાન થયું ન હતું.’ એક પણ ટીયરગેસ કે ગોળી છોડવામાં આવી ન હતી. ૬૦ ટકા લોકોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો, આ એક મોટો ફેરફાર છે. ■

### શનિચરી અમાસ

હતા અને પૂજા-પાઠ કર્યા હતા. શનિદેવ અને નવગ્રહની પણ પૂજા કરી હતી.

નર્મદા નદીની વાત કરવામાં આવે તો જબલપુરના ગ્વારીઘાટ, તિલવારા ઘાટ, નર્મદા પુરના સેઠાની ઘાટ, ઓમકારેશ્વરમાં નર્મદા નદીના કિનારે હજારોની સંખ્યામાં લોકો પૂજા-પાઠ કરવામાં વ્યસ્ત હતા. દાન-પુણ્ય સાથે વાર્તાઓ પણ સાંભળવામાં આવી રહી હતી. આ જ રીતે બેતવા નદીના કિનારે ઓરછા સહિત અન્ય સ્થળોએ શનિચરી અમાસ નિમિત્તે લોકો ખાસ ધાર્મિક વિધિઓ કરતા જોવા મળ્યા હતા. જો શિપ્રાની વાત કરીએ તો ઉજ્જૈનમાં રામ ઘાટ સહિત ત્રિવેણી ઘાટ પર ભક્તોની ભીડ અને પૂજા વિધિઓ જોવા મળી હતી.

આ રીતે રાજ્યના દૂરના વિસ્તારોમાંથી પસાર થતી નદીઓના કિનારે તેમ જ મુખ્ય જળ સ્રોતો પર પણ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. દરેક વ્યક્તિ પોતાની મનોકામનાની પૂર્તિ અને દુષ્ટ આત્માઓથી મુક્તિ મેળવવા માટે પૂજા કરી રહી હતી. આ પ્રસંગે લોકોએ દાન કર્યું હતું અને જરૂરિયાતમંદોને સામગ્રી પૂરી પાડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે શનિવારે વર્ષનું પહેલું સૂર્યગ્રહણ પણ હતું. સાથે શનિ અમાસનો સંયોગ પણ બન્યો હતો. ■

### જયપુરમાં મૂર્તિને તોડવા

સભ્યો રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટીના કાર્યકરો સાથે સ્થળ પર પહોંચ્યા અને વિરોધમાં જોડાયા હતા અને તોડફોડમાં સંડોવાયેલા આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરવાની માગ કરી હતી. દરમિયાન, કોંગ્રેસના નેતાઓએ પણ આ ઘટનાની નિંદા કરી અને કાર્યવાહીની માંગ કરી હતી.

પ્રદર્શનકારીઓએ ટાયરો સળગાવી ટોંક રોડ બ્લોક કરી દીધો હતો. પોલીસે આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહીનું વચન આપ્યું હતું. સહાયક પોલીસ કમિશનર વિનોદ શર્માએ જણાવ્યું હતું કે પોલીસે ટોળાને વિખેરી દીધું હતું અને રસ્તો ફરીથી ખોલવામાં આવ્યો હતો. કેટલાક આંદોલનકારીઓની અટકાયત કરવામાં આવી છે.

વીએચપીના પ્રવક્તા અમિતોષ પારીકે જણાવ્યું હતું કે ગઈકાલે રાત્રે કેટલાક તોફાનીઓએ મૂર્તિને નુકસાન પહોંચાડ્યું હતું જેના કારણે હિન્દુ સમુદાયમાં રોષ ફેલાયો હતો. આ તેજાજી મહારાજનું અપમાન છે. અમે આ મામલામાં સંડોવાયેલા આરોપીઓની ઓળખ અને ધરપકડ કરવાની માગ કરી છે. વિપક્ષના નેતા ટીકારામ જુલીએ કહ્યું કે મૂર્તિને નુકસાન પહોંચાડવાની ઘટના ખૂબ જ નિંદનીય છે.આ ફક્ત મૂર્તિ નથી, તે આપણી શ્રદ્ધા અને વારસા પર હુમલો છે જેને સહન કરવામાં આવશે નહીં. સરકારે શક્ય તેટલી વહેલી તકે ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવી જોઈએ અને તેમની ધરપકડ કરવી જોઈએ. ■

### ભારતે ભૂકંપગ્રસ્તો

રાહત સામગ્રી લઈને જવા સજ્જ છે અને જલદી જ તે હિન્ડોન ઍર ફોર્સ સ્ટેશનથી રવાના થશે, એમ તેમણે કહ્યું હતું. ભૂકંપગ્રસ્ત મ્યાનમારના અસરગ્રસ્તોને મદદ પહોંચાડવામાં ભારતે પહેલ કરી હોવાનું જણાવતાં વિદેશ ખાતાના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે ભારતથી મોકલવામાં આવેલી રાહત સામગ્રી મ્યાનમારના અસરગ્રસ્તોને વહેલામાં વહેલી તકે પહોંચાડી શકાય તે માટે અમે સ્થાનિક વહીવટીતંત્રનો સહકાર લઈ રહ્યા છીએ.

ભારતીય સમુદાયના લોકો સાથે પણ અમે સતત સંપર્કમાં છીએ. જરૂરિયાતમંદ ભારતીયને મદદરૂપ થઈ શકાય તે માટે ઈમરજન્સી નંબર પણ જાહેર કર્યા છે, એમ તેમણે કહ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે મ્યાનમાર અને થાઈલેન્ડમાં આવેલા વિનાશક ભૂકંપ અંગે ખેદ વ્યક્ત કર્યો હતો અને બંને દેશને સંભવિત તમામ મદદ પહોંચાડવાની ખાતરી આપી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે મ્યાનમાર અને થાઈલેન્ડમાં આવેલા વિનાશક ભૂકંપ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ભારત બંને દેશોને તમામ શક્ય સહાયતા આપવા તૈયાર છે. મ્યાનમાર અને થાઈલેન્ડમાં ભૂકંપના પગલે પરિસ્થિતિથી ચિંતિત. દરેકની સલામતી અને સુખાકારી માટે પ્રાર્થના કરું છું. ભારત તમામ સંભવ મદદ કરવા તૈયાર છે. આ સંદર્ભે, અમારા સત્તાવાળાઓને સ્ટેન્ડબાય રહેવા કહ્યું છે. તેમ જ વિદેશ મંત્રાલયને મ્યાનમાર અને થાઈલેન્ડની સરકારો સાથે સંપર્કમાં રહેવા કહ્યું છે.

થાઈલેન્ડના વડા પ્રધાન પેટોન્ગટાર્ન શિનાવાત્રાએ ભૂકંપની અસરનું મૂલ્યાંકન કરવા ઈમરજન્સી બેઠક બોલાવી છે. ભૂકંપે થાઈલેન્ડના ઘણા ભાગોને હચમચાવી નાખ્યા છે, જેમાં તેની રાજધાની બૅંગકોકનો સમાવેશ થાય છે, બિમસ્ટેક પ્રાદેશિક જૂથની આગામી સપ્તાહની શિખર બેઠકનું સ્થળ છે, જેમાં મોદી અન્ય નેતાઓની સાથે હાજરી આપવાના છે. (એજન્સી) ■

### મણિપુર

૪:૫૧ વાગ્યે પહેલો અને ૫.૧૬ વાગ્યે ભૂકંપનો બીજો આંચકો અનુભવાયો હતો.

આ બંને ભૂકંપનું કેન્દ્રબિન્દુ કાબૂલથી ૨૮૦ કિ.મી.ને અંતરે જમીનથી ૧૮૦ કિ.મી. કરતાં પણ ઊંડે હતું. મ્યાનમારમાં ભૂકંપે વિનાશ વેર્યાના એક દિવસ બાદ અફઘાનિસ્તાનમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. મ્યાનમારમાં આવેલા ભૂકંપની અસર બેંગકોક સુધી વર્તાઈ હતી અને ૩૦ માળની એક નિર્માણાધીન ઈમારત પત્તાના મહેલની માફક તૂટી પડી હતી. અનેક ઈમારતો હચમચી ઊઠી હતી જેને કારણે લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. ■

### યુપીમાં રામચરિતમાનસના

આપી છે. ગેરકાયદેસર કતલખાનાઓ પર કડક નજર રાખવાના પણ આદેશ આપવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ અધિકારીઓને મંદિરોની આસપાસ સ્વચ્છતા અને સુરક્ષા માટે યોગ્ય વ્યવસ્થા કરવા સૂચના આપી છે. તેમણે કહ્યું કે ભક્તોને કોઈપણ પ્રકારની અસુવિધાનો સામનો કરવો ન જોઈએ.

વરિષ્ઠ અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠક દરમિયાન મુખ્ય પ્રધાને નોંધ્યું કે મોટી સંખ્યામાં ભક્તો મુખ્ય દેવી મંદિરોમાં મુલાકાત લે તેવી અપેક્ષા છે, જેમાં બલરામપુરમાં દેવીપાટન મંદિર, સહારનપુરમાં શાકુંભરી દેવી મંદિર અને મિર્ઝાપુરમાં વિંધ્યાવાસિની દેવી ધામનો સમાવેશ થાય છે.

દેશભરમાંથી ભક્તો ‘સૂર્ય તિલક’ જોવા માટે અયોધ્યાની મુલાકાત લઈ શકે છે. તેથી તેમની સુવિધા અને સલામતી સુનિશ્ચિત કરવા માટે તમામ વ્યવસ્થા કરવી જોઈએ. સૂર્યપ્રકાશમાં લાંબી કતારોમાં ઊભા રહેવાથી થતી અગવડતાને રોકવા માટે શણની ચટાઈ ફેલાવવી જોઈએ. બધા મંદિરોમાં પીવાના પાણીની પૂરતી સુવિધા કરવી જોઈએ. ■

### ધીરેન્દ્ર બ્રહ્મચારીના

બી.બી. બત્રાએ આ બિલ પર પ્રશ્નો ઉઠાવતા કહ્યું હતું કે, ‘આ બિલ આ ગૃહમાં રજૂ કરી શકાતું નથી, તે બંધારણની વિરુદ્ધ છે અને સરકારના અધિકારક્ષેત્રની બહાર છે.’

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આ બિલ કાનૂની રીતે ટકી શકશે નહીં અને તેને કોર્ટમાં પડકારવામાં આવશે અને તેનો દોષ ધારાસભ્યો પર ઢોળવામાં આવશે. જોકે, મુખ્ય પ્રધાન નાયબ સિંહે સ્પષ્ટતા કરી હતી કે આ બિલ કોઈપણ કેન્દ્રીય કાયદાનું ઉલ્લંઘન કરતું નથી અને તે તમામ જરૂરી પ્રક્રિયાઓને અનુસરીને લાવવામાં આવ્યું છે.

કૉંગ્રેસના ધારાસભ્ય બત્રાએ કહ્યું કે ધીરેન્દ્ર બ્રહ્મચારી દ્વારા સ્થાપિત આ સોસાયટી હરિયાણામાં નહીં, પણ દિલ્હીમાં નોંધાયેલ છે. તેમણે દલીલ કરી હતી કે જો સોસાયટીના સભ્યો વચ્ચે વિવાદ હોય અને વહીવટકર્તાની નિમણૂક કરવી પડે, તો તેનો અધિકાર દિલ્હી સરકાર પાસે છે કારણ કે તે હરિયાણાના કાયદા હેઠળ નોંધાયેલ નથી.

બિલ મુજબ, જૂન ૧૯૯૪માં વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પ્રસિદ્ધ યોગ ગુરુ સ્વામી ધીરેન્દ્ર બ્રહ્મચારીનું માનવું હતું કે ઍલોપથિક અથવા અન્ય પ્રકારની સારવારોથી મટાડવામાં આવતી તમામ સમસ્યાઓ અને રોગોનો એકમાત્ર ઉકેલ યોગ છે. તેમણે શારીરિક પ્રદર્શનો અને તેના લાભો અંગે વાત કરીને યોગને લોકપ્રિય બનાવવામાં કોઈ કસર છોડી ન હતી. ■

# સંઘના મુખ્યાલયની આજની મોદીની મુલાકાત પર સૌની નજર

## ભાજપ ભલે કહે કે આમાં રાજકીય કશું નથી, પણ ભાગવત અને વડા પ્રધાન વચ્ચેની ચર્ચા મહત્ત્વની બની રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* વડા પ્રધાન નરેન્દ્ર મોદીની રવિવારે આરએસએસ મુખ્યાલયની મુલાકાત પહેલી વાર થશે - અત્યાર સુધી કોઈ પણ વડા પ્રધાને ક્યારેય નાગપુરના મુખ્યાલયની વડા પ્રધાનના પદે ચાલુ રહેતાં મુલાકાત લીધી નથી.

મહારાષ્ટ્ર ભાજપના પ્રમુખ ચંદ્રશેખર બાવનકુળે ભલે એમ કહેતા હોય કે વડા પ્રધાનની નાગપુર મુલાકાતમાં કશું 'રાજકીય' નથી, પરંતુ વડા પ્રધાનની આ મુલાકાતને મોટાભાગે ભાજપ અને આરએસએસ વચ્ચેના તણાવને શાંત કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

'વડા પ્રધાનના કાર્યક્રમ દરમિયાન તેઓ માધવ નેત્રાલય પ્રીમિયમ સેન્ટર બિલ્ડિંગનો શિલાન્યાસ કરશે અને (આરએસએસના વડા) મોહન ભાગવત સાથે મંચ શેર કરશે. તેઓ હેડગેવાર સ્મૃતિ મંદિરની પણ મુલાકાત લેશે, જે આરએસએસના મુખ્યાલયમાં છે. આ પછી, તેઓ દીક્ષાભૂમિ જશે, જ્યાં બી.આર. આંબેડકર અને તેમના અનુયાયીઓ બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો,' એવી સત્તાવાર માહિતી તેમની મુલાકાત અંગે આપવામાં આવી છે.

હેડગેવાર સ્મૃતિ મંદિરમાં આરએસએસના સ્થાપક કેશવ બલિરામ હેડગેવાર અને સંગઠનના બીજા સરસંઘચાલક એમ.એસ. ગોલવલકરને સમર્પિત સ્મારકો છે.

અટલ બિહારી વાજપેયીએ ૨૦૦૭માં ગોલવલકરના શતાબ્દી સમારોહમાં હાજરી આપતી વખતે સ્મારકોની મુલાકાત લીધી હતી, પરંતુ ૨૦૦૪માં ભાજપની ચૂંટણી હારી ગયા પછી, ત્યાં સુધીમાં વડા પ્રધાનપદેથી રાજીનામું આપી દીધું હતું.

મોદીએ છેલ્લે સપ્ટેમ્બર ૨૦૧૨માં આરએસએસ મુખ્યાલયની મુલાકાત લીધી હતી, જ્યારે તેઓ ગુજરાતના મુખ્ય પ્રધાન હતા, ત્યારે સ્વર્ગસ્થ આરએસએસના વડા કે.એસ. સુદર્શનના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે ગયા હતા.

જુલાઈ ૨૦૧૩માં ફરી એકવાર, જ્યારે તેઓ હજુ પણ ગુજરાતના મુખ્ય પ્રધાન હતા અને વડા પ્રધાનપદના ઉમેદવાર બની ચૂક્યા હતા, ત્યારે મોદી મુખ્યાલયમાં એક બેઠક માટે ગયા હતા.

૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ભાજપને પ્રચંડ બહુમતી મળ્યા પછી અને મોદી પહેલી વાર વડા પ્રધાન બન્યા પછી, ભાગવત જ તેમને દિલ્હીમાં મળ્યા હતા.

જાહેરમાં, બંનેએ ગયા વર્ષે જાન્યુઆરીમાં અયોધ્યા રામ મંદિર ઉદ્‌ઘાટન સમારોહ સહિત વિવિધ જગ્યાઓ સાથે શેર કરી છે.

મોદીની રવિવારની મુલાકાતને મહત્વપૂર્ણ બનાવે છે તે છે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા ભાજપના સંઘ સાથેના સંબંધોમાં જોવા મળેલો તણાવ, જેમાં ભાજપના વડા જે. પી. નડ્ડાના ઇન્ટરવ્યુમાં કહેવામાં આવ્યું હતું કે પાર્ટીને હવે આરએસએસ દ્વારા હાથ પકડવાની જરૂર નથી, જેનાથી બંને વચ્ચેના સંબંધોમાં તંગદિલી આવી હતી.

જોકે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં આરએસએસ દ્વારા અંતર જાળવવાને કારણે ભાજપને નુકસાન થયું હોવાનું જોવા મળ્યું હતું, ત્યારબાદ બંનેએ આ અંતરને દૂર કરવાના પ્રયાસો કર્યા છે.

આરએસએસના એક પદાધિકારીએ નામ ન આપવાની વિનંતી કરતા જણાવ્યું હતું કે ભાજપ સાથેના તેમના સંબંધોના ઉતાર-ચઢાવમાં વધુ પડતા અંદાજ બાંધવા નહીં, સંઘ 'ભાજપના મામલામાં દખલ કરતું નથી.જો તેઓ અમારી સલાહ માગે, તો અમે તેમને આપીએ છીએ. ક્યારેક તે સ્વીકારવામાં આવે છે, ક્યારેક તે નથી સ્વીકારવામાં આવતી'. ■

# મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રવક્તા સામે બદનક્ષીનો કેસ નોંધાયો

*નાગપુર:* મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના કાર્યાલયમાં કામ કરતી વ્યક્તિની હાજરીમાં ભૂતપૂર્વ પત્રકાર પ્રશાંત કોરટકરની ધરપકડ કરાઇ હોવાનો દાવો કરનારા મહારાષ્ટ્રના કૉંગ્રેસના પ્રવક્તા અતુલ લોંઢે સામે નાગપુર પોલીસમાં બદનક્ષીનો કેસ નોંધવામાં આવ્યો હતો.

છત્રપતિ શિવાજી મહારાજ અને તેમનાં પુત્ર છત્રપતિ સંભાજી મહારાજ વિશે વાંધાજનક ટિપ્પણી કરવા તથા કોલ્હાપુરના ઇતિહાસકાર ઇન્દ્રજિત સાવંતને કથિત ધમકી આપવા પ્રકરણે આ અઠવાડિયે કોરાટકરને તેલંગણાથી ધરપકડ કરાઇ હતી.

કોરટકરની ધરપકડ પ્રતિક પડવેકરની હાજરીમાં કરવામાં આવી હતી. પડવેકર સીએમઓમાં કાર્યરત હોવાનો દાવો લોંઢેએ કર્યો હતો, એમ ભાજપના સૂત્રોએ જણાવ્યું હતું.

નાગપુર ભાજપે જાહેર નિવેદનમાં કહ્યું હતું કે લોંઢેએ ન્યૂઝ ચેનલોમાં બદનક્ષીભર્યા નિવેદનો આપ્યા છે. સંબંધિત કલમો હેઠળ લોંઢે સામે ગણેશપેઠ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

વધુ તપાસ ચાલી રહી હોવાનું પોલીસે કહ્યું હતું. આ પ્રશાંત કોરટકરની છત્રપતિ સંભાજી મહારાજ સામેની ઘસાતી ટિપ્પણીઓને પગલે ભારે વિવાદ થયો હતો. જોકે કોરટકર હાથમાં આવતો નહતો અને તેની છેક તેલંગણાથી ધરપકડ કરવામાં આવી હતી. અલબત્ત આ વિવાદ હજી શમ્યો નથી. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"






# ફડણવીસ તુળજા ભવાની મંદિરના દર્શને

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે ધારાશિવ જિલ્લામાં આવેલા પવિત્ર તુળજા ભવાની મંદિરની મુલાકાત લીધી હતી અને મંદિરમાં ચાલી રહેલા પુનઃસ્થાપન અને સમારકામની સમીક્ષા કરી હતી, એમ એક અધિકારીએ માહિતી આપી હતી.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે મંદિર પરિસરના પુનઃવિકાસની યોજના તૈયાર કરવામાં આવી છે, અને તેમાં કેટલાક 'તકનીકી પાસાઓ' ઉમેરવામાં આવશે. 'પુનઃવિકાસ પ્રોજેક્ટ માટે ભંડોળ પણ પૂરું પાડવામાં આવશે,' એમ તેમણે કહ્યું હતું.

દેવી તુળજા ભવાનીને સમર્પિત ૧૨મી સદીનું મંદિર તુળજાપુરમાં આવેલું છે અને રાજ્યભરમાંથી અને બહારથી મોટી સંખ્યામાં ભક્તો અહીં આવે છે. રાજ્યનો પુરાતત્વ વિભાગ તેની જાળવણી કરે છે.

મંદિરના એક અધિકારીએ જણાવ્યું હતું કે, મુલાકાત દરમિયાન ફડણવીસ ભવાની મંડપ, શિવાજી મહારાજ પ્રવેશદ્વાર અને દેવી તુળજા ભવાનીના મુખ્ય મંદિરમાં ગયા હતા, જ્યાં તેમણે જાળવણીના પ્રયાસોની સમીક્ષા કરી.

તેમણે જણાવ્યું હતું કે, મુખ્ય પ્રધાનને પુનઃસ્થાપન કાર્ય વિશે પ્રેઝન્ટેશન પણ આપવામાં આવ્યું હતું, ફડણવીસ બાદમાં હેલિકોપ્ટરમાં સોલાપુર જિલ્લાના અન્ય મંદિર પંઢરપુર ગયા હતા.

દરમિયાન, મંદિરને એક અનામી ભક્ત પાસેથી લગભગ ૧ કરોડ રૂપિયાના ૧૧ સોનાના બિસ્કિટ મળ્યા છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

દર અઠવાડિયે મંદિરની દાનપેટીઓ સોમવાર, બુધવાર અને શુક્રવારે સીસીટીવીની દેખરેખ હેઠળ ખોલવામાં આવે છે. શુક્રવારે ખોલવામાં આવેલી દાનપેટીઓમાંથી એકમાંથી ૧૦૦ ગ્રામ વજનના સોનાના બિસ્કિટ મળી આવ્યા હતા, એમ ચેરિટી કમિશનર ઓફિસના અધિકારીએ જણાવ્યું હતું.

પંઢરપુર કોરિડોર પ્લાન માટે સોલાપુર જિલ્લા વહીવટીતંત્રને લીલી ઝંડી આપી દેવામાં આવી છે અને આગામી ત્રણ મહિનામાં તેનું કામ ચાલુ કરી દેવામાં આવશે. ભૂમિ અધિગ્રહણ માટેની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવશે અને અસરગ્રસ્તોને સારું વળતર આપવામાં આવશે, એમ પણ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પંઢરપુરમાં પત્રકારોને કહ્યું હતું. (પીટીઆઈ)

# એક્ટ્રેસ ક્રીતિકા ચૌધરી હત્યા કેસમાં બે આરોપી દોષમુક્ત

મુંબઈઃ મુંબઈની એક કોર્ટે ૨૦૧૭ના અભિનેત્રી-મૉડેલ ક્રીતિકા ચૌધરી હત્યા કેસમાં પકડાયેલા બે આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે.

શુક્રવારે એડિશનલ સેશન્સ જજ (દિંડોશી કોર્ટ) એસ.જે. અંસારી દ્વારા શકીલ ખાન (૪૨) અને બાસુ માકમ દાસ (૫૫) ને હત્યાના આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. જોકે, વિગતવાર આદેશ હજુ સુધી ઉપલબ્ધ કરાવવામાં આવ્યો નથી.

૧૨ જૂન, ૨૦૧૭ ના રોજ અંધેરીમાં ભાડાના એપાર્ટમેન્ટમાંથી ક્રીતિકા ચૌધરીની સડી ગયેલી લાશ મળી આવી હતી. ઉત્તરાખંડના હરિદ્વારની રહેવાસી ક્રીતિકા ચૌધરી ૨૦૧૩ માં રિલીઝ થયેલી કંગના રનૌટ અભિનીત ફિલ્મ ''રજ્જો'' માં નાની ભૂમિકામાં જોવા મળી હતી. તેણે કેટલીક ટીવી સિરિયલોમાં પણ કામ કર્યુ હતું. જ્યારે શરૂઆતમાં અકસ્માત મૃત્યુનો અહેવાલ નોંધવામાં આવ્યો હતો, ત્યારે પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં માથામાં ગંભીર ઈજાને કારણે ચૌધરીના મૃત્યુ થયાનું બહાર આવ્યા બાદ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે ચૌધરી જ્યાં રહેતી હતી તે હાઉસિંગ સોસાયટીના ચોકીદારે તેણીના મૃતદેહ મળી આવ્યાના થોડા દિવસ પહેલા જ બે પુરુષોને તેણીની સાથે પરિસરમાં પ્રવેશતા જોયા હતા. (પીટીઆઈ)

# સરકાર સામેના ફેક ન્યૂઝને નાથવા માર્ગદર્શિકા જારી

મુંબઈઃ રાજ્ય સરકાર વિશે ખોટી માહિતીઓ ફેલાવનારાઓ માચે પ્રોટોકોલ અમલમાં મૂકવાનું જનરલ એડમિનિસ્ટ્રેટિવ ડિપાર્ટમેન્ટ (જીએડી) મહારાષ્ટ્રે તમામ વિભાગોને નિર્દેશ કર્યો છે, એમ તાજેતરના સરકારી ઠરાવમાં જણાવાયું હતું.

સરકારી યોજના વિશેના ખોટા સમાચારની ઓળખ તથા તેની સામે કાર્યવાહી કરવા એક યંત્રણા તૈયાર કરવામાં આવી છે જે સંબંધિત વિભાગોને ૧૨ કલાકની અંદર સ્પષ્ટતા રજૂ કરશે. ડિરેક્ટર જનરલ ઓફ ઇન્ફર્મેશન એન્ડ પબ્લિક રિલેશન્સ (ડીજીઆઇપીઆર)ની મીડિયા રિસ્પોન્સ સેલ સંબંધિત વિભાગોને ગેરમાર્ગે દોરતા સમાચારોને સમયસર સુધારવા માટે એલર્ટ કરશે.

વિવિધ પ્લેફોર્મ પર સરકાર સંબંધિત સમાચારને ટ્રેક કરવા માટે અંદાજે ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવનાર મીડિયા મોનિટરિંગ સેન્ટરના અગાઉના સરકારી ઠરાવને આ પહેલ અનુસરે છે.

## પારસી મરણ

દારબ માનેકશા સીધવા તે ઓસ્તી પરસીસ દોરાબ સીધવાના ધની. તે મરહુમો ધનમાય માનેકશા સીધવાના દીકરા. તે મેહરના પપા. તે કુમી, નોશીર, મરહુમો નરગીસ, એરચશા શાપુરના બાઇ. તે મેહરઝીનના મમાવા. તે તેહમીના ફકીરજી દારૂવાલાના જમાઇ. (ઉં. વ. ૮૦) રે. ઠે. ૧૦, જૂની ખારગેટ કોલોની, હ્યુજીસ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૩૧-૩-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની ભાભા નં-૧ માં ડુંગરવાડી.

ઝરીન પરવેઝ ઝરથોસ્તીમાનેશ તે મરહુમ પરવેઝના ધનિયાની. તે મરહુમો ગુલબાનું સોરાબ અઝરમીના દીકરી. તે ઝુબીન ને રુઝાનના માતાજી. તે પરીઝાદ ને શીરાઝના સાસુજી. તે મરહુમો બેહરુઝ, હોરમઝ ને પરીવાઝના બહેન. તે આરુશી, વીવાન, રેહાનના બપઇજી. (ઉં. વ. ૭૭) રે. ઠે. ૭૨૮, સોરાબ મેનશન, ફલેટ નં-૪, જહાંગીર વીમા દલાલ રોડ, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૩૦-૩-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે, રૂસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

ફરેદુન દારબશા કોહીયાર તે કુંમીના ધની. તે મરહુમો ગુલબાનું દારબશા કોહીયારના દીકરા. તે પરીનાઝ જમશેદ ચીનોઇ ને અદીલના પપા. તે જમશેદ પરવેઝ ચીનોઇ ને કમલ અદીન કોહીયારના સસરા. તે રતી જાહનગીર અમરોલીવાલાના ભાઇ. તે શાહઝાદ, તરોનીશ, રોખસાર, ફ્રેયાન ને ઝાલના મમાવા. (ઉં. વ. ૮૬). રે. ઠે. ૯૧/૨ મરીયમ મંઝીલ, એસ. એસ. ગાયકવાડ માર્ગ, ધોબીતળાવ, મુંબઇ-૪૦૦૦૦૨. ઉઠમણાની ક્રિયાઃ તા. ૩૧-૩-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની બેનેટ નં-૬માં ડુંગરવાડી પર.

પેરીન અરદેશર બેહરૂઝી તે મરહુમો અરદેશર એમ. બેહરૂઝીના વિધવા. તે મરહુમો ખોદાબક્ષ તથા ગુલબાનુના દીકરી. તે શીરૂઝ ને માયાઝના મમ્મી. તે રૂકશાના બેહરૂઝીના સાસુ. તે હોશંગ, ફરઝાદ, બેહઝાદ ને પરીઝાદના ગ્રેન્ડ મધર. તે રૂસ્તમ ને ઝીનાયમના ગ્રેટ ગ્રેન્ડ સાસુ. (ઉં. વ. ૯૪) રે. ઠે. ૧/૪ તાતા મિલ્સ કો.ઓ. સોસાયટી, પરેલ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાની ક્રિયાઃ તા. ૩૧-૩-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે દાદર મધ્યે નારીયલવાળા અગિયારીમાં.

## હિન્દુ મરણ

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મહુવા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. જયાબેન જયંતીલાલ મહેતા (સરવૈયા)ના પુત્ર બિપીનભાઇ (ઉં. વ. ૭૭) તા. ૨૭-૩-૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે પૂર્ણિમાબેનના પતિ. સ્વ. અનંતરાય જીવરાજ કાપડિયાના જમાઇ. અમી પ્રણય મહેતા તથા ભાવી ચિરાગ ઝાટકિયાના પિતાશ્રી. રેખા અરુણ મહેતા, ભારતી પંકજ શાહ, બીના અતુલ ભગત, મીના હિતેન ગાંધીના ભાઇ. ચિ. સોહમ, દિયાન, હસ્મી, પર્લના દાદા. પ્રાર્થનાસભા તા. ૩૧-૩-૨૫ સોમવારના ૪થી ૬. ઠે. લાયન્સ કમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ) લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

જલગાવ સ્થિત રાજેશભાઇ તુલસીદાસ મહેતાના ધર્મપત્ની અ. સૌ. જયશ્રીબહેન (ઉં. વ. ૬૩) સ્વ. મધુબાળાબેન તુલસીદાસ મહેતાના વહુ. અ. સૌ. સુજલ સાગરકુમાર મહેતા, અ. સૌ. કોમલ મેહુલકુમાર પઢીયાર તથા રાજીવના માતુશ્રી. સ્વ. ઇન્દુમતીબેન ચંપકલાલ મહેતાના દીકરી. સતીશભાઇ, સ્વ. સંજયભાઇ તથા ગં. સ્વ. નીતાબેન પ્રવીણકુમાર મહેતાના બહેન. ગં. સ્વ. જાગૃતિબેન યોગેશભાઇ મહેતા તથા અ. સૌ. પલ્લવીબેન શૈલેશભાઇ મહેતાના ભાભી તા. ૨૭મી માર્ચ, ૨૫ના ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**બાલાસિનોર દશાનિમા વણિક**

સુમિત (ઉં. વ. ૪૪) તે અજીત પુનમચંદ પરીખ(ધબેલા) તથા અમિતાનો સુપુત્ર. જીતેનના ભાઈ. મંજુષાના પતિ. પ્રીશા અને પ્રિયલના પિતાશ્રી. નેહાના જેઠ. સુચિત્રાબેનના જમાઈનો અમેરિકા ખાતે ૨૮ માર્ચના સ્વર્ગવાસ થયો છે. બેસણું તથા લૌકિક પ્રથા બંધ છે.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

જસપરા - માંડવા નિવાસી હાલ દહિસર, ગં.સ્વ.રમાગૌરી ભાઈશંકર પંડ્યા (ઉં. વ. ૮૩) સ્વ.અંજવાળીબેન જગજીવન પંડ્યાના પુત્રવધૂ. સ્વ.કુંદનબેન રમેશકુમાર, જ્યોત્સનાબેન રમેશકુમાર, વિજયભાઈ, દિપકભાઈ, સ્વ.વિણાબેન વિજયકુમાર, નીલાબેન નરેશકુમાર, ગં.સ્વ.ગીતાબેન ઘનશ્યામકુમારના માતૃશ્રી. ભાવનાબેન અને જાગૃતિબેનના સાસુ. ખરકડી નિવાસી સ્વ.રેવાશંકર મોનજી કનાડાના દિકરી, સ્વ.મુક્તાબેન, સ્વ.ધીરુભાઈ, સ્વ.પ્રભાબેન, સ્વ.સવિતાબેન, પ્રાણશંકરભાઈ, ગં.સ્વ.નયનાબેનના બેન. તા.૨૭.૦૩.૨૫ના કૈલાશવાસી થયા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા.૩૧.૦૩.૨૫ના ૪ થી ૬. શ્રી સૌરાષ્ટ્ર પટેલ સમાજ હોલ, અશોકવન, હનુમાન ટેકરી, શિવ વલ્લભ રોડ, દહિસર પૂર્વ. લૌકિક પ્રથા બંધ છે.

**ઔદીચ્ય ગોરવાલ બ્રાહ્મણ**

ગોરધનભાઈ ભભૂતરામજી બુધિયા (ઉં. વ. ૭૮) ગામ-ઉડ, મંશારામજી કાશીરામજી બુધિયાના ભત્રીજા. રામેશ્વરજી, દોલતરામજી ત્રિવેદીના જમાઈ. શાંતિબહેનના પતિ. વર્ષા, નીતા, પ્રતિજ્ઞા, યશવંતના પિતાશ્રી. ભરતભાઈ ગોવિંદરામજી, ઉથમણ. પ્રદીપ કાશીરામજી, ગોલ. રાકેશ સુરેશભાઈ, ઉડ રેશમા યશવંત બુધિયાના સસરાજી તા.૨૬.૦૩.૨૫ના દેવલોક પામ્યાં છે. પ્રાર્થનાસભા સોમવારે ૩૧.૦૩.૨૫ના ૫ થી ૭. આધાર હોલ, રોડ નં ૧૦, દોલતનગર, બોરીવલી ઈસ્ટ. સસુરપક્ષ અને પિયરપક્ષની પ્રાર્થનાસભા સાથે છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**સોરઠીયા શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ**

ખીજડીયા ખારી હાલ મુંબઈ, સ્વ. સવિતાબેન મહિધરલાલ ભટ્ટ તથા સ્વ. મહિધરલાલ ભાનુશંકર ભટ્ટના પુત્ર પ્રદ્યુમનભાઇ (ઉં. વ. ૮૮) તે મંગળાબેનના સહધર્મચારી, ગૌ. વા. જયંતભાઈ, હરેશભાઈ તથા ગાયત્રીબેન અતુલકુમાર ત્રિવેદીના પિતાશ્રી. દર્શનાબેનના સસરા. સ્વ. ભૂપતભાઈ, પ્રકાશભાઈ, સ્વ.કિશનભાઇ, સ્વ.મહેશભાઈના મોટાભાઈ. સ્વ. ભગવાનજી દયાશંકર ભટ્ટના જમાઈ. ગુરુવાર તા.૨૭/૦૩/૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા.૩૦/૦૩/૨૫ ૪ થી ૬. મઢુલી, બાપા સીતારામ મંદિર, અય્યપા મંદિર પાસે, શાંતિ વિહાર, મિરારોડ પૂર્વ.

**ઇડર ઔદિચ્ય બ્રાહ્મણ સત્યાવીસ જ્ઞાતિ**

બેરણા નિવાસી હાલ મુંબઈ, ગં.સ્વ. શકુંતલા પ્રવીણકાંત ઉપાધ્યાય, (ઉં. વ. .૯૨) તે અશ્વિન, જીગ્નેશ, દક્ષાના માતુશ્રી. ડૉ. દીપક હરિશચંદ્ર દવે, જાગૃતિ ઉપાધ્યાયના સાસુ. પ્રો. વિનીત ઉપાધ્યાયના દાદી. ડૉ રાહુલ દવેના નાની ૨૭/૩/૨૫ના દેવલોક પામ્યા છે. પિયરપક્ષની સાદડી સ્વ. કાંતિલાલ મગનલાલ ઉપાધ્યાય તરફથી સાથે બ્રજમંડલ હૉલ, સ્ટારબક્સની સામે, ગિરગાંવ ચૌપાટી, એ. આર. રાંગણેકર રોડ, મુંબઈ - ૭ ખાતે ૩૧/૩/૨૫ સાંજે ૫થી ૭.

**કચ્છી લોહાણા**

અ.સૌ. સોનલ જીતેન્દ્ર ચંદે (ઉં.વ. ૬૫) ગામ બિદડા, કચ્છ હાલ વિલેપાર્લે, તા.૨૮-૩-૨૫ શુક્રવારના રામચરણ પામ્યાં છે. તે ગં.સ્વ.રૂક્ષ્મણીબેન ધનજીભાઈ ચંદે (દ્વાળવાળા)નાં પુત્રવધૂ. મધુકાન્તા અનુપભાઈ કતીરાનાં ભાભી, ગૌતમીબેન (મંજુ) ધનજીભાઈ ચંદનાં ભાભી. જય અને જશનાં માતા. પ્રતિમા દિલીપ ચંદે, માયા મહેન્દ્ર ચંદેનાં દેરાણી. ગં.સ્વ. સુમતીબેન મુગટલાલ સેમ્પાલનાં પુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કચ્છી ભાટીયા**

મલાડ નિવાસી નીતીન (ઉં. વ. ૬૩) તે સ્વ. હરિદાસ પ્રેમજી ભાટીયાના સુપુત્ર. બીનાના પતિ. સ્વ. ધનરાજ, સ્વ. સુધા લલીત પાલેજા, અ. સૌ. નલિની સુરેન આશર, અ. સૌ. અરુણા મહેન્દ્ર નેગાંધી, અતુલના ભાઇ. તે વિજયસિંહ બલદેવ દલાલના જમાઇ. હર્ષીના પિતા. મૌલિક રાવલના સસરા. શનિવાર, તા. ૨૯-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે. રૂમ નં. બી-૯.ચંદ્રભુવન માર્વે રોડ, મલાડ (પશ્ચિમ).

**હાલાઇ લોહાણા**

અશોકભાઇ (ઉં. વ. ૭૪) સ્વ. દેવયાનીબેન વિઠ્ઠલદાસ કુંડલીયા (જટણીયા) વરવાળાના પુત્ર. તે અજીતભાઇ, સ્વ. નીતિનભાઇ, અનિલભાઇના ભાઇ. સ્વ. મગનલાલ કુંડલીયાના (ભત્રીજા). જયેશ, કુણાલ, તનયના મોટા પપ્પા. તા. ૨૭-૩-૨૫ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી રાજગોર**

સ્વ. હસમુખલાલ જેસરેગોર (ઉં. વ. ૬૭) ગામ ભોરારા હાલ નાલાસોપારા ગં. સ્વ. કાશીબેન વિસનજી જેસરેગોરના પુત્ર. સ્વ. ઉર્મિલાબેનના પતિ. રાહુલ તથા રાજેશના પિતા. શીતલબેન, ભાવનાબેનના સસરા. સ્વ. દયારામ, સ્વ. જયેશભાઇ તથા પ્રભાબેન મનસુખલાલ કેશવાણી, ભારતીબેન શાંતિલાલ નાકર, રંજનબેન વિનોદભાઇ મોતા, હર્ષાબેન ઉમેશભાઇ પેથાણીના ભાઇ. જીતેન્દ્ર, નીલેશ, ડિમ્પલ, જુલીના કાકા. ગામ વાંકીના સ્વ. નિર્મળાબેન છગનલાલ કેશવાણીના જમાઇ. તા. ૨૮-૩-૨૫ શુક્રવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૦-૩-૨૫ના રવિવારે ૩થી ૫. ઠે. કરસન લધુ નિસર હોલ, તુલીંજ રોડ, ચાર રસ્તા, નાલાસોપારા (પૂર્વ)

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સિહોર નિવાસી હાલ ડોમ્બિવલી સ્વ. જયાબેન દામોદરદાસ શાહના સુપુત્ર ભરતભાઇ (ઉં.વ.૭૨) તા.૨૭-૩-૨૫ના અવસાન પામેલ છે. તે દીનાબેનના પતિ. નિરવભાઇ તથા પ. પૂ. મુનિરાજ જિનાલયશેખર વિ.મ.સા.ના સંસારી પપ્પા. નરેશભાઇ, સ્વ. જયેશભાઇ તથા વસંતબેન ખાંતિલાલ દોશી (મહુવાવાળા), સવિતાબેન જયસુખલાલ સંઘવી (સાવરકુંડલાવાળા)ના ભાઇ. તે ઇલાબેન, પ્રીતીબેનના જેઠ. શ્વસુર પક્ષે મોહનલાલ વિઠ્ઠલદાસ લાખાણી કાજાવદરવાળાના જમાઇ. ડોમ્બિવલી (ઇસ્ટ) સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

અગતરાય નિવાસી હાલ દહીંસર સ્વ. ધીરજલાલ દુર્લભજી બદાણીના ધર્મપત્ની મંજુલાબેન (ઉં. વ. ૭૮) શુક્રવાર, તા. ૨૮-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ધર્મેશ, સેજલના માતુશ્રી. હેતલ, હિરલ કાપડીયાના સાસુ. કોવિત, કાવ્યાના દાદી. સ્વ. રંભાબેન છગનલાલ ગાંગાણીના પુત્રી. સ્વ. સુરેશભાઇ, સ્વ. નાનુભાઇ તથા લલિતભાઇના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર પ્રથા બંધ રાખેલ છે.

**સોરઠ વિસા શ્રીમાળી જૈન**

જૂનાગઢ નિવાસી હાલ કાંદિવલી સ્વ. અમીચંદ જેચંદ મહેતાના ધર્મપત્ની મંછાબેન મહેતા (ઉં. વ. ૯૧) બુધવાર, તા. ૨૬-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. દીલીપભાઇ, સ્વ. ચંદ્રકાન્તભાઇ, સ્વ. ભૂપતભાઇ, સ્વ. અશ્વિનભાઇ, મધુબેન રજનીકાંત મહેતાના માતુશ્રી. હિનાબેન, સોનલબેનના સાસુ. ધવલ, જય, વિરજ, શ્રેયાંશ અને કિંજલના દાદીમા. પિયરપક્ષ સ્વ. દુલભજી પરષોતમ ધોળકિયાના દીકરી. બન્ને પક્ષની પ્રાર્થના સોમવાર, તા. ૩૧-૩-૨૫ના ૧૦થી ૧૨. ઠે. માતૃવંદના વર્ધમાન સ્થાનકવાસી જૈન હોલ, ચોથે માળે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોટા દહીંસરા મોરબી હાલ ભાંડુપ, મુલવંતરાય ગોપાલજી દોશીના ધર્મપત્ની સૌ.અરૂણાબેન દોશી (ઉં. વ. ૭૯) તે સ્વ.નટવરલાલ લક્ષ્મીશંકર પારેખની સુપુત્રી. હેતલ હિતેશ મહેતા - બીજલ જીગ્નેશ સોલંકી અને પરાગ મોના દોશીના માતૃશ્રી. સ્વ.બિપીનભાઈ મીનાબેન દોશી - મધુસુદનભાઈ કનકબેન દોશીના ભાભી. સ્વ.નલિનીબેન ઘેડિયા - સરોજબેન તેજાની - જયશ્રીબેન મહેતા. સ્વ.સુધીરભાઈ પારેખના બેન, તા.૨૮.૦૩.૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૩૦.૦૩.૨૫ના રવિવાર ૪ થી ૬. કલ્પતરુ ક્લબહાઉસ બેન્કવેટ હોલ, એલ.બી.એસ માર્ગ, ભાંડુપ વેસ્ટ.

**રાધનપુર તિર્થ જૈન**

રાધનપુર નિવાસી હાલ અંધેરી, સ્વ. કાન્તાબેન રતિલાલ વોરાના સુપુત્ર પ્રવિણભાઇ (ઉં. વ. ૮૦) તે ભારતીબેનના પતિ. કુનાલ અને નિશાંતના પિતાશ્રી. અ.સૌ.શ્વેતાબેન અને અ.સૌ. દિપાલીબેનના સસરા. સ્વ. દમયંતીબેન, સ્વ. વિમળાબેન, સ્વ. મહેન્દ્રભાઈ, વિનુભાઈ, કુસુમબેન, તરૂણાબેન, જ્યોતિબેન, દક્ષાબેન, મયુરીબેનના ભાઈ, સ્વ.તારાબેન જયંતિલાલ શાહના જમાઈ. સોમવાર, તા.૨૪-૦૩-૨૦૨૫ના થાઇલેન્ડ મુકામે અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ચુનડીના ધર્મેશ ગાલા (ઉં. વ. ૩૯) તા. ૨૭/૦૩ના અરિહંતશરણ પામેલ છે. ગં. સ્વ. નિર્મલા ગજેન્દ્રના સુપુત્ર. પ્રિયંકાના પતિ. ભચાઉના મિનલ હિરેન ખીમજી છેડાના ભાઈ. પ્રેમલતા કેનેટ મુનીસના જમાઈ. પ્રા. જગવલ્લભ જૈન દેરાસર, કેબિન રોડ, ભાયંદર (ઈ). તા. ૩૦/૦૩, રવિવાર, ટા. ૨ થી ૩.૩૦.

ખારૂઆના વર્ષા વલ્લભજી ડુંગરશી ગાલા (ઉં. વ. ૬૫) તા. ૨૭-૩-૨૫ના અવસાન પામેલ છે. ભાણબાઇ ડુંગરશી લીલાધરના પુત્રવધૂ. વલ્લભજીના પત્ની. જીતેશના માતાજી. ગોધરાના કસ્તુરબેન ખીમજીના પુત્રી. મનોજ, નેરડીના નીતા લક્ષ્મીચંદ, ભોજાયના ભાવના જયંત, કોટડા રોહાના પ્રીતી છગનના બેન. પ્રાર્થના : તા. ૩૦-૩-૨૫, રવિવાર, બપોરે ૩ થી ૪.૩૦. શ્રી ક.વિ.ઓ. જૈન સંઘ, ગુણ શતાબ્દી ભવન, પ્લોટ નં. ૫૩, કાનસાઇ સેક્શન, અંબરનાથ (પૂ.)

કારાઘોઘાના મણીલાલ વીરા (ઉં. વ. ૮૦) તા. ૨૮-૩-૨૦૨૫ના અવસાન પામેલ છે. લીલબાઇ રામજી નથુ વીરાના પુત્ર. ચંચળબેનના પતિ. દિપક, ઇલાના પિતા. હરખચંદ, ચંદ્રીકા, કાંડાગરાના અમૃત મણીલાલ, કપાયાના હેમલતા કાંતીલાલના ભાઇ. પ્રાગપુરના ગંગાબાઇ નરશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપક વીરા, ૭૦૨, સુહાસ મોદી, રામનગર, કાંદીવલી (ઇ.).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગઢડા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મહીપતભાઇ વલ્લભદાસ ગોસલીયાના સુપુત્ર નિતીનભાઇ (ઉં. વ. ૬૨) તા. ૨૮-૩-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે જાગૃતિબેનના પતિ. મિહીરના પિતાશ્રી. વિધિના સસરા. અતુલભાઇ, મધુબેન ધીરેનભાઇ વોરા, રીટાબેન વિપુલભાઇ શાહ, રીનાબેન કિરીટભાઇ કાપડી, તેજલબેન અલ્પેશભાઇ શેઠના મોટાભાઇ. સાસરી પક્ષે સ્વ. રવીન્દ્રભાઇ ટોલીયાના જમાઇ પ્રાર્થનાસભા તા. ૩૦-૩-૨૫ના રવિવારે ૩થી ૫. ઠે. પારસધામ, ઘાટકોપર (ઇસ્ટ).

# મહારાષ્ટ્ર સરકાર તમામ ચૂંટણી વચનો પૂરા કરવા માટે પ્રતિબદ્ધઃ એકનાથ શિંદે

પુણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શનિવારે કહ્યું હતું કે, સરકાર ચૂંટણી ઢંઢેરામાં આપેલા તમામ વચનો પૂરા કરશે, તેમના કેબિનેટના સાથી અજિત પવારના 'ખેડૂતોએ પાક લોન માફી માટે રાહ જોવાની જરૂર નથી'ના નિવેદનથી ખળભળાટ મચી ગયો તેના એક દિવસ પછી એકનાથ શિંદેએ પુણેમાં આ નિવેદન કર્યું હતું.

તેમણે રાજ્યના નાણાકીય વર્ષમાં સંતુલન જાળવવાનું પણ આહ્વાન કર્યું હતું અને ઉમેર્યું હતું કે કલ્યાણકારી યોજનાઓ, વિકાસ અને કર્મચારીઓના પગાર માટે ભંડોળ ઉપલબ્ધ હોવું જોઈએ.

શિંદેએ જણાવ્યું હતું કે રાજ્યની નાણાકીય સ્થિતિ મજબૂત થયા પછી લાડકી બહેન યોજના હેઠળ મહિલાઓ માટેની માસિક સહાય ૧,૫૦૦થી વધારીને ૨,૧૦૦ રૂપિયા કરવામાં આવશે.

શિંદેનું આ વચન નાયબ મુખ્ય પ્રધાન અને નાણા પ્રધાન અજિત પવારે ખેડૂતોને લોન માફીની જાહેરાતની રાહ જોવાને બદલે સમયસર પાક લોનના હપ્તા ચૂકવવાની સલાહ આપ્યાના એક દિવસ પછી આવ્યું છે, જેમાં રાજ્યની વર્તમાન નાણાકીય મુશ્કેલીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

'અમે મેનિફેસ્ટોમાં જે પણ વચનોનો ઉલ્લેખ કર્યો છે, અમે તે પૂર્ણ કરીશું. દરેક વચનનું પાલન કરવામાં આવશે. અમે તેને છાપકામની ભૂલ નહીં કહીએ,' એમ શિવસેનાના વડા શિંદેએ પત્રકારોને પવારની ટિપ્પણી પર પૂછવામાં આવતા કહ્યું હતું.

શિંદેએ પુણે જિલ્લાના વઢુ ગામમાં આવેલી છત્રપતિ સંભાજી મહારાજની સમાધિની તેમની પુણ્યતિથિ પર મુલાકાત લીધી હતી.

તેમણે છેલ્લા અઢી વર્ષમાં ખેડૂતો માટે સરકારની મદદ વિશેની માહિતી આપતાં કહ્યું હતું કે, 'અમારી સરકાર ખેડૂતોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. અમે કમોસમી વરસાદને કારણે થયેલા પાકના નુકસાન માટે ૧૬,૦૦૦ કરોડ રૂપિયાની મદદ આપી છે.'

શિંદેએ કૃષિ ક્ષેત્ર પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાના પુરાવા તરીકે સંલગ્ન કૃષિ વ્યવસાયો માટે ૪૫,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી અને શેતકરી સન્માન યોજના અને પાક વીમા યોજના જેવી યોજના પર ધ્યાન દોર્યું હતું.

ચૂંટણી ઢંઢેરામાં ઉલ્લેખિત લાડકી બહેન યોજના હેઠળ માસિક સહાય ૧,૫૦૦ થી વધારીને ૨,૧૦૦ રૂપિયા કરવાના વચન અંગે પૂછવામાં આવતાં, શિંદેએ કહ્યું હતું કે, 'એકવાર રાજ્યની આર્થિક સ્થિતિ મજબૂત થઈ જશે, ત્યારે અમારી બહેનોને ૨,૧૦૦ રૂપિયા આપવામાં આવશે. અમે જે પણ વચન આપ્યું છે, તે અમે પૂર્ણ કરીશું.'

નાયબ મુખ્ય પ્રધાને વધુમાં કહ્યું હતું કે 'કલ્યાણકારી યોજનાઓ, વિકાસ અને કર્મચારીઓના પગાર' સહિત તમામ બાબતો માટે ભંડોળ ઉપલબ્ધ હોવું જોઈએ. શિંદેના મતે, વધેલા રોકાણથી આખરે રાજ્યની આર્થિક મજબૂતીમાં સુધારો થશે.

# એક સાથે ચૂંટણીઓ 'અન્ય' ધર્મોના લોકોને મતદાનના અધિકારોથી વંચિત રાખવાનો પ્રયાસઃ શિવસેના (યુબીટી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)એ શનિવારે એક સાથે ચૂંટણીઓ માટે કેન્દ્ર સરકારના દબાણ પર નિશાન સાધ્યું, દાવો કર્યો કે ચૂંટણી સુધારાના આડમાં 'અન્ય' ધર્મોના લોકોને મતદાર યાદીમાંથી બાકાત રાખીને મતદાન હાથ ધરવામાં આવશે. શિવસેના (યુબીટી)ના મુખપત્ર સામનાના એક તંત્રીલેખમાં દાવો કરવામાં આવ્યો છે કે ભાજપ દેશમાં ફક્ત એક જ પક્ષ ટકી રહે તેવું ઇચ્છે છે અને 'એક પક્ષ એક ચૂંટણી' તેનું અંતિમ લક્ષ્ય છે.

ડોનાલ્ડ ટ્રમ્પનો ઉલ્લેખ કરતાં તંત્રીલેખમાં કહેવામાં આવ્યું છે કે, યુએસ પ્રમુખ લેટિનો, કાળા અમેરિકનો અને ઇમિગ્રન્ટ્સને મતદાન કરતા રોકવા માગે છે, તેવી જ રીતે ભારતમાં મતદાન 'અન્ય' ધર્મોના લોકોને મતદારોની યાદીમાંથી બાકાત રાખીને કરવામાં આવશે અને આને ચૂંટણી સુધારણા તરીકે લેબલ કરવામાં આવશે.

આ આદેશ ફેડરલ ચૂંટણીઓમાં મતદાન કરવા માટેની નોંધણી માટે નાગરિકતાના દસ્તાવેજી પુરાવાને જરૂરી બનાવે છે અને માગણી કરે છે કે ચૂંટણીના દિવસ સુધીમાં બધા મતપત્રો પ્રાપ્ત થઈ જાય.'ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે, અને યુએસ સૌથી મજબૂત લોકશાહી છે. જોકે, એ સ્પષ્ટ છે કે લોકશાહીના મૂળ ખૂબ નબળા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને લોકશાહી અને અભિવ્યક્તિની સ્વતંત્રતામાં કોઈ વિશ્વાસ નથી,' એમ શિવસેના (યુબીટી) એ જણાવ્યું હતું.

ટ્રમ્પને 'શ્વેત મોદી' ગણાવતા તંત્રીલેખમાં કહેવામાં આવ્યું છે કે આ નિર્ણય ડેમોક્રેટ્સની વોટબેંક માટે ફટકો છે કારણ કે આનાથી લેટિનો, કાળા અમેરિકનો અને ઇમિગ્રન્ટ્સ આપમેળે મતદાન કરવાથી દૂર થઈ જશે.

# કૉંક્રીટાઇઝેશનના કામ દરમ્યાન વૃક્ષોના મૂળિયાને નુકસાન પહોંચાડનારા કૉન્ટ્રેક્ટરને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ

મુંબઈઃ મુંબઈમાં મોટા પાયા પર કૉંક્રીટાઈઝેશન પ્રોજેક્ટ હાથ ધરાયો છે, જે હેઠળ ખોદકામ કરતા સમયે વૃક્ષોના મૂળિયાને નુકસાન પહોંચાડવા અને તેને કાપવા બદલ મુંબઈ મહાનગરપાલિકાએ એક કૉન્ટ્રેક્ટરને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

દક્ષિણ મુંબઈના પ્રભાદેવી અને મહાલક્ષ્મી વિસ્તારમાં આવેલા પાંચ રસ્તા જીવબા આત્મારામ રાઉલ રોડ, ઓલ્ડ પ્રભાદેવી, મેટલ બોક્સ લેન, વીર સંતાજી લેન અને ફેમસ સ્ટુડિયો લેન પર કૉન્ટ્રેક્ટર દ્વારા ઉલ્લંઘન કરાયું હોવાનું જણાઈ આવ્યું છે.

પાલિકાના જી-દક્ષિણ વોર્ડ આસિન્ટન્ટ સુપરિટેન્ડન્ટ ઓફ ગાર્ડન દ્વારા રસ્તાનાના ખોદકામ માટે કૉન્ટ્રેક્ટરે ઝાડના મૂળિયાને નુકસાન પહોંચાડ્યું હોવાનું તથા તેને કાપ્યા હોવાની જાણ રોડ ડિપાર્ટમેન્ટ કર્યા બાદ તેમના દ્વારા કૉન્ટ્રેક્ટરને નોટિસ ફટકારવામાં આવી હતી. ગાર્ડન વિભાગના અધિકારીના ઈન્સ્પેક્શન દરમ્યાન જણાયું હતું કે વૃક્ષોના મૂળિયાને ગંભીર નુકસાન થયું હોવાથી ચોમાસામાં તેને વધુ નુકસાન થઈ શકે છે.કૉન્ટ્રેક્ટરની આ ભૂલ બદલ તેને નોટિસ ફટકારવામાં આવી હતી અને તેને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) રામજી સહ | ૪૯ | ૪૫,૦૦૦ |
| ૨) અકબર મંડળ | ૬૨ | ૫૦,૦૦૦ |
| ૩) બિશ્વનાથ બર્મન | ૫૦ | ૫૦,૦૦૦ |
| ૪) અસ્લમ નૂરી | ૨૬ | ૬,૦૦,૦૦૦ |
| ૫) કાલી પાડા મોહનદા | ૫૨ | ૧,૫૦,૦૦૦ |
| ૬) ઉમા ઘોરલ | ૩૦ | ૬૦,૦૦૦ |
| ૭) મેઘના પૌલ | ૩૬ | ૭૦,૦૦૦ |
| ૮) ડેલહાર બિસ્વાસ | ૫૫ | ૯૦,૦૦૦ |
| ૯) રશીદા બેગમ | ૪૯ | ૮૦,૦૦૦ |
| ૧૦) સુષ્મિતા આચાર્ય | ૩૨ | ૯૦,૦૦૦ |
| ૧૧) રાજકુમાર મૈટી | ૩૧ | ૨,૦૦,૦૦૦ |
| ૧૨) સુનિતા બારણાવાલ | ૪૦ | ૨૫,૦૦૦ |
| ૧૩) સુશીલ બર્મન | ૫૪ | ૯૦,૦૦૦ |
| ૧૪) પુષ્પા સરકાર | ૩૨ | ૮૦,૦૦૦ |
| ૧૫) સુમિત કુમાર જાના | ૩૩ | ૧,૦૦,૦૦૦ |
| ૧૬) બિનોય કુમાર દાસ | ૬૯ | ૧,૦૦,૦૦૦ |
| ૧૭) મંગેશભાઈ મહાદેવ સુકુ | ૬૧ | ૭૦,૦૦૦ |
| ૧૮) રાજ મહાદેવ સુકુ | ૩૩ | ૬૦,૦૦૦ |
| ૧૯) કાકાલી દાસ | ૩૭ | ૫૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ હોળી સ્પિરિટ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૨૦) સોના બ પરમાર | ૪૫ | ૨,૬૨,૮૩૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# મહાયુતિ સરકારને ફક્ત ટેન્ડરોમાં રસ છેઃ અંબાદાસ દાનવે

છત્રપતિ સંભાજીનગરઃ શિવસેના (યુબીટી)ના નેતા અંબાદાસ દાનવેએ શનિવારે મહાયુતિના સાથી પક્ષો પર ચૂંટણી દરમિયાન ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે રાજ્ય સરકાર પાક લોન માફ કરવામાં અસમર્થ હોવાથી ગરીબ ખેડૂતો પર આર્થિક બોજ વધશે.

તેઓ વર્તમાન નાણાકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય લોન માફી કરવામાં અસમર્થ હોવા અંગેના નાણા પ્રધાન અજિત પવારના નિવેદન પર બોલી રહ્યા હતા. પવારે ખેડૂતોને સમયસર લોનના હપ્તા ચૂકવવાની અપીલ કરી હતી.

મહાયુતિના સાથી પક્ષોએ (વિધાનસભા ચૂંટણી દરમિયાન) સત્તામાં આવ્યા તો પાક લોન માફ કરવાનું વચન આપ્યું હતું. હવે તેઓ તેમના ચૂંટણી વચનથી પાછા હટી રહ્યા છે, એમ વિધાન પરિષદમાં વિપક્ષી નેતાએ છત્રપતિ સંભાજીનગરમાં પત્રકારોને જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, ખેડૂતો લોન માફીના વચનમાં ભરોસો રાખતા હતા અને છેલ્લા ૫-૬ મહિનાથી હપ્તા ચૂકવતા નથી. 'હપ્તા ન ચૂકવવાને કારણે, તેમના પર વ્યાજનો બોજ વધી રહ્યો છે. ખેડૂતો દ્વારા થતી આત્મહત્યા ઓછી થતી નથી.' 'કેન્દ્ર સરકાર અદાણી દ્વારા કરાયેલા હજારો કરોડ રૂપિયાના દેવા માફ કરી શકે છે, પરંતુ તે ખેડૂતોના દેવા માફ કરવાના વચનને પૂર્ણ કરી શકતી નથી. આ સરકાર ફક્ત ટેન્ડરોમાં રસ ધરાવે છે,' એમ દાનવેએ કહ્યું હતું.

તેમણે એવો દાવો કર્યો હતો કે ટેન્ડરોના વધતા ખર્ચને કારણે સરકારને વિકાસ કાર્યો અને ખરીદી માટે વધુ ચૂકવણી કરવાની ફરજ પડી હતી.

દાનવેએ શિવસેનાના પ્રધાન સંજય શિરસાટ પર કટાક્ષ કર્યો હતો જેમણે બજેટ ફાળવણી પ્રત્યે અસંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે સામાજિક ન્યાય અને આદિવાસી બાબતોના વિભાગો માટે કુલ કાપ રૂ. ૭,૦૦૦ કરોડનો હતો.

# ચકાચક થવાનો વારો હવે મુંબઈના મેદાનો અને સ્કૂલોનો

## સુધરાઈ ૧૫ દિવસ મેદાનો અને સ્કૂલોમાં ચલાવશે સ્વચ્છતા ઝુંબેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને સ્વચ્છ રાખવા માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા સતત સ્વચ્છતા ઝુંબેશ થોડા થોડા દિવસે અમલમાં મૂકવામાં આવતી હોય છે. હવે પાલિકાએ આગામી તબક્કામાં મુંબઈના રમતગમતના મેદાનો અને સ્કૂલોમાં આ ઝુંબેશ અમલમાં મૂકવાની છે, જેમાં પહેલી એપ્રિલથી ચાર એપ્રિલ સુધી મુંબઈના મેદાનોની સફાઈ કર્યા બાદ સ્કૂલોમાં સાત એપ્રિલથી આગામી ૧૫ દિવસ સુધી આ ઝુંબેશ ચલાવવાની છે.

મુંબઈને સ્વચ્છ અને સુંદર રાખવા માટે લાંબા સમયથી નાગરિકોના સહકાર સાથે સ્વચ્છતા ઝુંબેશ ચલાવી રહી છે. તે માટે મુંબઈના તમામ ૨૪ વોર્ડમાં જનજાગૃતિ લાવવાનું કામ પણ ચાલી રહ્યું છે. ઝુંબેશ અંતર્ગત હવે શૈક્ષણિક સંસ્થા અને મેદાનો પર પાલિકા ધ્યાન કેન્દ્રિત કરવાની છે.

પાલિકાની વિશેષ સ્વચ્છતા ઝુંબેશ સોમવાર, સાત એપ્રિલથી આગામી ૧૫ દિવસ સુધી પાલિકાની સ્કૂલોમાં ચાલશે. એ સિવાય તમામ સરકારી સ્કૂલો, શૈક્ષણિક સંસ્થા અને ખાનગી સ્કૂલોમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવવાની છે. તો મેદાનોની સફાઈ વોર્ડ સ્તરે કરવામાં આવવની છે, જેમાં રમતગમતનાં મેદાનો, સ્કૂલનો પરિસર, પાર્કિંગ સહિત ફૂટપાથનો પણ સમાવેશ થાય છે.

સ્કૂલ અને મેદાનો પર દરરોજ સવારના નવથી બપોરના ૧૨ વાગ્યા સુધી આ ઝુંબેશ પાર પાડવામાં આવશે. આ ઝુંબેશમાં પાલિકાના ધનકચરા વિભાગ સહિત સ્કૂલ પ્રશાસન, લોકપ્રતિનિધિ, સામાજિક સંસ્થા તથા સ્કૂલના આઠમા ધોરણથી ઉપરના વર્ગના વિદ્યાર્થીઓ પણ જોડાશે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# વાઘ્યા શ્વાનનું સ્મારક દૂર કરાશે?: ફડણવીસનું નરો વા કુંજરો વા

## ચર્ચા કરીને રસ્તો કઢાશે એમ મુખ્ય પ્રધાન કહે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાયગડ કિલ્લા પર આવેલ વાઘ્યા શ્વાનનું સ્મારક હાલમાં સમાચારમાં છે. આ વાઘ્યા શ્વાનના સ્મારક અંગે રાજ્ય સરકારનું ચોક્કસ વલણ શું છે? તે બાબતે રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે માહિતી આપી હતી.

છત્રપતિ પરિવારના વંશજ સંભાજીરાજે છત્રપતિએ રાજ્ય સરકારને પત્ર લખીને રાયગઢમાંથી વાઘ્યા શ્વાનનું સ્મારક દૂર કરવાની માગણી કરી છે. આ માટે સંભાજીરાજે છત્રપતિએ ૩૧ મેની સમયમર્યાદા પણ આપી છે. દરમિયાન, આ પછી, ધનગર સમુદાયના નેતા લક્ષ્મણ હાકેએ વાઘ્યા શ્વાનના સ્મારકને દૂર કરવાનો વિરોધ કર્યો છે. આ પછી, ઘણા રાજકીય નેતાઓએ આ અંગે પ્રતિક્રિયા આપી હતી. આમ આ મુદ્દો અત્યારે સરકાર માટે માથાનો દુ:ખાવો બની રહ્યો છે.

ફડણવીસે કહ્યું હતું કે બધાએ સાથે બેસીને વાઘ્યા શ્વાનના સ્મારક અંગે ચર્ચા કરીને યોગ્ય રસ્તો કાઢવો જોઈએ. 'આપણે બધા સાથે આ અંગે ચર્ચા કરવી પડશે. કારણ કે આખરે, હોળકર પરિવારે તેનો ખર્ચ ઉઠાવ્યો હતો. તેથી એક સમુદાયમાં ઘણો ગુસ્સો છે કે તેને આ રીતે કેવી રીતે દૂર કરી શકાય. આટલા વર્ષો પછી, તે જગ્યાએ વાઘ્યા શ્વાનની પ્રતિમા છે કે સમાધિ છે. તેથી, આપણે વિવાદ ઊભો કર્યા વિના બધા સાથે ચર્ચા કરીને આ બાબતમાંથી રસ્તો કાઢી શકીએ છીએ. શું એવી કોઈ વાત છે જેના પર આપણે દરેક બાબતમાં વિવાદ કરવો જોઈએ?' એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું. 'વિવાદ કરવાનું કોઈ કારણ નથી. બધાએ સાથે બેસીને રસ્તો શોધવો જોઈએ. એવું લાગે છે કે બે સમુદાયો એકબીજાની સામે ઉભા છે. અહીં ધનગર સમુદાય અલગ છે અને અહીં મરાઠા સમુદાય અલગ છે એવું કંઈ નથી.■


ઘૂંટણની સમસ્યા અને સમાધાન

# ઘૂંટણની શસ્ત્રક્રિયા- ટેક્નોલોજીનો આવિષ્કાર



ડૉ. આશીત શાહ રોબૉટ મશીન સાથે
MS, MCH orth, FRCS orth (London),
ROBOTIC KNEE REPLACEMENT SURGEON

૨૧મી સદીમાં તંત્રજ્ઞાન (ટેક્નોલોજી)નો સર્વાધિક ઉપયોગ થઈ રહ્યો છે. કોમ્પ્યુટર અને ઈન્ટરનેટની સગવડથી માનવીનું જીવન ધરમૂળથી બદલાઈ ગયું છે. મેડીકલ વિજ્ઞાનમાં પણ અનેક શોધખોળને લીધે બહુ જ ફાયદા થઈ રહ્યા છે.

★ **Knee Replacement ઓપરેશનમાં વપરાતી ઢાંકણીમાં હાલમાં શું નવીન છે? નવી ઢાંકણીનું આયુષ્ય કેટલું હોય છે?**

શ્રી એચ. એન. પંચાલ (૭૨ વર્ષ)

કુદરતી અને કૃત્રિમ ઢાંકણી વચ્ચે ઘણો જ ફરક હોય છે. કૃત્રિમ ઢાંકણી જુદા જુદા પદાર્થોમાંથી (Material) બનાવવામાં આવે છે. વૈજ્ઞાનિક શોધખોળને હિસાબે છેલ્લાં ચાર દાયકામાં આ પદાર્થો બનાવવાની પદ્ધતિમાં ઘણો જ ફેરફાર થઈ ગયો છે. એલોય/સિરામિક પદાર્થમાંથી બનાવેલી નવી ઢાંકણીનું આયુષ્ય લગભગ ૧૫થી ૨૦ વર્ષ જેટલું હોય છે.

જે પદ્ધતિ વડે Knee ઓપરેશન કરવામાં આવે છે તેની પણ ઘૂંટણની આવરદા પર અસર રહે છે. Knee Replacement ઓપરેશન દરમ્યાન ઘૂંટણનું Alignment (અલાઈનમેન્ટ) અતિ ચોકસાઈપૂર્વક થવું જરૂરી છે. Robotic પદ્ધતિ વડે થતા ઓપરેશનમાં ઘૂંટણનું અલાઈનમેન્ટ અતિ ચોકસાઈપૂર્વક થાય છે, જેથી અડધા દોરાનો પણ ફરક પડતો નથી, આને લીધે પણ ઘૂંટણની આવરદામાં લાંબે ગાળે સુધારો થઈ શકે છે.

★ **ઘૂંટણની ઢાંકણીના ઓપરેશન બાદ થતાં દુ:ખાવાનો સહુથી વધુ ડર હોય છે તે બદલ માહિતી આપશો.**

શ્રીમતી કાપડીયા (૫૯ વર્ષ)

જે રોબોટીક પદ્ધતિ વડે Knee Replacement ઓપરેશન થાય તો તેમાં સચોટ કાપકૂપ; પદ્ધતિસરનું પ્લાનિંગ, ઘૂંટણની આજુબાજુના લીગામેન્ટમાં કોઈપણ વિચ્છેદ વિના, નવી કૃત્રિમ ઢાંકણીનું સજ્જડ હાડકાં પર બેસી જવું વિ. ફાયદાને લીધે ઓપરેશન પછીની પીડા લગભગ થતી નથી. આ ઓપરેશનની Latest technology છે. ઓપરેશન દરમ્યાન અને તુરંત બાદ ઘૂંટણની આજુબાજુની પીડા આપતી નસ અને જ્ઞાનતંતુઓમાં પીડાશમક દવા ભરવામાં આવે છે જેથી દુ:ખાવાની તકલીફ નહિવત્ થાય છે.

**રોબોટિક ઓપરેશનમાં ઓપરેશન હંમેશા સર્જન ડૉક્ટર જ કરે છે. રોબોટ મશીન ઓપરેશનની ચોક્કસાઈની માત્રા વધારી દે છે, જેથી ઓપરેશન બાદ દર્દીને ફિઝિયોથેરેપીની જરૂર બહુ ઓછી પડે છે.**

દરેક વ્યક્તિનાં શરીર મુજબ પીડા સહન કરવાની ક્ષમતા જુદી જુદી હોય છે, માટે દુ:ખાવા બદલ બીજા કોઈ વ્યક્તિ કે પેશન્ટ (જેણે આ ઓપરેશન કરાવ્યું હોય) સાથે સરખામણી કરવી નહીં. ધારો કે બીજા વ્યક્તિની પીડા સહન કરવાની શક્તિ નહિવત્ હોય તો તેને થોડો દુ:ખાવો પણ વધુ પડતો લાગવાનો.આમ ઘૂંટણના ઓપરેશનના દરેક પાસામાં ટેક્નોલોજીનો (તંત્રજ્ઞાન) જબરદસ્ત ઉપયોગ થયો છે. ઉપરના મુદ્દાઓ પરથી ફલિત થાય છે કે ઢાંકણી બનાવવાની પદ્ધતિ અને પદાર્થો (Material), રોબોટીક પદ્ધતિ થી ઓપરેશન અને ઓપરેશન બાદ દુ:ખાવાનું નિયંત્રણ-આ ત્રિવેણી સંગમ- દર્દીની રિકવરી ઝડપી અને સરસ રીતે પૂરી કરે છે.

સંપર્ક:
■ TechKNEEque® Clinics
■ Malad (W) : 9819707319
■ Andheri (W) : 8591307319
■ www.robotickneereplacementmumbai.com
■ www.drashitshah.com





Deepak Somaiya


# આઈપીએલ પર સટ્ટો: ત્રણ પકડાયા

થાણે: ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ટી-૨૦ મેચ પર સટ્ટો લેવા બદલ પોલીસે નવી મુંબઈથી ત્રણ જણની ધરપકડ કરી હતી. પોલીસ ટીમે મળેલી માહિતીને આધારે સાનપાડા ખાતેના રહેણાક વિસ્તારમાં ૨૬ માર્ચે રેઇડ પાડી હતી, જ્યાં આરોપીઓ મેચ પર ઓનલાઇન સટ્ટો લઇ રહ્યા હતા.

પોલીસે પકડી પાડેલા ત્રણેય જણની ઓળખ શંકર સુરેશ કોટેકર (૩૫), સંદીપ નારાયણ દેવગડે (૩૫) અને ભરત મુરલીધર રુડે (૨૦) તરીકે થઇ હતી. (પીટીઆઇ)■

સૉલ ઑફ ટૂર

# ભારતીય પ્રવાસીઓ માટે દક્ષિણ કોરિયા શા માટે ફેવરેટ ડેસ્ટિનેશન બની ગયું છે? કારણો જાણી લો.



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચેરમેન ધવલ જાંગલા





સંસ્કૃતિ, ઈતિહાસ અને કુદરતી સૌંદર્યનું આકર્ષક મિશ્રણ આપતું દક્ષિણ કોરિયા ભારતીય પ્રવાસીઓમાં મોસ્ટ ફેવરેટ ટ્રાવેલ ડેસ્ટિનેશન બની ગયું છે. ચાલો પૂછીએ ઑરોરા ટૂર્સનાં મેનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલાને કે શા માટે ભારતીય પ્રવાસીઓમાં આ દેશને એક્સપ્લોર કરવાની ખ્વાઈશ વધી ગઈ છે.

★ **ધવલભાઈ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઈન્ટરનેશનલ ટ્રાવેલ માટે કોરિયાની વધતી જતી ડિમાન્ડનું એવું તે શું કારણ છે?**

આ વિશે જણાવતા ધવલભાઈ કહે છે, ''રાજધાનીનું શહેર સોલ, મોડર્ન વંડર્સ અને સમૃદ્ધ ઐતિહાસિક સ્થળો બંને સાથે એક ખળભળાટ મચાવતી મેગા સિટી છે. કોરિયન ડિમિલિટરાઇઝ્ડ ઝોન (DMZ), ઇમર્જિંગક પીસ પાર્ક, જાજરમાન ગ્યોંગબોકગુંગ પેલેસ અને પેટિટ ફ્રાન્સ જેવા યુનિક સ્થળો પર પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઊમટી પડે છે, જે આખા દેશનાં અનોખા વારસાનું પ્રદર્શન કરે છે.''

★ **જેજુ આઈલેન્ડ:**

જેજુ આઇલેન્ડ એ બીજુ એક ટોપનું સ્થળ છે જે પ્રવાસીઓમાં ખૂબ લોકપ્રિય છે. આ શહેર તેના મનોહર લેન્ડસ્કેપ્સ અને શાંત વાતાવરણ માટે પ્રખ્યાત છે. પ્રવાસીઓ સીઓનજ્યુપ એ પારંપારિક ગામનું અન્વેષણ કરી શકે છે, ગ્વાંગચીગી બીચ પર અદ્‌ભુત કુદરતી દૃશ્યોનો આનંદ માણી શકાય છે અને મનમોહક નાન્તા શોનો અનુભવ કરવા અહીં મળે છે. ચેઓનજીયોન વોટરફોલ અને હેલીમ પાર્કમાં હરીયાળી ભર્યા નજારાઓ જેજુનાં કુદરતી સૌંદર્યને પ્રકાશિત કરે છે, જે તેને પ્રકૃતિના ઉત્સાહીઓ માટે મુલાકાત લેવા માટે આવશ્યક બનાવે છે.

બુસાનની ખાસિયત છે અહીંનાં સુંદર દરિયાકિનારા અને દરિયાકાંઠા પરનાં આકર્ષણો. પ્રવાસીઓ અહીંની પ્રખ્યાત હ્યુંડે સ્કાય કેપ્સુલ અને સોંગડો સસ્પેન્શન બ્રીજનો અનુભવ લઈ શકે છે, જે સમુદ્ર અને શહેરીનો પેનારોમિક વ્યુ આપે છે. આવા વૈવિધ્યસભર સ્થાનો સાથે, દક્ષિણ કોરિયાએ ભારતીય પ્રવાસીઓનું ધ્યાન નિશ્ચિતપણે કબજે કર્યું છે, જે કલ્ચર, એડવેન્ચર અને લિઝરનાં મિશ્રણવાળો અનુભવ આપે છે.

કોરિયન અટ્રેક્શન પ્રવાસના સ્થળો ઉપરાંત, ટેક્નોલોજી, ઓટોમોટિવ અને બ્યુટી જેવા વિવિધ ક્ષેત્રોમાં દક્ષિણ કોરિયાની વૃદ્ધિએ ભારત સાથેના તેના સંબંધોને મજબૂત બનાવ્યા છે. હ્યુન્ડાઇ અને કિયા જેવી મોટી કંપનીઓએ ભારતીય બજારમાં નોંધપાત્ર સ્થાન મેળવ્યું છે. નવી - નવી કાર ઓફર કરી છે અને નોકરીઓનું સર્જન કર્યું છે, જ્યારે ટેકનોલોજી અને વેપારમાં પણ વૃદ્ધિ જોવા મળી છે. આ વધતું જોડાણ દક્ષિણ કોરિયાને ભારતીય પ્રવાસીઓ માટે એક આકર્ષક સ્થળ બનાવે છે, જ્યાં તેઓ સંસ્કૃતિ અનુભવવા સાથે વૈશ્વિક ઉદ્યોગોના વિકાસના સાક્ષી પણ બની શકે છે.

★ **ભારતમાં કોરિયન ફૂડ અને સ્ટ્રીટ ફૂડનો ક્રેઝ:**

આજકાલ ભારતનાં વિવિધ ઠેકાણે તમને કોરિયન સ્ટ્રીટ ફૂડ સ્પેશ્યાલિટી કિમચી, ટીટોકબોક્કી, ગમ્જા હોટડોગ્સ અને કોરિયન ડમ્પલિંગ જેવી વાનગીઓ જોવા મળી છે અને ઓલરેડી આ વાનગીઓએ ભારતીયોનાં મનમાં સ્થાન મેળવી લીધું છે. મેજર ઈન્ડિયન સિટીમાં કોરિયન રેસ્ટોરન્ટ્સ અને સ્ટ્રીટ ફૂડ સ્ટોલ્સ મસાલેદાર, સ્વાદિષ્ટ અને અનોખા કોરિયન ફ્લેવર્સ પિરસે છે અને લોકો એને પસંદ પણ કરી રહ્યા છે. કોરિયન ખાદ્યપદાર્થોએ નિ:શંકપણે ભારતીય મેનુમાં તેનું વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે.

★ **કે-પોપ અને કે-ડ્રામાની દિવાનગી:**

ભારતમાં કે-પોપ અને કે-ડ્રામાનો ક્રેઝ સર્વકાલીન ઉચ્ચતમ સ્તરે છે, BTS અને BlacPink જેવા પોપ સિંગર ગ્રુપ્સનાં ચાહકોની ભારતમાં ખૂબ મોટી સંખ્યા છે. ખાસ કરીને જેન-ઝીમાં કે-પોપનો ખાસ ક્રેઝ છે. વિશ્વભરનાં કે-પોપ અને કે- ડ્રામાનાં ચાહકો અવારનવાર શહેરના વાઇબ્રન્ટ ગંગનમ ડિસ્ટ્રિક્ટનો અનુભવ કરવા માટે સૉલની મુલાકાત લે છે, જેમાં ઘણા લોકો ગંગનમ સ્ટાઇલ સ્ટેચ્યુની મુલાકાત લે છે જે વિશ્વને તરબોળ કરનાર વાયરલ ગંગનમ સ્ટાઈલ ગીતને શ્રદ્ધાંજલિ છે. કે-પોપની સાંસ્કૃતિક નિકાસે ભારતીય ચાહકો માટે સૉલને ટોચનું સ્થળ બનાવ્યું છે, જેઓ તેમનાં આઈડલનાં મૂળસ્થાન સાથે જોડાવા આતુર હોય છે.

★ **દક્ષિણ કોરિયાનો સમૃદ્ધ ઓટોમોટિવ ઉદ્યોગ:**


દક્ષિણ કોરિયાનો ઓટોમોટિવ ઉદ્યોગ ઝડપથી આગળ વધી રહ્યો છે, જેમાં હ્યુન્ડે અને કિયા જેવા દિગ્ગજોએ આ ઈન્ડસ્ટ્રીનો જાણે ચાર્જ સંભાળ્યો છે. તેમના નવીન, ઉચ્ચ-ગુણવત્તાવાળા વાહનો ભારતીય ગ્રાહકોમાં પ્રિય બની ગયા છે. ભારતમાં દક્ષિણ કોરિયન કાર બ્રાન્ડ્સની વધતી હાજરી ટેક્નોલોજી-સંચાલિત, ફ્યુઅલ એફિશિઅન્ટ ઓટોમોબાઈલની વધતી માગને પ્રતિબિંબિત કરે છે, જે બંને દેશો વચ્ચેના જોડાણને વધુ મજબૂત બનાવે છે.

★ **ભારતમાં કોરિયન સ્કિનકેર અને બ્યુટી પ્રોડક્ટ્સની ડિમાન્ડ:**

કોરિયન સ્કિનકેર ભારતમાં જ નહીં, પણ આખા વિશ્વમાં વખણાય છે. લોકો સ્વસ્થ અને કાચ જેવી ચમકતી ત્વચા માટે દેશનું પ્રખ્યાત બ્યુટી રૂટિન અપનાવવા આતુર છે. શીટ માસ્ક, સીરમ અને મોઇશ્ચરાઇઝર્સ જેવી પ્રોડક્ટ્ને ભારતીય બજારમાં જોરદાર પ્રતિસાદ મળ્યો છે. ભારતમાં કોરિયન બ્યુટી પ્રોડક્ટ્સની સફળતાનો શ્રેય તેમના ઉચ્ચ-ગુણવત્તાવાળા ઘટકો અને સ્કિનકેર ઇનોવેશન પ્રત્યેની પ્રતિબદ્ધતાને આભારી છે, જે દક્ષિણ કોરિયાને ભારતીય સૌંદર્ય ઉદ્યોગમાં મુખ્ય ખેલાડી બનાવે છે.

વિવિધ ક્ષેત્રોમાં તેના વધતા પ્રભાવ સાથે, દક્ષિણ કોરિયા આજે ભારતીય પ્રવાસીઓ માટે ખરેખર એક આકર્ષક સ્થળ બની ગયું છે, જે માત્ર એક રીચ કલ્ચરલ અનુભવ લેવા માટેનો દેશ નહીં, પણ એને વૈશ્વિક પાવરહાઉસ બનાવે છે. સાથે જ આ દેશ ટેક્નોલોજી અને ઔદ્યોગિક પ્રગતિની ઝલક પણ આપે છે. ઐતિહાસિક સ્થળો માટે હોય, વાઇબ્રન્ટ પોપ કલ્ચર માટે હોય, કોરિયન ગ્લાસ સ્કિન મેળવવા માટેની પ્રોડક્ટ્સ માટે હોય કે પછી વિકાસશીલ ઉદ્યોગો માટે, દક્ષિણ કોરિયા એક એવો દેશ છે જે ભારતીયોની દરેક પ્રકારની કલ્પનાને મોહિત કરે છે.

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com



# જો બાળકો ધનંજય મુંડેનાં તો કરુણા શર્મા તેમની પત્ની કેમ નહીં?

## અદાલતનો ધનંજય મુંડેના વકીલને ધારદાર સવાલ

મુંબઈ: એનસીપીના નેતા ધનંજય મુંડેને ફેમિલી કોર્ટે તેમની પહેલી પત્ની હોવાનો દાવો કરનારી કરુણા શર્માને દર મહિને બે લાખ રૂપિયા ભરણપોષણ આપવાનો આદેશ આપ્યો હતો તેની સામે મુંડેએ ઉપલી કોર્ટમાં ધા નાખી હતી.

આ કેસની સુનાવણી શનિવારે મઝગાંવ સેશન્સ કોર્ટમાં થઇ હતી ત્યારે કોર્ટે મુંડેના વકીલને ઘણા પ્રશ્નો પૂછ્યા હતા. કરુણા મુંડેએ ભરણપોષણની રકમ વધારીને નવ લાખ રૂપિયા કરવાની પણ માગણી કરી હતી.

લગ્ન થયા જ નથી તો ભરણપોષણ શા માટે આપવાનું એવી દલીલ મુંડેના વકીલે કરી હતી ત્યારે કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે કરુણાને બાળકો છે તો તે કોના છે. વધુ કોર્ટે કહ્યું હતું કે જો એ બાળકો ધનંજય મુંડેના જ છે તો પછી કરુણા ધનંજય મુંડેની પત્ની કઈ રીતે ન ગણાય? ત્યારે મુંડેના વકીલે સ્પષ્ટતા કરી હતી કે ધનંજય મુંડેએ બાળકોને સ્વીકાર્યા છે, પરંતુ અધિકૃત રીતે કરુણા સાથે લગ્ન કર્યા નથી. રાજશ્રી મુંડે જ ધનંજય મુંડેના ખરા પત્ની છે.

આ સિવાય મુંડેના વકીલે કોર્ટમાં રજૂઆત કરી ગહતી કે કરુણા શર્માની વાર્ષિક આવક ૧૫ લાખ રૂપિયા છે. તે ટેક્સ પણ ભરે છે. તે આર્થિક દૃષ્ટિએ સક્ષમ છે. છતાં તેમને ભરણપોષણની અરજી કરી છે. તેમને પૈસાની કોઇ જરૂર નથી. કરુણા શર્મા દ્વારા ધનંજય મુંડે સામે વારંવાર નવા નવા આક્ષેપો કરાય છે, એમ મુંડેના વકીલે કોર્ટને વધુમાં જણાવ્યું હતું. ■

# ભિવંડીમાં ગોદામમાંથી ૨૩.૪ લાખના લેપટોપ ચોરનારા પકડાયા

થાણે: થાણે જિલ્લાના ભિવંડીમાં આવેલા ગોદામમાંથી ૨૩.૪ લાખ રૂપિયાના લેપટોપ ચોરનારા બે આરોપીને કર્ણાટકથી પકડી પાડવામાં આવ્યા હતા.

પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ દિલીપ બસવરાજ ચવાણ (૨૦) અને અર્જુન મુન્ને રાઠોડ (૨૩) તરીકે થઇ હતી. પોલીસના જણાવ્યા અનુસાર ભિવંડીના નારપોલી વિસ્તારમાં ૭ માર્ચે ચોરીની ઘટના બની હતી. આરોપીઓ ગોદામનાં તાળાં તોડી અંદર ઘૂસ્યા હતા અને ૨૩.૪ લાખ રૂપિયાના ૨૬ લેપટોપ ચોરી પલાયન થયા હતા, એમ સિનિયર ઇન્સ્પેક્ટર જનાર્દન સોનાવણેએ કહ્યું હતું. આ ઘટના બાદ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. દરમિયાન ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ મળેલી માહિતીને આધારે પોલીસે કર્ણાટકના યાદગીરથી બંને આરોપીને ઝડપી પાડ્યા હતા. પોલીસે ચોરાયેલા લેપટોપ તથા ગુનામાં વપરાયેલી મોટરસાઇકલ જપ્ત કરી હતી. (પીટીઆઇ) ■

# બિનમરાઠી લોકો પર ઈરાદાપૂર્વક હુમલો કરાતો નથી: મનસે

મુંબઈ: રાજ ઠાકરેના નેતૃત્વ હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)એ શનિવારે કહ્યું હતું કે રાજ્યમાં પક્ષના કાર્યકરો દ્વારા બિનમરાઠી ભાષી લોકો સામે ઇરાદાપૂર્વક હિંસા કરાતી નથી.

બિહારના હોય કે કર્ણાટકના રહેવાસીઓ અને મહારાષ્ટ્રમાં રહેતા હોય તથા કામ કરતા હોય તો પક્ષને કોઇ સમસ્યા જ નથી, પણ તેઓએ અહીંની સ્થાનિક ભાષાનું સન્માન કરવું જરૂરી છે, એમ મનસેના ઉપપ્રમુખ અને પ્રવક્તા વાગીસ સારસ્વતે જણાવ્યું હતું. મરાઠી એ મુંબઈ અને સંપૂર્ણ મહારાષ્ટ્રની ભાષા છે. કેન્દ્રીય સરકારે હાલમાં મરાઠી ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો આપ્યો છે, પરંતુ અમુક લોકો જાણીજાઇને મરાઠી ભાષાનું અપમાન કરે છે અથવા ઠેકડી ઉડાવે છે. આવા લોકોને પાઠ ભણાવવા હિંસા થતી હો. છે, પરંતુ તે ઇરાદાપૂર્વક કરાતી નથી.

મરાઠી ભાષાને સન્માન આપો, પછી કોઇ વાંધો જ નથી કે જે તે વ્યક્તિ બિહારથી છે કે કર્ણાટકથી, એમ સારસ્વતે વધુમાં જણાવ્યું હતું. લોકસભામાં લોક જનશકિત પક્ષ (એલજેપી)ના સાંસદ રાજેશ વર્મા મહારાષ્ટ્રમાં હિન્દી ભાષી લોકો પર એમએનએસના કાર્યકરો દ્વારા કરાતા હોવાનો મુદ્દો ઉઠાવવાના છે ત્યારે તેના પર પ્રતિક્રિયા આપતા સારસ્વતે ઉક્ત નિવેદન કર્યું હતું. ■


શ્રધ્ધા સુમન



જન્મ : નૈરોબી
તા. ૧૮ જૂન ૧૯૩૩

દેહવિલય : નૈરોબી
તા. ૨૬ માર્ચ ૨૦૨૫

**શ્રી રજનીકાન્ત હરજીવનદાસ સંઘરાજકા**

માતુશ્રી : સ્વ. કાશીબેન હરજીવનદાસ સંઘરાજકા
ધર્મપત્ની : ચંદ્રિકાબેન
પુત્રી-પુત્ર : સોનલ ગાંધી – સમીર
જમાઈ : સંદીપ ગાંધી
દોહીત્ર – દોહીત્રી : સંજય – નતાશા – મનીષા
ગ્રેટ ગ્રાન્ડસન : આનંદ
ભાઈઓ બહેનો : ન્યાલચંદભાઈ – મનુભાઈ
સ્વ. પુષ્પાબેન લાઠીયા – સ્વ. રમણીકભાઈ
સ્વ. સુરેશભાઈ – વિજયાબેન જોબાલિયા
ઇંદુબેન મહેતા – સરલાબેન મહેતા – પ્રદિપભાઈ
સસરાજી : મોરબી નિવાસી સ્વ. કાંતિલાલ પાનાચંદ સંઘવી

પ્રાર્થના સભા : રવિવાર, તા. 30.03.૨૦૨૫ ના સાંજના નૈરોબી મુકામે રાખવામાં આવેલ છે.

ઓમ શાંતિ ✡ ઓમ શાંતિ ✡ ઓમ શાંતિ

# દિલ્હીનો ઠગ કંડલા કસ્ટમને છેતરવા જતાં ફરી ઝડપાયો

## લુધિયાણા ડીઆરઆઈએ જપ્ત કરેલા કાળા મરીના જથ્થાને કસ્ટમમાંથી છોડાવવા નકલી બેન્ક ગેરન્ટી/બોન્ડ રજૂ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રાજધાની દિલ્હીની એક જાણીતી પેઢીએ મિસ ડિક્લેરેશન થકી કંડલાના મુક્ત વ્યાપાર કેન્દ્રમાં આયાત કરેલા અને બાદમાં લુધિયાણાની ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઇન્ટેલિજન્સ દ્વારા જપ્ત કરેલાં કાળાં મરીના જથ્થાને આ પેઢીએ હાઈ કોર્ટની શરતો મુજબ મુક્ત કરાવવા રજૂ કરેલી બેન્ક ગેરન્ટી/બોન્ડ બોગસ નીકળતાં આ મામલે છ મહિના બાદ કંડલા સેઝસ્થિત કસ્ટમના એસેસમેન્ટ ઑફિસરે દિલ્હીની પેઢીના સંચાલક સમીર કિશોરકમલ અરોરા સામે ગાંધીધામ બી ડિવિઝન પોલીસ મથકમાં ફોર્જરીની કલમો તળે ફરિયાદ નોંધાવી હતી.

દિલ્હીની કથબર્ટ વિન એલએલપી નામની પેઢીએ ગત ફેબ્રુઆરી ૨૦૨૩માં દુબઈથી કાળા મરીનો જથ્થો આયાત કરીને કંડલા સેઝમાં આવેલા મેસર્સ આદિત્ય એક્સપોર્ટસના વેરહાઉસમાં સ્ટોર કર્યો હતો. કસ્ટમ ડ્યૂટીની શરતી છૂટછાટનો ગેરલાભ લેવાના હેતુથી દિલ્હીની આ કંપનીએ ચોપડા પર કાળા મરીની 'કન્ટ્રી ઑફ ઓરિજીન' દુબઈના બદલે અફઘાનિસ્તાન હોવાનું જણાવ્યું હતું. આ કૌભાંડ અંગે લુધિયાણા ડીઆરઆઈને ઇનપુટ મળતાં એપ્રિલમાં કંડલા સેઝમાં ડીઆરઆઇના અધિકારીઓએ દરોડો પાડીને મેસર્સ આદિત્ય એક્સપોર્ટસના વેરહાઉસમાં રહેલો કાળાં મરીનો જથ્થો જપ્ત કરી સઘન તપાસ હાથ ધરી હતી.

## ભુજ સુધરાઈના માજી કારોબારી ચેરમેન ભેદી સંજોગોમાં લાપતા બનતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સુધરાઈના કારોબારી ચેરમેન રહી ચૂકેલા ભરતકુમાર વાલજી રાણા કોઈ અગમ્ય કારણોસર ગુમ થતા બી-ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે. ભાનુશાલી નગર પાછળ આવેલા રઘુવંશી નગરમાં રહેનારા ભરતભાઈના પુત્રએ આ અંગે જણાવ્યું હતું કે, ગત ૨૭મી માર્ચના સવારના ૧૦ વાગ્યાના અરસામાં કોઈ અકળ કારણને વશ થઈ ભરતભાઈ લાપતા બન્યા છે. તેમનું સ્કૂટર માધાપર નજીકથી મળી આવ્યું હતું. તેમનો સંપર્ક કરવાના પ્રયત્નો કર્યા હતા, પણ તેમની ભાળ હજુ સુધી મળી નથી.

## ભુજના ડ્રોન ફોટોગ્રાફરે કેપ્ચર કરેલી બન્ની નસલની ભેંસની મડ બાથ બ્લીસ તસવીરે આંતરરાષ્ટ્રીય સ્તરે બીજો ક્રમ મેળવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના જાણીતા ડ્રોન ફોટોગ્રાફર અભિષેક ગુસાઈએ વૈશ્વિક સ્તરે યોજાયેલી ફોટોગ્રાફી સ્પર્ધા જીતીને આ ભાતીગળ પ્રદેશનું નામ રોશન કર્યું હતું. ૧૩૮ દેશના અંદાજે બે લાખ જેટલા ફોટોગ્રાફરો દ્વારા આ સ્પર્ધામાં ભાગ લેવામાં આવ્યો હતો, જેમાં ભુજના અભિષેક ગુંસાઈએ તેમના ડ્રોન કૅમેરા વડે કેપ્ચર કરેલી બન્ની વિસ્તારના કચ્છના વેકરિયાના રણના માટી યુક્ત તળાવમાં ઠંડક મેળવી રહેલી અને કોઈ મૉડેલની જેમ પોઝ આપી રહેલી બન્ની નસલની ભેંસની તસવીરે બીજો ક્રમાંક મળ્યો હતો. હાઈ ડેફિનેશન કૅમેરા, ડ્રોન, ગિંબલ જેવા ફોટોગ્રાફીને લગતા ઇક્વિપમેન્ટ બનાવતી જાણીતી ડીજેઆઈ કંપની દર વર્ષે એન્યુઅલ ફોટોગ્રાફી કોમ્પિટિશનનું વૈશ્વિક સ્તરે આયોજન કરતી હોય છે.

આ વખતના દસમા એન્યુઅલ ગ્લોબલ ડ્રોન ફોટોગ્રાફી કોમ્પિટિશનમાં ૧૩૮ દેશના બે લાખ ફોટોગ્રાફરોએ પોતાની ડ્રોન તસવીરો સબમિટ કરાવી હતી, જે પૈકી ભુજના સરકાર માન્ય ડ્રોન પાઇલટ અભિષેક ગુસાઈએ પણ તેમની ૭૮ જેટલી બેસ્ટ ડ્રોન તસવીરો સબમિટ કરાવી હતી. આ પૈકી ૧૮ તસવીર પસંદ કરવામાં આવી તેમાંથી બન્નની લાખેણી ભેંસની 'મડ બાથ બ્લીસ' તસવીરને બીજો નંબર આપવામાં આવ્યો હતો. દુનિયાની ૧૦ બહેતરીન ડ્રોન તસવીરોમાં ભારતના ડ્રોન ફોટોગ્રાફરની આ એક માત્ર તસવીર છે જે કચ્છ માટે ગૌરવની વાત છે.

અભિષેકને આ ફોટોગ્રાફી કોન્ટેસ્ટમાં બીજો નંબર મેળવ્યા બદલ કંપની તરફથી ઇનામ તરીકે ૪૦૪૮ ડોલર એટલે કે અંદાજિત ૩.૫૦ લાખની કિંમતનો ડ્રોન અને ટ્રોફી એનાયત કરવામાં આવશે. તેમ જ ડીજેઆઈ કંપનીના સ્કાય પિક્સલ પ્લેટફોર્મના ક્રિએટર તરીકે કામ કરવાની તક પણ મળશે તેવું જાણવા મળ્યું હતું.

## રાપર પંથકમાં રીઢા આરોપીઓના ગેરકાયદે બાંધકામો પર બુલડોઝરની કાર્યવાહી જારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના પાકિસ્તાનને અડીને આવેલા રાપર પંથકમાં એકજ પરિવારના ચાર રીઢા માથાભારે તત્ત્વો દ્વારા નગાસર તળાવ સામે નગરપાલિકાની કિંમતી જમીન પર ચણેલી પાંચ દુકાનોનું બાંધકામ તોડી પાડ્યા બાદ વધુ બે સ્થળે ડિમોલિશનની કામગીરી કરાઈ હતી.

નીલપરના કુખ્યાત શખ્સ રમેશ કુંભા રાકાણીએ રાપર-ચિત્રોડ રોડ માર્ગ પર નીલપર પાટિયા પાસે સરકારી ખરાબાની જમીન પર બનાવેલી પતરાંવાળી દુકાનો અને એક હોટેલ કમ ઢાબાને જમીનદોસ્ત કરી દેવાઈ હતી તેમજ આ શખ્સ દ્વારા આસપાસની બે એકર પડતર જમીનને પણ જીસીબીની મદદ વડે ખુલ્લી કરાઈ હતી.

ડિમોલિશન કાર્યવાહી અંગે રાપરના પી.આઈએ જણાવ્યું હતું કે, રમેશ એક રીઢો આરોપી છે. વર્ષ ૨૦૧૬થી ૨૦૨૩ના સમયગાળા દરમિયાન તેના પર ખનિજ ચોરી, વાહન ચોરી, સરકારી કર્મચારીની ફરજમાં રૂકાવટ, દારૂબંધી, હુમલા, હત્યાના પ્રયાસ, હત્યા, ગેરકાયદે મંડળી બનાવી હુમલા કરવા સહિતના ૨૨ જેટલા ગુના રાપર, બાલાસર તેમજ સામખિયાળી પોલીસ મથકે નોંધાયેલા છે.

## વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાનમાં અબોલ જીવો માટે નર્મદાના નીરની વિશેષ વ્યવસ્થા કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લામાં આવેલ વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાનમાં ઉનાળાની આ કાળઝાળ ગરમીમાં કાળિયાર સહિત વરુ, ઝરખ, નીલગાય તેમ જ દેશ વિદેશનાં વિવિધ જાતિના પક્ષીઓ તરસ છીપાવી શકે તે માટે વન વિભાગ દ્વારા નર્મદાના નીરની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી.

વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાનના મદદનીશ વન સંરક્ષક નિલેશ એન. જોષીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં વન વિભાગની ટીમે વેટલેન્ડ વિસ્તારમાં અબોલ જીવો માટે સ્નેહની સરવાણી વહાવીને પીવાના પાણીની સુંદર વ્યવસ્થા કરી છે. બીજી રીતે એમ પણ કહી શકાય કે, વન વિભાગે પોતાની ફરજની સાથે કાળિયાર સહિતના અબોલ જીવો પ્રત્યેની સંવેદનાને ખરા અર્થમાં વાચા આપી છે.

ધીમે પગલે ઉનાળાની શરૂઆત થઈ ચૂકી છે, એની સાથે સાથે ગરમી પણ વધી રહી છે. ધોમધખતા તાપમાં માણસ તો પોતાની રીતે વ્યવસ્થા કરી લે, માણસો માટે તો ઠેર ઠેર પીવાના પાણીની પરબોની સાથે છાસ અને અન્ય સુવિધાઓ પણ કરવામાં આવતી હોય છે, પરંતુ જંગલમાં વસતા અબોલ જીવો માટે શું ? બસ આ જ સંવેદના સાથે વેળાવદર વન વિભાગની ટીમ કામ કરી રહી છે.

ભાવનગર જિલ્લામાં આવેલ વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાનના મદદનીશ વન સંરક્ષકએ જણાવ્યું હતું કે, આ વેટલેન્ડ વિસ્તારમાં પાંચ હજારથી વધુ કાળિયાર વસવાટ કરે છે, આ ઉપરાંત આ ઉદ્યાનના અનેક પક્ષીઓ મહેમાન બન્યાં છે, ત્યારે તેમને કોઈ અગવડતા ન પડે તેની સવિશેષ કાળજી અમારી વન વિભાગની ટીમ દ્વારા લેવામાં આવી રહી છે.

તેમણે કહ્યું હતું કે, ઉનાળામાં કાળિયાર સહિતના તમામ પ્રાણીઓ અને પક્ષીઓને પીવાના પાણીની મુશ્કેલી ન પડે તે માટે આ વેટલેન્ડ વિસ્તારમાં ૧૯ પોઈન્ટ બનાવવામાં આવ્યા છે. અને તે તમામને નર્મદાના નીરથી ભરવામાં આવ્યા છે. આ ઉદ્યાનમાં કાળિયાર સહિતના અબોલ પશુઓ પોતાની તરસ છીપાવી શકે તે માટે રકાબી આકારની-૧૧ કુંડીઓ, અવેડા આકારની-૦૩, ચંદ્ર આકારની-૦૧, કમળ આકારની-૦૧ અને આર.સી.સી. આકારની-૦૩ કુંડીઓ બનાવી તેને પાણીથી ભરીને સુદૃઢ વ્યવસ્થા કરવામાં આવી છે જેથી પ્રાણીઓને ઉનાળો આકરો ન લાગે.

## ભાવનગરના સવાઈનગરમાં જમીનના ઝઘડામાં મોટા ભાઈના હાથે નાના ભાઈની હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેર નજીક આવેલ ભાલના સવાઈનગર ગામમાં જમીનમાં ભાગ મામલે ઝઘડો કરી ઉશ્કેરાયેલા મોટા ભાઈએ ધારિયાના ઘા ઝીંકી નાનાભાઈની હત્યા કરી નાખ્યાનો બનાવ બનવા પામ્યો હતો.

મળતી વિગતો અનુસાર વેળાવદર ભાલ પોલીસ સ્ટેશન તાબેના સવાઈનગર ગામમાં રહેતા મુકેશ બટુકભાઈ પરમારને તેના પિતા બટુકભાઈ તળશીભાઇ પરમારને વરસાઈમાં મળેલી ૪૩ વિઘા ખેતીની જમીનમાં ભાગ જોઈતો હોવાથી તે અવારનવાર તેના પિતા પાસે ખેતીની જમીનમાં ભાગ માગતો હતો. ગઈ કાલે બટુકભાઈ અને તેનો નાનો પુત્ર ચંદુભાઈ ઘરે હાજર હતા ત્યારે મુકેશે ઘરે આવી મને મારી જમીનનો ભાગ આપી દ્યો, મારે જમીન વેચી નાખવી છે',તેમ કહી તેના પિતા અને નાનાભાઈ સાથે ઝઘડો કર્યો હતો અને ઉશ્કેરાઈ જઈ ચંદુભાઈના માથાના ભાગે અને હાથ ઉપર ધારિયાના ઘા ઝીંકી દઈ ગંભીર ઇજા પહોંચાડી હતી.

બટુકભાઈ ચંદુભાઈને બચાવવા માટે જતા તેમને પણ મુકેશે ધારિયાનો ઊંધો ઘા ઝીંકી સામાન્ય ઇજા પહોંચાડી હતી. આ બનાવમાં ગંભીર ઇજાગ્રસ્ત ચંદુભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સારવાર અર્થે ભાવનગર હૉસ્પિટલ ખસેડવામાં આવતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

આ ઘટનાની જાણ થતા ડીવાયએસપી સિંઘલ તેમ જ વેળાવદર ભાલ પોલીસ કાફલો હૉસ્પિટલ દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી. હત્યાના આ બનાવ અંગે બટુકભાઈ તળશીભાઈ પરમારે તેના પુત્ર મુકેશ પરમાર વિરુદ્ધ વેળાવદર ભાલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

## રાજકોટમાં જન્મ-મરણના દાખલા માટે પાંચના બદલે ૫૦ રૂપિયા ચૂકવવા પડશેઃ મંગળવારથી અમલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા જન્મ-મરણના દાખલાની ફીમાં મોટો વધારો સૂચવવામાં આવ્યા બાદ આગામી પહેલી એપ્રિલથી આ વધારો લાગુ કરવા રાજકોટ મહાપાલિકાએ જાહેરાત કરી હતી. હવે જન્મ કે મરણના પ્રમાણપત્રની ફી રૂા. પાંચના બદલે સીધી ૫૦ લેવામાં આવશે. તે ઉપરાંત મોડી નોંધણી, જૂના રેકર્ડ શોધવા, દાખલા મેળવવા, દંડ સહિતની ફીમાં મોટો વધારો લાગુ થશે. રાજકોટ મહાપાલિકા વિસ્તારમાં દર વર્ષે અંદાજિત ૩૫ હજાર જેટલી નવી જન્મ અને ૧૮ હજાર જેટલી મરણ નોંધણી થાય છે.

રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્ય અધિકારીએ જાહેર કરેલી વિગતો પ્રમાણે રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યના ગુજરાત રજિસ્ટ્રેશન ઓફ બર્થ એન્ડ ડેથ (સુધારો) રૂલ્સ-૨૦૨૫ અમલમાં લાવવા ગત ૨૭ ફેબ્રુઆરીએ રાજ્ય સરકારે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું. જેથી રાજકોટ મહાનગર પાલિકાએ ૨૫ વર્ષ બાદ જન્મ અને મરણના દાખલા મેળવવાના દરમાં ફેરફાર કર્યા છે. રાજકોટ મહાનગર પાલિકામાં સુધારા અનુસાર નિયમ-૫ મુજબ ૨૧ દિવસથી વધુ મોડી નોંધણીની ફી બે રૂપિયા હતી. જે હવે નવા સુધારા પ્રમાણે ૨૦ રૂપિયા કરાઈ છે.

તે ઉપરાંત એક માસથી એક વર્ષ સુધીની મોડી નોંધણીની ફી પાંચ રૂપિયા હતી. તેમાં વધારો કરીને ૫૦ રૂપિયા કરવામાં આવી છે. જ્યારે એક વર્ષથી વધુ મોડી નોંધણીની ફી ૧૦ રૂપિયા હતી જે વધારીને ૧૦૦ રૂપિયા કરાઈ છે. અગાઉ જન્મ કે મરણના પ્રમાણપત્ર મેળવવા માટેની ફી ૫ રૂપિયા હતી તે હવેના સુધારા નિયમ અનુસાર ૫૦ રૂપિયા કરવામાં આવી છે. અગાઉ કોઇ રેકર્ડની અપ્રાપ્ય પ્રમાણપત્ર અર્થેની ફી રૂ. ૨.૦૦ હતી તે હવેના સુધારા નિયમ અનુસાર ૨૦ રૂપિયા કરાઈ છે.

## વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણી માટે કલેક્ટર કચેરી ખાતે રાજકીય પક્ષો સાથે બેઠક યોજાઈ

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જૂનાગઢ કલેક્ટર કચેરી ખાતે વહીવટીતંત્ર દ્વારા રાજકીય પક્ષો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ ચૂંટણીની જાહેરાત પહેલા જ આમ આદમી પાર્ટીએ ઉમેદવાર તરીકે ગોપાલ ઈટાલિયાની જાહેરાત કરી દેતાં તેમણે પ્રચાર પણ શરૂ કરી દીધો હતો. ઇન્ચાર્જ જિલ્લા ચૂંટણી અધિકારી એસ.એમ. ગઢવીના જણાવ્યા મુજબ, આ બેઠક ૬ રાજ્યમાં યોજાનારી ૮ વિધાનસભા પેટાચૂંટણીની પૂર્વ તૈયારીનો ભાગ છે. કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ૧ એપ્રિલ ૨૦૨૫ સુધીમાં ૧૮ વર્ષ પૂરા કરનાર યુવાનોને મતદાર તરીકે નોંધણી માટે જાગૃતિ અભિયાન ચલાવવાનું નક્કી કરાયું છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી રાજુ બોરખતરીયાએ જણાવ્યું કે, ૧૪૦૦થી વધુ મતદારો ધરાવતા બુથોનું વિભાજન કરાયું છે. વિસાવદર વિધાનસભા વિસ્તારમાં બૂથોની પુનઃરચના અંગે પણ રાજકીય પક્ષોને માહિતગાર કરવામાં આવ્યા હતાં.

## શ્રમિકનો એક કાગળ ૧૫ દિવસે અધિકારીને મળે છે, તંત્રની ઢીલી કામગીરી નહીં ચલાવી લેવાયઃ મનસુખ માંડવિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના મેંદરડા ખાતે શનિવારે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રીય પ્રધાન ડૉ. મનસુખ માંડવિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે અધિકારીઓને કડક સૂચના આપી હતી કે શ્રમિક માણસનો એક કાગળ ૧૫ દિવસે અધિકારી સુધી પહોંચે છે, તંત્રની આટલી ઢીલી કામગીરી આ શાસનમાં નહીં ચલાવી લેવાય. આ સેવાસેતુ કાર્યક્રમમાં વિકાસનાં વિવિધ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

સેવાસેતુ કાર્યક્રમમાં અધિકારીઓને કડક સૂચના આપતાં કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે એક મજૂરી કરતો માણસ તાલુકા કે જિલ્લા મથક પર નાનુ મોટું કામ લઈને જાય, ત્યારે આપણે સરકારી વ્યવસ્થાને પણ દુરસ્ત કરવી પડશે. જન પ્રતિનિધિઓ જનતા વચ્ચે ઝૂકે. વહીવટીતંત્ર ટાઈટ ચાલે એ આ શાસનમાં સંભવ નથી. સંવેદનાથી કામ થાય એવી અપેક્ષા છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, આજે મેંદરડા ખાતે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એક સપ્તાહથી અલગ-અલગ જગ્યાએ સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રકારના સેવાસેતુના કાર્યક્રમો ભારત સરકાર અને રાજ્ય સરકારના વહીવટનાં ઉત્તમ ઉદાહરણો છે. જેના દ્વારા જનતાની અપેક્ષાઓ પૂરી કરવા માટે સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત થાય છે.

## રાજકોટમાં હેલ્મેટનો ત્રણ વખત નિયમ ભંગ કરનારા ૫૮ વાહનચાલકના લાઇસન્સ સસ્પેન્ડ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારા લોકો સામે કાર્યવાહી કરવાની શરૂઆત કરી દેવામાં આવી છે. રાજકોટમાં પ્રથમ વખત હેલ્મેટ વિના ત્રણ કે તેથી વધુ વખત પકડાયેલા વાહન ચાલકોના લાઇસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.અગાઉ ૩૯ વાહનચાલકોના લાઇસન્સ સસ્પેન્ડ કરાયા હતા.

રાજકોટના આરટીઓ અધિકારી કેતન ખપેડે જણાવ્યું હતું કે ત્રણ કે તેથી વધુ વખત હેલ્મેટ વિના ડ્રાઈવિંગ કરતા પકડાયેલા ૫૮ વાહનચાલકને લાઇસન્સ સસ્પેન્ડ કરવાની શૉકોઝ નોટિસ સાથે ૧૦ દિવસમાં ખુલાસો કરવા જણાવાયું છે. તેમનો જવાબ યોગ્ય નહીં લાગવાના સંજોગોમાં લાયસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરાશે. અમદાવાદના ટ્રાફિક પોલીસના નાયબ કમિશ્નર દ્વારા આરટીઓને ૫૮ વાહનચાલકોનું લીસ્ટ મોકલાયું હતું તેના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે.

રાજકોટના વાહનચાલકો અમદાવાદમાં હેલ્મેટ વિના પકડાય અને ટ્રાફિક કેસ થયા બાદ સંખ્યા ત્રણ કે તેથી વધુ થવાના સંજોગોમાં અમદાવાદ પોલીસે આ કાર્યવાહી સૂચવી છે. રાજકોટમાં હેલ્મેટ નિયમ ભંગના ત્રણ કે વધુ કેસોમાં લાઇસન્સ સસ્પેન્ડ કરવાની આ પ્રક્રિયા પ્રથમ વખત છે. અગાઉ ૩૯ વાહનચાલકના લાઇસન્સ સસ્પેન્ડ કરાયા હતા. તેમાં અલગ-અલગ ટ્રાફિક ભંગના કેસ ગુના હતા.

## ગુજરાતની ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ૧૫૦ અભ્યાસક્રમો કાર્યરતઃ ૨૫ ટ્રેડમાં ૬૯૫ વિદ્યાર્થીને પ્રવેશ અપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાના અંતિમ દિવસે પ્રશ્નોત્તરીકાળની ચર્ચાઓમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ચાલી રહેલા અભ્યાસક્રમો અંગે સવાલ કરાયો હતો. ધારસભ્ય દ્વારા પૂછવામાં આવેલા આ સવાલનો જવાબ આપતાં શ્રમ અને રોજગાર પ્રધાન બલવંતસિંહ રાજપૂતે કહ્યું હતું કે, ગુજરાતની ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં પહેલા માત્ર ચાર અભ્યાસક્રમો કાર્યરત હતા, જ્યારે અત્યારે ૧૫૦ થી વધુ અભ્યાસક્રમો કાર્યરત કરવામાં આવ્યા છે.

વિધાનસભા ગૃહ ખાતે શ્રમ અને રોજગાર પ્રધાન બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, આધુનિક યુગની નવીન ટેક્નોલોજીને અનુરૂપ કૌશલ્યવાન માનવબળ તૈયાર કરવામાં ગુજરાતે વિશેષ પહેલ કરીને અન્ય રાજ્યોને પ્રેરણા આપી છે. આગામી ૧૦ વર્ષની કૌશલ્ય માગને પહોંચી વળવા રાજ્ય સરકારે દેશમાં સૌપ્રથમ અલાયદી કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરીને અનેકવિધ નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, વિવિધ ક્ષેત્રની જરૂરિયાત મુજબ હજુ પણ નવા કૌશલ્ય અભ્યાસક્રમો શરૂ કરવા માટે ગુજરાત સરકાર તત્પર છે. પોરબંદર જિલ્લામાં કાર્યરત કુતિયાણા આઈટીઆઈ ખાતે ૮ ટ્રેડ, પોરબંદર આઈટીઆઈ ખાતે ૧૦ ટ્રેડ અને રાણાવાવ આઈટીઆઈ ખાતે ૭ ટ્રેડ કાર્યરત છે.પોરબંદર જિલ્લાની આ ત્રણ આઈટીઆઈના કુલ ૨૫ ટ્રેડમાં ગત વર્ષ ૨૦૨૪ દરમિયાન ૬૯૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

## રાજકોટમાં સ્કૂલો કૉલેજો પાસે તમાકુ અને ડ્રગ્સના વેચાણને રોકવા જિલ્લા કલેક્ટરે અધિકારીઓને આદેશ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મળેલી નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠકમાં શાળા-કોલેજોની આસપાસ તમાકુ, સિગારેટ અને ડ્રગ્સનું વેચાણ રોકવા માટે કલેક્ટર પ્રભવ જોશીએ અધિકારીઓને આદેશ કર્યો હતો. તેમણે ડ્રગ્સના દૂષણને ડામવા જાગૃતિ ઝુંબેશ વધારવા પણ તાકીદ કરી હતી. જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ આ બેઠકમાં જણાવ્યું હતું કે, શાળા-કોલેજ નજીક તમાકુ, સિગારેટ કે ડ્રગ્સનું વેચાણ ના થવું જોઈએ. તેમણે આ પ્રકારની ચીજ વસ્તુઓનું વેચાણ કરતા વિતરકો પર દરોડા પાડવાની સૂચના આપી હતી. તેમણે રાજકોટ જિલ્લામાં થતું ગાંજાનું વાવેતર શોધી કાઢવા માટે પાકના સર્વે વખતે સઘન અવલોકન કરવા તેમજ ડેમો આસપાસની ખાલી જગ્યામાં પણ સર્વે કરવા ખેતીવાડી ખાતાને સૂચના આપી હતી.

જિલ્લા કલેક્ટરે શહેરમાં મેડિકલ સ્ટોર્સમાં ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના વેચાઈ રહેલી નશીલ સીરપના વેચાણ પર વોચ રાખી કામગીરી કરવા આદેશ કર્યો હતો.પોલીસ અધિક્ષક હિમકર સિંહે જણાવ્યું હતું કે, ડેમો આસપાસ પાણી ઉતરે પછી ખાલી જગ્યામાં અમુક તત્ત્વો છુપાઈને ગાંજાનું વાવેતર કરી લેતા હોય છે. તેમણે આવી જગ્યાઓ પર સર્વે જરૂરી ગણાવ્યો હતો. ગાંજાનું વાવેતર શોધી કાઢવા ડ્રોનના ઉપયોગનો અનુરોધ કર્યો હતો.

## કચ્છના મીઠીરોહર પાસે ટ્રેઇલર હડફેટે શ્રમિકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ગાંધીધામ તાલુકાના મીઠીરોહર ગામના સીમાડે એક પગપાળા જઈ રહેલા મદન દેવનાથ પ્રસાદ નામના યુવકનું ભારે વાહનની હડફેટે મોત નીપજતાં અરેરાટી પ્રસરી હતી.

પોલીસ ચોકીએથી પ્રાપ્ત માહિતી અનુસાર, મીઠીરોહર ગામની સીમમાં રેલવે ફાટક પાસે આ જીવલેણ બનાવ બન્યો હતો જેમાં અત્રેની ખાનગી કંપનીનો મદન પ્રસાદ નામનો શ્રમિક ચા-નાસ્તો કરવા પગપાળા જઇ રહ્યો હતો, ત્યારે પાછળથી ધસી આવેલા ટ્રેઇલરએ તેને હડફેટમાં લઇ લેતાં ગંભીર ઇજાઓને પગલે તેનું તત્કાળ મોત થતાં અમરજિતકુમાર સરયુગપ્રસાદ ચૌહાણે ટ્રેઇલર ચાલક વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## સાવરકુંડલા સિવિલ હૉસ્પિટલના અપગ્રેડેશન માટે રાજ્ય સરકારે ૫૫ કરોડ રૂપિયાની ફાળવણી કરી

અમદાવાદઃ અમરેલી જિલ્લા ના સાવરકૂંડલા શહેરમાં સ્થિત સરકારી હૉસ્પિટલનો વિકાસ કરવા સરકારે પ્રયાસો હાથ ધર્યા છે. આ હૉસ્પિટલમાં ૫૫ કરોડના ખર્ચે ૨૦૦ બેડની સુવિધા માટે સરકારે રકમ મંજૂર કરી છે. હૉસ્પિટલને જિલ્લા કક્ષાની આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સાવરકૂંડલાની સિવિલ હૉસ્પિટલનું અપગ્રેડેશન હાથ ધરવામાં આવ્યું છે. આ માટે રાજ્ય સરકારે ૫૫ કરોડ રૂપિયાની ફાળવણી પણ કરી છે. હવે આ હૉસ્પિટલમાં નવી સુવિધાઓમાં ૩૦૦ યુનિટની સ્ટોરેજ ક્ષમતા ધરાવતી બ્લડ બૅન્ક પણ ઊભી કરવામાં આવશે. આ અપગ્રેડેશનથી સાવરકુંડલા અને આસપાસના વિસ્તારના લોકોને વધુ સારી આરોગ્ય સેવાઓ મળશે. દર્દીઓને કટોકટીના સમયે બ્લડ બૅન્કની સુવિધા ઉપલબ્ધ થશે.

આ ઉપરાંત ૫૦૦ બેડની ક્રિટિકલ કેર યુનિટ અને આધુનિક લેબોરેટરી પણ સ્થાપવામાં આવશે. ધારાસભ્ય મહેશ કસવાળાએ જણાવ્યા મુજબ ટૂંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા શરૂ થશે. ત્યારબાદ નવીનીકરણનું કામ હાથ ધરવામાં આવશે. તેમણે આ પ્રોજેક્ટ માટે મુખ્ય પ્રધાન અને આરોગ્ય વિભાગનો આભાર માન્યો હતો.

## મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે દહેજમાં દેશના સૌથી મોટા ક્લોરોટોલ્યુન પ્લાન્ટનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાત આલ્કલીઝ ઍન્ડ કેમિકલ્સ લિમિટેડના દહેજમાં સ્થપાયેલા દેશના સૌથી મોટા ક્લોરોટોલ્યુન પ્લાન્ટનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું. ગુજરાત સરકારના આ સાહસ દ્વારા ક્લોરિનનો ઉપયોગ કરીને બેન્ઝાઈલ ક્લોરાઇડ, બેન્ઝાઈલ આલ્કોહોલ અને બેન્ઝાલડિહાઇડ જેવા મૂલ્ય વર્ધિત ક્લોરિન આધારિત ઉત્પાદનો આ નવા પ્લાન્ટમાં કરાશે. મુખ્ય પ્રધાને લોકાર્પણ કરેલો આ નવ સ્થાપિત પ્લાન્ટ ૩૫૦ કરોડના ખર્ચે તૈયાર થયો છે. વાર્ષિક ૩૦ હજાર ટનની ક્ષમતા સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ મળીને અંદાજે એક હજાર જેટલી રોજગારીનું સર્જન પણ કરશે. આ નવો ક્લોરોટોલ્યુન પ્લાન્ટ યુરોપ, અમેરિકા અને દક્ષિણ એશિયામાં આ કેમિકલના એક્સપોર્ટ દ્વારા અંદાજે રૂ.૧૩૦ કરોડનું વિદેશી હૂંડિયામણ રળી આપશે.

જીએસીએલના કાર્યકારી વહીવટી સંચાલક અને મુખ્ય પ્રધાનના સચિવ અવંતિકા સિંઘે આ અંગે વધુ વિગતો આપતાં કહ્યું કે, રાજ્ય સરકારનું સાહસ જીએસીએલ ૧૯૭૩થી કાર્યરત છે અને દહેજમાં બે તથા વડોદરામાં એક મળીને કુલ ત્રણ ઉત્પાદન એકમોમાં કોસ્ટિક સોડા સહિત ૩૫થી વધુ ઉત્પાદનો કરે છે. પાછલા પાંચ દાયકામાં પોતાની ઉત્પાદન ક્ષમતા વધારીને તથા નવા ઉત્પાદનો દ્વારા સતત વિસ્તરણ કર્યું છે.

# સ્ટેન્ડ અપ કોમેડિયનોને એક ખૂણે બેસાડીને કોણ સમજાવશે કે વાણી સ્વાતંત્ર્યના નામે આડેધડ વાણી વિલાસ ન થઈ શકે?

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

**લાગે છે આજકાલ હસવામાંથી ખસવુંના ખેલ વધુ ચાલી રહ્યા છે. થોડા દિવસ પહેલાં એક કોમેડી શોમાં રણબીર અલાહાબાદિયાની ત્રિપુટીએ જાહેરમાં અશ્લીલ ટકોર કરીને ગામ ગજવ્યું હતું.એની સામે પગલાં લેવાયાં પછી હવે અન્ય એક સ્ટેન્ડ અપ કોમેડિયન કુણાલ કામરાએ વાણી સ્વાતંત્ર્યના નામે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેને 'ગદ્દાર' કહીને ભારે બબાલ સરજી છે, પણ વાણી સ્વાતંત્ર્યના નામે ગમે તેવો બકવાસ કે આડેધડ વાણી વિલાસ ન થઈ શકે એ વાત આવા કોમેડિયનોએ બરાબર સમજી લેવી પડશે.**






કુણાલ કામરા

સ્ટેન્ડ અપ કોમેડિયન કુણાલ કામરાએ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને શિવસેના પ્રમુખ એકનાથ શિંદેને 'ગદ્દાર' કહ્યા એમાં ભારે બબાલ થઈ ગઈ છે.

કુણાલ કામરાની આ તીખી કોમેન્ટ પછી શિવસેનાના કાર્યકરોએ રવિવારે રાત્રે મુંબઈ- ખારમાં આવેલા 'હેબિટેટ સ્ટુડિયો'માં તોડફોડ કરીને મર્દાનગી બતાવી.

કુણાલે એકનાથ શિંદેને ગદ્દાર ગણાવ્યા એ શો આ સ્ટુડિયોમાં રેકોર્ડ કર્યો હતો તેથી શિવસૈનિકોએ સ્ટુડિયોનો ખુરદો બોલાવી દીધો. કુણાલ કામરાની કોમેન્ટ સામે શિવસેનાએ ફરિયાદ કરતાં પોલીસે કુણાલ સામે ગુનો નોંધ્યો છે. તેના કારણે કામરા દોડતો થઈ ગયો છે, પણ શિંદેને 'ગદ્દાર' કહેવા મુદ્દે નમતું જોખવા તૈયાર નથી. કામરાનું કહેવું છે કે, ભારતમાં વાણી સ્વાતંત્ર્ય છે ને પોતાને જે બોલવું હોય એ બોલવાનો અધિકાર છે. પોતે શિંદેને 'ગદ્દાર' કહ્યા એ વાત પર કામરા અડગ છે અને માફી માગવા તૈયાર નથી. અલબત્ત, કોર્ટ કહેશે તો પોતે ચોક્કસ માફી માગશે, પણ શિવસૈનિકોની ગુંડાગીરીથી ડરીને તો માફી બિલકુલ નહીં માગે.

આ તરફ, કામરા અડી ગયો છે તો સામી બાજુએ એકનાથ શિંદે પણ આક્રમક મૂડમાં છે. એમણે ગર્ભિત ધમકી આપી છે કે, 'મી એક સામાન્ય કાર્યકર્તા આહે, મીતર બાલાસાહેબ યાંચા કાર્યકર્તા આહે, માલા હલક્યાત ઘેઉ નકા'. મતલબ કે, હું એક સામાન્ય કાર્યકર છું પણ બાળાસાહેબ ઠાકરેનો કાર્યકર છું એટલે મને હળવાશથી ન લો .

શિંદેએ તો કામરાની વાણી સ્વાતંત્ર્યની વાતનો જવાબ પણ આપ્યો છે કે, વાણી સ્વાતંત્ર્યની મર્યાદા હોવી જોઇએ ને વાણી સ્વાતંત્ર્યના નામે ગમે તેવો બકવાસ ના કરી શકાય. શિવસૈનિકોએ તોડફોડ કરીને કરેલી ગુંડાગીરીને માન્ય ના રાખી શકાય પણ શિંદેની આ વાત સો ટકા સાચી છે. આ દેશનું બંધારણ દેશનાં લોકોને વાણી સ્વાતંત્ર્યનો અધિકાર આપે છે એ સાચું છે, પણ એ અધિકારનો ઉપયોગ કોઈને ગાળ આપવા માટે કરવાની છૂટ પણ નથી આપતો.

વાણી સ્વાતંત્ર્યનો મતલબ જે જીભે ચડે એ બોલવું એવો નથી થતો. આ અધિકાર સાથે અમુક ફરજ પણ જોડાયેલી છે. તમારા લવારાથી કોઈને નુકસાન ના થવું જોઈએ અને કોઈની લાગણી ના દુભાવી જોઈએ. કામરાએ 'ગદ્દાર' કહીને શિંદેનું અપમાન કર્યું છે, એમની લાગણી દુભાવી છે ને કામરાને કે બીજા કોઈને તેનો જરાય અધિકાર નથી. શિંદેને 'ગદ્દાર' કહેવા એ કામરાનો કે જે પણ શિંદેને 'ગદ્દાર' કહેતા હશે એમનો અંગત અભિપ્રાય છે ને મનફાવે તેમ અંગત અભિપ્રાયોની ફેંકાફેંક કરવી એ વાણી સ્વાતંત્ર્ય નથી.

એકનાથ શિંદે પર 'ગદ્દાર'નું લેબલ લગાવવું એ પણ ખરેખર તો હલકી માનસિકતા છે. શિંદેએ કોની સાથે ગદ્દારી કરી? શિવસેના સાથે કે ઉદ્ધવ ઠાકરે સાથે? શિવસેનાના બહુમતી ધારાસભ્યો એકનાથ શિંદેની સાથે હતા ને લોકશાહીમાં જેની પાસે બહુમતી હોય એ ગાદી પર બેસે એ નિયમ છે. શિંદે એ નિયમનું પાલન કરીને ગાદી પર બેઠા તેમાં ગદ્દારી ક્યાંથી આવી? શિંદેને ઉદ્ધવના વફાદારો ગદ્દાર કહે છે કેમ કે એમની સત્તા છિનવાઈ ગઈ, બાકી બંધારણીય રીતે શિંદેએ કશું ખોટું કે બિનલોકશાહીપૂર્ણ કર્યું નથી.

ખેર, મૂળ મુદ્દો વાણી સ્વાતંત્ર્યનો છે ને ભારતમાં વાણી સ્વાતંત્ર્યના નામે માનસિક અત્યાચાર જ ચાલે છે. તેમાં પણ કામરા સહિતના સ્ટેન્ડ અપ કોમેડિયનોનો જે ફાલ ઉતર્યો છે એ તો એમ જ માનીને વર્તે છે કે, આપણને તો મનફાવે એમ બોલવાનો અધિકાર છે. સ્ટેન્ડ અપ કોમેડીના નામે અશ્લીલતા પિરસવી, ગંદા જોક્સ કરવા, છિછરી વાતો કરવી તેમાં એમને બહાદુરી લાગે છે.

થોડા સમય પહેલા જ રણબીર અલાહાબાદિયા, અપૂર્વા મખીજા અને સમયની ત્રિપુટીએ 'ઈન્ડિયા ગોટ લેટેન્ટ' ના શૂટિંગ વખતે સાવ અશ્લીલ વાતો કરીને જબરો વિવાદ જગાવેલો. એ પછી એમના પર કેસ થઈ ગયો એ બધા દોડતા થઈ ગયા ને માફી માગવા માંડ્યા, પણ આ માફી દિલથી નથી. કાયદાનો ડર બતાવાયો ને જેલમાં જવું પડશે એટલે બધી મર્દાનગીનું બાષ્પીભવન થઈ ગયું છે. બાકી તક મળશે એટલે એ લોકો કે એમની જમાતના લોકો ફરી આવો કાંકરીચાળો ફરી કરશે.

કોઈ સ્વતંત્ર પોતાનો અભિપ્રાય જણાવે તેની સામે આપણને પણ વાંધો નથી. આ દેશનો કાયદો જેની છૂટ આપતો હોય એ બધું કરવાની એમને છૂટ છે, પણ વ્યક્તિગત રીતે કોઈને અપમાનિત કરવાની કે ઉતારી પાડવાની કોઈને છૂટ નથી. કામરાએ અહીં શિંદેને વ્યક્તિગત રીતે નિશાન બનાવ્યા છે. કોઈને પણ 'ગદ્દાર' કહેવડાવવું ના ગમે કેમ કે 'ગદ્દાર' એ કોઈના ચારિત્ર્ય પર કરાતો સીધો પ્રહાર છે, સરળ શબ્દોમાં કહીએ તો બહુ મોટી ગાળ છે તેથી શિંદેને તેની સામે વાંધો લેવાનો પૂરો અધિકાર છે. કમનસીબે શિંદે અને શિવસેના આ મામલે ડબલ સ્ટાન્ડર્ડ તો બતાવી જ રહ્યાં છે. શિંદેને 'ગદ્દાર' કહેનારી કુણાલ કામરા પહેલી વ્યક્તિ નથી ને છેલ્લી વ્યક્તિ પણ નથી. શિંદે શિવસેનામાં ભંગાણ પાડીને ભાજપના પડખામાં ભરાયા ત્યારથી ઉદ્ધવ ઠાકરે પોતે અને ઉદ્ધવના વફાદારો શિંદેને 'ગદ્દાર' જ કહે છે ને કુણાલ કામરાએ શિંદેને 'ગદ્દાર' કહ્યા એ પછી પણ 'ગદ્દાર' જ કહે છે. બીજા નેતાઓએ પણ શિંદેને 'ગદ્દાર' કહ્યા જ છે. ઉદ્ધવ અને એમના પક્ષના બીજા નેતાઓએ તો કુણાલ કામરાને ટેકો આપીને સવાલ કર્યો છે કે, 'ગદ્દાર'ને 'ગદ્દાર' ના કહેવાય તો બીજું શું કહેવાય?!

મહારાષ્ટ્ર સરકારે 'ગદ્દાર' કહેવા બદલ કામરા સામે કેસ ફટકારી દીધો પણ ઉધ્ધવ કે બીજા નેતા સામે બોલતી બંધ છે. શિંદેને 'ગદ્દાર' સાંભળીને લાગી આવ્યું એ જોતાં એમણે ઉધ્ધવ સામે કેસ પણ કરવો જોઈએ. શિંદેના સમર્થકોએ હોલમાં ઘૂસીને તોડફોડ કરીને શૂરાતન બતાવ્યું પણ એટલી જ મર્દાનગી હોય તો શિંદેને 'ગદ્દાર' કહેનારા ઉદ્ધવ ઠાકરેના ઘરે જઈને તોડફોડ કરી બતાવો ને? શિંદેની શિવસેનાના કાર્યકરો ઉદ્ધવ કે બીજા કોઈ નેતાને ત્યાં જઈને આવો હંગામો કરશે ? બિલકુલ નહીં કરે કેમ કે ખબર છે કે, ઉદ્ધવના તો ઘરની આસપાસ પણ ફરક્યા તો એવી ફાડીને મૂકી દેશે કે સાંધનારું પણ કોઈ નહીં મળે. પોતે જે ગુંડાગીરી કરે છે એનો જવાબ વધારે ગુંડાગીરીથી મળશે એટલે બધી મર્દાનગી નીકળી જાય છે. ઉદ્ધવ શિંદેને 'ગદ્દાર' સિવાય બીજું કઈ કહે તો પણ સાંભળી લેવું પડે.

અત્યારે તો શિંદેના સમર્થકોની બધી મર્દાનગી કામરા પર નીકળે છે કેમ કે કુણાલ કામરા તો કશું કરી શકવાનો નથી. એ બહુ બહુ તો સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને બળાપો કાઢશે. હમણાં તો એ ભાગીને ડીએમકે સરકારની નિશ્રામાં જતો રહ્યો છે અને ત્યાંથી પોતાની ધરપકડ ન થાય એ માટે મદ્રાસ હાઈ કોર્ટના આગોતરા જામીન મેળવી લીધા છે. ■

# બ્રેકફાસ્ટની દુનિયા

## દિવસની શરૂઆત ઉત્તમ અને ભરપેટ નાસ્તાથી થવી જોઈએ



અરાઉન્ડ દ વર્લ્ડ
નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com









મને બ્રેકફાસ્ટ ગમે છે. દિવસનું પ્રથમ ભોજન કાંઈક વિશેષ હોય છે. તે ઊર્જા આપે છે, મઘમઘતી સુગંધ આપે છે અને સંભવિત રીતે પેટ ભરવાનું ઉત્તમ બહાનું આપે છે. દરેક શનિવારે મને નવી બ્રેકફાસ્ટ રેસિપી સાથે અજમાયશ કરવાનું ગમે છે. દુનિયાભરની અલગ અલગ વાનગીઓ અજમાવવાનું ગમે છે. ગત વીકએન્ડમાં મેં સ્વાદિષ્ટ, મસાલેદાર એગ ડિશ ટર્કિશ મેનેમેન અજમાવી હતી, જે મેં ઈસ્તંબુલના ધમધમતા કેફેમાં બેસીને માણી હતી.

આથી આ સપ્તાહના લેખ માટે થીમ નક્કી કરવા સમયે મને દુનિયાના અમુક ઉત્તમ બ્રેકફાસ્ટ વિશે વાત કરવાનું મન થયું. અને મારો વિશ્વાસ કરો,જો તમે બ્રેકફાસ્ટ ખરેખર તેની રીતે અજમાવવા માગતા હોય તો તમારે સિરીલ અને સામાન્ય આમલેટ પીરસતા હોટેલ બુફેની પાર વિચારવાનું જરૂરી છે. બ્રેકફાસ્ટ પોતાની અંદર સાહસ હોઈ શકે છે, જે સ્થળની સંસ્કૃતિની ઝાંખી કરાવે છે અને પ્રવાસની ખરા અર્થમાં હાઈલાઈટ હોય છે.

તો ચાલો, દુનિયાના અમુક સૌથી અતુલનીય સવારના બ્રેકફાસ્ટ વિશે જાણીએ!

1. કોલંબિયા - અરેપા કોન હ્યુવોસ: અરેપા કોન હ્યુવોસ ખાસ કરીને કેરિબિયન કોસ્ટ ખાતેનો સ્ટેપલ કોલંબિયન બ્રેકફાસ્ટ છે. તેમાં ડીપ ફ્રાઈડ કોર્નમીલ અરેપામાં આખું ઈંડું સ્ટફ કરેલું હોય છે. અરેપાને પ્રથમ પફ્ફ થાય ત્યાં સુધી ફ્રાય કરાય છે, જે પછી કાળજીપૂર્વક કાચા ઈંડાને તોડવા માટે ખોલવામાં આવે છે અને ઈંડામાં ફરીથી સીલ કરવા ફ્રાય કરાય છે. પરિણામ? ઉત્તમ પકવેલા, ભીતરના પીળા ભાગ સાથે બહારી ભાગ કરકરિત સોનેરી બનાવાય છે.

અરેપા કોન હ્યુવોસની વિશેષતા તેની સાદગી અને સમૃદ્ધ ફ્લેવર છે. ક્રિસ્પી અરેપા નરમ, લિજ્જતદાર ઈંડા સાથે સુંદર રીતે વિસંગત છે, જે તેને તૃપ્ત કરનારો બ્રેકફાસ્ટ બનાવે છે. તે મોટે ભાગે કોલંબિયન કોફીના કપ સાથે માણવામાં આવે છે. આ સૌથી ઉત્તમ બ્રેકફાસ્ટ માણવા માટે કાર્ટેજીનામાં સ્થાનિક ફૂડ સ્ટોલની મુલાકાત લઈ શકાય, જ્યાં સ્ટ્રીટ વેન્ડરો પેઢી દર પેઢી આ વાનગી ઉત્તમ રીતે બનાવવામાં માહેર છે.

2. ટર્કી - મેનેમેન: મેનેમેન ઉત્તમ બ્રેકફાસ્ટ માટે ટર્કીનો ઉત્તર છે. આ ડિશમાં ઈંડાં, ટમેટા, લીલા મરી અને મસાલાઓનું સંયોજન હોય છે, જે ધીમેથી સ્વાદિષ્ટ સોસયુક્ત સ્ક્રેમ્બલમાં પકવવામાં આવે છે. મોટે ભાગે તે નાના કોપરના પેનમાં પીરસવામાં આવે છે અને ક્રસ્ટી બ્રેડ સાથે સીધા જ તેમાંથી ખાઈ શકાય છે.

મેનેમેનમાં ફ્લેવર્સનું સંતુલન તેને અનોખું તારવે છે, જેમાં ટમેટાની મીઠાશ, મરીની સહેજ ગરમી અને ઈંડાંની સમૃદ્ધિ ઉત્તમ રીતે એકત્ર આવે છે. અમુક આવૃત્તિઓમાં વધારાની કિક માટે ફેટા ચીઝ અથવા સુકુક (ટર્કિશ સોસ)નો સમાવેશ થાય છે. મેનેમેન અજમાવવા માટે ઉત્તમ સ્થળ કયું છે?ઈસ્તંબુલના કારાકોયમાં પારંપરિક બ્રેકફાસ્ટનું સ્થળ છે, જ્યાં ટર્કિશ બ્રેકફાસ્ટ સ્પ્રેડ્સ દંતકથા સમાન છે.

3.બ્રાઝિલ - પાઓ દ ક્વીજો: પાઓ દ ક્વીજો અથવા બ્રાઝિલિયન ચીઝ બ્રેડ સ્વાદિષ્ટ ચ્યુવી ચીઝથી ભરેલા બ્રેડ રોલ છે, જે બ્રાઝિલમાં સ્ટેપલ બ્રેકફાસ્ટ સ્નેક છે. કાસાવા લોટ અને ચીઝ (લાક્ષણિક રીતે મિનાસ ચીઝ)થી બનાવવામાં આવેલા આ નાના, સોનેરી દડાઓનો બહારી ભાગ ક્રિસ્પી હોય છે અને અંદર સ્ટ્રેચી, ચીઝી હોય છે.

પાઓ દ ક્વીજોનું નૈસર્ગિક રીતે ગ્લુટેન - મુક્ત ટેક્સ્ચર તેને અજોડ બનાવે છે, જે કાસાવા લોટ અને તેની એડિક્ટિવ ચીઝી ફ્લેવરને આભારી છે.તે મોટે ભાગે કોફી સાથે માણવામાં આવે છે અથવા મોટા બ્રેકફાસ્ટ સ્પ્રેડના ભાગરૂપે પીરસવામાં આવે છે. સૌથી તાજા અને સૌથી અસલ અનુભવ માટે તેને સાઓ પાઉલો અથવા બેલો હોરિઝોન્ટેમાં સ્થાનિક પડારિયા (બેકરી)માં અજમાવો, જે આ સ્નેકનું ઉદભવસ્થાન છે.

4. મેક્સિકો - ચિલાક્વિલ્સ: ચિલાક્વિલ્સ લાલ અથવા લીલા સાલ્સામાં સિમર્ડ હલકા તળેલા ટોર્ટિલા ચિપ્સ અને ક્રેમા, ચીઝ, કાંદા અને અમુક વાર તળેલા ઈંડાં અથવા શ્રેડેડ ચિકન સાથે તૈયાર કરવામાં આવેલા ક્લાસિક મેક્સિકન બ્રેકફાસ્ટ ડિશ છે. તે ક્રન્ચી, સોસી અને સ્પાઈસીનું ઉત્તમ સંયોજન છે.

ચિલાક્વિલ્સ બોલ્ડ અને ફ્લેવરફુલ ડિશમાં સિંપલ સામગ્રીઓ તેને જે રીતે પરિવર્તિત કરે છે તે તેને અજોડ બનાવે છે. તે હેન્ગઓવર માટે લોકપ્રિય એન્ટોજિતો (સ્ટ્રીટ ફૂડ સ્નેક) અને ફેવરીટ ક્યોર છે. ચિલાક્વિલ્સ માણવા માટે સૌથી ઉત્તમ સ્થળ કયું છે? મેક્સિકો સિટીનો કોયોકેન ડિસ્ટ્રિક્ટમાં પારંપરિક ફોંડા (નાની હોટેલ)માં દાદીમાઓ પેઢી દર પેઢી તેમની રેસિપી માટે જાણીતી છે.

5. આયરલેન્ડ: ફુલ આઈરિશ બ્રેકફાસ્ટ મજેદાર સવારનો નાસ્તો હોય છે, જેમાં ઈંડાં, સોસ, બેકન (રેશર્સ), કાળા અને સફેદ પુડિંગ, બેક્ડ બીન્સ, ગ્રિલ્ડ ટમેટા અને સોડા બ્રેડનો સમાવેશ થાય છે. તે ઠંડી ઠંડી આઈરિશ સવાર દરમિયાન તમને ધરાયેલા રાખવા માટે તૈયાર કરવામાં આવ્યા છે.

તેના ઘટકોના પ્રકાર તેને અજોડ બનાવે છે, જેમાં ખાસ કરીને કાળા અને સફેદ પુડિંગ બ્લડ સોસેજનો પ્રકાર સમૃદ્ધ, માટીદાર ઊંડાણ ઉમેરે છે. સ્ટ્રોંગ આઈરિશ ટી સાથે પીરસવામાં આવતો આ બ્રેકફાસ્ટ ડબલિન અથવા ગાલવેમાં કોઈ પણ પારંપરિક પબ અથવા બીએન્ડબીમાં અવશ્ય અજમાવવા જેવું છે.

6. ઓસ્ટ્રેલિયા- એવોકેડો ઓન ટોસ્ટ: સાદો છતાં વહાલો બ્રેકફાસ્ટ એવોકેડો ઓન ટોસ્ટ ઓસ્ટ્રેલિયન કેફે સંસ્કૃતિ સાથે પ્રતિકાત્મક છે. તેમાં સાર ડફની સ્લાઈસ પર ક્રીમી સ્મેશ્ડ એવોકેડોનો સમાવેશ થાય છે, જે મોટે ભાગે ફેટા, પોચ કરેલાં ઈંડાં, ચિલી ફ્લેક્સ અથવા લેમન ઝેસ્ટ સાથે ટોપ્ડ કરાય છે.

ઉચ્ચ ગુણવત્તાયુક્ત, તાજી સામગ્રીઓ પર ભાર તેને અજોડ બનાવે છે. આરોગ્યવર્ધક, ઈન્સ્ટાગ્રામ અનુકૂળ ખાદ્ય માટે ઓસ્ટ્રેલિયાનો પ્રેમ તેનો ઉત્તમ દાખલો છે. તે અજમાવવા માટે ઉત્તમ સ્થળ કયું છે? સિડનીની સરી હિલ્સ અથવા મેલબર્નની ફિટ્ઝરોય ડિસ્ટ્રિક્ટમાં કોઈ પણ સ્પેશિયાલ્ટી કોફી શોપમાં તે અજમાવી શકાય.

7. સિંગાપોર - કોપી સાથે કાયા ટોસ્ટ: કાયા ટોસ્ટ સિંગાપોરિયન બ્રેકફાસ્ટ છે, જેમાં કાયા (મીઠું કોપરું અને એગ જામ) સાથે સ્લેટર્ડ ક્રિસ્પી ટોસ્ટેડ બ્રેડ અને ઠંડા બટરની સ્લાઈસ નરમ બાફેલા ઈંડાં અને કોપીના કપ (સ્થાનિક કોફી) સાથે પીરસવામાં આવે છે.

આ ડિશનો જાદુ ટેક્સ્ચર્સ અને ફ્લેવર્સની તેની વિસંગતતામાં રહેલો છે. આ સમૃદ્ધ, સુગંધી કાયા અને પીગળેલા બટર સાથે ઊના, ક્રિસ્પી ટોસ્ટ ઘણા બધા સિંગાપોરવાસીઓનું ઉત્તમ ખાદ્ય છે. તે અજમાવવા માટે ઉત્તમ સ્થળ કયું છે? સિંગાપોરમાં યા કુન કાયા ટોસ્ટ અથવા કિલિનીકોપિટિયમ.

8. જાપાન- રાયોકેન બ્રેકફાસ્ટ: રાયોકેન બ્રેકફાસ્ટ પારંપરિક જાપાની ઈન્સમાં પીરસવામાં આવતું સુંદર રીતે પ્રસ્તુત કરાતું, મલ્ટી-કોર્સ ભોજન છે.તેમાં લાક્ષણિક રીતે સ્ટીમ્ડ રાઈસ, મિસો સૂપ, ગ્રિલ્ડ ફિશ, ટામાગોયાકી (જાપાની આમલેટ), અથાણાં અને અમુક વાર ટોફુ અથવાનાટ્ટો (આથેલા સોયાબીન)નો સમાવેશ થાય છે.

સંતુલન અને પ્રસ્તુતિકરણ પર ભાર આ બ્રેકફાસ્ટને વિશેષ બનાવે છે. દરેક ડિશ નૈસર્ગિક ફ્લેવર આલેખિત કરવા માટે કાળજીપૂર્વક તૈયાર કરાય છે,જે નરિશિંગ અને ઊંડાણથી સંતોષકારક ભોજન નિર્માણ કરે છે. તે અજમાવવાની સૌથી ઉત્તમ રીત કઈ છે? અસલ જાપાની સવારના બ્રેકફાસ્ટ માટે ક્યોટો અને હેકોનીમાં પારંપરિક રાયોકેન તે માણવાનું ઉત્તમ સ્થળ છે.

ઈન્ગ્લિશ વિ. અમેરિકન બ્રેકફાસ્ટ: અમેરિકન અને ઈન્ગ્લિશ બ્રેકફાસ્ટ બહુ સ્વાદિષ્ટ હોય છે. તેનો અજોડ ફરક તેને અલગ તારવે છે. ઈન્ગ્લિશ બ્રેકફાસ્ટ 'ફુલ ઈન્ગ્લિશ' તરીકે પણ ઓળખાય છે, જે ઉત્તમ માળખાબદ્ધ પ્લેટમાં ઈંડાં, બેકન, સોસેજ, બેક્ડ બીન્સ, ગ્રિલ્ડ ટમેટા, મશરૂમ્સ, ટોસ્ટ અને બ્લેક પુડિંગનો સમાવેશ થાય છે. આ ભોજન બ્રિટિશ નોકરિયાતોની પરંપરામાં મૂળ સાથે તમને દિવસભર તૃપ્ત રાખે તે રીતે તૈયાર કરાય છે.

બીજી બાજુ અમેરિકન બ્રેકફાસ્ટ એટલે વરાઈટી અને કસ્ટમાઈઝેશન. ઈંડાં અને બેકન તેનો મુખ્ય ભાગ છે ત્યારે તેની સાથે મેપલ સિરપ, હેશ બ્રાઉન્સ ટોસ્ટ સાથે પેનકેક્સ અથવા વેફલ્સ અને અમુક વાર ગ્રેવી સાથે બિસ્કિટ્સ પીરસવામાં આવે છે. અમેરિકન અભિગમ ખાટા-મીઠા સંમિશ્રણ વધુ પસંદ કરે છે. ખાનાર અને તેજ ગતિના સવારના રુટિન્સનો પ્રભાવ અહીં જોવા મળે છે. ઈન્ગ્લિશ બ્રેકફાસ્ટ પદ્ધતિસરની પરંપરા છે ત્યારે અમેરિકન બ્રેકફાસ્ટ તમારી પોતાની પસંદગીનો બ્રેકફાસ્ટ છે, જે દેશની વૈવિધ્યપૂર્ણ ખાદ્ય સામગ્રી પ્રદર્શિત કરે છે.

બ્રેકફાસ્ટ મોટે ભાગે દિવસના પ્રથમ ભોજનથી પણ વિશેષ હોય છે. તે સંસ્કૃતિ, ઈતિહાસ અને ફ્લેવર્સનું પ્રતિબિંબ છે, જે સ્થળની વ્યાખ્યા કરે છે.દરેક ડિશ પરંપરા અને સ્વાદની વાર્તા કહે છે. તો આગામી સમયે તમે પ્રવાસ કરો અથવા પોતાના કિચનમાં હોય ત્યારે સામાન્ય રીતે બનાવવામાં આવતા સિરીલ અને આમલેટ રુટિનની પાર જુઓ અને તમને દુનિયાના અન્ય ભાગમાં લઈ જતી ડિશ સાથે દિવસની શરૂઆત કરો.આખરે બ્રેકફાસ્ટ ફક્ત ભોજન નથી, પરંતુ તમારા માણવાની વાટ જોતો અનુભવ છે.

જો મારે કોઈ એકની પસંદગી કરવી હોય તો સ્વાદિષ્ટ સાલ્સામાં ડુબાડેલી ક્રિસ્પી ટોર્ટિલા ચિપ્સ, ચીઝ અને ઉત્તમ રીતે ફ્રાય કરેલા ઈંડા સાથે ટોપિંગ ધરાવતા મેક્સિકોના ચિલાક્વિલ્સ અજમાવીશ. જો તમારે પસંદગી કરવી હોય તો તમે શું અજમાવશો?

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઈટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.




31 માર્ચ પૂર્વે બુકિંગ કરો અને
પ્રતિ વ્યક્તિ ₹3000થી ₹30000 બચાવો!
આ ડિસ્કાઉન્ટ સ્કીમ નથી. તો પછી 31 માર્ચ પહેલાં કેમ બુક કરવું? કારણ કે...
યુરો-ડોલર વધી રહ્યા છે!
રૂપિયામાં ઘસારો થઈ રહ્યો છે, જેથી ઈન્ટરનેશનલ ટુર સર્વિસીસ અને એરફેર્સ મોંઘાં થઈ રહ્યાં છે. 1 એપ્રિલથી ઈન્ટરનેશનલ ટુર્સની પ્રાઈસ વધવાની છે. 31 માર્ચ સુધી તમારા હાથમાં 2 દિવસ છે. તુરંત બુકિંગ કરો, સંપૂર્ણ પૈસા ભરો અને હાલની ગેરન્ટીડ પ્રાઈસ મેળવો.
TCS Advantage!
આ માટે પણ 31 માર્ચ પૂર્વે બુકિંગ કરવાનું મહત્ત્વનું છે. ઈન્ટરનેશનલ ટુર માટે પ્રતિ વ્યક્તિ ₹7 લાખની TCS (ટેક્સ કલેક્ટેડ એટ સોર્સ)ની લિમિટ છે. બુકિંગ કર્યું હોય તો બેલેન્સ પેમેન્ટ પૂર્ણ ભરીને આ વર્ષની લિમિટ વાપરો.
ચાલો, બેગ ભરો, નીકળી પડો, વીણા વર્લ્ડ સંગાથે!
1થી 31 માર્ચ રવિવાર સહિત પર્યટકોની સુવિધા માટેવીણા વર્લ્ડની સર્વ સેલ્સ ઓફિસીસ 10AM થી 8PM ચાલુ છે
Email: travel@veenaworld.com
veenaworld.com | Toll-Free: 1800 22 7979
VEENA WORLD Travel. Explore. Celebrate Life.
*T&C Apply

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# વિનોદ કુમાર શુક્લાને જ્ઞાનપીઠ એનાયતઃ સાથે ચાલવાનું જાણતો એક અદનો કવિ



દેશનો સૌથી સર્વોચ્ચ અને સૌથી જૂનું સાહિત્યિક સન્માન 'જ્ઞાનપીઠ' આ વર્ષે જેમને મળ્યું છે તે હિન્દી ભાષાના કવિ- કથાકાર વિનોદ કુમાર શુક્લા જાણવા જેવા સર્જક છે. વિનોદ કુમાર શુક્લા આ પુરસ્કાર મેળવનારા હિન્દીના ૧૨મા લેખક અને છત્તીસગઢના પ્રથમ વ્યક્તિ છે. એમની મુખ્ય નવલકથાઓમાં 'નૌકરી કી કમીઝ','દિવાર મેં એક ખીડકી રહેતી થી' અને 'ખિલેગા તો દેખેંગે' નો સમાવેશ થાય છે.

આ પુરસ્કાર વિનોદ કુમાર શુક્લાને એમની નવલકથા 'નૌકરી કી કમીઝ' માટે આપવામાં આવ્યો છે. આ વાર્તા પરથી પ્રખ્યાત ફિલ્મ નિર્માતા મણિ કૌલે ૧૯૯૯માં એ જ નામની ફિલ્મ બનાવી હતી. એમની લોકપ્રિય વાર્તા 'આદમી કી ઔરત' પર અમિત દત્તાએ ફિલ્મ બનાવી હતી, જેને ૬૬મા વેનિસ ફિલ્મ ફેસ્ટિવલ (૨૦૦૯) માં સ્પેશિયલ ઇવેન્ટ એવોર્ડ મળ્યો હતો.

એમની નવલકથા 'દિવાર મેં એક ખીડકી રહેતી થી'ને સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો અને તેને મોહન મહર્ષિ નામના નાટ્ય નિર્દેશક દ્વારા નાટકમાં રૂપાંતરિત કરવામાં આવી હતી.

વિનોદ કુમાર શુક્લાએ સાહિત્યની તમામ પરંપરાઓને તોડીને સંપૂર્ણપણે એક અલગ જ વ્યાકરણની રચના કરી છે. ૮૮ વર્ષના શુક્લાએ ૬૫ વર્ષથી નિયમિત સાહિત્યિક અભ્યાસમાં સક્રિય રહીને જાતને અજોડ બનાવી છે. એ દિવસમાં પાંચ-સાત કલાક અને રાત્રે બે કે ત્રણ કલાક વાંચે છે અને લખે છે. આંખો નબળી છે એટલે વાર્તાઓ અને કવિતાઓને એમની પત્ની અને પુત્ર શાશ્વતને બોલીને લખાવે છે. એકવાર એમણે કહ્યું હતું, 'હું મારા લેખનથી મારી જિંદગીનો પીછો કરવા ઈચ્છું છું.'

બાળપણમાં જ એમને સાહિત્યિક વાતાવરણ મળ્યું હતું. ઘરે 'માધુરી' અને અન્ય સાહિત્યિક સામયિકો ઘરે આવતાં. એમના પિતરાઈ ભાઈ સરસ કવિતા લખતા હતા. એમણે વિનોદજીને એક નોટબૂક આપીને કહ્યું હતું કે અહીં-ત્યાં કાગળ પર ના લખતો, આના પર લખજે. ભાઈએ એની પત્નીનાં ઘરેણાં વેચીને એક કવિતા સંગ્રહ પ્રકાશિત કર્યો હતો.

વિનોદજીની માતા વાંચનની શોખીન હતી. એકવાર એમની પાસે બે રૂપિયાના સિક્કા જમા થઇ ગયા હતા. એમણે માતાને પૂછ્યું હતું કે આનું શું કરું? માતાએ કહ્યું કે 'કોઈ સરસ પુસ્તક ખરીદજે...'

'સરસ એટલે કેવું?' એવા એમના પ્રશ્નના જવાબમાં માતાએ બંગાળી સર્જકો શરતચંદ્ર, બંકિમચંદ્ર અને રવીન્દ્રનાથ ટાગોરનું નામ આપ્યું.

વિનોદજી એ પૈસામાંથી શરતચંદ્રની નવલકથા 'વિજયા' ખરીદી. તેમાં એક એવી યુવતીની વાર્તા હતી, જે એના પિતાની જમીનદારીની માલકણ હોવા છતાં પિતાના મિત્ર અને એના પુત્રના હાથે કથપુતળી બની જાય છે. વિનોદજીનું એ પહેલું પુસ્તક હતું. માતા એમને કહેતી હતી કે જ્યારે પણ કશું લખે ત્યારે દુનિયાનું શ્રેષ્ઠ પુસ્તક વાંચીને લખજે.

વિનોદજી કવિતા કરતા થયા ત્યારે મોટાભાગના નવોદિત કવિઓ સાથે બને છે તેમ, એમની કવિતામાં બીજા પ્રસિદ્ધ કવિઓની નકલ આવી જતી. એકવાર એમની કવિતામાં ભવાની પ્રસાદ મિશ્ર નામના જાણીતા હિન્દી કવિની એક પંક્તિ 'મૈં ગીત બેચતા હૂં' આવી ગઈ. પિતરાઈ ભાઈ તેનાથી બહુ નારાજ થયા હતા.

પંદરેક વર્ષના વિનોદજીની મુશ્કેલી એ હતી કે એમના દિમાગમાં બીજાઓની કવિતાઓ જડાઈ ગઈ હતી તેથી એ મૌલિક લખી શકતા નહોતા. માતાને પૂછ્યું કે 'શું કરું? ' માતાએ એના રસોડાની કુશળતાનો આધાર લઈને જે જવાબ આપ્યો તે લાજવાબ હતો. એમણે કહ્યુંઃ

'જો, તું તારી ચાળણી બનાવ. આપણે ચા બનાવીએ છીએ ત્યારે ચાને ગાળીએ છીએ, લોટની ચાળણી હોય છે, મેદાની ચાળણી હોય છે, તેવી રીતે જુદી જુદી વસ્તુઓની ચાળણી હોય છે. તું પણ તારા લેખનની એક ચાળણી બનાવ, જેથી તારું લખેલું જ તારી પાસે રહે, બીજાનું તારી પાસે ન આવે !.'

ત્યારથી લઈને આજ સુધી, વિનોદજીનું ફોકસ રોજિંદુ જીવન રહ્યું છે. પોતાના સર્જનમાં કલ્પનાની દુનિયામાં ફસાયા વિના આસપાસના જીવન અને સામાન્ય માણસ જોડાયેલા રહે છે. એ દાયકાઓથી એકધારી રીતે સામાન્ય જીવનની વિડંબનાઓ, મૂંઝવણો, વ્યથાઓ અને નારાજગીઓને ઊંડી સહાનુભુતિ, સમજ અને સાહસ સાથે અભિવ્યક્ત કરતા રહ્યા છે.

અશોક વાજપેઈ નામના જાણીતા લેખક શુક્લાજીના સાહિત્ય અંગે કહે છે, 'વિનોદની જેમ એક 'અ-નાયક' (નોન-હીરો)ને એમનો આજીવન અધિવક્તા બનાવ્યો હોય તેવા બીજા કોઈ ભારતીય લેખકને શોધવો અઘરો છે.

એક કવિતામાં એ વિનમ્રતાથી કહે છે : 'જો વૃક્ષ મારા ઘરે મળવા ન આવી શકે, તો હું મળવા માટે વૃક્ષ પાસે જાઉં છું.' માત્ર ઝાડ જ નહીં, માણસોને પણ એ જ સંવેદનશીલતા સાથે મળે છે અને કહે છે, 'જે લોકો મારા ઘરે ક્યારેય નહીં આવે, હું એમને મળવા જઈશ.'

આ વિનમ્રતા અને સંવેદનશીલતા તેમ જ ભારતીય વ્યક્તિના સરળ જીવનનું સત્ય એમનાં તમામ કાર્યોમાં વહેતું જોવા મળે છે. એમની એક અતિ પ્રસિદ્ધ રચના વાંચવામાં જેટલી સરળ છે, સમજવામાં એટલી જ ગહન છે. એ લખે છે :

*હતાશ થઈને એક માણસ બેસી ગયો હતો*
*એ માણસને હું ઓળખતો નહોતો*
*હું હતાશાને ઓળખતો હતો*
*એટલે હું એની પાસે ગયો*
*મેં હાથ લંબાવ્યો*
*મારો હાથ પકડીને એ ઊભો થયો*
*મને એ ઓળખતો નહોતો*
*મારા હાથ લંબાવવાને તે જાણતો હતો*
*અમે બંને સાથે ચાલવા લાગ્યા*
*બંને એકબીજાને ઓળખતા નહોતા* ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ ગુરુ વોરેન બફેટ કઈ રીતે ઈન્વેસ્ટર તરીકે મૂઠી ઊંચેરા સાબિત થાય છે?

વર્ષે ૨૦૨૪ના વરસનો ઉત્તરાર્ધ- છેલ્લા ચાર-પાંચ મહિના જગતભરનાં શેરબજાર માટે કપરા ઠર્યાં. ૨૦૨૫નો પ્રારંભ પણ ભારે રહ્યો. ભારતીય શેરબજારે લાંબી એકધારી તેજી અને સતત નવી ઊંચાઈ જોયા બાદ આડેધડ કડાકા પણ જોયા. આ બધાં વચ્ચે ડોનલ્ડ ટ્રમ્પે પ્રેસિડન્ટ પદે આવીને વિશ્વના મોટાભાગનાં અર્થતંત્રો અને બજારોની બેન્ડ વગાડી દીધી તેમ છતાં ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ ગુરુ વોરેન બફેટ આવા કપરાં સમય-સંજોગોમાં પણ ભરપૂર કમાયા. એનાં કારણ તારણ આપણે સમજવા રસપ્રદ રહેશે...


આમ તો શેરબજારમાં રસ લેનારી દરેક વ્યક્તિ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ ગુરુ વોરેન બફેટના નામથી પરિચિત છે. આ હસ્તી વિશ્વના ટોચના સંપત્તિવાનોની યાદીમાં તો છે, પણ એમની ઈન્વેસ્ટમેન્ટ જગતમાં જે ગરિમા સાથે કુશળતા છે તે જગતભરના રોકાણકારો માટે પ્રેરણાદાયી છે. એમના સિધ્ધાંતો નાના-મોટા રોકાણકારો માટે ઉપયોગી છે તેમ જ પથદર્શક પણ છે.

દુનિયાભરની શેરબજારો માટે ૨૦૨૪-૨૫નું વર્ષ ઊથલપાથલવાળું બની રહ્યું. અનેક આર્થિક અને રાજકીય પડકારોનું જાણે મોજું ધસી આવ્યું. આવો પડકાર અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે લાદેલા ટેરિફ્સ (વેપાર જકાત) માર્ગે પણ આવ્યો અને હજી ચાલી રહ્યો છે. જ્યારે આ બજાર વધુને વધુ અનિશ્ચિતતા તરફ ઘસડાઈ રહ્યું હતું ત્યારે વોરેન બફેટની નેટવર્થ આ વર્ષમાં ૨૧ અબજ ડૉલર વધી ગઈ. ન્યુઝ-રિસર્ચ એજન્સી 'બ્લૂમબર્ગ ઈન્ડેક્સ' દ્વારા ટ્રેક કરાયેલા ૫૦૦ અબજપતિઓમાં બફેટ એક એવા છે, જેને સૌથી મોટો ફાયદો-નફો થયો છે.

બફેટની સંપત્તિવૃદ્ધિ વધારે સૂચક એટલા માટે છે કે આ વર્ષમાં ટોચના ૧૫માંથી માત્ર ૪ અબજપતિ જ એમની સંપત્તિને વધારવામાં સફળ રહી શક્યા છે. બફેટ માટે આમ શક્ય એટલા માટે બન્યું છે કે એમની કંપની 'બર્કશાયર હેથવે'ના શેરના ભાવમાં મજબૂત ઉછાળો આવ્યો અને હાલ તે લગભગ રેકોર્ડ ઊંચી સપાટીએ ટ્રેડ થયો છે. આ વર્ષમાં હેથવેનો શેર ૧૬ ટકા વધ્યો હતો, જ્યારે નાસ્ડેક કમ્પોઝિટમાં એ જ સમયગાળા દરમિયાન ૮ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આ વર્ષમાં આ શેરની તેજીને બળ મળ્યું હતું બર્કશાયર ગ્રુપે ચોથા ક્વાર્ટરમાં મેળવેલો વિક્રમસર્જક નફો, જે વીમાના કામકાજમાં આવેલા સુધારાને આભારી હતો.

## કેશ કરતાં ઈક્વિટી બહેતર

એ બહુ જાણીતી વાત છે કે 'બર્કશાયર હેથવે' એ ગયા વર્ષે એપલ અને બેન્ક



ઓફ અમેરિકાના અબજો ડૉલરની કિંમતના શેર વેચી દીધા બાદ એની પાસે ૩૨૫ અબજ ડૉલરની વિક્રમી રોકડ રહી. આ રોકડ ભંડાર દિગ્ગજ ટેક જાયન્ટ્સ એપલ, માઈક્રોસોફ્ટ, આલ્ફાબેટ, એમેઝોન અને એનવીડિયા કોર્પના સંયુક્ત ભંડાર કરતાંય મોટો ગણાય.

અહીં નોંધવા જેવી વાત એ છે કે આ વર્ષે પછીથી માર્કેટના જે અચાનક રીતે ભૂક્કા બોલાઈ ગયા એને લીધે એવી અટકળો વહેતી થઈ કે બફેટને ખબર હતી કે શું બનવાનું છે. કેટલાક એનાલિસ્ટ બર્કશાયરમાં રોકડ સ્થિતિ (કેશ પોઝિશન)ને જે દ્રષ્ટિએ જુએ છે, પણ બફેટે તો રોકડ કરતાં ઈક્વિટીને બમણું પ્રાધાન્ય આપ્યું છે અને એમાં નજીકના ભવિષ્યમાં કોઈ ફેરફાર થાય એમ નથી.

બફેટે તો શેરહોલ્ડરોને ખાતરી આપી છે કે બર્કશાયર એમનાં નાણાંનો નોંધપાત્ર મોટો હિસ્સો હંમેશાં ઈક્વિટીમાં જ રોકશે અને તેમાં પણ મોટે ભાગે અમેરિકન ઈક્વિટી જ હશે. જોકે એમાંની ઘણી ઈક્વિટીની આંતરરાષ્ટ્રીય કામગીરી પણ મહત્ત્વની હશે

'બર્કશાયર ક્યારેય પણ સારા બિઝનેસની માલિકીની તુલનામાં રોકડ સંપત્તિની માલિકી ધરાવવાનું પસંદ નહીં કરે, પછી ભલે એ પૂરા નિયંત્રણની માલિકી હોય કે આંશિક હોય' આ પ્રકારની સ્પષ્ટતા કરી હોવા છતાં એનાલિસ્ટ વર્ગ એમ કહે છે કે, હાલ સર્વત્ર અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે તેથી બજારની આ અનુભવી ગ્લોબલ હસ્તી સાવધાની રાખવાનો સંકેત કરે છે. ટેરિફને લીધે સતત વધતી આશંકાઓ અને ચિંતાને લીધે છેલ્લા કેટલાક દિવસોથી મંદીની વાતોએ જોર પકડ્યું હતું. અમેરિકા સહિત વૈશ્વિક બજારો આ મુસીબતનો ભોગ બની છે. અમેરિકી બજારોમાં વેચવાલી ચાલુ હતી ત્યારે બર્કશાયરે શાંતિપૂર્વક પાંચ જાપાની ટ્રેડિંગ હાઉસિસમાં પોતાનું હોલ્ડિંગ વધાર્યું હતું. બર્કશાયરે પાંચ જાપાની કંપનીઓનાં શેર ખરીદવાનું શરૂ કર્યાને લગભગ છ વર્ષ થઈ ગયા છે અને બફેટના જણાવ્યાનુસાર, આ કંપનીઓ ઘણે અંશે બર્કશાયરની જેમ જ સફળતાપૂર્વક કામગીરી બજાવે છે. મિત્સુઈ એન્ડ કંપનીમાં બર્કશાયરનો હિસ્સો ૮.૦૯ ટકાથી વધીને ૯.૮૨ ટકા થયો છે, જ્યારે મિત્સુબિશી કોર્પ, સુમિતોમો કોર્પ, ઈટોચુ અને મરુબેની કંપનીમાં પણ તેનું હોલ્ડિંગ સારી એવી ટકાવારી સાથે વધ્યું છે.

### ઈન્વેસ્ટર તરીકે બફેટ

આ મામલે રોકાણકારે બફેટની વિચારધારાને સમજવી જોઈએ, બફેટ કેશ રાખી મૂકવાને બદલે ઈક્વિટીમાં રોકાણ કરી રાખવાનું પસંદ કરે છે. આ માટે તે યોગ્ય અભ્યાસ કરીને જોખમ પણ લે છે. બફેટના રોકાણ સિધ્ધાંત મુજબ જે કંપનીમાં રોકાણ કરો તે કંપનીના ફંડામેન્ટલ્સ-કામગીરીને ખાસ સમજો. તેની ભાવિ યોજનાઓ જાણો. જેનું કામકાજ સમજાતું નથી એવી કંપનીમાં રોકાણ કરવાનું ટાળો. જ્યારે પણ રોકાણ કરો ત્યારે લાંબા ગાળાનો જ વિચાર અને અભિગમ રાખો. ડેરિવેટિવ્ઝ જેવા સટ્ટાકીય સાધનોથી સંપૂર્ણપણે દૂર રહો. જેની ઈકિવટીમાં રોકાણનું આયોજન કરો છે તે કંપનીઓનો અભ્યાસ સતત ચાલુ રાખો.

### જ્યારે આપણે?

આપણે રોકાણકાર તરીકે અભ્યાસને બદલે માત્ર ટિપ્સ કે અખબારો-ટીવી માધ્યમોના આધારે નિર્ણય લઈએ છીએ, જેમાં આપણી પાસે આવેલી માહિતી કેટલી સાચી-વિશ્વસનીય છે તેની આપણને જ ખાતરી હોતી નથી. આપણે જબરી તેજીમાં જ રોકાણ કરવા આગળ આવીએ છીએ, બાકી મંદીમાં પાછળ ચાલ્યા જઈએ છીએ. આવું તો ઘણું બધું આપણે વિશ્વ ગુરુ કરતાં ઊંધું કરીએ છીએ. આપણે સારા ગુરુના સારા શિષ્ય પણ બની શકતા નથી. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# અહીં ક્યારેય બાર વાગતા જ નથી, અગિયારની છે બોલબાલા

આજનો વિષય શરૂ કરતાં અગાઉ જલન માતરી સાહેબની એક પંક્તિ યાદ આવી ગઇ. શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર? નહીંતર, ૯૮ ટકા સાક્ષરતા ધરાવતા સ્વિટ્ઝર્લેન્ડના એક શહેરમાં ક્યારેય ઘડિયાળમાં બાર ન વાગે એવું બને ખરું? હા, આ યુરોપિયન દેશના સોલોથર્ન નામના શહેરમાં આવું બને છે અને એ જગ જાહેર છે.




સોલોથર્ન શહેરના ટાઉન સ્કવેર પર સૌ જોઇ શકે એમ મોટી ઘડિયાળ લાગી છે, જેમાં ૧૨નો આંકડો જ નથી. આમાં માત્ર એકથી ૧૧ અગિયાર સુધીના આંકડા છે. ફકત આ ઘડિયાળમાં જ નહીં, આખા શહેરમાં કયાંય બારનો આંકડો દેખાતો નથી.

રસપ્રદ વાત એ કે કોઇને બારના આંકડા સાથે છત્રીસનો આંકડો કે વેરભાવ નથી. બલ્કે અગિયાર સાથે અપાર, અથાગ, અનન્ય અને અકલપ્ય પ્રેમ છે. એટલે તો શહેરમાં ચર્ચ અને ચેપલની સંખ્યા ૧૧ છે. મ્યુઝિમ, ઐતિહાસિક ઝરણા અને ટાવરના નંબર પણ ૧૧ અરે ખુદ ઇશુની ભક્તિના સ્થળ સમા સોલોથર્નના મુખ્ય ચર્ચમાંય ૧૧નું મહત્ત્વ ઊડીને આંખે વળગે. આ ચર્ચ ૧૧ વર્ષમાં બન્યું. એની અંદર ત્રણ સિરીઝના સેટ છે, જેમાં ૧૧-૧૧ લાઇન છે. એ ઉપરાંત ચર્ચમાં દરવાજા, ઘંટ અને અન્ય ચીજોની સંખ્યાય ૧૧-૧૧. શહેરમાં ફુવારા, સ્થાપત્યો, ચીજ વસ્તુ અને જાહેર મકાન તો જવા દો, પ્રજાના જીવનમાંય અગિયારમાં અદકેરું મહત્ત્વ. બાળકના ૧૧નું જન્મદિવસની અત્યંત જોશભેર ઉજવણી થાય. એ નિમિત્તે મળનારી ભેંટની સંખ્યા પણ અગિયાર સાથે જોડાયેલી હોય.

પણ અગિયારના આંકડા સાથે આટલો બધો પ્રેમ, આદર, અહોભાવ અને વળગણની હદ સુધીનું જોડાણ શા માટે? આની પાછળ એક લોકવાયકા પ્રચલિત છે. વરસોનાં વરસો અગાઉ આકરી મહેનત કરવા અને લોહીપાણી એક કરવા છતાં સોલોર્થનવાસીઓને જરાય સફળતા મળતી નહોતી. અચાનક ત્યા એલ્ફ (ELF)





આવવા માંડયા. એલ્ફ એટલે જર્મન અને યુરોપિયન લોકકથાનું એક લોકપ્રિય પાત્ર. આ એલ્ફ કદમાં નાનું, રમતિયાળ-તોફાની જાદુઇ શક્તિ ધરાવનાર અને મોટે ભાગે માનવીય સ્વરૂપે દેખાતું લાંબા-અણીદાર કાનવાળું વ્યક્તિત્વ. આ શબ્દ ELF નું પૂરું નામ એટલે Earth Liberation Front.

પણ આ બધામાં ૧૧ને શું સંબંધ એવો સવાલ થાય ને? તો એનો જવાબ એ છે કે જર્મનીમાં ૧૧ના આંકડાને એલ્ફ (અર્થાત્ ઇલેવન) કહેવાય છે. સોલોર્થનવાસીઓએ બન્ને એલ્ફને જોડી દીધા અને અગિયારના આંકડાને અધધ મહત્ત્વ આપવા માંડયા.

બાકી, સોલોથર્ન અન્ય ઘણી બાબતો માટે જાણીતું છે. એમાંથી એક છે બરોક આર્કિટેકચર. બરોક એટલે ૧૭-૧૮મી સદીમાં યુરોપમાં અતિ પ્રચલિત સુશોભિત આર્કિટેક કલા.

સોલોથર્નમાં ઇટાલિયન, ફ્રેન્ચ, જર્મન અને સ્વીસ પ્રભાવના મિશ્રણ ધરાવતી અનોખી સંસ્કૃતિ જોવા મળે. અને એમાંય ૧૧નું મહત્ત્વ હોય જ. સોલોથર્નની ઐતિહાસિક સાંસ્કૃતિક ભવ્યતાનું એક કારણ એ પણ ખરું કે ૧૬મીથી ૧૮મી સદી વચ્ચે આ સ્થળ ફ્રાંસના રાજાના રાજદૂતનું નિવાસસ્થાન ગણાતું હતું. અહીંનું ઉર્સેન કેથેડ્રલ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતું મહત્ત્વપૂર્ણ પવિત્ર સ્મારક મનાય છે. અહીંના સંગ્રહાલય પણ એટલા જ મહત્ત્વપૂર્ણ છે કારણકે એમાં ભારોભાર ઇતિહાસ અને સંસ્કૃતિના દર્શન થાય છે.

જૂના સોલોથર્ન નગરમાં ફરવાનો એક અલગ જ લહાવો છે કારણકે આ ટ્રાફિક ફ્રી જગ્યા છે. સોલોથર્ન ખાસ પ્રકાર અને સ્વાદની કેક માટેય પ્રવાસીઓમાં લોકપ્રિય છે. આ સિવાય ઘડિયાળ, એન્જિનિયરિંગ, ટુલ્સ, મશીન ઉત્પાદન, ઉપરાંત ઇલેકટ્રિકલ-ટેકનિકલ સાધન-સામગ્રી અને કાગળ ઉત્પાદન અહીંના મુખ્ય ઉદ્યોગ ધંધા છે.

આ બધું ઠીક પણ અગિયાર સાથે અપાર વ્હાલ ને એમાં બારનો આંકડો નીકળી ગયો અને કેવું વિચિત્ર ?! ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

## ‘ફકીર’ની છ દાયકાની ગઝલ સાધના


# ભરીને અમર રંગ ગઝલના રૂપમાં ‘ફકીર’ જાન મારી ફિદા થઈ ગઈ

આપણા પરંપરાના પાયાના ગઝલકારોએ જે વિરાસત આપી છે તે અનમોલ મોતી સમાન છે. આજનો ગઝલકાર આ બધા પૂર્વસુરિયોને વાચે તો એમની રચનાઓમાં નવું તેજ જરૂર પ્રગટે. આજે આપણે એક એવા ગુજરાતી શાયરની વાત કરવી જેમણે છ દાયકા સુધી ગઝલની એકનિષ્ઠ સાધના કરી હતી. શયદા સાહેબ મુંબઈથી બે ઘડી મોજ નામનું સાપ્તાહિક પ્રગટ કરતા હતા ત્યારે ૧૯૨૭માં વલીમહમ્મદ ‘ફકીર’ની ગઝલ તેમાં પ્રકાશિત થઈ હતી. છેલ્લી ગઝલ ૧૯૮૯માં લખી.

‘ફકીર’નું ત્રણ ત્રણ પેઢીને આવરી લેતું સર્જન પરંપરાગત નથી. એ જમાનામાં જ્યારે ઉર્દૂ-ફારસી-અરબી શબ્દોની ભરમાર હતી ત્યારે ફકીરની ગઝલો શુદ્ધ ગુજરાતીમાં પ્રગટ થતી હતી. સંસ્કૃત શબ્દોનો એક આખો ખજાનો મળે છે. ‘ફકીર’માં કોઈ સંસ્કૃતનો પંડિત પણ વસતો હશે એમ લાગે છે. ‘બ્રહ્મસત્ય જગત્ મિથ્યા’ અને ‘જિવો બ્રહ્મેવ નાપરમ્’ના આપણાં શાસ્ત્રની વાત એમણે એક શેરમાં એટલી સરસ રીતે કરી છે કે એ વાચીને લાગે કે એમનુ જ્ઞાન કેટલું વિશાળ હશે. જુઓ આ શેર:

***સૌ ધર્મ સંકેતે સકળ મનુજીવનનો પ્રારંભ એક***
***યદિ બ્રહ્મપ્રીતિનું પ્રતિપાદન નથી, તો કંઈ નથી.***

એમના પુસ્તક ‘ફકીર’ની ગઝલો’ની પ્રસ્તાવનામાં હરીન્દ્ર દવે નોંધે છે કે ‘આ ગઝલો એક સાથે વાંચતા આધુનિક ગુજરાતી ગઝલનું ત્રીસીની સાલમાં મહોરેલું ઉપવન યાદ આવે છે. એ વેળા ગઝલના સ્વરૂપની ગંભીર સાધના કરનારાં થોડાંક નામોમાં જનાબ વલીમહમ્મદ ‘ફકીર’નું નામ પણ છે. કાફિયા-રદીફનું



વૈવિધ્ય, સરળ રજૂઆત, ફારસી પ્રચુરતાને તિલાંજલિ આપી શુદ્ધ ગુજરાતીનો આગ્રહ વગેરે આ ગઝલોની વિલક્ષણતા છે.

ગઝલ સંગ્રહ પહેલા છપાયેલ શેરની વાત કરતા હરીન્દ્ર કહે છે કે નવો નોખો અનુબંધ રચાઈ ગયો. શેર હૃદયને સ્પર્શી ગયા:

***શરમ તણું ઘર રહી ન આંખો***
***વફા તણું ઘર હૃદય રહ્યું ના***
***‘ફકીર’ ચાલો અરણ્યવાસે***
***રહ્યું ન કોઈ મકાન બાકી***

આ મકતામાં કવિ બે પંક્તિમાં બે આલમની યાત્રા કરાવે છે. શરમ આંખોમાં ન હોય અને વફા હૃદયમાં ન હોય ત્યારે વસ્તી ઉજડી ગઈ એવું જ લાગે ને! શરમ કે વફા વિનાનું વેરાન એ એક આલમ છે અને જે સાચો સત્ય વેરાન છે એ અરણ્ય બીજી આલમ છે. એક વેરાનમાંથી બીજા વેરાન તરફની આ ગતિ જ મનુષ્ય જીવનમાં રહી છે ને!

એમની ગઝલો પ્રતિષ્ઠિત માસિક ‘નવચેતન’, શયદાના બે ઘડી મોજ તથા ‘સાકી’ નામના અઠવાડિકમાં પ્રગટ થતી રહેતી. ભારતના વિભાજન પછી તેઓ કરાચી ગયા. ત્યાં પણ પોતાનું સાહિત્ય સર્જન ચાલુ રાખ્યું. જાણીતાં ગુજરાતી અખબારો ‘મિલ્લત’, ‘ડોન’, ‘વતન’ અને ‘મેમણ ન્યૂઝ’ પખવાડિકમાં એમની ગઝલો પ્રગટ થતી રહી.

૧૯૩૨-૩૩ના ગઝલ મંડળના એક મુશાયરામાં ‘જિગરનો યાર જુદો તો બધો સંસાર જુદો છે’ એવી તરહી પંક્તિ અપાઈ હતી. એ પંક્તિ પર ‘ફકીરે’ લખેલી ગઝલ ૧૯૩૩માં ત્યારે કલકત્તાથી પ્રગટ થતા ‘નવચેતન’માં, એ જ અરસામાં મુંબઈના ‘સાકી’માં પછી ‘વતન’ (કરાચી) અને મેમણ ન્યૂઝ (કરાચી)માં પ્રગટ થઈ. સસ્તુ સાહિત્ય તરફથી પ્રગટ થયેલી ‘ગુજરાતી ગઝલો’માં પણ તેને સ્થાન મળ્યું હતું. એ ગઝલનો સદાબહાર શેર છે:

***હયાએ શિર ઝુકાવીને અદાથી શું કહ્યું એવું?***
***કે સૌ ઈન્કારથી પર-આજનો ઈન્કાર જુદો છે.***

ઈંતેકાલ પહેલા ૧૯૮૮માં ગઝલ લખી હતી તેનો સૂફી અંદાજ જોવા જેવો છે:

***સુગંધ કોની સુષુપ્ત રંગે ફરી રહી છે સમગ્ર જગમાં***
***હું ધુન કોની સમગ્ર અંગે રમી રહ્યો છું ફરીને વનવન***

૧૯૩૩માં મુંબઈના ફાર્બસ ગુજરાતી સભાના હોલમાં યોજાયેલા મુશાયરામાં વંચાયેલી અને ‘ગુજરાતી ગઝલ’માં સ્થાન પામેલી ગઝલ દિલના કરાર દિલમાં એ સમય તરફ લઈ જાય છે, જુઓ આ શેર:

***આશાના પ્રાણ જૂઠા માયાની કાય જૂઠી***
***ઊર્મિ પ્રમાદની છે જગનો ચિતાર દિલમાં***

ગઝલ સર્જનમાં અને મુશાયરાઓમાં હંમેશાં સાથે રહેલા આપણા ગઝલકાર ‘આસિમ’ રાંદેરી ૧૯૮૯માં કરાચી ગયા ત્યારે બન્ને પુરાણા મિત્રોનું મિલન થયું અને પછી દસ દિવસ પછી ‘ફકીર’ ખુદાને પ્યારા થઈ ગયા. પુસ્તકમાં આ પ્રસંગનો ઉલ્લેખ કરીને આસિમભાઈએ સંસ્મરણો તાજાં કર્યાં છે. એ કહે છે કે ‘ફકીર’ની સ્મરણશક્તિ ગજબની હતી. એમની મનોભૂમિ સાહિત્યમય હતી. ગુજરાતી, ઉર્દૂ અને ફારસીના સેંકડો અશઆર એમને કંઠસ્થ હતા. એમના પ્રિય ઉર્દૂ શાયર ‘મોમિન’ હતા. એમણે ‘મોમિન’ની ગઝલનું સંપાદન કરી એક સુંદર પુસ્તક પ્રગટ કર્યું હતું જે તેમણે કરાચીની છેલ્લી મુલાકાત વખતે આસિમભાઈને પોતાના સ્વાક્ષરમાં ભેટ આપ્યું હતું.

‘ફકીર’ની ગઝલમાં અનાયાસ આવતા અને પોતાની શક્તિની રૂએ બાઅદબ ગોઠવાઈ જતા સંસ્કૃત શબ્દો એમની વિદ્વતાની પહેચાન પૂરી પાડે છે જેમ કે ‘વારિધિ’, પ્રલોભન, અનિમેષ, અનુરક્તતા, તિમિર, મર્મ, અરિ, અસ્મિતા, અનુરાગ, અભિયોગ, બ્રહ્માંડ, દ્યુતિ, સંકર્ષણ, સૌરભ, સાંત્વન વગેરે. યાદી ઘણી લાંબી છે.

અત્યારની ખબર નથી પણ વીસમી સદીના છેલ્લા દાયકા સુધી પાકિસ્તાનમાં ગુજરાતી ભાષી શાયરોના મુશાયરાઓ થતા રહેતા. એમનાં પુસ્તકો પ્રગટ થતાં હતાં.

રાહી રાજકોટી, ફઝલ જામનગરી, દર્દ ફાઝલાણી, મઝહર ફારૂકી, દીપક બારડોલીકર, દિલ માણાવદરી વગેરે શાયરોનાં પુસ્તકો પ્રગટ થયાં છે. ‘વસંત’ નામના સંગ્રહમાં ચાર શાયરોના કલામ સમાવિષ્ટ થયા છે- ‘ફકીર’ની ગઝલોના કેટલાક યાદગાર શેર માણીએ:

***ભરીને અમર રંગ ગઝલ રૂપમાં***
***‘ફકીર’ જાન મારી ફિદા થઈ ગઈ***

* *

***હતી નીચી નજર એની મગર મીઠી નજર એની***
***સકળ સંસારથી એ યાર બેદરકાર જુદો છે.***

* *

***જગતની રાયને મંત્રો સજીવ સૂચવવા***
***ગઝલને મારી - હું ઊર્મિ-પ્રધાન રાખું છું***

* *

***ન વાણી કેરી સમૃદ્ધિ, ન મોહ શબ્દોનો***
***‘ફકીર’ છું હું ફકીરી જબાન રાખું છું***

* *

***મદિરા છે ન મહેફિલ છે - ન સાકી છે ન પ્યાલી છે***
***નથી મસ્તી મહીં આંખો મગર, આંખોમાં લાલી છે***
***ભરીને દેહ કંચનમાં સુહાગી પ્રાણ આશાના***
***‘ફકીર’ તારી ગઝલના પુષ્પના રંગો ગુલાલી છે***

* *

***દુ:ખ ઉપર નિર્ભર હતી સુખની સીમા***
***છે ઉષા સર્જન - નિશાના હાથમાં***

* *

***અનાદિ કાળથી લગની રહી છે પ્રેમ-ચિંતનની***
***ખબર નિજની ભલા ક્યાંથી મને તારું મનન પ્યારું***

* *

***જમાનો બદલી રહ્યો સરાસર, હવા મહીં એ સુવાસ ક્યાં છે***
***ફૂલોના રંજન-ભ્રમરના આક્રંદ, જગતને પ્યારા પ્રણયના ગુંજન***
***‘ફકીર’ જુઠ્ઠા જગતના રંગો, છબી છબી સૌ અનિષ્ટ વ્યંગો***
***છે જગ નિયંતાની એક વિભૂતિ, વિશુદ્ધ ચિત્તે કરી લે વંદન***

* *

***ઉરની કળી ખીલી ન વસંતે વિયોગમાં***
***ઉષ્મા મગર મિલનતણી-તુજ આગમનથી છે***

* *

***તેં નયન બદલ્યાં અહીં મુજ ઉર તણી આંખો ખુલી***
***પ્રેમમાં તારી કૃપાથી થઈ ગયો જ્ઞાની હવે***
***‘ફકીર’ અંજન કરીને જોઈ લે દિલના નિરંજનને***
***વિકલ્પો તો રહ્યા મબલખ મગર આચાર બાકી છે***

* *

***પુષ્પો હતાં કવન મહીં એક સ્નેહ કુંજના***
***સૌને ગઝલ ‘ફકીર’ની દિલશાદ થઈ ગઈ*** ■

સુખનો પાસવર્ડ


આશુ પટેલ
feedback@bombaysamachar.com

# ‘સર્ટિફિકેટવીરો’ની પરવા કર્યા વિના જીવવું જોઈએ

આજના સમયમાં ઘણા બધાં દૂષણો ઊભાં થઈ ગયા છે. એવું જ એક દૂષણ કોઈ વ્યક્તિ કેવી છે અથવા તો એ જે કરે છે એ યોગ્ય છે કે નહીં એવા ‘સર્ટિફિકેટ ફાડવાનું’ થઈ ગયું છે. એમાંય સોશ્યલ મીડિયાએ તો આડો આંક વાળી દીધો છે. ‘ફલાણો આવો છે’ કે ‘ઢીંકણી તેવી છે ’ એવા સર્ટિ ફિકેટ આપનારા સર્ટિફિકેટવીરો (કે વીરાંગનાઓ) ફૂટી નીકળ્યા છે. આપણી આજુબાજુ પણ આવા નમૂનાઓ જોવા મળતા હોય છે. આવા સર્ટિફીકેટ વીરોનું કામ સર્ટિફીકેટ ફાડવાનું જ હોય છે કે ‘પેલા ભાઈએ આ કર્યું એ યોગ્ય નથી’ કે ‘પેલી બહેને તેમ કર્યું એની સાથે હું સહમત નથી.’

આવા નમૂનાઓ એમની આજુબાજુના માણસોની માનસિક શાંતિ હણી લેવાની હદ સુધી જતાં હોય છે. આવા સર્ટિ ફિકેટ વીરોની પરવા ન કરવી જોઈએ.આપણે કોઈ મુદ્દે મનથી સ્પષ્ટ હોઈએ અને યોગ્ય દિશામાં વિચારતા હોઈએ તો બીજા શું કહેશે એની પરવા જ ન કરવી જોઈએ. એવા લોકોને અવગણવા જોઈએ કે જે એમની આઇડિયોલોજી પ્રમાણે જીવવા માટે આપણા પર દેખીતી રીતે કે અદ્રશ્ય રીતે દબાણ લાવતા હોય. જેમ ઘણી છોકરીઓ કોલેજમાં જાય ત્યારે એમના પર અદ્રશ્ય દબાણ આવતું હોય છે કે જો હું સિગરેટ નહીં ફૂંકું, ડ્રગનું સેવન નહીં કરું, હું એક (કે એકથી વધુ) છોકરાઓ સાથે સેક્સ્યુઅલ રિલેશન નહીં રાખું, અફેર નહીં કરું તો મારા પર ‘મણીબેન’નું લેબલ લાગી જશે! એ જ રીતે કોઈ રાજકીય વિચારધારાની તરફેણમાં કે વિરોધમાં વિચાર વ્યક્ત કરનારાઓને પણ સર્ટિફિકેટવીરો લેબલ લગાડી દે છે કે આ માણસ તો આવો જ છે કે તેવો જ છે.

સોશિયલ મીડિયા પર શાબ્દિક લડાઈઓ કરતી હોય એવી સર્ટિફિકેટ વીરાંગનાઓને વેકેશનમાં એક સપ્તાહ માટે પોતાના




પિયરમાં કે બીજે ક્યાંય ફરવા જવું હોય એ વખતે એનો પતિ એને ગાળ આપીને ચૂપ કરી દે ત્યારે તે સર્ટિ ફીકેટ વીરાંગના મૂંગા મોઢે સહન કરી લેતી હોય અથવા તો કોઈ સર્ટિફીકેટવીરને મિત્રો સાથે બહાર જવું હોય અને પત્ની ફરમાન જારી કરી દે કે ‘આજે તમે તમારા ફ્રેન્ડ્સ સાથે તમારા મિત્રો સાથે બહાર ગયા તો આવતી કાલથી હું કાયમ માટે આ ઘરમાંથી બહાર નીકળી જઈશ’ ત્યારે તે સર્ટિ ફીકેટવીર વરસાદમાં પલળેલા કૂકડાની જેમ સોફા પર ગોઠવાઈને પત્નીને ગમતી સિરિયલ જોવા બેસી જાય એવા કિસ્સાઓ મેં નજરે જોયા છે.

ક્યારેક અમારા જેવા પત્રકાર-લેખકો રાજકીય મુદ્દે કોઈ લેખ લખે ત્યારે ઘણા સેક્યુલર્સથી માંડીને સરકારી સમર્થકો એ શોધવાની કોશિશ કરવા માંડે કે આ લેખમાં જે કહેવાયું છે એ કોની વિરુદ્ધમાં છે કે કોની તરફેણમાં છે (શક્ય છે કે આ લેખ માટે પણ કોઈ સર્ટિફિકેટ આપવાની કોશિશ કરે કે આવો લેખ ન લખવો જોઈએ!)સરકાર વિરોધીઓ અને સરકાર સમર્થકો પણ સર્ટિફીકેટ આપતા ફરતા હોય.

આવું સર્ટિફીકેટ લેવું કે ન લેવું એ પસંદગી આપણે કરવી જોઈએ, કારણ કે સર્ટિફીકેટ આપનારાઓની ક્ષમતા શું છે એ જોવું જોઈએ (જેમ કે વર્ષો અગાઉ મને એક પ્રકાશકે કહ્યું હતું કે તમને લખતા નથી આવડતું. મેં એ સર્ટિફીકેટ સ્વીકારી લીધું હોત તો હું લેખક ન બન્યો હોત!).

આજના સમયમાં સર્ટિફિકેટવીરો અને વિરાંગનાઓના રાફડા ફાટી નીકળ્યા છે ત્યારે એક પંચતંત્ર કથા યાદ રાખવા જેવી છે.

એક વાર એક માણસ બકરીનું બચ્ચું ખભા પર ચડાવીને પ્રવાસ કરી રહ્યો હતો. બકરીના બચ્ચાંને પગમાં ઈજા થઈ હતી એટલે તેને ચાલવામાં તકલીફ પડતી હતી એટલે તે માણસ તે બકરીના બચ્ચાંને ઊંચકીને ચાલી રહ્યો હતો. એ વખતે તેને કેટલાક ગઠિયાઓ મળી ગયા. એ થોડે દૂર ઊભા હતા અને એમણે પેલા માણસને ખભા પર બકરીના બચ્ચાંને લઈને આવતા જોયો એટલે આપસમાં મસલત કરીને ત્વરિત નિર્ણય લીધો. એ પછી એમાંનો એક માણસ ત્યાં જ ઊભો રહ્યો. એક માણસ ઉતાવળે પેલા માણસ તરફ દોડ્યો. અને બીજો તે માણસ તરફ ધીમેધીમે ચાલતો થયો.

ઉતાવળે દોડીને પેલા માણસની નજીક પહોંચેલા ગઠિયાએ કહ્યું: ‘અરે! ભલા માણસ આ કૂતરાને લઈને ક્યાં ચાલ્યો?’

બકરીના બચ્ચાંને ખભા પર લઈને જઈ રહેલા માણસે કહ્યું: ‘અરે મૂર્ખ! આંધળો છે કે શું? જોતો નથી કે આ તો બકરીનું બચ્ચું છે!’ પેલાએ કહ્યું: ‘નહીં, નહીં! આ તો કૂતરું છે. તને કંઈક ભ્રમ થયો લાગે છે!’

પેલો માણસ તેની વાત માન્યા વિના ચાલતો થઈ ગયો. થોડે આગળ બીજો ગઠિયો એની સામે આવી ગયો. એણે કહ્યું: ‘અરે ભાઈ, આ કૂતરો લઈને ક્યાં ચાલ્યા?’

પેલા માણસે કહ્યું: ‘અરે ભાઈ! આ કૂતરું નથી, બકરું છે!’

પેલાએ કહ્યું: ‘નહીં, નહીં. આ કૂતરું જ છે. મને ચોખ્ખું દેખાય છે.’

બકરાનું બચ્ચું ખભા પર લઈને ચાલી રહેલો માણસ સહેજ મૂંઝાયો, પણ એ આગળ વધ્યો. ત્યાં ત્રીજો ગઠિયો સામે આવી ગયો. એણે કહ્યું: ‘કેમ કૂતરાને ખભે મૂકીને ચાલી રહ્યા છો, ભાઈ!’

હવે આ માણસને શંકા જાગી. એને થયું કે આટલા બધા લોકો કહે છે તો ખરેખર આ કૂતરું જ હશે અને ક્યાં તો કંઈક માયાવી જીવ લાગે છે જેમને બકરાનું બચ્ચું લાગે છે, પણ બીજા બધાને કૂતરું દેખાય છે. એટલે એણે ગભરાઈને બકરાના બચ્ચાને પોતાના ખભા પરથી નીચે ફેંકી દીધું અને મુઠ્ઠીઓ વાળીને ભાગ્યો.

પેલા ગઠિયાઓ હસતાહસતા બકરાને લઈ ગયા અને તેને મારીને ખાઈ ગયા!

દોસ્તો,આપણે નક્કી કરી લેવાનું કે આવા સર્ટિફીકેટવીરોના ચાળે ચડીને તમારી માન્યતા ફગાવી દેવી કે નહીં. તમારી ઇચ્છા પ્રમાણે જીવવું કે આવા નમૂનાઓના સર્ટિફિકેટની પરવા કરીને જીવવું. અને સર્ટિફીકેટવીરોને તમારી માનસિક શાંતિરૂપી બકરાને ખાઈ જવા દેવાની તક આપવી કે નહીં! ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# ‘સવાલાત’ની ‘લાત’: પૂછો મગર પ્યાર સે

**ટાઇટલ્સ: ‘સવાલ’ સામે ‘સવાલ’, ‘જવાબ’ ના હોઇ શકે.**
**(છેલવાણી)**

નોર્મલી ફિલ્મોનાં હીરો-હીરોઇન સાચી ઉંમર છુપાવતા હોય છે. એક ગોસિપ પત્રકારે, હીરોઇનનાં ઘરે પહોંચીને પૂછ્યું, ‘તમારી ઉંમર શું છે?’

હીરોઈને કહ્યું, ‘અં..૨૭-૨૮ વર્ષ હશે.’

એવામાં અંદરની રૂમમાંથી અભિનેત્રીનો ૭ વર્ષનો દીકરો પ્રગટ્યો. એને જોઇ પત્રકારે પૂછ્યું, ‘અરે, તમારો આટલો મોટો દીકરો છે?’

હીરોઈને કહ્યું, ‘ના, એ તો દેખાય છે, ૭નો. પણ છે, માત્ર ૪નો જ.’

‘અચ્છા?’ પત્રકારે કહ્યું.

પણ પછી હીરોઈનનો ૩ વરસનો બીજો દીકરો પણ પ્રગટ્યો. ત્યારે હીરોઈને તરત જ કહ્યું, ‘આ દેખાય છે ૩ વર્ષનો, પણ હજી જન્મ્યો જ નથી, હોં!’

જો ખૂરાફાતી પત્રકારે ૧ સવાલ ના પૂછ્યો હોત તો હીરોઇને ૨-૨વાર જૂઠ્ઠું ના બોલવું પડ્યું હોત. આજકાલ કોઇપણ માણસ સોશિયલ મીડિયા પર ઇલેક્શનનાં મશીનથી લઇને કોઇ મંદિર મસ્જિદ કે કોઇ જૂના મહાન નેતા કે વ્યક્તિ પર કોઇપણ જાતના સવાલો ઉઠાવે છે. નેહરુજીના કપડાં ક્યાં ધોવાતા કે સોનિયા ગાંધી બારમાં કામ કરતા કે નહીં કે રાહુલ ગાંધી ભારતના નાગરિક છે કે નહીંથી માંડીને સંભાજીનાં બલિદાન સુધી ચારે બાજુ સવાલ જવાબની કવ્વાલી આખા દેશમાં ચાલી રહી છે.

રામધારીસિંઘ ‘દિનકર’ નામનાં ૧૯૫૩-૬૪ સુધી હિંદીનાં મહાકવિ, ૩-૩વાર રાજ્યસભાનાં મેમ્બર હતા. એમને કોઇ અભણ નેતાએ પૂછેલું, ‘આપ કામ શું કરો છો?’

‘કવિ છું.’

‘એ સમજ્યાં...પણ કામ શું કરો છો? નોકરી-ધંધો શું?’

વિચાર કરો કે આ સવાલ સાંભળીને દેશની આઝાદી માટે કાવ્યો લખનાર, એક કવિ પર શું વિત્યું હશે? ઘણીવાર સામેનાંને ‘શું પૂછવું કે શું ના પૂછવું,’ એમાં આપણી સમજદારી કે લાગણીશીલતાની કસોટી થતી હોય છે.

અગાઉ કહેવાતું: ‘કોઇ સ્ત્રીની ઉંમર પૂછીને એને ક્ષોભનાં ક્ષીરસાગરમાં ડૂબકાં મારવા મજબૂર ના કરવી’...એ જ રીતે, ‘પુરૂષને એની આવક ના પૂછવી.’ પણ આપણે ત્યાં કોઇ બેકાર-લાચાર માણસને માંડ માંડ નોકરી મળે તો લોકો તરત એને ‘પગાર, પ્રોવિડન્ટ ફંડ કે બોનસ’ની નસ ખેંચી ખેંચીને નીચોવી નાખે...વાત સ્વજન કે મિત્રની નથી, પણ અજાણ્યાંને અણિયાણા અંગત સવાલો શું કામ? વ્હાય? ક્યું? કાયકુ?

આવી ‘સવાલાત’ની ‘લાત’ મારવાની ભૂલો આપણે અનેકવાર જાણે-અજાણે કરીને લોકોની લાગણીઓ દુભવીએ છીએં. જેમ કે- કોઈ મહિલાનું પેટ જરાંક વધેલું દેખાય કે તરત પૂછવામાં આવે, ‘અરે વાહ, સારા સમાચાર છે?’ હવે એનાં વજન વધવાનું કારણ થાઇરોઇડ જેવી કોઇ બીમારી પણ હોઇ શકે, માટે કોઇ અપરિચિત સ્ત્રીને પૂછવું કે ‘હવે બાળકનું પ્લાનિંગ ક્યારે? પછી મોડું થઇ જશે, હોં?’ એ પારકી પંચાત છે. એને ‘બાળક થવાનું’ કે ‘ન થવાનું કારણ’ પૂછવાનું કારણ શું છે? કોઇને હક શું?

**ઇંટરવલ:**
**કિસી કો અપને અમલ કા જવાબ ક્યા દેતે?**
**સવાલ સારે ગલત થે, જવાબ ક્યા દેતે?**
**(મુનીર નિયાઝી)**




દરેક સવાલ, દોધારી તલવાર હોય છે. વળી કમનસીબે, વાતે વાતે સવાલ પૂછનારાં સૌના સવાલો, સત્તા કે સરકાર સામે સુન્ન થઇ જાય છે.

કોઇનાં સંતાને ૧૦માં-૧૨માંની પરીક્ષા આપી હોય ત્યારે તો જાણે ડૉક્ટરે’ સવાલ પૂછવાનું પ્રિસ્ક્રિપ્શન’ આપ્યું હોય એમ લોકો ધરાર પૂછશે, ‘કેટલા ટકા આવ્યા?’ જો ઓછા ટકા આવ્યા હોય તો બિચારા મા-બાપની હાલત, પગનાં અંગૂઠાથી ધરતી ખોતરી ખોતરીને એમાં સમાઇ જવા જેવી થશે. ઇન શોર્ટ, વ્યક્તિગત પ્રશ્નો પૂછતાં પહેલાં, ‘સામેની વ્યક્તિ પર શું અસર પડશે?’-એ એક ક્ષણ વિચારો, અથવા ‘આવા જ સવાલો તમને પૂછાશે તો કેવું લાગી આવશે?’ એ સવાલ ખુદને કરો.

‘મેરા નામ જોકર’ નામની મહાત્ત્વાકાંક્ષી ફિલ્મ, નિર્માતા-નિર્દેશક-અભિનેતા રાજ કપૂરની દુ:ખતી નસ હતી કારણ કે એ સુપર-ફ્લોપ થયેલી ને જેને કારણે એમનો આર.કે. સ્ટુડિયો ગીરવી મુકાયેલો. પછી રાજજીએ ‘બોબી’ જેવી કમર્શિયલ પણ હિટ ફિલ્મ બનાવી ત્યારે છૂછીબાજ લોકો જાણી કરીને એમને પૂછતા: ‘આપ કી’ જોકર’ ચલી નહીં ઔર ‘બોબી’, હિટ હો ગઇ, આપ કો કૈસા લગતા હોગા ના?’

ત્યારે એકવાર રાજ કપૂરે ગુસ્સામાં કહેલું ‘લિખ કે દૂં કિ ‘ચાલુ’ ચીઝ બનાઇ વો ચલ ગઇ, જિસે દિલ સે બનાઇ, વો નહીં ચલી! અબ ખુશ?’

તમે કોઇને સ્મિત ભલે ના આપી શકો, પણ સવાલ કોઇને સળગાવી ના મૂકે એટલી શાલીનતા રાખવી. કોઇ મા-બાપને ‘લ્યો, હાય હાય..તમારી દીકરી હજી યે પરણી નથી?’, એવું પૂછીને પ્લીઝ અકળાવશો નહીં..કે પછી કોઇને ‘અરેરે, શરીર પર આ ડાઘ શેનો છે?’ કે પછી ‘અચાનક કેમ વજન ઉતરી ગયું?’ આવું ના પૂછવું કારણ કે કોણ જાણે એ વ્યક્તિ કઇ બીમારી કે દારૂણ દર્દનું રહસ્ય લઇને પીડાતી હશે, કોને ખબર?

એકવાર સ્ટાર-ગીતકાર આનંદ બક્ષીને કોઇએ પૂછેલું, ‘સારે ગાને આપ હી લિખતે હૈ કી કિસી સે લિખવાતે હો?’

બક્ષીએ કંટાળીને કહ્યું, ‘ક્યા કહું? મેરા હી ગાના હૈ: ‘કુછ તો લોગ કહેંગે’ અરે, મેરા તો દૂધવાલા ભી કહેતા હૈ ફલાં ફલાં ગાના, મૈંને હી બક્ષીકો બેચા હૈ! કબ તક સવાલોં કા જવાબ દેતા રહૂંગા?’ પછી એમણે સવાલોના જવાબ રૂપે ગીત પણ લખેલું: ‘મૈં શાયર તો નહીં...’

આપણાં ૧૦૮ ઉપનિષદોમાં એક છે: ‘પ્રશ્ન-ઉપનિષદ’. પ્રશ્ન પૂછવા કે ‘શાસ્ત્રાર્થ’ કે ડિબેટનો આપણો લાંબો ઇતિહાસ છે. પં.મંડન મિશ્ર અને શંકરાચાર્ય વચ્ચે અદ્ભુત આધ્યાત્મિક શાસ્ત્રાર્થ થયેલો. અગાઉ વિદ્વાનો, બીજે ગામ જતા ત્યારે લોકોને હોંશભેર કહેતા,‘અમે તો ‘શાસ્ત્રાર્થ’ કે ચર્ચા કરવા જઇએ છીએ.’

‘ચર્ચાનો મુદ્દો શું છે?’

‘અરે, મુદ્દો તો ત્યાં જઇને કોઇને કોઇ મળી જ રહેશેને? મજા તો સામસામે સવાલો, દલીલો અને શાસ્ત્રાર્થની છેને!’

પ્રશ્નો, પ્રતિ-પ્રશ્નો, દાવા-દલીલોનાં મંથનમાંથી મળતું માખણ જેવું જ્ઞાન, આપણું કલ્ચર છે. કુરૂક્ષેત્રમાં કન્ફ્યુઝ્ડ અર્જુન, સાક્ષાત્ શ્રીકૃષ્ણને પણ સવાલો પૂછી શકે છે. તો વળી ‘યોગ-વશિષ્ઠ’ માં ખુદ ભગવાન રામ, વશિષ્ઠ ઋષિને પ્રશ્નો પૂછે છે. સવાલો તો આપણાં સમાજ કે દેશની મહાન પરંપરા છે.

-તો ઓફકોર્સ, સવાલો પૂછો મગર પ્યાર સે.

**એંડ-ટાઇટલ્સ:**
**આદમ: એક સવાલ પૂછું?**
**ઈવ: આ ૧ તો પૂછી લીધોને?** ■

વિશેષ

feedback@bombaysamachar.com

# વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સાસણગીર ખાતે જંગલ સફારીની મુલાકાત

## પ્રવાસીઓની સંખ્યામાં ૧૮ ટકાથી વધુનો ઉછાળો










વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૧ થી ૩ માર્ચ, ૨૦૨૫ દરમિયાન ગુજરાતના પ્રવાસે હતા. તેમના આ પ્રવાસના છેલ્લા દિવસે એટલે કે ૩ માર્ચ, ૨૦૨૫ ના રોજ તેઓએ સાસણગીર સ્થિત જંગલ સફારી ખાતે 'વિશ્વ વન્યજીવ દિવસ'ની ઉજવણી કરી હતી. તેમણે ગીર અભયારણ્યમાં સિંહ દર્શનનો આનંદ માણ્યો હતો તેમજ ઓપન જીપમાં સવાર થઈને કેમેરાથી સિંહોના ફોટા પણ પાડ્યા હતા. વડા પ્રધાનશ્રીની આ મુલાકાત પછી સાસણગીર જંગલ સફારીમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે કે, વડા પ્રધાનશ્રીની મુલાકાત પહેલાના ૨૦ દિવસમાં ગીરમાં પ્રવાસીઓની સંખ્યા ૪૯,૬૮૧ હતી, જે તેઓની મુલાકાત પછીના ૨૦ દિવસમાં વધીને ૫૯,૦૦૯ થઈ ગઈ છે, જે પ્રવાસીઓની સંખ્યામાં ૧૮.૮% નો વધારો દર્શાવે છે.

વડા પ્રધાનશ્રીની ગીર જંગલ સફારીની મુલાકાતના પગલે પોરબંદર જિલ્લામાં સ્થિત બરડા વન્યજીવ અભયારણ્ય, જે એશિયાઇ સિંહોનું બીજું નિવાસસ્થાન કહેવાય છે, તેમાં પણ હવે પ્રવાસીઓનો રસ જાગૃત થયો છે. તેના કારણે, ફેબ્રુઆરી, ૨૦૨૫ની સરખામણીએ માર્ચ, ૨૦૨૫માં બરડા સફારીની મુલાકાત લેનારા પ્રવાસીઓની સંખ્યા બમણી થઈ છે. ફેબ્રુઆરી મહિના દરમિયાન બરડા સફારીની મુલાકાતે ૧૦૮ પ્રવાસીઓ આવ્યા હતા, જેની સામે માર્ચ મહિનામાં ૨૧૫ પ્રવાસીઓએ બરડા સફારીની મુલાકાત લીધી છે.

**બરડા વન્યજીવ અભયારણ્ય બન્યું એશિયાઇ સિંહોનું બીજું નિવાસસ્થાન**

અત્યાર સુધી જૂનાગઢ સ્થિત ગીર અભયારણ્ય એશિયાઇ સિંહોનું એકમાત્ર નિવાસસ્થાન હતું. પોરબંદર જિલ્લામાં આવેલું બરડા વન્યજીવ અભયારણ્ય ગીર સંરક્ષિત વિસ્તાર સાથે આવાસસ્થાનો, ભૌગોલિક ક્ષેત્ર અને ભૂમિપ્રદેશની દ્રષ્ટિએ ખૂબ જ સમાનતા ધરાવે છે. બરડા અભયારણ્ય સિંહ જનીનપૂલના સંરક્ષણ માટે ખૂબ જ મહત્ત્વનું સ્થળ છે. ઐતિહાસિક રીતે તે સિંહોના નિવાસસ્થાન તરીકે જાણીતું હતું. બરડા અભયારણ્યમાં સિંહોનું જૂથ છેલ્લે ૧૮૭૯માં જોવા મળ્યું હતું, પરંતુ પછીથી આ વિસ્તારમાં સિંહો લુપ્ત થયા હતા.

સિંહોને તેમના ઐતિહાસિક રહેઠાણોમાં પુનઃસ્થાપિત કરવા માટે ગુજરાત વન વિભાગે બરડા વન્યજીવ અભયારણ્યમાં આહારશ્રૃંખલાના પાયાને પુનઃસ્થાપિત કરવાનો કાર્યક્રમ શરૂ કર્યો. આ કાર્યક્રમ ચિતલ અને સાબરના સંવર્ધન અને પુનઃસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે સિંહો માટે જરૂરી શિકાર પ્રજાતિઓ છે. આ સંરક્ષણ પ્રયાસોને ૧૯ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ મોટી સફળતા મળી, જ્યારે બરડા વન્યજીવ અભયારણ્યમાં એક નર એશિયાઇ સિંહની હિલચાલ નોંધવામાં આવી. સિંહો એક સદી પછી તેમના ઐતિહાસિક નિવાસસ્થાનમાં પાછા ફર્યા. બરડા સ્થિત અભયારણ્યમાં ૮ સિંહોની વસ્તી સ્થાયી થયા પછી તેને સિંહોના 'સેકન્ડ હોમ' એટલે કે બીજા નિવાસસ્થાન તરીકે વિકસિત કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં, બરડા વન્યજીવ અભયારણ્યમાં એશિયાઇ સિંહોના કુદરતી ફેલાવા અને સફળ સંવર્ધનને કારણે, બરડા આજે સિંહોના બીજા નિવાસસ્થાન તરીકે ઊભરી આવ્યું છે. આજે બરડા વન્યજીવ અભયારણ્યમાં ૧૭ સિંહો વસવાટ કરે છે, જેમાં ૧ નર, ૫ માદા સિંહ અને ૧૧ બાળસિંહ છે.

**ગીરમાં ઇકો-ટૂરિઝમને પ્રોત્સાહન**

વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યપ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન ગીરના સિંહોના વિસ્તારમાં ઇકો-ટુરિઝમને પ્રોત્સાહન આપ્યું હતું. આ જ સમયગાળા દરમિયાન ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા 'ખૂશ્બૂ ગુજરાત કી' કેમ્પેઇન શરૂ કરવામાં આવ્યું હતું. આ કેમ્પેઇને મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષિત કર્યા. ભારતભરના પ્રવાસીઓની સાથે અન્ય દેશોના પ્રવાસીઓને પણ આમંત્રિત કરીને ગીરના સંરક્ષિત ક્ષેત્રની વિઝિબિલિટીમાં વધારો કરવામાં આવ્યો, જેનાથી ગીર વૈશ્વિક પ્રવાસન નકશા પર આવી ગયું.

ગીરમાં ઇકો-ટુરિઝમના વિકાસે વન્યજીવ સંરક્ષણમાં જ યોગદાન નથી આપ્યું, પરંતુ હજારો સ્થાનિક રહેવાસીઓની આવકમાં પણ હકારાત્મક પરિવર્તન આણ્યું છે, જેનાથી આ વિસ્તારના ટકાઉ વિકાસને પ્રોત્સાહન મળ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૩૩,૧૫,૬૩૭ પ્રવાસીઓએ ગીર સંરક્ષિત વિસ્તારની મુલાકાત લીધી છે. ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# કલા, આધ્યાત્મ ને સંસ્કૃતિનો અદ્ભુત સમન્વય એટલે મોઢેરાનું સૂર્યમંદિર



**માનવીએ** પોતાના આધ્યાત્મિક ખેડાણની શરૂઆત કરી ત્યારથી સૂર્યપૂજાના સંસ્કાર મેળવ્યા છે. ભારત અને સમગ્ર વિશ્વમાં કોઈને કોઈ ભાગમાં પ્રાચીનકાળથી માંડી ને આજ દિન સુધી સૂર્યપૂજાનો સાક્ષી માનવ સમાજ રહ્યો છે. પ્રત્યક્ષ દેવ તરીકે સૂર્યપૂજા સિંધુ સંસ્કૃતિ અને વૈદિક કાળથી થતી આવી છે. અનંત ઊર્જાના સ્ત્રોત એવા સૂર્યદેવ દરેક માટે વંદનીય છે. આજે પણ આપણામાં સૂર્યદેવને જળ અપર્ણ કરી વંદન કરવાનો રિવાજ છે. પૃથ્વી પરના તમામ જીવંત તત્ત્વો માટે સૂર્ય ઊર્જા કેટલી આવશ્યક છે તે આપણે સૌ જાણીએ જ છીએ. માનવના શારીરિક અને માનસિક શાંતિ સાથે પણ સૂર્યઊર્જા જોડાયેલી છે તેથી સૂર્યનમસ્કાર અને આધુનિક સનબાથ જેવી ક્રિયાઓ આપણી જીવનશૈલીનો એક ભાગ છે.

સૂર્યપૂજાના આ સંસ્કારના પ્રતિબિંબ સમાન ભારતના મુખ્ય ત્રણ સૂર્ય મંદિરો પૈકીનાં એક મંદિરનું આજે આપણે સાંનિધ્ય માણીશું. ભારતમાં સૂર્યદેવના મુખ્ય ત્રણ પ્રાચીન મંદિરો આવેલાં છે. જેમાં કાશ્મીરમાં આવેલ માર્તંડ સૂર્યમંદિર , ઓડીસાનું કોણાર્ક સૂર્યમંદિર અને ગુજરાતમાં આવેલું મોઢેરાનું સૂર્યમંદિરનો સમાવેશ થાય છે. સોલંકી વંશના રાજા ભીમદેવ પહેલા દ્વારા આ મંદિરનું નિર્માણ કરાવવામાં આવ્યું હતું. એવું કહેવાય છે કે મોહમદ ગઝનીના આક્રમણ દરમિયાન વીરગતિ પામેલા શહીદો માટે વિરાંજલી રૂપથી બાંધવામાં આવ્યું હતું.

મોઢેરાનાં સૂર્યમંદિરની સ્થાપત્ય શૈલી મારુ ગુર્જર શૈલી છે જે નાગર શૈલીનો એક પ્રકાર છે. ઈસવીસન ૧૦૨૬ દરમિયાન પુષ્પાવતી નદીના કાંઠે ભીમદેવ પ્રથમ દ્વારા આ મંદિરનું નિર્માણ થયું હતું. જે હાલ મહેસાણા જિલ્લામાં આવેલું છે. મોઢેરા એ સૂર્યઊર્જાનો ઉપયોગ કરવા બાબતે પણ સમગ્ર વિશ્વમાં અનુકરણીય છે. આજે મોઢેરા ભારતનું પ્રથમ ૧૦૦% સૌર ઊર્જાથી સંચાલિત ગામ બન્યું છે. જે ખૂબ જ સરાહનીય છે. મંદિરના સ્થાપત્યની દ્રષ્ટિએ ઉત્કૃષ્ટ ગણના પામ્યું છે.

નાગર શૈલીનાં મંદિરો જેમ આ મંદિરનું બાંધકામ જગતિ (ઊંચા ઓટલા જેવું બાંધકામ) પર થયેલું છે. મંદિરના મુખ્ય ત્રણ ભાગ છે જેમાં ગર્ભગૃહ, સભામંડપ અને સૂર્ય કુંડનો સમાવેશ થાય છે. પૂર્વાભિમુખ આ મંદિરનું બાંધકામ એવી રીતે કરવામાં આવ્યું છે કે વર્ષના એ દિવસો કે જેમાં દિવસ અને રાતની લંબાઈ સમાન હોય છે તેમજ સૌથી લાંબા દિવસ દરમિયાન અહીં ગર્ભગૃહમાં આવેલી મૂર્તિ સુધી સૂર્યનાં કિરણો પહોંચે છે અને તે સ્થાન ચોક્કસ ૯૦ં પૂર્વમાં આવેલું છે. સાંભળીને જ અચરજ પમાઈ કે કેટલી ચોક્કસાઈથી બાંધકામ કરવામાં આવ્યું હશે જેથી પ્રતિમા સુધી સૂર્યકિરણો પહોંચી શકે અને આ જ દિવસો દરમિયાન સૂર્ય જ્યારે મધ્યાહ્ન પર હોય ત્યારે મંદિરનો પડછાયો જમીન પર નથી પડતો! છે ને અદભુત. મંદિરના ગર્ભગૃહ અને સભામંડપ એક સાથે જોડાયેલા નથી તેમની મધ્યમાં અંતરાલ છે. ગર્ભગૃહમાં બાર મહિનાના પ્રતીક રૂપે બાર સ્તંભો છે જેમાં જીવનના દરેક પાસાને આવરી લેતા શિલ્પો કંડારવામાં આવ્યાં છે. ધર્મ, અર્થ ,કામ અને મોક્ષ દરેકને અહીં અંકિત કરવામાં આવ્યા છે.

મંદિરનો બીજો મુખ્ય ભાગ એટલે સભામંડપ અથવા તો રંગ મંડપ. જે બાવન સ્તંભો ધરાવે છે જે દરેક પર રામાયણ અને મહાભારતના કથાનકો કંડારવામાં આવ્યો છે. દરેક શિલ્પો એટલા સુંદર અને બારીક કોતરણી વાળા છે કે શિલ્પકારને દાદ આપવાનું મન થઈ જાય. એ જોઈને એવો વિચાર આવે કે આ શિલ્પીઓ એ પથ્થરોને પણ બોલતા કરી દેવાની કળા આત્મસાત કરી છે. સ્ટોરી ટેલિંગ શીખવું હોય તો એકવાર આવા સ્થાપત્યોને જરૂરથી ઝીણવટ પૂર્વક નિહાળવા જોઈએ. સાથે સાથે એ સવાલ પણ થાય કે આ કારીગરોએ પોતાને કેવી રીતે ઘડ્યા હશે, આ કલા કેટલો સમય લઇને શીખી હશે, કેટલો સમય લાગ્યો હશે તેને આ એક શિલ્પ બનાવતા? કદાચ એણે એવો વિચાર પણ નહીં કર્યો હોય કે એનું કામ સદીઓ પછી પણ એની કલાની હયાતી પૂરશે. સભા મંડપમાં મુખ્ય ચાર પ્રવેશદ્વાર છે જેમાં ચારે દિશા તરફથી પ્રવેશી શકાય એવી રચના કરવામાં આવી છે. તેમજ રંગ મંડપના સ્તંભો પણ એવી રીતે ગોઠવવામાં આવ્યાં છે કે ક્લાસિકલ ડાન્સનું સ્ટેજ બની શકે કારણકે આપણાં બધાં શાસ્ત્રીય નૃત્યોનું ઉદગમ સ્થાન તો દેવ મંદિર જ છે.

મંદિરનો ત્રીજા ભાગ એટલે સૂર્યકુંડ અથવા તો રામકુંડ. એવી પણ લોકવાયકા છે કે રાવણ વધ બાદ શ્રી રામ ગુરુદેવ વશિષ્ઠની આજ્ઞાથી આત્મશુદ્ધિ અને બ્રહ્મહત્યાનું પાપ ધોવા અહીં આવેલા હતા. અહીં વિશાળ કુંડની આસપાસ એક સો આઠ નાનાં મંદિરો બનાવવામાં આવ્યાં છે. તેમજ કુંડમાં ઊતરવા માટે ચારે બાજુ આકર્ષક પગથિયાંઓ બનાવવામાં આવ્યા છે. સામાન્ય રીતે નાગરશૈલીના મંદિરોમાં જે ઉત્તર ભારતમાં છે તેમાં કુંડ સ્થાપત્યો નથી જોવા મળતા, પરંતુ ચાલુક્ય શૈલી તેમાં અપવાદ રૂપ છે. મંદિરના બહારના ભાગમાં નાનું ખંડિત શિવ મંદિર પણ છે. સમગ્ર મંદિર પરિસદમાં બહાર અને અંદર બંને બાજુ નકશી કામ થયેલું છે. મુખ્ય મંદિરની બહારની બાજુ સૂર્યદેવનું એક શિલ્પ છે, જેમાં તેમના વાહનમાં સાત અશ્વો જે સાત દિવસના પ્રતીક છે તેમજ આસપાસ અન્ય બાર નાનાં શિલ્પો જે બાર મહિના સૂચવે. દરેક શિલ્પકૃતિને નિહાળીને એવું લાગે શરીરના અંગોનો આવો સચોટ સુંદર મરોડ આપી ઘડનારાનું નિરીક્ષણ કેવું હશે.


હાલમાં મંદિરમાં પૂજાનો નિષેધ છે. અલાઉદ્દીન ખીલજીએ અહીં આક્રમણ કરી મંદિરનો ઘણો ખરો ભાગ નષ્ટ કરેલો હતો અને મંદિરને ખંડિત બનાવી દીધું હતું. આજે પણ ઘણી મૂર્તિઓ, શિલ્પો ખંડિત અવસ્થામાં જોઈ શકાય છે. હાલમાં આ મંદિર ભારતીય પુરાતત્વ વિભાગ હેઠળ આવતું રાષ્ટ્રીય ધરોહર તરીકે મહત્ત્વનું સ્મારક જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાત સરકાર દ્વારા અહીં દર વર્ષે ઉત્તરાયણ પછી ઉત્તરાર્ધ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવે છે, જેમાં કલાકારો દ્વારા વિવિધ શાસ્ત્રીય નૃત્યોનું પ્રદર્શન કરવામાં આવે છે જેથી આપણો વારસો પણ જળવાઈ રહે અને લોકો સુધી પહોંચી પણ શકે. હાલમાં અહીં રાત્રે લાઈટ શોનું પણ આયોજન થાય છે વિવિધ રંગોના પ્રકાશથી રાત્રી દરમિયાન મંદિર ખૂબ મનોરમ્ય લાગે છે. રંગોથી મંદિર ઝગમગી ઊઠે છે. અહીં સાઈટની પાસે જ મોટો ગાર્ડન છે સરસ ગ્રીન લોન છે, વૃક્ષો છે પરિવાર અને મિત્રો સાથે જઈને નાની પિકનિક જરૂરથી પ્લાન કરી શકાય જેથી કંઈક નવું જાણવા અને શીખવા ચોક્કસથી મળશે.

ઘણી જગ્યાએ આપણે જોયું હશે કે લોકો આવાં સ્મારકો પર બેજવાબદારી દેખાડે છે. કચરો ફેકવો, દીવાલો પર લખવું, પ્રતિબંધિત હોય તેવી જગ્યા કે વસ્તુઓને અડવું વગેરે. પણ દરેકે એક જાગૃત નાગરિક તરીકે પોતાના સમૃદ્ધ સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વારસાના રક્ષણ કરવાની ફરજ અદા કરવી જોઈએ અને પોતાનાં બાળકોમાં અત્યારથી જ એ ભાવના કેળવવી જોઈએ.■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# દુનિયાનું પ્રથમ ફ્યુચર સિટી: અસાધારણ ને અતુલ્ય



એક સમયે એવી કલ્પના હતી કે, રસોડાંમાં લોટ બાંધવાથી લઈને કપડાં ધોવા સુધીની તમામ ક્રિયા માત્ર એક સ્વિચ પ્રેસ કરતા જ પૂરી થઈ જશે. આજે આ હકીકત છે. લોટ બાંધવા માટે મશીન છે, જમવાનું પીરસવા માટે રોબોટ છે અને કપડાં ધોવા માટે વોશિંગ મશીન છે. ટેકનોલોજીનું ભાવિ કેવું હશે એ તો સ્પષ્ટ કરવું કઠિન છે, પણ ટેકનોલોજીની મદદથી એક આખું શહેર તૈયાર થાય એવું કોઈ કહે તો?

અહીં મશીનની વાત નથી, પણ તમામ વસ્તુ ડિજિટાઈઝ હોય, ઓનલાઈન હોય અને રિમોટ-રોબોટથી કંટ્રોલ થતી હોય તો?

આની માત્ર કલ્પનાથી ચોંકી જવાય છે, પણ હકીકતમાં આવું સિટી આકાર લઈ ચૂક્યું છે. આ સિટીનું નિર્માણ મોટર કાર બનાવતી કંપની 'ટોયોટા' એ કર્યું છે. નામ છે 'વુવેન સિટી.'

આ નામ પરથી કોઈ ચીનની નગરી હોય એવું લાગે, પણ હકીકત એ છે કે, ચીનની ટેકનોલોજીને પણ ટક્કર મારે એવી ટેકનોલોજી અહીં તૈયાર કરવામાં આવી છે.

આ કોઈ અંડર કંસ્ટ્રક્શન સાઈટની વાત નથી. અહીં દેશ-વિદેશમાંથી ૧૫૦૦ લોકો આવીને વસે એ માટે પ્રમોશન શરૂ કરવામાં આવ્યું છે. સ્માર્ટ ટીવી, વૉચ અને ફોનથી આગળ કલ્પના પણ ન થતી હોય તો અહીં ૧૫૦૦થી વધારે સ્માર્ટ હોમ્સ છે. આશ્ચર્ય એ થાય કે, એમાં વળી શું નવું છે?

નવી વસ્તુ એ છે કે, સમગ્ર ઘર સોલાર બેઝ છે, પણ ઘરમાંથી કે રૂમમાંથી બહાર નીકળતી વખતે લાઈટ-પંખાની સ્વિચ બંધ કરવાની જરૂર નહીં પડે. સમગ્ર ઘરમાં હેન (HAN) 'હ્યુમન અરેના' નેટવર્ક છે. એટલે કે માણસ જે તે રૂમમાંથી નીકળી જાય તો સેન્સર ચેક કરે અને ઓટોમેટિક સ્વિચ બંધ થઈ જાય. દુનિયાભરના ટેક્નોક્રેટ અને ઈનોવેશન કરનારા લોકોને આ સિટી આવકારે છે. આ માટે સિટીમાં એક કોમનલેબ પણ તૈયાર કરવામાં આવી છે. 'ટોયોટા' કંપનીના ૧૦૦ કર્મચારીએ અહીં સ્થાયી થવા માટે કરાર કરી લીધા છે.

માત્ર પરિવાર જ નહીં, પોતાના પાળીતા પશુઓ સાથે પણ અહીંયા રોકાઈ શકો છો. જ્યારે કોઈ વીવીઆઈપી કે મોટી હસ્તી આપણે ત્યાં આવે ત્યારે સુરક્ષા હેતુ સિક્યોરિટી કોન્વોય કે પોલીસ એસ્કોર્ટ મળે છે, પણ અહીં પહેલી વખત આવતા દરેક પરિવારને મળે છે ડ્રોન એસ્કોર્ટ સર્વિસ. એ પણ તમારા મોબાઈલમાં એના વ્યૂ સાથે..

આ છે ખાસ વાત આ શહેરની. મોડી રાત્રે એકલા હો ત્યારે એક એપ્લિકેશન એક્ટિવ કરો એટલે સિક્રેટ ડ્રોનની ફૌજ ઊતરશે સુરક્ષા માટે, જે તમારા મોબાઈલ ડિવાઈસને ટ્રેક કરીને આગળ ચાલશે અને જોખમ હશે ત્યાં અટકાવશે. એ પછી આવે છે ટેકડોગ. ઘુસણખોર આવ્યા હશે ત્યારે સીધા જ બટાલિયનને ઊતારવા કરતાં પહેલાં આવા ટેકડોગ ચોક્કસ લોકેશન અને ગ્રાફિક્સ પોઝિશન બતાવશે. સરનામું માત્ર કારની સામે બોલશો એટલે કારનો દરવાજો ખૂલશે અને ઓટોમેટિક ડ્રાઈવરલેસ કાર, જે તે સરનામે પહોંચાડશે. આ ટેક્સી પહેલેથી બુક હશે તો દરવાજો ખૂલશે જ નહીં. ત્રણવાર વોઈસકોલ જાણ્યા બાદ ઓટોમેટિક એપમાંથી જ વસ્તુ કેન્સલ થયાનો મેસેજ આવશે.

એક શહેરમાંથી બીજા સામાન્ય શહેરમાં જવા માટે અહીં ફ્લાઈંગ ટેક્સી છે. એમાં એકસાથે ચાર વ્યક્તિ બેસીને જે તે લોકેશન પર જઈ શકે છે. એમાં પણ કોઈ પાયલટ નથી. બુકિંગ કરતી વખતે પૈસા આપવાના અને લોકેશન પર ડ્રોપ કર્યા બાદ ઓટોમેટિક તે પોતાનો રસ્તો શોધી ચોક્કસ પોઈન્ટ પર પહોંચશે.

આટલું આધુનિક શહેર હોય અને AI ન હોય એવું તે કેમ બને? આખું આર્કિટેક્ટ અને સિવિલ એન્જિનિયરિંગ AIના ગાઈડ પર આધારિત છે. હા, તૈયાર કરવામાં માણસનું જ દિમાગ છે. મશીન માણસથી મોટું નથી. ૩૦૦ રોબો ટેક્સી ઑપરેટ થઈ શકે એવું સક્ષમ કંટ્રોલ સેન્ટર તૈયાર થઈ રહ્યું છે. આ કામ હજુ ચાલુ છે.

હજુ તો અહીં દુનિયાનો સૌથી મોટો કાર રેસિંગ ટ્રેક તૈયાર થઈ રહ્યો છે. હવે આ સિટી કોઈ મોટો રેકોર્ડ બનાવશે એ તો નક્કી છે. જો બધુ યોગ્ય રહ્યું તો આ સિટી દુબઈમાં તૈયાર થઈ રહેલા લાઈનસિટીને ટક્કર મારશે એ નક્કી છે.

આ શહેરમાં જોબ કરવા માટે, રહેવા માટે અને મજા કરવા માટે એમ ત્રણ અલગ અલગ સાઈટ તૈયાર કરવામાં આવી છે. કંપનીએ તો એવી પણ ઓફર મૂકી છે કે, આ સિટીને તૈયાર કરવામાં જો કોઈ વ્યક્તિ પાસે એવો કોઈ યુનિક આઈડિયા હોય તો આ શહેરમાં એને તમામ સગવડ સાથે તે આવકારશે. માત્ર આઈડિયા જ નહીં, કોઈ પ્રોડક્શન કરવું હશે તો પણ પ્લેસ અને પૈસા બન્ને આપશે. શરત માત્ર એટલી કે વસ્તુ યુનિક હોવી જોઈએ. જે દુનિયાએ અગાઉ ક્યારેય ન જોઈ હોય. માત્ર ફ્લેટ જ નહીં, ટેનામેન્ટ, બંગલો, સાસોયટી અને વિલા સુધીની સગવડ છે. ૫૦ હજાર લોકો માત્ર એક જ એરિયામાં સમાઈ શકે એટલી વિશાળતા છે. સ્માર્ટહોમનું ઉદાહરણ આપતા રિપોર્ટ એવું કહે છે કે, આખું ઘર કાચનું હશે પણ બાંધણી સિમેન્ટ કોંક્રિટની હશે. છતાં ઉનાળામાં તાપ નહીં લાગે.

**નોંધી લો આ સિટીનું સરનામું :**

બેઝ ઓફ માઉન્ટ ફિજી, જાપાન ■


**આઉટ ઓફ બોક્સ**

*ચીનની ઈહાંગ કંપનીએ પહેલી ઉડતી ટેક્સી બનાવી, પણ ફ્લાઈંગ રેન્જ અને બીજા માપદંડને કારણે સર્વસ્વીકૃતિ મળવામાં મતમતાંતર છે.*

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# પડવોઃ પખવાડિયાનો પ્રથમ દિવસ



આજે ચૈત્ર સુદ એકમ. કહેવા માટે મરાઠી નવા નર્ષનો પ્રથમ દિવસ - ગૂડી પડવો છે. એવી દંતકથા પ્રચલિત છે કે પ્રભુ શ્રી રામચંદ્ર વનવાસ ભોગવી, લંકાપતિ રાવણનો વધ કરી વિજય મેળવી જે દિવસે અયોધ્યા પાછા ફર્યા એ દિવસે ચૈત્ર સુદ એકમ હતી. શ્રી રામના વિજયાગમનને વધાવવા અયોધ્યા નગરીના લોકોએ ઘેર- ઘેર ગૂડી, તોરણો બાંધી પોતાની લાગણી વ્યક્ત કરી હતી. આ મહત્ત્વની જાળવણી કરી ચૈત્ર સુદ એકમે (પડવો) આ તહેવાર દર વર્ષે ઉમંગ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવે છે. ગૂડી પડવાને **'વર્ષ પ્રતિપદા' તરીકે પણ ઓળખવામાં આવે છે.** ભગવદ્ગોમંડળ અનુસાર **પ્રતિપદા એટલે એકમ તિથિ, પખવાડિયાનો પહેલો દિવસ, પડવો.** ચંદ્ર સૂર્યની નજદીક આવી તરત જ પૂર્વ તરફ જવા માંડે એટલે પ્રતિપદા તિથિનો આરંભ થાય. નવી બાબતનો પ્રારંભ કરવા માટે શુભ દિવસ જ પસંદ કરવાનો આગ્રહ રાખવામાં આવે છે. આ દ્રષ્ટિકોણથી વર્ષના કેટલાક દિવસો વણજોયા મુહૂર્ત તરીકે ઓળખાય છે જે સાડા ત્રણ મુહૂર્ત જાણીતા છે. ગુડી પડવાનો દિવસ આ સાડાત્રણ મુહૂર્ત પૈકી એક છે. આ **સાડાત્રણ મુહૂર્તમાં અક્ષય તૃતીયા (અથવા અખાત્રીજ) - વૈશાખ સુદ એકમ, આખો દિવસ, ગૂડી પડવો - ચૈત્ર સુદ એકમ, આખો દિવસ, દશેરા - આસો સુદ દસમ, આખો દિવસ અને નૂતન વર્ષ - કારતક સુદ એકમ, અડધો દિવસનો સમાવેશ થાય છે.** અનેક લોકો ચૈત્ર સુદ એકમના દિવસની શરૂઆત કડવા લીમડાનાં પાન ખાવાથી કરે છે. આ પ્રથા પડવાનું કારણ એ છે કે આ સમયની આસપાસ જ કડવા લીમડાને નવા પાન ફૂટેલા હોય છે. તેના કૂમળા પાન લઇ તેમાં સાકર, જીરું, સ્વાદ પૂરતું મીઠું અને લીંબુ નાંખી તેને વાટી આરોગવામાં આવે છે. આયુર્વેદમાં જણાવ્યા પ્રમાણે કડવો લીમડો અત્યંત આરોગ્યપ્રદ અને કીટનાશક છે. એક જૂનો રૂઢિપ્રયોગ છે જે આજની તારીખમાં અપ્રસ્તુત લાગી શકે છે. **લીમડે લટકવું એટલે અવગતિ થવી.** માબાપની પાછળ ઉત્તર ક્રિયા ન કરવામાં આવે ત્યારે તેનાં માબાપ તો લીમડે લટકે છે એવું અસલના વખતમાં કહેવાતું હતું. અલબત્ત વિજ્ઞાનના વિસ્તાર સાથે આ કહેવત હવે કાળબાહ્ય બની ગઈ છે.

ENગ્લિશ વિંGLISH

## MEANING CHANGE




ભાષા સતત બદલાતી રહે છે. શબ્દના અર્થમાં પણ સમય સાથે ફેરફાર થતા રહે છે. અંગ્રેજીમાં એવા ઘણા શબ્દો છે જેના અગાઉના અર્થ જાણીએ તો મોઢું આશ્ચર્યથી પહોળું થયા વિના ન રહે. ઉદાહરણ જાણવાથી વાત સ્પષ્ટ થશે. Everyone is familiar with word NICE. It means Pleasant, Enjoyable or Attractive. અંગ્રેજી શબ્દ નાઈસથી તો લગભગ બધા જ વાકેફ હશે. આ શબ્દના વિવિધ અર્થ સુખદ, આનંદદાયક કે આકર્ષક થાય છે. Tour of Switzerland was a NICE (pleasant) experience. સ્વિટ્ઝર્લેન્ડના પ્રવાસનો અનુભવ સુખદ રહ્યો. The afternoon spent at park was NICE (enjoyable). બપોરે પાર્કમાં બેસવાનો અનુભવ આનંદદાયક રહ્યો. Heroine looks NICE (attractive) in wedding gown. વેડિંગ ગાઉનમાં હિરોઈન આકર્ષક લાગે છે. When we know the original meaning of NICE, you will be flabbergasted. નાઈસ શબ્દનો મૂળ અર્થ જાણી તમે આશ્ચર્યચકિત થઈ જશો. When NICE came into English in the 14th century it meant FOOLISH. ૧૪મી સદીમાં નાઈસ શબ્દનો અર્થ મૂર્ખાઈભર્યું એવો થતો હતો, બોલો. Over seven hundred years it has changed its meaning from 'foolish' to 'shy', then to 'dainty', from there to 'delightful' and to our modern meaning of 'giving pleasure or satisfaction'. Some shift! ૭૦૦થી અધિક વર્ષ દરમિયાન આ શબ્દના અર્થએ કરવટ બદલી છે. મૂર્ખાઈભર્યુંથી શરૂઆત થઈ પછી શરમાળ એવો અર્થ ધારણ કર્યો. ત્યારબાદ નાનકડું પણ સુંદર એવો અર્થ થયો. એના પછી રમણીય અર્થ કરવામાં આવ્યો અને ૧૭મી સદી દરમિયાન આજે પ્રચલિત છે એ સુખદ, આનંદદાયક કે આકર્ષક અર્થ અસ્તિત્વમાં આવ્યા અને આજે પણ ટકી રહ્યા છે.

રાષ્ટ્ર ભાષા

## आहत - आहट

હિન્દીમાં એવા કેટલાક શબ્દો છે જેનો અંત્ય અક્ષર બદલવાથી અર્થમાં આસમાન જમીનનો ફરક આવી જાય છે. એના વપરાશમાં ચૂક અનર્થ સર્જી શકે છે. એક ઉદાહરણ છે **आहत - आहत. आहत का अर्थ होता है घायल, जख्मी।** આહત અને આહટ શબ્દમાં ફરક છે અંત્ય અક્ષરનો. આહતનો અર્થ થાય છે ઘાયલ અથવા જખ્મી. **उस युद्ध में ४00 सिपाही आहत हुए.** પેલા યુદ્ધમાં ૪૦૦ સિપાહી ઘાયલ થયા કે જખ્મી થયા. **आहत का अर्थ होता है किसी के आने-जाने, बात करने, हिलने-डुलने से उत्पन्न हुई मंद ध्वनि, पदचापा** કોઈની આવન જાવનથી કે હલવા - ડોલવાથી જે મંદ ધ્વનિ ઉત્પન્ન થાય એ આહટ કહેવાય છે. ગુજરાતીમાં એને માટે અત્યંત મીઠડો શબ્દ છે પગરવ. **हिंदी में पदचाप कहते है.** ઉમાશંકર જોશીની સરસ મજાની કવિતા છે કે પ્રભુ, તારો પગરવ જરી સુણાય, વનવનવિહંગના નાદે, મલયઅનિલના કોમલ સાદે. વિહંગ એટલે પક્ષી અને મલયઅનિલ એટલે પહાડ પરથી વહેતો પવન. આ બધા વિશિષ્ટ ધ્વનિમાં કવિને પ્રભુનો પગરવ સંભળાય છે. **आहट शब्द का बेहतरीन दर्शन कैफी आजमी के गीत की पंक्तियों में होता है.** કવિ અને ગીતકાર કૈફી આઝમીએ ફિલ્મ 'હકીકત' માટે લખેલા ગીતમાં આહટ શબ્દનું સુંદર દર્શન થાય છે. **जरा सी आहट होती है तो दिल सोचता है, कहीं ये वो तो नहीं, कहीं ये वो तो नहीं.** સહેજ અમથો કોઈના ચાલવાનો અવાજ (પગરવ) થયો અને મનમાં એવી લાગણી થઈ કે એ (પ્રિયતમ) આવ્યા લાગે છે. ત અને ટ અક્ષરનો કેવો તરખાટ.

સગ્ગી બહિણ

## म्हणी मागची कथा

કહેવત પાછળની કથા સમજણ અને જ્ઞાનનો વિસ્તાર કરે છે. **सुसर बाई तुझी पाठ किती मऊ** કહેવત પાછળ રહેલી કથાનો આસ્વાદ લઈએ. સુસર બાઈ એટલે માદા ઘડિયાલ (મગર વર્ગનું પ્રાણી જે મગરમચ્છ તરીકે પણ ઓળખાય છે). કથા અનુસાર એક શિયાળને નદી પાર કરી સામે કાંઠે જવું હતું, પણ તરતા નહોતું આવડતું. **एटले** પાણીમાં માદા ઘડિયાલ જોઈ કહ્યું કે 'મને સામે પાર લઈ જા તો ત્યાં સાચવી રાખેલી એક મજેદાર વસ્તુ ખાવા આપીશ'. ઘડિયાલ ભોળવાઈ ગઈ. તરત શિયાળને પીઠ પર બેસાડી સામે પાર જવા લાગી. પીઠ પર સવાર શિયાળે મધમીઠી ભાષામાં સ્તુતિ શરૂ કરી દીધી. કહેવા લાગ્યો કે 'મગરીબાઈ, તારી પીઠ કેવી? રૂની રજાઈ જેવી. તારી ચામડી કેવી? અત્યંત સુંવાળી. તારી આંખો કેવી? માખણના ગોળા જેવી. તારું નાક કેવું? નાજુક નમણી નાર જેવું.' આમ શિયાળે પોતાનો સ્વાર્થ સાધવા અતિશયોક્તિ કરી સાવ ખોટી પ્રશંસા માદા ઘડિયાલની કરી. હરખાતી ને પોરસાતી ઘડિયાલ ઝડપ કરી સામે કાંઠે પહોંચી ગઈ. કિનારે ઊતરતાંવેંત શિયાળ એક પળ રાહ જોયા વિના નાસી છૂટ્યું અને ઘડિયાલ મજેદાર વસ્તુ ખાવાથી વંચિત રહી ગઈ. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# રાજુ રદીએ વળી કઈ નવી ઝુંબેશ શરૂ કરી?




'ખોદી નાંખો ડીટિયું પણ બચવું ન જોઇએ.' રાજુ રદી અડધી રાત્રે બબડતો બબડતો મારા ઘરના દરવાજે ભટકાયો. 'ઓય મા' એમ બૂમ પાડી ઊઠ્યો. કપાળમાં ફૂટબોલ સાઇઝનું ઢીમણું ઊપસી આવ્યું. રાજુના હાથમાં ત્રિકમ, પાવડો અને તગારું પણ હતું. રાજુ સંપૂર્ણ તૈયારી સાથે જ આવેલો.

'રાજુ, મનરેગા યોજનામાં રાત્રે રોજગારી આપવાની ગેરંટી છે કે અડધી રાતે ખાડા ખોદવા નીકળી પડ્યો છે?'

'ગિરધરલાલ, માતની હાકલ પડી છે. યા હોમ કરીને ખોદી નાખો. દેશને કહો ઉઠાવે ત્રિકમ હવે તો ખોદકામ એ જ કલ્યાણ.' રાજુ ટેલિપ્રોમ્પટર સિવાય પણ સડસડાટ બોલી ગયો.

'રાજુ, જરૂર પડે તો બુલડોઝરનો ઉપયોગ કરજે.' મેં રાજુને કટાક્ષમાં કહ્યું.

'ગિરધરલાલ, તમે કયાંથી બોલો છો એની મને ખબર છે.'

રાજુને આ પહેલી વાર મારો કટાક્ષ સમજાયો.

'રાજુ, આ ખોદકામ કરવાનો આઇડિયા તારા દિમાગમાં ક્યાંથી આવ્યો? એક ખોદકામ જીવનને ઊંધેકાંધ નાંખી દે. ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવાની લાયમાં લોથલ બનાવી દીધું છે એ ઓછું છે?' મેં રાજુને તતડાવ્યો.

'ગિરધરલાલ, તમારા જેવા અકકલજીવી (મારી નજરે અકકલમઠા આદમી.)ઓએ દેશનો દાટ વાળ્યો છે.' રાજુ મારા પર ગુસ્સે ભરાયો.

'તું મારા પર કેમ અકળાયો છે?' મેં રાજુને પૂછ્યું.

'ગિરધરલાલ, તમને દેશની સમસ્યાઓ ગણવામાં રસ છે, પરંતુ, એક ગામડિયા માજીએ પહાડ કોતરીને ત્રીસ વરસે ગામ માટે રસ્તો કર્યો તેવું સાહસ કરવામાં તમને રસ નથી.' રાજુએ હડહડતો આક્ષેપ કર્યો.

'તો તારા ખોદકામથી દેશના સળગતા સવાલો- સમસ્યાનું નિરાકરણ આવી જશે?' મેં સાશંક સ્વરે રાજુને પૂછ્યુ.

'ઓફ કોર્સ. પહેલે ખોદકામ કરો ઔર વિશ્વાસ કરો.' એક જાણીતા ડિટરજન્ટ પાવડરનું સ્લોગન બદલીને રાજુ બોલ્યો.

'રાજુ, ખોદ્યો ડુંગર અને નીકળ્યો ઉંદર જેવી હાસ્યાસ્પદ પરિસ્થિતિ નહીં થાય ને?' હું ઉંદરની જેમ ફૂંકી ફૂંકીને સવાલ કરતો હતો.

'ગિરધરલાલ, આવું નહીં થાય. રાજુ સનાતનીની ગેરંટી છે.' રાજુ સનાતનના નામે ચીપિયા પછાડતો હતો.

'રાજુ, તો પછી એક ડૉલર બરાબર ચાર રૂપિયા થઇ જશે?' મેં રાજુને ભીડવવાનું ચાલું કર્યું.

'એવું જરૂરી નથી' રાજુ નિરુત્તર હતો.

'તો, દર વરસે બે કરોડ લોકોને નોકરી મળી જશે?' મારો બીજા સવાલ.

'ગિરધરલાલ, તમે પેલા સડેલા સ્યુડો સેક્યુલરિસ્ટ જેવી ભાષા બોલો છો.'

'રાજુ ગરીબી, બેકારી સમૂળગી દૂર થશે?' મારો ત્રીજો સવાલ.

'સાંસ્કૃતિક પરંપરાની સામે બધું ગૌણ છે.' રાજુ તોતાની જેમ રટ્યો.

'રાજુ, દરેક ભારતીયોના ઘરના નળિયા સોનાના થઇ જશે? મારો ચોથો સવાલ.

'ગિરધરલાલ, વાહિયાત સવાલ ન પૂછો. આવું કલંક કેટલા વરસ ચલાવી લેવાનું?' રાજુનો બિનતાર્કિક સવાલ.

'રાજુ, મહિલાઓ પરના અત્યાચાર દૂર થઇ જશે?' મારો ઓર એક સવાલ.

'ના ભઇ ના.' માથાના દુખાવાની ગોળીની જાહેરાતના મૉડેલ જેમ ચિલમ ચિલી કરીને રાજુ બોલ્યો. રાજુએ બે હાથે માથું દબાવ્યું.

'રાજુ, તો બધા ભારતીયોને રહેવા ઘર મળશે?' મેં રાજુને ઉશ્કેર્યો.

'તમારી સાથે વાત જ કરવી બેકાર છે.' રાજુએ નિરાશાથી એનું માથું કૂટ્યું. રાજુની સાધના કાચી પડી રહી હતી. ખેડૂતોના ફાયદા કાયદાના દેશના હાકેમો ખેડૂતોને સમજાવવામાં સફળ થયા ન હતા મારા જેવા અબુધને રાજુ સમજાવી શકતો ન હતો.

'રાજુભાઇ, તમારા ભાઇના માથામાં તો મીઠાના ગાંગડા ભર્યા છે. તમારા ભાઇ મારી વાતને સમજી શકતા નથી તો ખાક તમારી વાત તેને સમજાશે. તમે બળદ આગળ ભાગવત કયાં વાંચો છો?' રાધારાણી ચાલતી ગાડીએ બેસી ગયાં.

'તમે બરાબર સમજ્યા, ભાભી.' રાજુ રાજીના રેડ એવરરેડી થઇ ગયો.

'હેંએ રાજુભાઇ તમે શું ખોદવાના છો? કોઇ ખેતરમાં સોનાનો ચરૂ છે? ' રાધારાણીએ રાજુ સાથે ધડાકૂટ આદરી.

'ના ભાભી'

'જમીનમાંથી ભગવાનની મૂર્તિ ખોદીને મંદિરબંદિર બનાવી મમતા કુલકર્ણીની જેમ મહામંડલેશ્વર બનવાના છો? રાધારાણીનો બીજો પ્રશ્ન.

'આઇડિયા બૂરા નહીં હૈ. સાલી નોકરી કરવાની ઝંઝટ તો ખત્મ થાય' મેં વગર બોલાવ્યે જવાબ આપ્યો.

'તમને, કોઇએ ડબડબ કરવાનું કહ્યું તે વચ્ચે કૂદી પડ્યા?' રાધારાણીએ મને પાણીથી પાતળો કરી નાંખ્યો.

'ભાભી, આપણી અધોગતિનું મૂળ કોઇ ગ્રહ, કુંડળી ફૂંડળી નથી. એક કબર છે. જે દેશને કાયર સાબિત કરે છે.' રાજુએ દેશની અવનતીનું સચોટ કારણ રજૂ કર્યું.

'એટલે? એટલે તું કહેવા શું માગે છે?' અમો બંને વિસ્ફારિત નયને અને ખુલ્લા મોંએ રાજુને પૂછયું.

'દેશ પાંચ ટ્રિલિયન ડૉલર (એકડા પાછળ કેટલા મીંડા ?.) નો થતો નથી તે ઔરંગઝેબની કબરના કારણે જ' રાજુએ મને પટી પઢાવી.

'રાજુ, આઝાદી સમયે આપણે તેત્રીસ કરોડ હતા. ઔરંગઝેબની કબરના કારણે આજે એકસો ચાલીસ થયા. ખરું કે નહીં? ઔરંગઝેબ કોઇને પગવાળીને બેસવા દેતો નથી.' મેં કટાક્ષ કર્યો.

'હે રાજુભાઇ, આ દેશમાં કબર કેટલી હશે અને સમાધિ કેટલી હશે?' રાધારાણીએ પૂછ્યું.

'ભાભી, સરકાર માણસો ઇવન પશુ પક્ષીની ગણતરી કરે છે. મંદિર મસ્જિદની ગણતરી કરે છે. પરંતુ, કબર કેટલી છે તેની ગણતરી કરાવતી નથી. કેમ કે, કબરો મતદાન કરતી નથી.' રાજુએ વિપક્ષી નેતા જેવો જવાબ આપ્યો.

'રાજુભાઇ, આઝાદી મળ્યાને પંચોતેર વરસ થયા. આઝાદી મળ્યાથી આજદિન કદી ઔરંગઝેબની કબર કોઇને નડી નહીં અને હવે ઔરંગઝેબની કબર કેમ નડવા લાગી છે? ઔરંગઝેબ જીવતો હતો ત્યારે કોઇ તેના ગળે ઘંટ બાંધી શક્યું નહીં. હવે તો એની કબરમાં ઔરંગઝેબના અસ્થિ પણ પંચમહાભૂતના ભાગ બની ગયા હશે. કોઇને કબરમાં શાંતિથી સૂવા દો. અંતિમ મોગલ બહાદુર શાહ ઝફર દેશમાં નહીં ને છેક રંગૂનમાં દફન થવા અંગે ગઝલના એક શેરમાં અફસોસ વ્યક્ત કરે છે...દેશમાં આવી વિવાદાસ્પદ ૧૫૫ -૨૦ કરોડ કબર હશે તો એ બધી કબર ખોદવા તમે વર્ષો સુધી રાતપાળી કરશો તો પણ તમામ કબર ખોદી શકશો નહીં!' રાધારાણીએ તર્ક લડાવ્યો.

'હાઇલા, ભાભી આ તો મને સૂઝયું નહીં.' રાજુએ અફસોસ પ્રગટ કર્યો.

પછી શું થયું? નબળા રાજુએ કબરે શૂરા થવાનો વિચાર ડ્રોપ કર્યો. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# એક ક્રાંતિકારની બીજા ક્રાંતિકારને આપેલી શ્રદ્ધાંજલિ

ભારતનું સ્વાતંત્ર્યસંગ્રામ એક માત્ર સશસ્ત્ર યુદ્ધ નહીં, પણ એક વિચારયુદ્ધ પણ હતું. એક તરફ ભૂગર્ભમાં સંઘર્ષ કરતા શસ્ત્રધારી યુવા ક્રાંતિકારીઓ હતા, તો બીજી તરફ તેમના માર્ગદર્શક અને વિચારપ્રેરક મહાન ચિંતકો હતા. ક્રાંતિસૂત્રધાર પંડિત શ્યામજી કૃષ્ણવર્મા અને ઇંકલાબ ઝિંદાબાદનું રણશિંગુ ફૂંકનારા અમર શહીદ ભગતસિંહ અને તેમના સાથીદારોએ સ્વાતંત્ર્યના સમાન સપનાને સાકાર કરવા પોતાનું સર્વસ્વ સમર્પિત કર્યું. એક વિદેશમાં રહી ભારતમાતાના પુત્રોને જાગૃત કરી રહ્યો હતો, તો બીજાએ દેશની ધરતી પર જ દુશ્મન સામે લડતની હુંકાર ભરી હતી.



પીએમ મોદીની ક્રાંતિ તીર્થ વિરાંજલી ગેલેરીની મુલાકાત

શ્યામજી કૃષ્ણવર્મા એક એવું નામ, જે માત્ર સ્વાતંત્ર્યસંગ્રામની ધબકતી જ્યોત જ નહીં, પણ ક્રાંતિના શાસ્ત્રના માર્ગદર્શક પણ હતા. ૧૯૦૫માં 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી'ની સ્થાપના કરીને તેમણે વિદેશમાં રહી ભારતના યુવાનોમાં સ્વાતંત્ર્ય માટે લડવાની ચેતના જગાવી. 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' પત્રિકાના માધ્યમથી તેમણે અંગ્રેજી શાસનના અન્યાય અને શોષણનો પર્દાફાશ કર્યો. તેઓ લંડન કે પેરિસમાં રહીને બ્રિટિશરાજને ધ્રૂજાવી નાખતા, તેમની પત્રિકા અને પ્રવચનો દ્વારા અનેક યુવાનોને રાષ્ટ્રસેવા માટે પ્રેરતા. પંડિતના 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ'ના ૧૯૦૫ થી ૧૯૨૨ સુધીના અંકોનું પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા દ્વારા સંપાદન હમણાં જ જીએમડીસી દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પ્રશ્ન આજની પરિસ્થિતિમાં 'ભારતીય સ્વાતંત્ર્ય-ઇતિહાસના પુનઃ મૂલ્યાંકન અને પુનઃલેખન'ના મુદ્દા સાથે સંકળાયેલો છે. આ તરુણોના વિચારોથી આપણાં પાઠ્યપુસ્તકો અલિપ્ત કેમ રહ્યાં હશે એ તો ખબર નથી પરંતુ ગણ્યાખરા જાગૃતોએ સ્વતંત્ર પુસ્તક અને લેખ લેખન દ્વારા મહેનત આદરી છે જેની કદર કરવી ઘટે!

એવા જ બીજા ક્રાંતિકાર તે શહીદ-એ-આઝમ ભગતસિંહ! તેમના હૃદયમાં માત્ર ક્રાંતિની જ નહીં, પણ આધુનિક વિચારશીલ ભારતની જ્યોત પણ પ્રજ્વલિત હતી. અંગ્રેજ સરકારના દમનકાર્યો સામે તેમણે બળવો કર્યો. ૧૯૨૮માં સાન્ડર્સની હત્યા પછી લાહોર કોર્ટમાં વિસ્ફોટ અને અંતે ફાંસી વહોરતા શહીદ થયા. કઈ હદ સુધીનું ઝનૂન કે પછી કહીએ પાગલપન કે પોતાની યુવાની કે કારકિર્દી ઉજવવાને બદલે દેશ માટે ખપી ગયા. ચંદ્રવદન મહેતાએ લખેલા કાવ્યની પંક્તિઓ યાદ આવે છે,

સ્વતંત્રતા ! સ્વતંત્રતા! મચી રહો જ એક ધૂન.
મૃત્યુની મઝા મીઠાશ ભોગવીશ હું અનંત.

૧૯૩૦ના માર્ચ મહિનામાં જ્યારે શ્યામજી કૃષ્ણવર્માનું અવસાન થયું, ત્યારે ભારતની જેલમાં બેઠેલા ભગતસિંહ એ એક માત્ર એવા યુવા ક્રાંતિકારી હતા, જેમણે શ્રદ્ધાંજલિ આપી હતી. જેનો ઉલ્લેખ જિતેન્દ્ર નાથ દ્વારા લિખિત 'સરદાર ભગતસિંહઃ એ શોર્ટ લાઈફ સ્કેચ' પુસ્તકમાં જોવા મળે છે. શહીદ દિવસ તો હમણાં જ ઉજવાયો, હવે ૩૧મી એ શ્યામજીને એમની પુણ્યતિથિએ તેમને માત્ર યાદ જ ન કરીએ, પણ તેમના વિચારોને આપણા જીવનમાં ઉતારી રાષ્ટ્ર પ્રત્યે સમર્પણ ભાવ કેળવીએ.

ભાવાનુવાદઃ ભારતજો મુક્તિસંગ્રામ ખાલી કીં તલવાર-ભાલે જો જુધ ન હો પણ ભેરો હિકડો઼ વિચારજુધ તરીકે પ ખેલાણો તે. હિકડી઼ કુરા લિકીને સંઘર્ષ કરીંધલ શસ્ત્રધારી જુવાણીયા ક્રાંતિકારી વા ત બિઇ કુરા વિચારપ્રેરક મહાન ચિંતક પ હોઆ. ક્રાંતિસૂત્રધાર પંડિત શ્યામજી કૃષ્ણવર્મા ને ઇંકલાબ ઝિંદાબાદજો બ્યુગલ ફૂંકીંધલ અમર શહીદ ભગતસિંહ ને ઇનીજા સાથીદાર આજાદીજા સમાન સપનેકે સાકાર કરેલા પિંઢજો મિડે઼ સમર્પિત કયો હો. હિકડો઼ વિડેસમેં રિઇને ભારતમાતાજે સપુતેંકે જાગૃત કરી રયો હો ત બ્યો ડેસજી ધરતી તે જ રિઇને ધુસમણ સામે લડતજી હુંકાર ભરેં વે.

શ્યામજી કૃષ્ણવર્મા, હિકડો઼ એંડો઼ નાંલો જુકો ખાલી સંગ્રામજી ધબકંધી જ્યોત જ ન, પણ ક્રાંતિ શાસ્ત્રજા માર્ગદર્શક પણ હોઆ. ૧૯૦૫મેં 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી'જી થાપના કરેને હિની વિડેસમેં રિઇ ભારતજે જુવાનેમેં લડત લડેજી ચેતના જગાયો હો. 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' પત્રિકાજે માધ્યમસે ઇની અંગ્રેજી શાસનજા અન્યાય ને શોષણજો ઉગાડ઼ કરીંધા વા નેં લંડન ક પેરિસમેં રિઇને બ્રિટિશરાજકે ધ્રૂબાય વિધોં હો, ઇનીજી હી પત્રિકા ને પ્રવચનેં ભરાં કિઇક રાષ્ટ્રસેવામેં જોડાણા વા. પંડિતજે હિન 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' જે ૧૯૦૫ નું ૧૯૨૨ સુધીજે અંકેજો પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા ભરાં સંપાધન હેવર જ જીએમડીસી ભરા પ્રકાશિત કરેમેં આયો આય. હી મુધો અજ઼જે જમાનેમેં 'ભારતીય સ્વાતંત્ર્ય-ઇતિહાસના પુનઃ મૂલ્યાંકન અને પુનઃલેખન' સાથે જુડલ આય. ઇનીજે વિચારેંસે પાઠ્યપુસ્તક છેટા કીં રયા હૂંધા ખિબર ન પ ગણખરા જુકો આઉગી ચોપડીયું લખેજી મેનથ કેં આય ઇનીજો આભાર મનણું ખપે!

એંડા઼ જ બ્યા ક્રાંતિકાર ઇ શહીદ-એ-આઝમ ભગતસિંહ! ઇનીજે ધિલમેં ખાલી ક્રાંતિજી જ ન, પણ આધુનિક વિચારશીલ ભારતજી જ્યોત પણ પ્રગટંધી હૂઇ. અંગ્રેજ સરકારજે કારનામે સામે ઇની બડ઼વો કયો હો. ૧૯૨૮મેં સાન્ડર્સજી હત્યા પોય લાહોર કોર્ટમેં ધડા઼કો ને છેલે ફાંસી થીંધે શહીદ થ્યા. કિન હધ સુધીજો જનૂન ક ચોં ચર્યાવેડા઼અ ક પિંઢજી જુવાની ક કારકિર્દી ઉજવે જી ભધલે ડેસ લા ખપી વ્યા.

૧૯૩૦જે માર્ચ મેણેમેં જેર શ્યામજીજો નિધન થ્યો તેર ભારતજી જેલમેં વઠાવઠા ભગતસિંહ હિકડા઼ એંડા ક્રાંતિકારી વા જુકો બ્યે ક્રાંતિકારી કે શ્રદ્ધાંજલિ ડિની હૂઇ. જેંજો ઉલ્લેખ જિતેન્દ્ર નાથજી ચોપડી઼ 'સરદાર ભગતસિંહઃ એ શોર્ટ લાઈફ સ્કેચ' મેં ન્યારેલા જુડે઼તો. શહીદ દિવસ ત હેવર જ વ્યો નેં હાણે ૩૧મી જો શ્યામજીકે ઇનીજી પુણ્યતિથિ તે ખાલી જાધ ન કરીંધે ઇનીજે વિચારેંકે પાંજે જીયણમેં ઉતારે રાષ્ટ્રલા સમર્પણ ભાવ કેડ઼વીયું. ■

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# મોજીલા મણિલાલઃ ઘણું નવું શીખવા મળ્યું

**રંગભૂમિ** પર મેં અનેક વર્ષો સુધી ઘણાં નાટક કર્યાં. વૈવિધ્યપૂર્ણ ભૂમિકા નિભાવી. જોકે, અભિનેત્રી તો હું અકસ્માતે, આર્થિક જરૂરિયાત સંતોષવા માટે બની હતી. કાંદિવલી વિલેજમાં નોકરી કરતી હતી ત્યારે મહિનાનો પગાર ૫૦ રૂપિયા અને નાટકના એક શોના ૩૦ રૂપિયા મળતા હતા એટલે નાટકમાં કામ કરવા પ્રેરાઈ હતી. ‘માઝં કુંકુ’ નામનું પહેલું મરાઠી નાટક કર્યું હતું. પચાસથી વધુ વર્ષની મારી કારકિર્દી દરમિયાન મારો અભિનય કેવો રહ્યો એનો નિર્ણય તો સુજાણ દર્શકોએ કર્યો હશે, પણ આ બધાં વર્ષોમાં મને વૈવિધ્યપૂર્ણ ભૂમિકા કરવા મળી, વિવિધ વિષયો ધરાવતાં નાટકો કરવા મળ્યાં અને જુદા જુદા દિગ્દર્શકો સાથે કામ કરવા મળ્યું એ મારું અહોભાગ્ય એવું મારું માનવું છે. કોઈ પણ કલાકાર વૈવિધ્ય ઝંખતો હોય છે અને એ વૈવિધ્યમાં સાંગોપાંગ પાર ઊતરવું એ મોટો પડકાર હોય છે.

મારા અભિનય પ્રવાસનો પ્રારંભ સામાન્ય સ્તરે થયો હતો. શરૂઆતમાં મારી રંગભૂમિની દુનિયા ગણેશોત્સવ મંડળના તેમજ પૂજા - નવરાત્રીનાં મરાઠી નાટકો પૂરતી સીમિત હતી. એક એક ડગલું વિશ્વાસપૂર્વક ભરી આગળ વધી ગોવર્ધન મારવાડીના સંપર્કમાં આવ્યા પછી ખાડાની કંપનીનાં નાટકો કરવા લાગી. પછી થિયેટર સાથે જોડાયેલી કંપનીનાં નાટકોમાં કામ કરવાની તક મળી. પ્રગતિના એક પછી એક સોપાન સર કરી ‘શ્રી દેશી નાટક સમાજ’ સાથે જોડાઈ જે મારી કારકિર્દીનું એ સમયનું સર્વોચ્ચ બિંદુ હતું. જોકે, એક સમય એવો પણ આવ્યો કે ભાંગવાડીને રામ રામ કરવા પડ્યા. ત્યારબાદ ટીવી માટે કામ કર્યું, ફરી મરાઠી નાટકો કર્યા અને કાંતિ મડિયા અને સરિતા જોશી સાથે પણ કામ કરવાનો મોકો મળ્યો. આ બધા અનુભવોથી આર્થિક ઉપાર્જન સાથે કલાકાર તરીકે હું વધુ સમૃદ્ધ બની.

મહેન્દ્ર જોશી સમાંતર રંગભૂમિનું ઝળહળતું નામ હતું. તેના હાથ નીચે તૈયાર થયેલા કલાકારોની યાદીમાં આમિર ખાન, પરેશ રાવલ, ફિરોઝ અબ્બાસ ખાન, શર્મન જોશી, જમનાદાસ મજેઠીયા, આતિશ કાપડિયા, વિપુલ અમૃતલાલ શાહ, પરેશ ગણાત્રા... વગેરે વગેરે ઘણાં નામ છે. ‘ખેલૈયા’, ‘તા થૈયા’ વગેરે નાટકોથી એમના નામને ચાર ચાંદ લાગી ગયા હતા. પ્રસિદ્ધ ચિત્રકાર ભૂપેન ખખ્ખર લિખિત ‘મોજીલા મણિલાલ’ મહેન્દ્ર જોશીનું એક બોલ્ડ નાટક હતું. નાટકમાં બે સ્ત્રી પાત્ર કેન્દ્રમાં હતાં, સરિતા અને શર્મિષ્ઠા. આ નાટકમાં કામ કરવાનો અનુભવ અનન્ય રહ્યો અને નાટકના સંવાદો અને મહેન્દ્ર જોશીની શૈલીથી મને એવું ઘણું નવું શીખવા મળ્યું જેનો અનુભવ અગાઉ મને ક્યારેય નહોતો થયો. બારાખડી શીખી લીધા પછી બાળક અક્ષરોમાંથી શબ્દો અને શબ્દોમાંથી વાક્ય રચના કરતા શીખી કેવો આનંદ અનુભવે એ પ્રકારનો આનંદ મહેન્દ્ર જોશી સાથે કામ કરતી વખતે થયો. રંગભૂમિના બદનસીબ કે મહેન્દ્ર જોશી યુવાન વયમાં જ ગુજરી ગયો. એ જો વધારે જીવ્યો હોત તો ગુજરાતી રંગભૂમિએ એક નવું શિખર ઊભું કર્યું હોત એવું જરૂર કહી શકાય.

ગયા હપ્તામાં મેં ગોટ્યાની વાત કરી હતી. એક હોશિયાર છોકરો સંજોગોને કારણે ભણતરથી વંચિત રહી ન જાય એ માટે કરેલી કોશિશ સાવ વ્યર્થ ગઈ એનો અફસોસ થયો. જોકે, પોલીસને પણ ખ્યાલ આવી ગયો કે કિશોરાવસ્થામાં શાંગ્રિલની ગોટ્યા સાથે સહજ ઓળખાણ હતી. હું મરાઠી નાટકોની અગ્રણી અભિનેત્રી છું એ પણ જ્યારે એમના ધ્યાનમાં આવ્યું ત્યારે શાંગ્રિલનું ગોટ્યા સાથે કોઈ કનેક્શન નથી એની તેમને ખાતરી થઈ ગઈ. ત્યાર પછી અમારે ક્યારેય પોલીસ સ્ટેશન ન જવું પડ્યું કે ન પોલીસે ફરી શાંગ્રિલની પૂછપરછ કરી. મેં હાશકારો અનુભવ્યો. ભયંકર પરિસ્થિતિમાંથી ઉગારી લેવા બદલ મેં ઈશ્વરનો આભાર માન્યો.

જીવનમાં ઘણી વખત એવું બનતું હોય છે કે કોઈ સમસ્યા કે આપત્તિમાંથી આપણે મુક્ત થઈ જઈએ છીએ પણ એની આડ અસર આપણને પરેશાન કરે છે. ગોટ્યાને કારણે શાંગ્રિલ સાથે જે કંઈ થયું, અમારા માથે વીતી એને કારણે માનસિક ત્રાસ બહુ થયો. કશી લેવાદેવા વગર અમે મુસીબતમાં મુકાયા. આ ઘટનાની મારા દિલ અને દિમાગ પર એવી અસર થઈ કે હું શાંગ્રિલ માટે વધુ પડતી સાવધ થઈ ગઈ. આ બધું પૂરું થયું ત્યાં બે દિવસ પછી મારે મરાઠી નાટક ‘કિનારા’ના શો માટે મહારાષ્ટ્રના વિદર્ભની ટૂર પર જવાનું થયું. દીકરી ચેરીની સુવાવડ વખતે જે નાટક છોડી હું મુંબઈ પાછી ફરી હતી એ જ નાટકના શો માટે જવાનું હતું.

જોકે, જે કંઈ બની ગયું એને કારણે હું થોડી ડરી ગઈ હતી, અંદરથી ધ્રુજી ગઈ હતી. મોટી દીકરીનું બાળક નાનું હોવાથી એ સતત એની સારસંભાળમાં વ્યસ્ત રહે એ સ્વાભાવિક હતું. નાની દીકરી ભણતર સાથે કામ પણ કરતી હોવાથી એની પાસે પણ ફાજલ સમય નહોતો બચતો. શાંગ્રિલને રેઢો મૂકવાની મારી કોઈ તૈયારી નહોતી. એટલે મેં નાટકના આયોજકોને કહી દીધું કે ‘અંગત સમસ્યાઓને કારણે હું નાટકની ટૂરમાં નહીં જોડાઈ શકું. તમે રિપ્લેસમેન્ટની વ્યવસ્થા કરી લો.’

મેં તો મારી સમસ્યા જણાવી દીધી, પણ નાટક કંપની માટે એક બહુ મોટો પ્રોબ્લેમ ઊભો થઈ ગયો. સામાન્યપણે ટૂરનાં નાટકોનું આયોજન અગાઉથી નક્કી કરવામાં આવતું હોય છે. કયા સ્થળે - કયા થિયેટરમાં કેટલા શો થશે એ નક્કી કરી એની ટિકિટોનું પણ આગોતરું વેચાણ કરવામાં આવતું હોય છે. છેલ્લી ઘડીએ નાટકના શો કેન્સલ ન કરી શકાય કારણ કે એનાથી આર્થિક નુકસાન થાય. ‘શો મસ્ટ ગો ઓન’ માટે કલાકારનું રિપ્લેસમેન્ટ થાય પણ એવું વારંવાર કરવું નાટકના હિતમાં નથી હોતું. ‘કિનારા’ નાટક માટે વિદર્ભ પ્રવાસની મેં ના પાડી એટલે પછી નાટક કંપનીએ મારા નામ પર કાયમની ચોકડી મારી દીધી. ફરી ક્યારેય મને કોઈ નાટક માટે યાદ ન કરી. મરાઠી નાટ્ય સૃષ્ટિ સાથેના એક સુંદર પ્રકરણનો આમ અચાનક અંત આવી ગયો. ક્ષણિક દુઃખ થયું, પણ મારા પુત્રના ભવિષ્યને પ્રાધાન્ય આપવું મને એ સમયે વધુ જરૂરી લાગ્યું હોવાથી મેં આ નિર્ણય લીધો હતો. અભિનેત્રી અને માતા એ બે પલડામાં હતા જેમાં માતાનું પલડું નમી ગયું.

શાંગ્રિલ અપેક્ષા મુજબ પરીક્ષામાં નાપાસ થયો અને એના ભણતરને યોગ્ય દિશા મળે એ માટે મલાડની કોલેજમાં એડમિશન અપાવ્યું. નાટકની ટૂરમાં જવા પર તો મેં તાત્પૂરતું તાળું મારી દીધું હતું અને સારો પ્રતિસાદ ન મળતા ‘મોજીલા મણિલાલ’ના શો પણ બંધ થઈ ગયા હતા. હું સતત ઘરમાં રહેતી હતી એટલે બાળકો પર સરખું ધ્યાન આપી શકતી હતી. હવે કરવું શું? એ વિચાર મને ઘેરી વળ્યો. કામ કર્યા વિના ઝાઝો સમય તો ઘરમાં હાથ જોડી બેસી રહેવું પાલવે નહીં, કારણ કે હું મારા બે ભણતાં બાળકો અને મારી મોટી દીકરી અને તેનું નવજાત બાળક. બીજા મોજશોખ ન કરીએ પણ બે ટંક ખાવા તો જોઈએ ને. એવામાં સિદ્ધાર્થ શાહ નામના શખ્સે મારો સંપર્ક કર્યો અને એક પ્રખ્યાત મરાઠી નાટકના ગુજરાતી સંસ્કરણમાં રોલની ઓફર કરી. ■



## પહેલી વાર કરુણ નાયક

મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ નિબંધકાર, નાટ્યકાર, કવિ, વિવેચક, સંશોધક, સંપાદક, આત્મચરિત્રકાર, તત્ત્વચિંતક અને સમાજ સુધારક તરીકે ૧૯મી સદીમાં અપાર ખ્યાતિ મેળવી હતી. જોકે, કમનસીબે અંગત જીવન કરુણ હતું અને એટલે જ એમના સર્જનમાં એ કરુણા અનેક જગ્યાએ ડોકિયાં કરે છે. તેમણે ‘કાન્તા’ અને ‘નૃસિંહાવતાર’ એ બે નાટક લખ્યાં હતાં. એમાં ‘કાન્તા’ નાટકની ગણના ગુજરાતી સાહિત્યમાં ૧૯મી સદીનું સૌથી ઉત્કૃષ્ટ નાટક તરીકે કરવામાં આવી હતી. મુંબઈ ગુજરાતી નાટક મંડળીએ ૨૯ જૂન ૧૮૮૯ના દિવસે આ નાટકનું મંચન કરીને નાટ્ય પ્રવૃત્તિઓનું ઉદઘાટન કર્યું હતું. મણિલાલ દ્વિવેદી મૌલિક નાટ્યલેખન ઉપરાંત નાટકનું ભાષાંતર પણ કરતા હતા. વિલિયમ શેક્સપિયરના નાટકો માટે વિશેષ રુચિ હોવાથી ‘કાન્તા’ નાટકમાં શેક્સપિયરની કરુણાંતિકાના કેટલાંક તત્ત્વો નજરે પડે છે. આ નાટકની ખાસિયત એ હતી કે એમાં ઈતિહાસ, કલ્પના અને પરંપરાગત મૂલ્યોનું મિશ્રણ જોવા મળ્યું હતું. પહેલી વાર ગુજરાતી નાટકમાં એક કરુણ નાયક દર્શાવવામાં આવ્યો હોવાની રજૂઆત એ સમયે થઈ હતી. આ નાટકથી મણિલાલ દ્વિવેદીને લેખક તરીકે ગુજરાતી સાહિત્યમાં સત્કાર મળ્યો હતો. ગુજરાતી સાહિત્યનાં શિષ્ટ કરુણાંત નાટકોમાં કાન્તા નાટકની ગણના થાય છે. ■

કેન્વાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# સુગંધનો પરપોટો વેચવા કામોત્તેજનાનો ધોધ વાપરવાનો?

**ફિક્શન** એટલે વૃતાંત. કાલ્પનિક વાત. કલ્પિત કથન. ફેક્ટ એટલે માહિતી. નક્કર સત્ય. વાસ્તવિક દુનિયામાં કલ્પના સત્યને આંટી મારી જાય, સત્ય જ્યાં પાછું પડે અને કલ્પના થકી રોકડી થઇ શકે ત્યારે માનવ સમુદાયની દિશા અને દશા નક્કી કરવું અઘરું પડે.

ડિઓડરન્ટની જાહેરાત જે રીતે છેલ્લા બે દાયકાથી કરવામાં આવે છે તે ફિક્શન છે. હુલામણા નામે ‘ડીઓ’ તરીકે ઓળખાતી એ ફેક્ચ્યુલ પ્રોડક્ટે માર્કેટમાં ઘૂસવા માટે અને માર્કેટથી લોકોના કબાટ અને ટ્રાવેલિંગ બેગમાં સ્થાન પામવા માટે ફિક્શનનો સહારો લીધો છે. લોકોએ કપોળકલ્પિત વાત માની લીધી અને આજે ડીઓ-સ્પ્રેનો અબજોનો વેપાર ચાલે છે.

ડીઓના માર્કેટિંગમાં ફિક્શન શું છે? ડીઓ-સ્પ્રે બોટલને વિશ્વપ્રસિદ્ધ બનાવવા માટે અને મોડર્ન લાઈફસ્ટાઇલનો એક અવિભાજ્ય ભાગ બનાવવાનો શ્રેય ‘એક્સ’ને જાય છે. આ ‘એક્સ’ સ્પ્રે યુનિલીવર કંપનીની પ્રોડક્ટ છે. બ્રિટિશ-ડચ કંપની યુનિલીવર એક્સ સ્પ્રેને અમેરિકા ભારતમાં ‘એક્સ’ નામથી જ વેચે છે, પણ ટ્રેડમાર્ક સેફટીને કારણે બ્રિટન, ઓસ્ટ્રેલિયા, ચાઈના, ન્યૂઝીલેન્ડ, આયર્લેન્ડમાં ‘લીન્ક્સ’ના નામે વેચે છે. યુનિલીવરે એના ડીઓની જાહેરાતનો મારો એવા સમયમાં શરૂ કર્યો જ્યારે ‘અમેરિકન પાઈ’ જેવી સિરીઝ ત્યાં ધૂમ મચાવતી હતી. ‘અમેરિકન પાઈ’ એટલે એવી વીડિયોની શ્રૃંખલા, જે દરેક અમેરિકન બાળક માટે ટીનહુડ-કિશોરાવસ્થામાં પ્રવેશવા માટેનો વિઝા ગણાતો. ‘અમેરિકન પાઈ’ ઓછામાં ઓછી દસ વખત ન જોયુ હોય એવો અમેરિકન જુવાન મળવો મુશ્કેલ. સેક્સ કોમેડી અને ‘અમેરિકન પાઈ’ પર્યાય બની ગયા હતા. પ્રત્યેક અમેરિકન ટીનેજર મસ્ક્યુલીન બનવા માગતો હતો. કિશોરવયે જ એને મરદ બની જવું હતું. એવું શું કામ કરવું હતું? કુમારીકાઓને આકર્ષવા માટે, યુવતીના વર્તુળોમાં પ્રિય બનવા માટે, સ્ત્રીઓના વૃંદોમાં ચકચાર જગાવવા માટે. સ્ત્રી સિવાય બીજો કોઈ ટાર્ગેટ રહેતો નહિ. એ સમયની ફિલ્મો, ટેલિવિઝન સિરિયલો અને ‘અમેરિકન પાઈ’ જેવી ગીલ્ટ-પ્લેઝર આપતી વીડિયો- સિરીઝ પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એવી જ પ્રેરણા આપતી કે જો કોલેજકાળમાં છોકરીઓ આજુબાજુ ‘મંડરાતી નથી’ તો જન્મારો વ્યર્થ. સમયનો આ રંગ યુનિલીવરે પારખી લીધો અને ‘એક્સ’ ડીઓ સાથે મેદાનમાં આવ્યા.

યુનિલીવર કંપનીએ ‘એક્સ’ સ્પ્રે વેચવાની જવાબદારી લંડનની બાર્ટલ બોગલ હેગાર્ટીને



આપી હતી. એ માર્કેટિંગ કંપનીના સહસ્થાપક જહોન હેગાર્ટીએ કહેલું કે અમે એવું બતાવીએ છીએ કે આ સ્પ્રે છાંટશો અને સ્ત્રી તમારી ઉપર ફિદા થઇ જશે!!

હકીકતમાં આ બહુ નોનસેન્સ વાત છે. વોક્સ મીડિયાના એક લેખનો આંકડો છે કે ૨૦૦૨માં ‘એક્સ’ લોન્ચ થયું એના ચાર વર્ષની અંદર ૭૧ મિલિયન ડૉલરનો ધંધો થઇ ગયો હતો. ત્યાં સુધી તો ‘એક્સ’ના શાવર જેલ, ડીઓ સ્ટીક, હેરજેલ વગેરે આવ્યા ન હતા. ‘એક્સે’ યુવાનોના મનમાં એવી છાપ છોડી કે અમારું સ્પ્રે તમે વાપરશો તો તમારી પહેલા તમારી સુગંધ થકી તમે પહોંચી જશો. દૂરથી સ્ત્રીને આકર્ષવા માટેનું હથિયાર એટલે ડીઓ-સ્પ્રે, જેના વિના તમારી જુવાની નક્કામી.

‘એક્સ’ની પહેલી સફળ જાહેરાત એ હતી જેમાં એક છોકરી મેનીક્વીન એટલે કે

ઢીંગલાને સ્પ્રે લગાડે છે અને પછી એ સ્પ્રેની સુગંધથી ઉત્તેજના પામીને એનો હાથ ખેરવે છે અને જાતે જ એ હાથ વડે પોતાને ટપલીઓ મારવાની ચેષ્ટા કરે છે. ચોકલેટ ફ્લેવરનું ‘એક્સ’ સ્પ્રે લગાડીએ એટલે આખો ચોકલેટનો બની ગયેલો છોકરો જ્યાં જાય ત્યાં છોકરીઓ એને ખાવા દોડે એ જાહેરાત તો તમને પણ યાદ હશે. શરૂઆતની જાહેરાતોમાં પણ એવું જ બતાવવામાં આવતું કે યુવતીઓની લાંબી કતાર હોય અને કોઈ મૂરખ જેવો છોકરો સ્પ્રે લગાડીને નીકળે તો બધી યુવતી એની પાછળ દોડે. સેક્સને ટ્રીગર કરતુ ફેક્ટર એટલે ‘એક્સ’ સ્પ્રે. આવી બધી જાહેરાતોનો નિષ્કર્ષ એ હતો જે સંપૂર્ણ અવૈજ્ઞાનિક હતો. માટે આપણે શરૂઆતમાં ‘એક્સ’ના માર્કેટિંગ ફંડાને ફિક્શન કહ્યો. કારણ કે એમાં ફેક્ટ નથી, ઊઠા ભણાવવામાં આવે છે અને આખી દુનિયા મૂરખ બની ગઈ છે.

સવાલ એ છે કે ‘કઈ રીતે?’

પુરુષમાં કામશક્તિ વધારવા માટે ‘વાયગ્રા’ આવે છે. એ જ રીતે સ્ત્રીઓમાં લીબીડો-કામવાસના વધારવા માટેની દવા આજ સુધી શોધાઈ નથી. મેડિકલ સાયન્સના દ્રષ્ટિકોણથી સ્ત્રીમાં કામોત્તેજના વધારવા માટેનું રસાયણ શોધવું બહુ કઠિન છે અને અત્યારના સમયમાં શક્ય નથી. ‘એક્સ’ અને એની સફળતા જોઈને માર્કેટમાં બીજા આવેલાં બધા સ્પ્રે નાગરિકોના મનમાં અને ખાસ કરીને ફૂટડા યુવાનોના મનમાં એવું ઠસાવી રહ્યા છે કે એના ડીઓની ખુશ્બો સ્ત્રીને એ છોકરાની સાથે શૃંગારરસના રંગે રંગવા માટે મજબુર કરશે. ફલાણું ડીઓ-સ્પ્રે ફિમેલ લીબીડો વધારે છે એવું પરોક્ષ રીતે લોકોના મનમાં પેસી ગયું-ઠસી ગયું પછી ધડાધડ તેનું વેચાણ થવા લાગ્યું. ફ્રાંસમાં ૧૯૮૩માં સ્થપાયેલી કંપનીનો ઉદ્ધાર આ ફિકશને કર્યો, છેલ્લા વીસ વર્ષની અંદર જ.

આપણે હેશ ટેગ (#) અને મી-ટુનો ટ્રેન્ડ જોયો છે. સ્ત્રીઓનું આકર્ષણ સામેથી પ્રાપ્ત ન થાય તો પોતાની સત્તા કે વગ વાપરીને પણ એને પરવશ બનાવતા પુરુષો દરેક ક્ષેત્રમાં છે એ જ્ઞાન આપણને લાધ્યું. લગભગ દરેક બીજી સ્ત્રી સાથે એની જિંદગીમાં એની મરજી વિરુદ્ધ બળજબરી કરવામાં આવી છે એ વાત પણ બહાર આવી. માનવશરીરમાં વાસનાના વાવેતર કુદરતે કર્યા હશે પણ એને ખાતર આવા ફિક્શને આપ્યું છે. હવસની ખુલ્લેઆમ લાવણીના પાયામાં પુરુષવાદી માનસિકતા, રૂઢીવાદી નીતિની સાથે આવી પ્રોડક્ટ પણ રહેલી છે, જેણે ‘મોડર્ન મેટ્રોસેક્સ્યુઅલ મેન’ને પોતાની રીતે વ્યાખ્યામાં બાંધ્યા છે. યુવાનો વ્યવસ્થિત સેક્સ એજ્યુકેશન લેવાને બદલે અધકચરું જાતીય શિક્ષણ આવી જાહેરાતો દ્વારા મેળવવા માંડ્યા માટે બાજી બગડી. આમાં વાંક માત્ર ‘એક્સ’ કે અન્ય કોઈ કંપનીની બ્રાન્ડનો નથી. આમાં બદલાતા ફેશન સ્ટેટમેન્ટને આપણે પચાવી ન શક્યા એ વાંક છે. ડીઓ વાપરીએ એમાં ખોટું નથી (પર્યાવરણને તો ડીઓને કારણે નુકસાન થાય છે), પરંતુ ભૌતિક વસ્તુઓનો જીવનશૈલીમાં થતો સમાવેશ વ્યક્તિત્વ ઘડતરમાં ભાગ ભજવે એવી આશા આપણી વૈચારિક અને માનસિક નબળાઈ સૂચવે છે. આની પાછળ શૈક્ષણિક પદ્ધતિ અને કિશોર-ઉછેરમાં રહેલા ગાબડા પણ છતાં થાય છે. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# નવું વર્ષ... નવી યોજનાઓ... નવું જોમ

**આવનારા** બે દિવસોમાં નવું નાણાકીય વર્ષ શરૂ થશે. વેપાર માટેના આવનારા વર્ષના લક્ષ્યો નક્કી થઇ ગયા હશે અથવા મંથન ચાલુ હશે. મોટી બ્રાન્ડ અને કોર્પોરેટને બાદ કરતાં મોટાભાગના લોકોએ માર્કેટિંગને ખોટો ખર્ચ ગણી તેના પ્લાનને અવગણ્યું હશે. આવી ગેરસમજને દૂર કરવા આજે વિચાર કરીએ કે વાર્ષિક પ્લાન શા માટે જરૂરી છે અને કેવી રીતે તે ઘડી શકાય. દરેક વ્યવસાયનું એક અંતિમ ધ્યેય હોય છેઃ વધુ ગ્રાહકો મેળવવા અને વધુ વેચાણ કરી મહત્તમ નફો રળવો. આ પ્રાપ્ત કરવા માટે તમારે માર્કેટિંગની જરૂર છે.

છેવટે, માર્કેટિંગ એ છે જે તમારા ટાર્ગેટ ગ્રાહકને તમારું ઉત્પાદન અથવા સેવા ખરીદવા માટે પ્રેરે, જેના થકી તમે કમાણી કરી શકો છો. માર્કેટિંગ પ્લાન એક રોડમેપ તરીકે કાર્ય કરે છે, જે તમારી માર્કેટિંગ વ્યૂહરચના, માર્કેટિંગ પ્રવૃત્તિઓ, ખર્ચ અને અપેક્ષિત પરિણામની સમજ આપે. સૌથી મહત્ત્વનું, શું કરવાનું છે તેના કરતાં માર્કેટિંગ પ્લાન એ સુનિશ્ચિત કરે છે કે તમે સાઇડટ્રેક ન થાવ અને શું નથી કરવાનું તેની સ્પષ્ટતા રાખો.

માર્કેટિંગ વ્યૂહરચના શોર્ટ ટર્મ અને લોન્ગ ટર્મ બંને રીતે કરી શકાય, તેને એક મહિના, ક્વાર્ટર અથવા આખા વર્ષ માટે બનાવી શકો છો.

વાર્ષિક પ્લાનમાં કોર વ્યૂહરચનાને મધ્યમાં રાખી, પાછલા વર્ષનું વિશ્લેષણ કરી નવા વર્ષનું પ્લાનિંગ કરો. આ પ્રક્રિયા માટે ઓપરેટિંગ બજેટ, નફો અને નુકસાનની પ્રવૃત્તિ સહિતના નાણાકીય અહેવાલો,



ઓછામાં ઓછા છેલ્લા ત્રણ વર્ષના ઉત્પાદન અને કયા શહેરોમાં વેચાણ થયું તેની વિગતો, નવા ઉત્પાદનો અથવા સેવાઓ, તેમજ તેમના ટાર્ગેટ ગ્રાહકોની સૂચિ, વિવિધ માર્કેટપ્લેસની વિગતો, જેમ કે સ્પર્ધકોની સૂચિ, પ્રાદેશિક સીમાઓ, કયા ગ્રાહકો ખરીદી શકશે એની સંભવિત યાદી, વર્તમાન વિતરણ / ડિસ્ટ્રીબ્યુશન ચેનલ્સ, વસતિ વિષયક ડેટા અને સૌથી અગત્યનું માર્કેટ ટ્રેન્ડ- બજારનું વલણ કઈ તરફ છે નો અભ્યાસ જરૂરી છે.

ત્યારબાદ હાલના સમયમાં તમારી બ્રાન્ડ કે વેપાર માટે કઈ કઈ નવી તક અને મુશ્કેલી છે તેની નોંધ લો. આ વાતોનો અભ્યાસ થયા બાદ તમારા માર્કેટિંગ પ્લાનના ઉદ્દેશ્યોની યાદી બનાવો. સૌ પ્રથમ તમે તમારા કયા વ્યવસાયિક ધ્યેય કેટલી ચોક્કસ સમયમર્યાદામાં (ત્રણ મહિને, છ મહિને, વર્ષે વગેરે) હાંસલ કરવા માંગો છો ની સ્પષ્ટતા રાખો. તમે હંમેશાં તમારા જૂના રેકોર્ડ્સનો સંદર્ભ લઈ શકો છો. યાદ રાખો માર્કેટિંગ પ્લાન તમારા બિઝનેસ પ્લાનને ધ્યાનમાં રાખીને બનાવો છો, કારણ કે અંતે તમારે નક્કી કરેલું કે ઈચ્છિત ટર્ન ઓવર કે નફો પ્રાપ્ત કરવાના છે. આને પ્રાપ્ત કરવા તમારા પ્લાનમાં કઈ માર્કેટિંગ પ્રવૃત્તિઓ કરી શકાય તેના આયોજનનો સમાવેશ થવો જોઈએ.

ઉદાહરણ તરીકેઃ તમારો ધ્યેય છે નવા પ્રોડક્ટ માર્કેટમાં રજૂ કરી અથવા હયાત પ્રોડક્ટના સહારે અમુક કરોડની કુલ આવક માટે અમુક એકમનું વેચાણ કરવું. તો આના માટે આઇટમનો પ્રચાર કરો અને ઈમેલ માર્કેટિંગ અથવા સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને ઓનલાઇન વધુ ગ્રાહકો સુધી પહોંચો, સ્થાનિક અખબારમાં જાહેરાત આપો, સ્થાનિક સ્ટેશનમાં રેડિયો જાહેરાત કરો કે પછી રિટેલ સ્ટોરમાં પોસ્ટર વગેરે રાખો.

આ સ્પષ્ટતા-આની ચોક્ક્સ દિશા મળ્યા બાદ માર્કેટિંગ બજેટ સેટ કરી તેને તમારા ટર્નઓવર સાથે સાંકળો. રીટર્ન ઓન ઇન્વેસ્ટમેન્ટ કેટલું અપેક્ષિત છે તે નક્કી કરી બજેટ નક્કી કરો. તમારા પાછલાં વર્ષોના અનુભવ આમાં કામે લગાડો અને ચોક્કસ બજેટ નક્કી કરો જેથી તમારી ટીમને ખબર હોય કે દરેક પ્રમોશન માટે આની પાછળ કેટલી ફાળવણી કરી શકે છે. માર્કેટિંગ એ ફક્ત કન્ટેન્ટ બનાવવું નથી, તમારે શક્ય તેટલો ડેટા અને માહિતી એકત્ર કરવાની જરૂર છે. તમને જોઈતાં પરિણામ મળી રહ્યાં છે અને તમારા પૈસા બગાડતા નથી તેની ખાતરી કરવા માટે તેનું વિશ્લેષણ કરવાની જરૂર છે. તેથી દરેક માર્કેટિંગ પ્રવૃત્તિમાં KPI (કી પર્ફોર્મન્સ ઈન્ડીકેટર) નક્કી કરો.

આના પછી આ KPI હાસિલ કરવા તમારી ક્રિયેટિવ અને મીડિયા વ્યૂરચના નક્કી કરો. ઉદાહરણ તરીકે, એડનું કન્ટેન્ટ, બ્લોગ રાઇટિંગ, સોશિયલ મીડિયા પોસ્ટ કન્ટેન્ટ, સ્ક્રિપ્ટ વગેરે જે તમારી બ્રાન્ડ પોઝિશનિંગના સહારે બને.

બીજી તરફ, મીડિયા માર્કેટિંગ યોજના જે તમારા ગ્રાહકો સુધી પહોંચવા માટે કયા મીડિયાનો ઉપયોગ કરશોની માહિતી આપશે.

વાર્ષિક માર્કેટિંગ યોજના તે એવી વસ્તુ છે, જેની દર છ મહિને સમીક્ષા થવી જોઈએ અને જરૂરત જણાય તો તેને અપડેટ કરવી. આમ, વાર્ષિક પ્લાન તમને સ્પષ્ટતા પ્રદાન કરે છે, જેથી બધા એક ધ્યેય તરફ કામ કરી શકે. તમારા નિશ્ચિત કરેલા બજેટની અંદર કામ થાય... તમારા ટાર્ગેટ ગ્રાહકોને સારી રીતે સમજી શકો તમને તમારી કંપનીની વાસ્તવિક પરિસ્થિતિથી વાકેફ થાવ, જે નવા ઉદેશ્યો પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરે. આ બધાના સરવાળે જોઈતાં પરિણામ મળે.

આજના સમયમાં જયારે લોકો ઇન્વેસ્ટમેન્ટને પ્રાધાન્ય આપે છે ત્યારે સુનિયોજિત માર્કેટિંગ પ્લાન ઇન્વેસ્ટરને તમારા વેપારમાં રોકાણ કરવા માટે આકર્ષે છે. તો ચાલો, નવા વર્ષમાં એવી નવી યોજના બનાવો જે તમારામાં અને તમારી ટીમમાં નવું જોમ- નવો ઉત્સાહ પ્રેરે. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**મોતીબાબુ** મુંબઈની એક ધોળે દિવસેય લાઇટ કરવી પડે એવી રેસ્ટોરન્ટના એક ખુણામાં બેઠો હતો. એની નજર ખુલબંધ થતા દરવાજા પર ચીટકેલી હતી. અડધો કલાક વીતી ગયો. સીમાએ આપેલા ટાઇમ કરતા અડધો કલાક વહેલો પહોંચી ગયેલો મોતી વિચારી રહ્યો હતો કે સીમાને મારું શું કામ હશે. અભિ જેવા મોટા ફિલ્મસ્ટારની વાઇફે આવી સાવ ફાલતું રેસ્ટોરન્ટ શા માટે પસંદ કરી...એની ચિંતામાં એણે બે વાર ચા મગાવીને પી લીધી હતી ને ત્રીજી ચા ઠંડી પડી રહી હતી. અચાનક દરવાજો ખુલતાં એ ઊભો થઇ ગયો. વર્ગમાં શિક્ષિકા પ્રવેશતાં વિદ્યાર્થીઓ ઊભા થઇ જાય એમ.

'મુજે છોડકર તુમને દો કપ ચાય ભી પી લી.?' ચાના બે ખાલી કપ જોઇને સીમાએ મજાક કરી.

'યે કેસી જગહ હૈ.?' ઝાંખા પ્રકાશથી અકળામણ અનુભવી રહેલા મોતીએ કહ્યું.

'યે વો જગહ હૈ.....જહા મૈં ઔર ચંદન મિલા કરતે થે. કઇ યાદેં હૈ ઇસ જગહ કી. જહાં તુમ બૈઠે હો....વહાં ચંદન બૈઠતા થા.' સીમાએ બેસતાં કહ્યું.

મોતીબાબુ ઊભો થઇ ગયો.

'બૈઠે રહો, મોતીબાબુ.'

'તુમને મુઝે યાદ કિયા.?' મોતીએ કહ્યું.

'મોતી, તુમ મુઝે સચ્ચા પ્યાર કરતે હો..?' સીમાએ એના કાન નજીક જઇને પૂછ્યું. સીમાના હુંફાળા શ્વાસનો ગરમાટો મોતીના કાનની બૂટને સ્પર્શ્યો. મોતીએ હકારમાં મુંડી હલાવી.

'તો તુમ્હે પરીક્ષા દેની હોગી..'

'અગ્નિપરીક્ષા લે લો.' સીમા સીધી પ્યારના ટ્રેક પર લઇ ગઇ એ મોતીને ગમ્યું. એ પરીક્ષા માટે મનોમન તૈયાર થઈ ગયો.

'તુમ્હે એક મર્ડર કરના હૈ.' મદમાતા શ્વાસની હૂંફાળી હવા ઓસરી ગઇ ને એને સીમાની ધગધગતી ઓફરનો ઠંડો અહેસાસ થયો, પણ એણે કન્ડિશન્સ અપ્લાયને અવગણી કાઢી. પ્રેમ અને અંધપ્રેમ વચ્ચે આટલો જ ફરક હોય છે.

થોડું વિચારીને બોલ્યોઃ 'બદલે મેં મુઝે ક્યા ચાહિયે પતા હૈના તુમકો.?' મોતીએ સીમાના કાન સુધી પહોંચવાની હિંમત કરતા કહ્યું.

'પતા હૈ.....બિલકુલ પતા હૈ.' સીમાએ ઝડપથી મોં ફેરવી લઇને મોતીના કપમાંથી સિપ મારતા કહ્યું.

'કિસકા મર્ડર કરના હૈ.?' મોતીએ પૂછ્યું.

સીમાએ પર્સમાંથી ચબરખી કાઢીને એમાં નામ લખીને મોતીને વંચાવ્યું.

'હો જાયેગા....સીમાદેવી હો જાયેગા.' મોતી આંખ મીંચીને ગદગદિત થતા બોલ્યો. શાતિર સીમાએ બસ્તા શેઠ અને મોતીબાબુને સામસામે ગોઠવી દીધા હતા.

*****************

અપ્પા સાહેબે અભિને ફોન પર ખુશીના સમાચાર આપ્યાઃ 'ઇલેક્સન કી તૈયારી કર. તુઝે ટિકટ મિલેગી..પીએમ ખુશ હૈ તેરે પે....વો તેરી હર ફિલમ દેખતે હૈ. બોલે મુઝે....તુને ક્યા તરક્કી કિ હૈ, ઇતના થોડા ટાઇમ મેં તું કહાં સે કહાં પહોંચ ગયા રે. ઔર સૂન, ટિકટ કા અભી કિસી કો બોલના મત. અચાનક બોમ્બ કી માફિક ધમાકા કરેંગેં...રખતા હું.' અભિ કાંઇ બોલે કે જવાબ આપે તે પહેલાં તો અપ્પા સાહેબે ફોન મૂકી દીધો.

'કોનો ફોન હતો.?' સીમાએ પૂછ્યું.

'અપ્પા સાહેબનો.....નેક્સ્ટ ઇલેક્શનમાં મને ટિકિટ આપશે.'

'શું જરૂર છે, કારણ વગર રાજકારણમાં પડવાની.?'

'કારણ છે સીમા...માણસ તરીકે એક જ વાર જનમવાનો અવસર મળે છે. આ જનમમાં બધું જ કરી લેવું છે.'

'તારું જીવન છે...હું એમાં કાંઇ વધુ કહેવા નથી માગતી, પણ વધુ પડતું મહત્ત્વાકાંક્ષી બનવું' સીમા વાક્ય અધૂરું છોડીને જતી રહી.

*****************

'બસ્તા શેઠ બોલું છું.' અભિના ડ્રોઇંગ રૂમમાં અકબર પીઆરે ફોન ઊંચક્યો ને સામેથી અવાજ આવ્યો. અકબર પીઆર ઓળખી ગયો. હબીબભાઇના મોત પછી બસ્તા શેઠને ફિલ્મ ઇન્ડસ્ટ્રીનો કાળો કારભાર સોંપાયો એનાથી એ પૂરેપૂરો વાકેફ હતો, પણ અભિ સુધી અન્ડરવર્લ્ડનો ઓછાયો ઉતર્યો નહતો. પહેલીવાર બસ્તાનો ખુદનો ફોન આવ્યો હતો.

'કહો. બસ્તા શેઠ.' અકબર પીઆરે કહ્યું.

'અભિને ફોન આપ.' અવાજમાં બસ્તાની તોછડાઇ હતી.

અકબર પીઆરે બસ્તાનો ફોન છે એવો ઇશારો કરીને અભિને ફોન પકડાવ્યો ને પોતે સાંભળવા કાન સરવા કર્યા.

'અભિ, તારી ફિલ્મોના ઓવરસીઝ રાઇટ્સ હવેથી અમને મળવા જોઇએ.'

'એ રાઇટ્સ મારી પાસે નથી, સુખી ગુલાટી પાસે છે.' અભિએ કહ્યું.

'હા પણ, તારા અંગત જીવનના કેટલાક રાઇટ્સ મારી પાસે છે. તારી પત્ની સીમાનો સ્વર્ગસ્થ પતિ ચંદન. તું નવોસવો મુંબઈમાં આવ્યો ત્યારે ચંદને તને એની રૂમમાં રાખ્યો. તારું સીમા સાથે લફરું થઇ ગયું. તેં ચંદનનું અકસ્માત કરીને મર્ડર કરાવ્યું. અને હવે તું મોજથી, છૂપી રીતે સીમા સાથે રહે છે. છેને ફિલ્મની રોમાંચક કહાની. આ સનસનાટીભરી કહાની અખબારોમાં છપાય તો તારી ઝળહળતી ફિલ્મી અને ઊગતી રાજકીય કારકિર્દીનું શું થશે.? એક પલડામાં તારા અંગત રાઇટ્સ ને બીજામાં ઓવરસીઝ રાઇટ્સ મૂકી જો.' ફોન કટ થવાનો અવાજ આવ્યો.

'હેલો...હેલો...સાંભળો.' અભિ ચોંકી ગયો.

'અકબરભાઈ, અમારા લગ્નની છૂપી વાત બસ્તા સુધી પહોંચી ગઇ છે...કઇ રીતે અને કોણે પહોંચાડી હશે.?'

'પ્રિયા જાણે છે.....કદાચ એણે' અકબર પીઆરે કહ્યું.

'ના, એ બસ્તાને નથી ઓળખતી.' અભિએ કહ્યું..

'પણ એ આદિલ ખાનને ઓળખે છે.' અકબર પીઆરે કહ્યું.

'આ કામ કોઇ બીજાનું જ છે. કોણ હોઇ શકે.?' અભિ પૂછ્યું.

*******************

'મોતી, મોતી, તુ મેરા મોતી નહીં, હીરા હૈ...મેરા હીરા' કહીને બસ્તા શેઠે મોતીને બેસાડ્યો.

'મોતી, સૂના હૈ...તુ સીમા સે શાદી કરના ચાહતા હૈ.'

'હાં, શેઠ. મૈં ઉસકે લિયે જાન ભી દે સકતા હું.'

'તુઝે જાન દેની નહીં હૈ...લેની હૈ...અભિ કો રાસ્તે સે હટા દે...મર્ડર કર ઉસકા. ફિર સીમા સે શાદી કર ઔર મોજ કર.'

બસ્તા શેઠના હાથમાં અભિની કતલ કરવા મોતીબાબુ નામનું ધારદાર શસ્ત્ર આવી ગયું હતું. બીજી બાજુ, બસ્તા શેઠની વાત સાંભળીને મોતીએ એના છીછરા વિચારોની ઊંડી વાવમાં ડૂબકી લગાવી. કાંઠે આવ્યો ત્યારે એના બેઉ હાથમાં લાડુ હતા....મોતીચૂરના.'

*******************

અભિ રાતે લગભગ બારેક વાગ્યે ઘરમાં પ્રવેશ્યો. સીધો બેડરૂમમાં ગયો. સીમાને ઘસઘસાટ સુતી જોઈને એને ખલેલ નહીં પહોંચાડવાના આશયે ત્યાંથી નીકળીને બાજુના બેડરૂમમાં ગયો.

કપડાં ઉતારતા જઇને ફર્સ પર ફેંકતો ગયો. વોડ્રોબમાંથી નાઇટડ્રેસ કાઢીને પહેર્યો. ડ્રોઇંગરૂમમાં બાર પાસેના ઊંચા સ્ટુલ પર બેસીને પેગ બનાવીને એક સિપ મારી. કોઇ ઊંડા વિચારમાં ખોવાયેલો બેસી રહ્યો. એક પેગ, બીજો પેગ, ત્રીજો પેગ, ચોથા પેગ પછી એ ઊભો થયો. ફરી એકવાર બેડરૂમમાં જઇને સીમાને જોઇ આવ્યો. બીજા બેડરૂમમાં જઇને ફર્સ પરથી કપડાં ઉઠાવીને લોન્ડ્રી બેગમાં નાખ્યા. બાથટબ ભરવા નળ ચાલુ કર્યો. નાઇટડ્રેસ શરીર પરથી ફગાવીને શાવર નીચે ઊભો રહી ગયો. બાથટબમાં પાણી ભરાઇ ગયું...એ શાવર નીચેથી નીકળીને બાથટબમાં ઉતર્યો. થોડીક્ષણો બાદ હળવકેથી કોઇ બાથરૂમમાં પ્રવેશ્યું. સાયલન્સરવાળી રિલોવ્લરમાંથી બે ગોળી અભિની છાતીમાં ધરબી દીધી. અભિના મોંમાંથી એક ઊંહકારો નીકળ્યો...બાથટબનું પાણી લાલ થવા લાગ્યું.

> બસ્તા શેઠની વાત સાંભળીને મોતીએ છીછરા વિચારોની ઊંડી વાવમાં ડૂબકી લગાવી. કાંઠે આવ્યો ત્યારે એના બેઉ હાથમાં લાડુ હતા....મોતીચૂરના

એક રહસ્યમય પ્રચંડ અવાજ સાથે ફિલ્મના પડદા પર લાલ અક્ષરે ઇન્ટરવલ શબ્દ ઝળક્યો ને પડદા પર સ્થિર થઈ ગયો. ધીમે ધીમે કેમેરા ઝૂમઆઉટ થયો ને વીસેક જણની કેપેસિટીવાળા કોઝી થિયેટરમાં પ્રકાશ રેલાયો. અને એ સાથે ફિલ્મ જોઇ રહેલા ખુદ અભિ, ડાયરેક્ટર અશોક ટંડન, સુખી ગુલાટી, સત્યદીપ ચૌબે, મહિન્દર મોહન, અકબર પીઆર ઉપરાંત શહેરના નામાંકિત ફિલ્મ વિતરકો, ફાયનાન્શિયરો, ડિસ્ટ્રીબ્યુટર્સના ચહેરા ઝળક્યા. બધા ઊભા થઇને અભિને અભિનંદન આપવા લાગ્યા. અકબર પીઆર બધાને થિયેટરની બાજુના નાનકડા પાર્ટી હોલમાં લઈ ગયો.

'ઇન્ટરવલ તક કી ફિલ્મ તો બહુત અચ્છી હૈ...અબ આગે ક્યા?' એક ફાયનાન્શિયરે અભિને પૂછ્યું.

'આગે ફાયનન્સ ચાહિયે.' અભિએ સીધી વાત એની અસલી અદામાં હસીને કહી દીધી.

'ફાયનાન્સ મિલેગા તો ફિલ્મ કી કહાની આગે બઢેગી....ઇન્ટરવલ કે બાદ કી ફિલ્મ બનેગી' અકબર પીઆરે કહ્યું.

'હમને જૈસેતૈસે ફિલ્મ કા ટુકડા જોડ કે...એડિટિંગ કર કે...ઇન્ટરવલ તક ફિલ્મ બનાઇ હૈ...તાકી આપ સબકો ફિલ્મ કા ઓવરઓલ આઇડિયા મિલ સકે.' અશોક ટંડને ચિયર્સ કરતા કહ્યું.

'ઇન્ટરવલ કા ડ્રોપ સીનમેં સસ્પેન્સ રખ કે કમાલ કી હૈ,' મહિન્દર મોહને કહ્યું.

'ફિલ્મ કા નામ ક્યા રખા હૈ?' એક ફાયનન્શિયરે પૂછ્યું.

'જો હોગા વો દેખા જાયેગા.' મૈને યે નામ સોચા હૈ...મૈં નીકલતા હું....મેરી સુબહ કી શિફ્ટ હૈ. આપ સબ પાર્ટી એન્જોય કિજિયે. ચિયર્સ.' અભિ દરેકને વ્યક્તિગત રીતે મળીને....ભેટીને....ગુડ નાઇટ કહીને નીકળી ગયો. (ક્રમશઃ)■

આકાશ મારી પાંખમાં

ડૉ. કલ્પના દવે
feedback@bombaysamachar.com

# મધુવનમાં માંડી ગોઠડી



૭૫વર્ષીય માનુની માલિની જોશી આ જઈફ ઉંમરે એકલતાના ટાપુ પર એકાકી છતાં ગૌરવભેર રહેતાં હતાં. આજે યાદોના મધુવનમાં ખોવાયેલા માલિનીએ વિચાર્યું કે આ મુંબઈ શહેરે મને કેટલું બધું સુખ આપ્યું છે. અમે અંધેરીના નાના ઘરમાં રહેતા હતા. ત્યાંથી ૧૯૬૨ની આસપાસ પિતાએ મણિભુવન પાસે એક શેઠના બંગલો-લક્ષ્મીભુવનમાં ભોંયતળિયે ઘર ખરીદ્યું. એ લક્ષ્મીભુવનમાં પપ્પાની લાડલી અને ભાઈની બેનડી થઈને ખૂબ ઝૂલી. અને આજે પણ શું તકલીફ છે?

જીવનની આ સુવર્ણસંધ્યા પણ હું ગર્વભેર જીવું જ છું. આન્ટી-આન્ટી કહીને મારો પડ્યો બોલ ઝીલતી મારી સુનીતા કેરટેકર. હા, એ કેરટેકર જ કહેવાય કારણ એ સંબંધ માત્ર ને માત્ર પ્રોફેશનલ- એમાં લાગણી પૂરવા જાઓ તો જોખમ. કારણકે ૩૫ વર્ષીય સુનીતા ગામમાં રહેતી અને બોર્ડિંગમાં ભણતી એની દીકરી માટે જ આ નોકરી કરે છે. અને હું પણ પ્રોફેશનલી જ જોઉં છું. કારણકે એણે અગાઉ નર્સ તરીકે હોસ્પિટલમાં જોબ કરી છે. હવે આ ઉંમરે મને કાંઈ થઈ જાય તો હું શું કરું? મારો દીકરો સુયશ જ મને આ હાલતમાં તરછોડીને જતો રહે, તો બીજા કોઈનો શો ભરોસો- એ લંડનમાં એની ફેમિલી સાથે લાઈફ એન્જોય કરે છે ને, તો હું પણ લાગણીઓના કૂવામાં શામાટે ગૂંગળાઈ મરું- યસ, આય કેન બી હેપી ઓન માય વે-

હા- પણ, જ્વેલરી કીંગ ગણાતા મારા પતિ અજય જોશીનું માસીવ હાર્ટએટેકને કારણે તત્કાળ નિધન થયું ત્યારે મારા દીકરાએ બે મહિનામાં જ ધંધો આટોપી લીધો અને લંડન ચાલી ગયો. કેટલાક ખોટા ડોક્યુમેન્ટસ પર મેં સહી કરવાની ધરાર ના પાડી. ત્યારે મા-દીકરાના અતૂટ સંબંધો પણ ક્ષણભંગુર થયા. જિંદગીની મોટી શીખ કે હવે માલિની જોશીને એકલા જીવવાનું છે. એ પણ ડીગ્નીટી સાથે- બિચારા કે દયામણા થઈને નહીં.

હા, તો મેડમ માલિની જોશી એની મરજી મુજબ શ્રેષ્ઠ જીવન વ્યતીત કરી રહ્યા છે.

મેડમ માલિની આજે એમની પેનડ્રાઈવમાં સચવાયેલા પોતાનાં સંસ્મરણોમાં ખોવાયેલાં હતાં. હૈયાના એક ખૂણામાંથી જીવનની મધુર ક્ષણો ડોકિયા કરી જતી, તો હૈયાના બીજા ખૂણામાંથી જીવનની નક્કર વાસ્તવિકતા ડંખ દઇ જતી.

માલિનીના હૈયામાંથી એક પડકાર સંભળાયો- હું સુખી છું. એકલતાનો વીંછી મને ડંખી ન શકે. બેંકમાંથી રિટાયર થઈ ત્યારે હું અને અજય યુરોપ ટુરમાં ગયાં હતાં કેટલી મજા કરી હતી. ટુરમાં બધા અમને લવબર્ડ કહીને જ બોલાવતા હતા, અને કપલડાન્સ તો યાદગાર બની ગયો હતો. અરે, એ યુરોપીય મ્યુઝિકવાળા અમારા ટ્રેડિશનલ ડ્રેસ અને ડાન્સ જોઈને ખુશ થઈ ગયા હતા- અમને બેસ્ટ કપલનો સ્ટાર આપ્યો હતો.

એક ગીત હતું ને કે- ***જીને કા અગર અંદાજ આયે,***
***તો કીતની હસીં હૈ જીંદગી***
***મરને કે લિયે જીના હો અગર***
***તો કુછ ભી નહીં હૈ જીંદગી***

હા, આજે પણ ભલે હું એકલી છું પણ સુખી છું. મારું પેન્શન, પતિના ધંધામાંથી મળેલો ૪૦ટકા ભાગ- ધંધામાં કાવાદાવા કરીને, મોટી ઉચાપત કરીને સુયશ વિદેશ ગયો- મેં તેને ન રોકયો- નવો મેનેજર રાખીને મેં પતિ અજય જ્વેલરી હાઉસ ફરી ચેતનવંતું કર્યું. હવે એક વાત શીખી ગઈ છું નો ઈમોશનલ એટેચમેન્ટ, ઓનલી બિઝનેસ ડિલ. એટલે પેલા મેનેજરની જેમ સુનીતા પણ ફક્ત કેરટેકર જ.

આજે માલિનીનું હૈયું ચકડોળે ચઢ્યુ છે. હું સુખી છું. મને મારા જીવન સામે કોઈ ફરિયાદ નથી. તો પછી આ તલસાટ શેનો, એક ન સમજાય તેવો અજંપો કેમ લાગે છે? ગઈ કાલે એડવોકેટ યોગિતા માથુર કોફીહાઉસમાં મળી હતી, એણે કહ્યું કે માલિની મેડમ, યુ શુડ પ્રીપેર યોર વીલ- સુયશ વિદેશમાં છે, એટલે તમારે જ લીગલ કરી લેવું જોઈએ.

હા, એટલે જ આ મન ચકડોળે ચઢ્યું છે. જીવનની ખાસ સ્મૃતિઓ આજે દાવાનળની જેમ મને દઝાડી રહી છે. જીવનની રળિયામણી સાંજે એકલતાના આ ટાપુ પર મારું મન શું ઝંખે છે- પદ, પ્રતિષ્ઠા, સંપત્તિ બધું જ મેં પ્રાપ્ત કર્યું છે. આ દોમદોમ સાયબી એ મારા આખા જીવનનું તપ જ છે.

તે દિવસે પપ્પાની લો ઓફિસમાં અજય જોશીનું આવવું, હું કોમર્સ ગ્રેજયુએટ પૂરું કરીને લો કરવાનું વિચારતી હતી.

બીજી મુલાકાત, કોફીહાઉસમાં હું અને અજય મળ્યા અને કોફી પીતા પીતા જ અતૂટ પ્રેમમાં બંધાઈ ગયા.

અજયના જ્વેલરી હાઉસમાં પહેલી વાર પગ મૂકયો ત્યારે હું ત્યાંની સમ્રાજ્ઞી જ બની મહાલવા લાગી.

૧૯૭૦ની આસપાસ બંને કુટુંબની ઈચ્છા વિરુધ્ધ ભાગીને લગ્ન કર્યા. ૩૫ વર્ષનું એ સુખદ દાંપત્ય જીવન આજે પણ મારા રોમેરોમને ઝંકૃત કરે છે.

હા, જ્વેલરી હાઉસમાં આજે પણ મેનેજર અજયના ફોટાને તાજો ફૂલનો હાર પહેરાવે જ છે. ધંધાનો ૪૦ટકા ભાગ ડાયરેકટર તરીકે મને નિયમિત મળે છે.

એક વાર મને અસહાય સમજીને મેનેજર રાકેશ દોશીએ કહ્યું- મેડમ, મને તમારો દીકરો જ સમજજો, તમે કહેશો તો એટ એની ટાઈમ હું તમારી સેવામાં હાજર થઈશ.

રાકેશ તમે મારા ધંધાના પાર્ટનર છો, કુશળ મેનેજર છો. તમારી ભાવનાની હું કદર કરું છું. પણ દીકરા જેવા કે અન્ય કોઈ લાગણી ભરેલા સંબંધમાં મારે પડવું જ નથી. ખરી રીતે તો માલિની પણ રાકેશ માટે વત્સલતા ધરાવતી હતી, પણ કોઈ ભાવનાત્મક સંબંધોથી એ દૂર રહેવા માગતી હતી- એ મનોમન વિચારી રહી-

ના, પણ રાકેશ એટલે રાકેશ- અજયના ગયા પછી એણે જ મારો ધંધો સંભાળ્યો છે.

આજે ભૂતકાળની મંજુષા ખોલીને બેઠેલી માલિની વૃદ્ધત્વની પીળી સાંજે વિચારી રહી- આજે આ ઘર મને કેમ ભેંકાર લાગે છે. શું એકલતા, વૈધવ્ય અને વૃધ્ધાવસ્થાના આ ડંખ નથી ઝીરવાતા? એક સમયે સોનાલી દીકરી, સુયશના મસ્તીતોફાનથી ઉછળતું આ ઘર- અજયના પ્રેમના હિંડોળે મહાલતી આ માલિનીનું એ હર્યુંભર્યું ઘર આજે મને કેમ એકલતાના રણ સમું લાગે છે-

જિંદગીની સમી સાંજે સુવર્ણ કિરણો ફેલાયાં છે, જીવન વહી રહ્યું જ છે, પણ પતિનો સાથ છૂટયો, સંતાનો પણ માળો છોડીને ઊડી ગયાં, જાણે અમે સહુ મૂળ સોતા જ ઊખડી ગયા- હવે આ સ્વમાની માલિની શું કરે?

આપણે ગમે તેટલું મન મક્કમ કરીએ પણ સ્વજનનો પ્રેમ એ જ જીવનનું બળ છે.

આમ તો મારો સુયશ મને અંધારામાં રાખીને પોતાની ફાઈનાંસ કંપની શરૂ કરવા માગતો હતો પણ મેં સાથ ન આપ્યો. અજયનો ધંધો મારે વધારે વિકસાવવો હતો- સુયશે ૬૦ ટકાનો ભાગ લઈ લીધો, સોનાલીએ મમ્માને સપોર્ટ આપ્યો પણ લગ્ન કરીને લંડન સ્થાયી થઈ.

આજે એકલતાના આ ભેંકાર અંધકારમાં પણ ઘરની દીવાલ પર ટીંગાતો અજયનો હસમુખો ચહેરો માલિનીને કહે છે-

સત્યનો પંથ ભલે વિકટ હોય પણ હંમેશાં સત્યની જીત થાય છે.

હું સદેહે તારી સાથે નથી, પણ ચેતનારૂપે તારી સાથે જ છું.

મધુવનમાં મંડાયેલી ગોષ્ઠીમાં માલિનીને જાણે કૃષ્ણનો વેણુનાદ સંભળાયો.■

ફોકસ

સંધ્યા સિંહ
feedback@bombaysamachar.com

# યુવતીઓ સશક્ત બનવું હોય તો ડિજિટલ કુશળતા મેળવો...!!

આ વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૫ ની થીમ તમામ મહિલાઓ અને છોકરીઓ માટે અધિકાર, સમાનતા અને સશક્તિકરણ છે. એકંદરે આ થીમ બધા માટે સમાન અધિકારો, શક્તિ અને તકો સુરક્ષિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. પ્રશ્ન એ છે કે આ કેવી રીતે પ્રાપ્ત કરવું? આજના યુગમાં, આ બધી વસ્તુઓ હાંસલ કરવાનો એક જ રસ્તો છે – ડિજિટલ ટેક્નોલોજીમાં નિપુણતા મેળવવી. આજે, શિક્ષણમાં મોટી ડિગ્રીઓ સશક્તિકરણની બાંયધરી આપતી નથી, જેવી ગેરંટી આધુનિક ડિજિટલ તકનીકમાં નિપુણતા હાંસલ કરવામાં છે. પરંતુ ડિજિટલ કુશળતાનો અર્થ માત્ર કમ્પ્યુટર અથવા સ્માર્ટ ફોન ચલાવવાની ક્ષમતા જ નથી પણ સંબંધિત માહિતીને ઝડપથી એક્સેસ કરવાની ક્ષમતા, ડિજિટલ ઉપકરણોનો અસરકારક રીતે ઉપયોગ કરવાની, ઑનલાઇન તકોનો મહત્તમ ઉપયોગ કરવાની અને સાયબર સુરક્ષાની મજબૂત સમજ છે. વાસ્તવમાં, આ આજે સશક્તિકરણનો મૂળ આધાર છે. તમે છોકરી હો કે છોકરો. છોકરીઓ માટે આ વધુ મહત્વનું છે, કારણ કે સમાજમાં છોકરાઓની સરખામણીમાં છોકરીઓ હજુ પણ ઘણી પાછળ છે. તેથી, આ મહિલા દિવસ પર, છોકરીઓ ડિજિટલ ટેક્નોલોજીમાં કૌશલ્ય પ્રાપ્ત કરવાનો સંકલ્પ લેવો જોઈએ, કારણ કે તેના દ્વારા જ સફળતા અને સશક્તિકરણની સીડી પર ચઢવું શક્ય છે. ચાલો સ્ટેપ બાય સ્ટેપ સમજીએ.....

**આર્થિક સશક્તિકરણ**

આજની તારીખે ડિજિટલ ટેક્નોલોજીમાં નિપુણ થયા પછી જ રોજગારીની નવી તકો ઉપલબ્ધ થાય છે. ડિજિટલ કુશળતા વિના માત્ર નોકરી જ નહીં, ફ્રીલાન્સિંગ, ઑનલાઇન બિઝનેસ, ડિજિટલ માર્કેટિંગ, કન્ટેન્ટ રાઇટિંગ, ગ્રાફિક ડિઝાઇનિંગ જેવા કોઈપણ ક્ષેત્રમાં કામ મેળવવાની આશા રાખી શકાતી નથી. કારણ કે આજકાલ મહિલાઓ માટે રોજગાર કરતાં ફ્રીલાન્સિંગની સુવિધાઓ ઉપલબ્ધ છે, જે ખૂબ જ આરામથી ઘરે બેસીને કરી શકાય છે. પરંતુ આ ત્યારે જ શક્ય બનશે જ્યારે તમારી પાસે તમારું પોતાનું ડેસ્કટોપ કોમ્પ્યુટર અથવા લેપટોપ હશે અને તમે ડિજિટલ ટેક્નોલોજીમાં સંપૂર્ણ રીતે નિપુણ હોવ. જો આમ હશે તો તમે ક્યારેય આર્થિક રીતે પરેશાન નહીં રહો, કારણ કે માર્કેટમાં મોટા પાયે ઓનલાઈન ડિજિટલ રોજગાર ઉપલબ્ધ છે.

**સ્ટાર્ટઅપ અને એન્ટરપ્રિન્યોરશિપ**

મહિલાઓ સોશિયલ મીડિયા, ઈ-કોમર્સ, ડિજિટલ પેમેન્ટ અને ઓનલાઈન બ્રાન્ડિંગનો ઉપયોગ કરીને ઘરે બેસીને બિઝનેસ શરૂ કરી શકે છે. આજે દેશમાં સેંકડો કે હજારો નહીં પરંતુ લાખો મહિલાઓ ઘરે બેસીને પોતાનો વ્યવસાય કરી રહી છે. પરંતુ આ ત્યારે જ શક્ય છે જ્યારે તમે ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં નિષ્ણાત હોવ. આના વિના ઘરે બેસીને વ્યવસાય શક્ય નથી. સત્ય એ છે કે તમારી કુશળતા કે જેને આ ડિજિટલ ટેક્નોલોજી સાથે કોઈ લેવાદેવા નથી, તેનું માર્કેટિંગ પણ આ કારણે થાય છે. આજે બિહાર અને ઉત્તર પ્રદેશની હજારો મહિલાઓ ઘરે બેસીને અથાણાં, બદીયા, પાપડ અને અન્ય અનેક પ્રકારની ખાદ્ય સામગ્રીનો વેપાર કરે છે, પરંતુ આ બધો બિઝનેસ ઓનલાઈન ટેક્નોલોજી



દ્વારા થાય છે. આજે લોકો દુકાનોમાંથી ભેળસેળયુક્ત મીઠાઈઓ ખાવાને બદલે ઘરે બનાવેલા લાડુ, પેંડા, કાજુ કતરી ખાવા માંગે છે. હજારો મહિલાઓ આવી વસ્તુઓ ઓનલાઈન વેચીને મહિને ૧૦ થી ૧૫ હજાર રૂપિયા સરળતાથી કમાઈ રહી છે, પરંતુ આ ત્યારે જ શક્ય બને છે જ્યારે તેઓ ડિજિટલ પેમેન્ટ સ્વીકારવામાં માહિર હોય, ઓનલાઈન બ્રાન્ડિંગ કેવી રીતે કરવું તે જાણતા હોય અને એમેઝોન, ફ્લિપકાર્ટ અથવા ઇટ્સી જેવા ડિજિટલ પ્લેટફોર્મનો તેમના વ્યવસાય માટે અસરકારક રીતે ઉપયોગ કરતા હોય. વર્ક ફ્રોમ હોમની તકો પણ એ જ મહિલાઓ માટે ઉપલબ્ધ હોય છે, જે મહિલાઓ ડિજિટલ ટેક્નોલોજીમાં કુશળ હોય.

**શિક્ષણ અને જ્ઞાનનું વિસ્તરણ**

જો તમે ડિજિટલ ટેક્નોલોજીના નિષ્ણાત છો અને તમારા સશક્તિકરણ માટે તેનો વધુ સારી રીતે ઉપયોગ કેવી રીતે કરવો તે જાણો છો, તો આજે એવા ડઝનબંધ પ્લેટફોર્મ છે જ્યાંથી તમે ઘરે બેસીને વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ શિક્ષણ મેળવી શકો છો અથવા તમારી કુશળતામાં વધારો કરી શકો છો. કોરસેરા, એનપીટીઇએલ, ઈ-વિદ્યા અને સ્વયં જેવા પ્લેટફોર્મ વિવિધ પ્રકારના અભ્યાસક્રમો દ્વારા તમારા શિક્ષણનો વિસ્તાર કરે છે. આના દ્વારા તમે નવા વિષયો શીખી શકો છો. કોડિંગ, ગ્રાફિક ડિઝાઇન, નાણાકીય સાક્ષરતા, શેરબજારથી માંડીને તમે આ પ્લેટફોર્મ્સ દ્વારા ઘરે બેઠા અનેક પ્રકારની દેશી અને વિદેશી ભાષાઓ શીખી શકો છો અને તેના દ્વારા આર્થિક આવક પણ મેળવી શકો છો. એટલું જ નહીં, જો વ્યક્તિ ડિજિટલ ટેક્નોલોજીમાં નિપુણ હોય તો તમામ પ્રકારની આરોગ્ય અને કાયદાકીય માહિતી મેળવીને મહિલા અધિકારો, સરકારી યોજનાઓ, માતૃત્વ લાભો અને આરોગ્ય સેવાઓ વિશે સરળતાથી માહિતી મેળવી શકે છે અને તેના દ્વારા વ્યક્તિ માત્ર આર્થિક જ નહીં પરંતુ સામાજિક સશક્તિકરણ પણ સરળતાથી કરી શકે છે. આજે મહિલાઓએ પોતાને મદદરૂપ કાયદાઓ વિશે માહિતી મેળવવા માટે કોઈ વકીલની પાછળ દોડવાની જરૂર નથી. જો તમે ઈન્ટરનેટનો વધુ સારી રીતે ઉપયોગ કેવી રીતે કરવો તે જાણો છો, તો આજે આ બધી વસ્તુઓ ઈન્ટરનેટ પર ખૂબ જ સરળતાથી અને નજીવી ફીમાં ઉપલબ્ધ છે. જોકે, ૯૫ ટકાથી વધુ માહિતી મફત છે. પરંતુ જો તમે ડિજિટલ ટેક્નોલોજીમાં નિપુણ હોવ તો જ તમે આનો લાભ લઈ શકો છો. આજે હજારો મહિલાઓ દરરોજ થતા લાખો વેબિનરમાં જોડાય છે અને પોતાનો સંદેશ દેશ-વિદેશના ખૂણે-ખૂણે પહોંચાડે છે. તેઓ આ જ્ઞાનનો ચાર્જ લે છે અને વિશ્વભરના ડિજિટલ સમુદાયો સાથે જોડાઈને પોતાને આર્થિક અને સામાજિક રીતે સશક્ત બનાવે છે. માત્ર ડિજિટલ સાક્ષરતા દ્વારા જ આજે મહિલાઓને ઓનલાઈન છેતરપિંડી અને સાયબર સ્ટેકિંગ જેવા ગુનાઓથી બચાવી શકાય છે. એટલું જ નહીં, જો તમે ડિજિટલ ટેક્નોલોજીમાં સાક્ષર હોવ તો જ તો ડેટા પ્રાઇવેસી જાળવી શકો છો.

**નાણાકીય સ્વતંત્રતા**

ડિજિટલ ટેક્નોલોજીમાં નિપુણ બનીને, વ્યક્તિ ઓનલાઈન બેન્કિંગ, ડિજિટલ રોકાણ વિકલ્પો (મ્યુચ્યુઅલ ફંડ સ્ટોક માર્કેટ) અને ટેક્સ પ્લાનિંગ વિશેની માહિતી એકત્ર કરી શકે છે અને વ્યક્તિની સમજમાં સુધારો કરીને વ્યક્તિ આના દ્વારા નાણાકીય આવક પણ મેળવી શકે છે. જો તમે ટેક્સ પ્લાનિંગ અને રોકાણ વગેરે બાબતોમાં નિષ્ણાત બની ગયા છો તો ઘણા લોકો તમારી સેવાઓ લેવા તૈયાર થશે. એટલું જ નહીં, જ્યારે તમે ડિજિટલી સ્માર્ટ હશો, ત્યારે તમે સરકારી યોજનાઓનો લાભ લેવામાં પણ સક્ષમ બનશો. જ્યારે આજે વાસ્તવિકતા એ છે કે ૫૦ ટકાથી વધુ મહિલાઓ તેમના માટે ઉપલબ્ધ તમામ સરકારી યોજનાઓનો લાભ લઈ શકતી નથી. કારણ કે તેઓ આ બધાથી વાકેફ નથી અને તેમની પાસે માહિતી મેળવવાનું બીજું કોઈ ભરોસાપાત્ર માધ્યમ નથી. તેથી, તમારી ડિજિટલ સાક્ષરતા વધારવી જરૂરી છે. સરકારે મહિલાઓ માટે પીએમ જન ધન યોજના, મુદ્રા લોન, સ્ટેન્ડઅપ ઈન્ડિયા જેવી ઘણી નાણાકીય યોજનાઓ ચલાવી છે, જેનો લાભ લઈને મહિલાઓ સરળતાથી તેમની આર્થિક સુધારણા કરી શકે છે. પરંતુ જો આપણે એવી ટેક્નોલોજી જાણતા નથી કે જેના દ્વારા આ માધ્યમોને વધુ સારી રીતે મજબૂત બનાવી શકાય, તો આ બધું કેવી રીતે શક્ય બનશે? તેથી, આજે આર્થિક, સામાજિક અને વ્યક્તિગત સશક્તિકરણ માટે, સૌથી મહત્વની બાબત એ છે કે ડિજિટલી સશક્ત થવું. જો આમ નહીં થાય તો તમામ સુવિધાઓ હોવા છતાં તમે તમારો વિકાસ કરી શકશો નહીં. ગ્રામીણ મહિલાઓ એ જ કારણથી પાછળ રહી ગઈ છે કારણ કે આધુનિક ડિજિટલ યુગમાં ડિજિટલ કલ્ચર અને ડીજિટલ ટેક્નોલોજીમાં પાછળ રહી ગયેલી મહિલાઓ માટે દરેક ક્ષેત્રે પાછળ રહી જવું અનિવાર્ય બની ગયું છે. ઓનલાઈન માર્કેટિંગ અને હેન્ડીક્રાફ્ટ બિઝનેસ આજે ડિજિટલ ટેક્નોલોજીમાં નિપુણ બન્યા વિના શક્ય નથી. આજે, ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા, ગ્રામીણ મહિલાઓ માત્ર દેશમાં જ નહીં પરંતુ વિશ્વના કોઈપણ ખૂણામાં તેમના દ્વારા બનાવેલ ઉત્પાદનો વેચી શકે છે. પરંતુ આ ત્યારે જ શક્ય છે જ્યારે ડિજિટલ ટેક્નોલોજી તમારી જીવનશૈલીનો એક ભાગ બની ગઈ હોય.

આજે લગભગ દરેક ક્ષેત્રની તમામ માહિતી યુટ્યુબ પર ઉપલબ્ધ છે, તમે જે પણ કામ કરવા માંગો છો, તેટલી મૂળભૂત માહિતી ત્યાંથી ઉપલબ્ધ થઇ રહેશે. પરંતુ તે માહિતી મેળવવા માટે, તમારી પાસે ડિજિટલ તકનીકને સારી રીતે હેન્ડલ કરવાની કુશળતા હોવી જોઈએ. આજે, આગળ વધવા માટે, ડિજિટલ વિશ્વમાં પગ મૂકવો ખૂબ જ મહત્વપૂર્ણ બની ગયું છે. ■

## ૯. લગ્ન સંબંધી

**પરિચય મિલન મેળાવડો**

શ્રી લોહાણા સમાજ નવી મુંબઈ દ્વારા 14મો પરિચય મિલન મેળાવડો ગુરુવાર તારીખ 1 મે (જાહેર રજા) 2025નાં રોજ યોજાશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 10 એપ્રિલ. સંપર્ક- અનુસયાબેન ચોથાણી- 9221238188, નિપાબેન- 9930798787, VIKRAM KOTAK- 9867018984, VISHAL ANADA- 8928464336. કન્યાઓ માટે, નિઃશુલ્ક પ્રવેશ. (ઉમેદવારની હાજરી અનિવાર્ય). (દહેજ નહીં). (૧૫૭૪૮-એ)

**મુંબઈ**

ડિસેમ્બર 1986, સ્માર્ટ યુવતી માટે સક્ષમ યુવકનો પ્રોફાઈલ whatsapp કરો. મોબાઈલ - 9869781781. (No Jain). (દહેજ નહીં). (બી-૧૫૭૬૧)

■ પાર્લામાં 1978 બી. ઈ., એલ.એલ.બી. કપોળને શિક્ષિત કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૭૫૬)

■ પાર્લામાં 1978, બી. ઈ. બિઝનેસ ધરાવતા વૈષ્ણવને દેખાવડી કન્યા. આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૭૫૬)

■ અમેરિકામાં 1992, બી. ઈ. એમ. એસ. હેન્ડસમ વૈષ્ણવને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૭૫૬)

■ બી. ઈ., એમ. બી. એ. 1982, 5'.6" સ્માર્ટ ડાયવોર્સીને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૭૫૬)

■ નેપ્યેન્સી 1992, 5'.5" માસ્ટર બ્યુટીફુલ કપોળને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૭૫૬)

## ૯. લગ્ન સંબંધી

■ પાર્લામાં 1979, એલ. એલ. બી. વૈષ્ણવ એક્ટીવ ડાયવોર્સીને વેલસેટ યુવક આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૭૫૬)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૭૫૯/એ)

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav, Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409/ 7045657510. (No Dowry). (15686-A)**

**Looking for GROOM**

**"South-Mumbai Cultured Gujarati Girl from affluent Family, Educated, Divorced, 42/5'2" Working in Bank Corporate Office. Seeking alliance from Well Educated. between 42-46 Yrs. Old Boy.**

**If Interested Send Profiles on Whatsapp 8879878807 / 9653305363**

(No Dowry) (B-15688)

## ૧૨. યાત્રા સહેલગાહ

**નિઃશુલ્ક મહાબળેશ્વર**

નિઃશુલ્ક મહાબળેશ્વર ૪ દિવસ પ્રવાસ ૬૫ વર્ષથી વધુ ઉંમરના હિન્દુઓ માટે દર રવિવાર/ મંગળવાર/ગુરુવારે શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૬૭૯૭૭૪૪૨ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૪૮૨)


## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝ્ડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722


## ૧૨. યાત્રા સહેલગાહ

**''ચારધામ ચોઈસ''**

27000/=, 36000/=, 45000/=, 56000/=, 65000/=, 236000/=. 9960523040, 9833009445. (૧૫૩૩૬/ડી)

**''MANDANI TRAVELS''**

''ચારધામ યાત્રા MAY - JUNE, કાશ્મીર ટૂર, કેરાલા ટૂર, સંપૂર્ણ ભારત યાત્રા'' - 9167184467 / 9372396434. (૧૫૬૬૯-એ)

**'' કૈલાશ ટ્રાવેલ્સ..''**

(૧૯૬૪થી..) ચારધામઃ ૧૪ દિવસ- મેમાં- ૬ સીટ બાકી, જુનમાં- ૧૫ સીટ બાકી- 8779849316, 9326754043, 9930798312. (બી-૧૫૭૨૬)

■ Bfast ડિનર સાથે વ્યક્તિગત પ્રવાસ જોવાલાયક સ્થળોનો પ્રવાસ પ્રાઇવેટ કાર. Per Couple Starting from હિમાચલ 45000, આંદામાન 48000, ઉત્તરાંચલ 52000, કાશ્મીર 54000, સિક્કિમ 58000, સિંગાપોર 105000, અઝરબૈજાન 120000 Airfare Extra અરહમ હોલિડે 9769977466 / 9892534488. (બી-૧૫૭૪૨)

## ૧૭. જગ્યા આપવી છે

**સાન્તાક્રુઝ વેસ્ટ**

પોદાર સ્કૂલ જૈન દેરાસર 3 બેડ 1300' કારપેટ ડુપ્લેક્સ અર્જન્ટ સેલ અમિત- 7045622403. (બી-૧૫૭૪૬)

**પાર્લા ઈસ્ટ**

NRI અરજન્ટ સેલ ફ્લેટ 2 બેડ 715' કારપેટ વેરી ગુડ સોસાયટી અમિત- 7045622403. (બી-૧૫૭૪૭)

**''ચારકોપ - કાંદિવલીમાં, બોરીવલીમાં...''**

૨૫/ ૩૦/ ૪૦ મીટરનાં રોહાઉસ, ૬૦થી ૧૨૫ મીટરના બંગલાઓ, ૧ થી ૫ બેડરૂમનાં ફ્લેટો, દુકાનો, ઓફિસો, ગોડાઉન તૈયારમાં/ બંધાતામાં લેવા વેંચવા/ ભાડેથી - 9869463304, 7738151065. (બી-૧૫૬૯૮)

**કાંદિવલી (વેસ્ટ)**

પ્રાઈમ લોકેશન, જૈન મંદિર ચાલતા અંતરે, 1 BHK 489', ફુલ્લી ફર્નિશ્ડ, ''દિશા એસ્ટેટ'' ડિંકેશ ગડા - 9930010989. (જેપી-૪૯૭૬-ડી)

**''વિલેપાર્લામાં...''**

૧ થી ૫ બેડરૂમનાં ફ્લેટો, ડુપ્લેક્ષ, પેન્ટહાઉસ, ઓફિસ, દુકાનો તૈયારમાં/ બંધાતામાં લેવા/ વેંચવા/ ભાડેથી - 9869463304, 7738151065. (બી-૧૫૬૯૭)

■ સુરતના ઝડપથી વિકસતા વિસ્તારમાં રોકાણ કરવા માટે ઉત્તમ તક. 200 ફીટના મેઈન રોડ ટચ 3 BHK ફ્લેટ ફક્ત 58 લાખમાં વેચવાનો છે. 9913658422. (બી-૧૫૭૬૧)

**4-બેડરૂમ-હોલ-કિચન**
**4-કાર-પાર્ક**
**ઘાટકોપર-પૂર્વ**
**જૈન મંદિર, ગાર્ડન, જીમ, મેટ્રો સ્ટેશન પાસે,**
**MICL**
વેચાણ માટે સંપર્કઃ- MySpace Realty
**9920 204 214**
(૧૫૭૬૧-એ)

**માટુંગા - કિંગ્સસર્કલ**

2 બેડરૂમ હોલ કિચન વેચાણ માટે, નવી બિલ્ડિંગ - O. C. સાથે, ઈન્ડિન જિમખાનાની નજીક, 12મો માળ, 770 Sq Ft. પાર્કિંગ, 3.40 કરોડ., સંપર્ક 9374543885. (૧૫૭૨૨-એ)

**મુલુંડ (વેસ્ટ)**

2 BHK, 705' અને 3 BHK, 951' વાલજી લધા રોડ, પોડિયમ પાર્કિંગ સાથે ફ્લેટ વેચવાનો છે. 2-વે રેમ્પ. સંપર્ક - 9930333456. (P51800055546) (૧૫૭૧૦-એ)

**બોરીવલી વેસ્ટ**

અભિલાષા 2, પોશ, 3 BHK, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૬૭૮)

**ગોરેગાવ વેસ્ટ**

કલ્પતરુ રેડીયેન્સ, બ્રાન્ડ ન્યૂ ફ્લેટ, 2 બેડરૂમ, પાર્કિંગ, સ્વિમિંગ પુલ, જીમ, બધુંજ કોમ્પ્લેક્સમાંજ. મેટ્રો, સ્ટેશન, સ્કૂલ, માર્કેટ નજીક. ઓસી સાથે રેડી પઝેશન. -9920445444. (બી-૧૫૬૭૯)

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016-9082933313. (૧૫૭૨૭-એ)

**કાંદીવલી- અંધેરી**

(No brokerage) 1-2-3 BHK નવા બિલ્ડિંગમાં એમીનિટીઝ સાથે આઉટરાઈટથી લેવા વેચવા 7498921336. (જેપી/ ૪૯૮૦-એચ)

**સાંતાક્રુઝ વેસ્ટ**

**ન્યૂ સાકેત સોસાયટી ૨ BHK, 3 BHK ટાગોર રોડ સાંતાક્રુઝ વેસ્ટ નવી બિલ્ડિંગ સારું બાંધકામ ઓ.સી. સાથે. મો. ૯૮૨૧૦૭૭૩૩૧. (એસડીબી-૨૪૮૯)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**વેચાણથી, પ્રાઈમ લોકેશન, એમ. જી. રોડ, હવેલી, મંદિર, માર્કેટ નજીક, કન્વર્ટેડ 3 બેડરૂમ હોલ કિચન ફુલ્લી ફર્નિશડ, ત્રીજે માળે, પાર્કિંગ. સંપર્ક- 9870477170 / 9819688120. (૧૫૭૦૬/એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**પાર્લા (ઈસ્ટ-વેસ્ટ)**

**૨-૩-૪ બેડરૂમ - હોલ - કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૭૪૨-એ)**

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**

**૨-૩-૪ બેડરૂમ - હોલ - કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૭૪૨-બી)**

**કાંદિવલી (વેસ્ટ)**

શાંતિલાલ મોદી રોડ, 2 બેડરૂમ 631' કારપેટ, 1.70 કરોડ onwards, નવું ટાવર, રેડી પજેશન, OC સાથે નિયર હવેલી દેરાસર, સંપર્ક ધ્રુવ રૂધાણી 7718024133. (જેપી/ ૪૯૭૮-ડી)

**કાંદિવલી (વેસ્ટ)**

0% સ્ટેમ્પડયુટી, ફુલ CC સાથે, આલોક @ દહાણુકરવાડી, નવું ટાવર, 1 બેડરૂમ 1.08 કરોડ + 2 બેડરૂમ 1.60 કરોડ +, ઓફર લિમિટેડ સમય માટે યોગેશ મહેતા 9322287656. (જેપી/૪૯૭૮-ઈ)

**વિલેપાર્લા (ઈસ્ટ)**

**3 બેડરૂમ હોલ કિચન ચાર બાલ્કની હવા ઉજાસવાળો ૧૧૫૦ ફ્લેટ 3.50 કરોડ 2 પાર્કિંગ 9619018233 આશાબેન. (૨૫૭)**

**કેમ્પ્સ કોર્નર**

2 બેડરૂમ - 850' કાર્પેટ - ગેરેજ - પાર્કિંગ 4,60,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૩૭-ડી)

**બાબુલનાથ**

4 બેડરૂમ - 1800' - કાર્પેટ - પાર્કિંગ - 9,50,00000/= શાહ - 9820068382. (૧૫૩૩૭-સી)

**નાનાચોક**

4 બેડરૂમ - 2800' - કાર્પેટ - પાર્કિંગ - 5,50,00000/= શાહ - 9820068382. (૧૫૩૩૭-બી)

**વાલકેશ્વર**

3 બેડરૂમ - 900' - કાર્પેટ - પાર્કિંગ - 5,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૩૭-એ)

**KHETWADI**

3 BHK, Higher Floor, 1275 Sqft, Furnished, 2 Parking. 9821249991. (15759-C)

**GHATKOPAR EAST**
**NEELSIDHI JAYBANDHU ON 90 FEET ROAD**
**3 BHK LUXURY FLATS**
**₹ 3.19 CR*. ONWARDS**
**READY POSSESSION**
**OC RECEIVED**
MahaRERA Registration No.: P51800045951, available on https://maharera.mahaonline.gov.in
**98334 69305**
(B-15638)

**SICKA NAGAR**

1 BHK 470 Sqft, Ready Possession. 9821249991. (15759-D)

**SICKA NAGAR**

3 BHK, 1 Parking, Ready Possession. 9821249991. (15759-E)

**SOUTH MUMBAI**

On outright Sell Specious 3 BHK Near Mahalaxmi Temple 1900 Carpet Sq. Ft. 2 Fix Car Park Contact Thakkar Realty Rajesh Thakkar 9820157738. (B-15762)

**MARINE DRIVE**

2 Bed 750 Carpet for Sale 5.25 Cr, Sea View / Lease Fully Furnished 2 Converted Rent 2,00,000. Ashok Shah 9821036552 Nagesh 9870246552. (15759-F)

## ૧૮. જગ્યા જોઈએ છે

**REQUIRED URGENTLY**

2 BHK for Veg Client on L & L Basis 1 Parking, Peddar Road, Hajiali Near Mahalaxmi Temple Contact Thakkar Realty Rajesh Thakkar 9820157738. (B-15764)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વલસાડમાં**

20000' ફૂટના પ્લોટમાં 3000' ફૂટની ફેક્ટરી RCC, 1000' બંગલો, 1000' સ્ટાફ ક્વોટર્સ, ફળોની વાડી સાથે. વેચાણથી આપવાનું. 9324493718. (૧૫૩૩૬-એ)

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**''કાલબાદેવીમાં ગોડાઉન..''**

190 કાર્પેટનું ગ્રાઉન્ડ ફ્લોરમાં - ભાંગવાડીની બાજુની ગલીમાં વેચાણથી.. 'મારુતી' - 9321035177. (બી-૧૫૬૯૯)



**સહાયઃ** મ્યાનમારમાં આવેલા વિનાશક ભૂકંપ બાદ રાહત કામગીરીમાં સહાય કરવા ભારતની ૮૦ સભ્યની બનેલી એનડીઆરએફની ટીમ શનિવારે મ્યાનમાર પહોંચી હતી. (એજન્સી)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**

**પ્રાઈમ લોકેશનમાં રેડી / અંડર કન્સ્ટ્રક્શનમાં ઓફિસ, દુકાન, ગોડાઉન વેચાણથી / ભાડેથી લેવા-વેચવા. Homealone Property. અભિષેક - 9082522655. (૧૫૭૬૩/એ)**

**COMMERCIAL OFFICE**

On Outright Sell Nariman Point 2000 Carpet / Well Maintained 1 Parking Contact Thakkar Realty Rajesh Thakkar 9820157738. (B-15763)

**KALYAN (WEST)**

2 Shops, 180' Carpet, 11' Frontage each for Rent. Single & Jodi Shop. 2 Minutes Walk from Station. Contact Owner 9322213582. (15765-A)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થનાસભા નાશિક - પૂનામાં 13000/=**

(કાંદિવલીમાં 7000/= બીજે ટ્રાન્સપોર્ટેશન અલગ), લગ્નગીત, સંગીત સંધ્યા, ભજન, Anniversary, Karaoke, DJ, સાઉન્ડ બજેટથી. મનસુખભાઈ - 9326801860, 8169552801. (૧૫૭૧૭-એ)

**''હર્ષ શાહ...''**

'Live...' લગ્નગીતો, સંગીત સંધ્યા, ઓરકેસ્ટ્રા, કોર્પોરેટ, મ્યુઝીકલ પ્રોગ્રામો - 9920553345. (બી-૧૫૬૬૨)

**પ્રતીક મહેતા**

સંગીતસંધ્યા, લગ્નગીત, એનીવર્સરી, પ્રાર્થના, ભજન, ડાયરો, બર્થડે. 9821153026. (૧૫૭૫૯/બી)

## ૨૭. ઔષધ ઉપચાર

**કેબી ધોરમનો ધોરમ મલમ**

**ગુદાના ગુમડા, હરસ, ખસ, દાદર, ખરજવું, વાઢીયા, કરોળિયાનો આયુર્વેદિકમાં ઉપલબ્ધ. કેબીધોરમ વાંચી ખરીદવું. બોરીવલી 9820756510, દહિસર 9321611838, કાંદિવલી 7506655512, મુંબઈ 9820040824, મુલુંડ 9029676712. (૧૫૬૫૮-બી)**

**Dibesia**
**ડાયાબીટીસ માટે સીરપ**
સંપૂર્ણ આયુર્વેદીક સીરપ
ડાયાબીટીસ તમારૂ એને કંટ્રોલમાં રાખવાનું ટેન્શન અમારૂ.
Free Home Delivery
**સંપર્ક : 88 8969 8969**
(૧૫૭૧૯-એ)

## ૩૨. જમીન - મિલકત

**જમીન વેચાણ**

હાઈવે રોડ ટચ, પ્રાઈમ લોકેશન, મોટી જમીન, ખેતી - રહેણાક પ્લોટીંગ - ઈન્ડસ્ટ્રીયલ પાર્ક - સોલાર પાર્ક માટે, અમદાવાદ, હિમ્મત નગર, બેચરાજી, વિરમગામ, કડી, ધોલેરા. - 8140008685. (સમય 10 થી 6). (બી-૧૫૭૫૯)

## ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીજી જ્યોતિષ**

અશક્યને શક્ય કરનાર સચોટ નિવારણ જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન. પ્રેમીમિલન (લવપ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ સ્પેશીયાલીસ્ટ) 9372024547 (ઘાટકોપર). (બી-૧૫૭૩૯)

**મહાલક્ષ્મી જ્યોતિષ**

**તાત્કાલિક સમાધાન, પ્રેમ સમસ્યા, લગ્નજીવનમાં સમસ્યા, પતિ-પત્ની મતભેદ, સાસુ-વહુનો ઝઘડો, સંતાન પ્રાપ્તિ, વિદ્યામાં/વિદેશમાં રૂકાવટ, ધંધામાં નુકસાન. ફીસ કામ પછી. 9321554879. (૧૫૭૪૫/એ)**

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**જન્મ તારીખ ડાયલ કરો**

**લગ્ન, ભાગ્યોદય ક્યારે? દામ્પત્ય જીવન કેવું? ભવિષ્ય જાણવા રૂબરૂ પધારો - 9987998235. (જેપી/૪૯૭૮-એ)**

**બધા દુઃખોનું નિદાન!**

જ્યોતિષ જીવનમાં સાચો માર્ગ બતાવે છે. જ્યોતિષિ કર્મ વ્યાધિથી મુક્તિ આપે છે. શું આપના લગ્નમાં અડચણ આવે છે? શું આપની નોકરી કે રોજગારમાં વૃદ્ધિ નથી થતી? શું આપના શિક્ષણમાં બાધા ઉત્પન્ન થાય છે? શું આપ કોઈને કોઈ બીમારીના કારણે પરેશાન છો? શું આપના સંતાન સુખમાં બાધા છે? શું આપ તમારી મહેનતનું સંપૂર્ણ ફળ પ્રાપ્ત નથી કરી શકતા? આ બધી પરેશાનીના કારણ જ્યોતિષની દ્વારા સંપૂર્ણ જાણકારી મેળવવા માટે કાશીના સુપ્રસિદ્ધ જ્યોતિર્વિદ ડૉ. બાલકૃષ્ણ મિશ્ર વિદ્યાવારિધિ (પી.એચ.ડી.) કાશીનો એક વાર જરૂર સંપર્ક કરો અને બધી સમસ્યાથી છુટકારો મેળવો.

સંપર્ક કરવા માટે નીચેના નંબરો પર સમય નિર્ધાર કરીને જ સંપર્ક કરી શકાય છે

માઁ સાવિત્રી જ્યોતિષ અનુસંધાન કેન્દ્ર, મુંબઈ

**ડૉ. બાલકૃષ્ણ મિશ્ર**
વિદ્યાવારિધિ (પી.એચ.ડી.) કાશી
જ્યોતિષાચાર્ય વ્યાકરણાચાર્ય
**સંપર્કઃ ૯૨૨૨૦૪૧૦૦૧**

**આચાર્ય આદિત્ય નારાયણ મિશ્ર**
જ્યોતિષાચાર્ય વેદાચાર્ય
**સંપર્કઃ ૮૫૧૦૯૪૧૬૯૩**

(બી-૧૫૭૨૪)

## ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ બંધ**

સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રુફીંગ ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડિંગ રીપેરીંગ, પેઇન્ટીંગ. 9769735633. (૧૫૩૩૩/એ)

**વોટર પ્રુફીંગ**

બિલ્ડિંગ રિપેરિંગ, ટેરેસ, ક્રેક ફીલીંગ, બાથરૂમ, છજીયા, લીકેજ બંધ. 8 વર્ષની ગેરેંટી : 7069506560, 9909617962. (૧૫૭૧૭-ઈ)

**વોટરપ્રુફીંગ વર્ક**

PU ફોમ ઈન્જેકશન, ગ્રાઉન્ટિંગ તોડ્યા વગર વોટરપ્રુફીંગ વર્ક - બાથરૂમ, ટોયલેટ, સ્વિમિંગ પુલ, વોટરટેન્ક, પોડિયમ સાથે ટેરેસ. 9136328369. (બી-૧૫૭૩૬)

**બિલ્ડિંગ રીપેરીંગ**

વોટર પ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ વીથ પેઈન્ટિંગ, ટેરેસ, છજીયા, આઉટસાઈડ વોલ. સંપર્કઃ 9987414990. /9867077530. (૧૫૭૪૪-એ)

**વોટર પ્રુફીંગ**

બિલ્ડીંગ રિપેરીંગ, પેન્ટીંગ, ટેરેસ, ક્રેક ફિલિંગ, પેરાપીટ, બાથરૂમ, છજીયા, લીકેજ બંધ. 9082015410/ 9326424832. (૧૫૭૫૬/એ)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૫૭૪૦)


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# રશિયન સેનામાં સેવા આપતા ૧૮ ભારતીયમાંથી ૧૬ ગુમ

નવી દિલ્હીઃ રશિયન સશસ્ત્ર દળોમાં હજુ પણ ૧૮ ભારતીયો છે, જેમાંથી ૧૬ ગુમ હોવાની જાણકારી રશિયાએ આપી છે. આ માહિતી વિદેશ રાજ્ય પ્રધાન કીર્તિ વર્ધન સિંહે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આપી હતી.

સરકારને પૂછવામાં આવ્યું હતું કે શું તેમની પાસે રશિયન સેનામાં સેવા આપતા કુલ ભારતીયોની સંખ્યા વિશે માહિતી છે અને જો છે તો તેમની ઓળખની તારીખ સહિતની વિગતો શું છે. વિદેશ મંત્રાલયને એ પણ પૂછવામાં આવ્યું હતું કે શું સરકાર પાસે તે ભારતીય નાગરિકોની ભારત પરત ફરવાની તારીખોનો ડેટા છે, જેને હવે ફરજ પરથી મુક્ત કરી દેવાયા છે.

તેમણે જણાવ્યું કે ઉપલબ્ધ માહિતી અનુસાર રશિયન સશસ્ત્ર દળોમાં ૧૨૭ ભારતીય નાગરિકો હતા. જેમાંથી ૯૭ની સેવાઓ સમાપ્ત કરવામાં આવી હતી. જે આ મામલે ભારત અને રશિયન સરકારો વચ્ચેની સતત વાતચીતના પરિણામસ્વરૂપ બન્યું હતું. સરકાર પાસેથી હજુ પણ રશિયામાં ફસાયેલા અને તેમની સેનામાં સેવા આપતા ભારતીય યુવાનોની સંખ્યાની વિગતો માગવામાં આવી હતી. રશિયામાં એમઆઇએ અને ભારતીય દૂતાવાસ દ્વારા તેમને પાછા લાવવા માટે પગલાં લેવામાં આવ્યાં છે.

સિંહે જણાવ્યું કે ઉપલબ્ધ માહિતી અનુસાર ૧૮ ભારતીય નાગરિકો હજુ પણ રશિયન સશસ્ત્ર દળોમાં છે. જેમાંથી ૧૬ ગુમ હોવાની જાણકારી રશિયા દ્વારા આપવામાં આવી છે. સરકારે કહ્યું કે સંબંધિત રશિયન અધિકારીઓ પાસેથી આવી વ્યક્તિઓ વિશે માહિતી માગવામાં આવી છે.

રશિયન અધિકારીઓને રશિયન સેનામાં ભારતીયો વિશે અપડેટ આપવા અને તેમની સલામતી, સુખાકારી અને વહેલા ડિસ્ચાર્જ સુનિશ્ચિત કરવાની વિનંતી કરવામાં આવી છે. ■

# યુપી સરકાર સંસ્કૃત શાળાઓનું આધુનિકીકરણ કરશે

લખનઊઃ ઉત્તર પ્રદેશ સરકાર પ્રોજેક્ટ અલંકાર હેઠળ સંસ્કૃત શાળાઓનું આધુનિકીકરણ કરશે. ઉત્તર પ્રદેશ સરકારે શુક્રવારે જણાવ્યું કે તેણે પ્રોજેક્ટ અલંકાર હેઠળ બિન-સરકારી આશ્રિત માધ્યમિક સંસ્કૃત શાળાઓને ઉન્નત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે.

આ પહેલના ભાગરૂપે ઉત્તર પ્રદેશના સાત જિલ્લાઓમાં ૧૧ સંસ્કૃત વિદ્યાલયોમાં વર્ગખંડનું બાંધકામ, નવીનીકરણ અને વિજ્ઞાન પ્રયોગશાળાઓ, સ્માર્ટ વર્ગખંડો અને વધુ સારી માળખાગત સુવિધાઓ જેવી આધુનિક સુવિધાઓનો વિકાસ કરવામાં આવશે.

સરકારે એક નિવેદનમાં જણાવ્યું કે આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય સંસ્કૃત શિક્ષણને પ્રોત્સાહન આપવાની સાથે વિદ્યાર્થીઓને વધુ સારું શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવાનો અને ભારતની સમૃદ્ધ જ્ઞાન પરંપરાઓને જાળવી રાખવાનો છે.

યોગી સરકાર શિક્ષણ ક્ષેત્રમાં સતત વિકાસના પ્રયાસો દ્વારા સંસ્કૃત શિક્ષણને પુનર્જીવિત અને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે. ■




# શાર્દુલ હાથ મિલાવવા આગળ આવ્યો, માલિક ગોયેન્કાએ ઝૂકીને, હાથ જોડીને નમન કર્યાં!





હૈદરાબાદઃ ગુરુવારની આઈપીએલ મૅચમાં સનરાઇઝર્સ હૈદરાબાદની યજમાન ટીમ જીતવા માટે ફેવરિટ હતી, પરંતુ લખનઊ સુપર જાયન્ટ્સએ જે રોમાંચક વિજય મેળવ્યો એ જીતના કર્ણધાર શાર્દુલ ઠાકુરને અનોખો અને સુખદ અનુભવ થયો હતો. મૅચ-વિનર શાર્દુલ સાથી ખેલાડીઓમાં અને મિત્રોમાં 'લૉર્ડ' તરીકે ઓળખાય છે. તે મૅચ બાદ મેદાન પર ટીમના ખેલાડીઓ અને સ્ટાફની વચ્ચે ઊભેલા ટીમના માલિક સંજીવ ગોયેન્કા સાથે હાથ મિલાવવા આગળ આવ્યો ત્યારે ગોયેન્કા ખુદ તેની નજીક આવ્યા હતા અને તેમણે નીચા નમીને શાર્દુલને વંદન કરીને શાનદાર વિજય બદલ હસીને તેનો આભાર માન્યો હતો અને પછી ભેટીને તેને શાબાશી પણ આપી હતી.

એ પહેલાં, ગોયેન્કા કેપ્ટન રિષભ પંતને ભેટ્યા હતા અને અન્ય ખેલાડીઓને પણ અભિનંદન આપ્યા હતા.

ગયા વર્ષે લખનઊની એક મૅચમાં હાર થયા બાદ એ સમયના કેપ્ટન કેએલ રાહુલને ગોયેન્કા ઉગ્ર થઈને ઠપકો આપી રહ્યા હોય એવો વીડિયો વાઈરલ થયો હતો. આ વખતે દિલ્હી સામેના પરાજય બાદ ગોયેન્કાની કેપ્ટન રિષભ સાથે વાતચીત થઈ હતી એનો વીડિયો પણ વાઈરલ થયો હતો અને એવું માનવામાં આવતું હતું કે ગોયેન્કાએ કેટલીક ભૂલો બદલ પંતને ઠપકો આપ્યો હતો.

ગુરુવારે હૈદરાબાદે નવ વિકેટે ૧૯૦ રન બનાવ્યા પછી લખનઊએ ૧૬.૧ ઓવરમાં પાંચ વિકેટે ૧૯૩ રન બનાવ્યા હતા. હૈદરાબાદની ચાર વિકેટ લેનાર શાર્દુલ ઠાકુરને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો.

ત્રણ મહિના અગાઉની હરાજીમાં શાર્દુલને કોઈપણ ટીમે નહોતો ખરીદ્યો એટલે તેણે ઇંગ્લૅન્ડની કાઉન્ટી ક્રિકેટમાં રમવાનું નક્કી કરી લીધું હતું, પરંતુ શાર્દુલનું ભાગ્યચક્ર ફરી ગયું હતું અને પછીથી લખનઊના ફ્રેન્ચાઇઝીએ પેસ બોલિંગ આક્રમણ મજબૂત કરવા માટે તેમ જ ઈજાગ્રસ્ત મોહસીન ખાનના વિકલ્પ તરીકે શાર્દુલને બે કરોડ રૂપિયાની મૂળ કિંમતે ખરીદી લીધો હતો. દિલ્હી સામેની મૅચમાં શાર્દુલને ફક્ત બે ઓવર બોલિંગ મળી હતી જેમાં તેણે બે વિકેટ લીધી હતી.

શાર્દુલને લખનઊની ટીમમાં એલએસજીના મેન્ટર ઝહીર ખાને લેવડાવ્યો છે.

શાર્દુલ હજી બે જ મૅચ રમ્યો છે અને છ વિકેટ સાથે તમામ બોલર્સમાં બીજા નંબરે છે. ચેન્નઈનો સ્પિનર નૂર અહમદ સાત વિકેટ સાથે પર્પલ કેપ ધરાવે છે.

એલએસજીની આગામી મૅચ મંગળવારે લખનઊમાં જ પંજાબ સામે રમાશે. ■

# હેડ-કોચ દ્રવિડને સલામ...





ગુવાહાટીમાં ગઈ કાલે હેડ-કોચ રાહુલ દ્રવિડ પગની ઈજા છતાં વ્હીલચેરમાં બેસીને રાજસ્થાન રૉયલ્સના ખેલાડીઓને કોચિંગ આપવા આવ્યો હતો (ઉપર). રાજસ્થાનની આજે ગુવાહાટીમાં ચેન્નઈ સામે મૅચ છે. બીજી તરફ, દિલ્હીના કૅપ્ટન અક્ષર પટેલને (ડાબે) વિશાખાપટનમમાં પ્રૅક્ટિસ દરમ્યાન સાથી ખેલાડીએ મદદ કરી હતી. (પીટીઆઇ)

# અમદાવાદમાં ગુજરાતનો ડંકો વાગ્યો, મુંબઈ ફરી પરાજિત

અમદાવાદઃ ગુજરાત ટાઇટન્સ (જીટી)એ ગઈકાલે અહીં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ને ખરાખરીના ખેલમાં ૩૬ રનથી હરાવી દીધું હતું. એ સાથે, અમદાવાદમાં જીટી સામે પરાજિત થવાની પરંપરા એમઆઇએ જાળવી રાખી હતી. જીટીએ બૅટિંગ મળ્યા બાદ આઠ વિકેટે ૧૯૬ રન બનાવ્યા હતા જેના જવાબમાં એમઆઇની ટીમ ૬ વિકેટે ૧૬૦ રન બનાવી શકી હતી.

રોહિત શર્મા (આઠ રન) અને રાયન રિકલ્ટન (છ રન) ફરી નિષ્ફળ ગયા અને ખરાબ ઓપનિંગને પગલે બધો બોજ મિડલ-ઑર્ડર પર આવી ગયો હતો. તિલક વર્મા (૩૯ રન, ૩૬ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) અને આંખમાં ઈજા થવા છતાં ખમીર બતાવીને લડાયક પર્ફોર્મ કરનાર સૂર્યકુમાર યાદવ (૪૮ રન, ૨૮ બૉલ, ચાર સિક્સર, એક ફોર) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૬૨ રનની ભાગીદારી થઈ હતી. જોકે ૯૭મા કુલ સ્કોર પર પ્રસિદ્ધ ક્રિષ્નાએ તિલકને લૉન્ગ ઑન પર તેવાટિયાના હાથમાં કૅચઆઉટ કરાવતાં જ એમઆઇની હાર લગભગ નિશ્ચિત થઈ ગઈ હતી. જીટીના ૧૯૬ રનમાં ઓપનર સાઇ સુદર્શન (૬૩ રન, ૪૧ બૉલ, ૯૩ મિનિટ, બે સિક્સર, ચાર ફોર)નો સૌથી મોટો ફાળો હતો. ■

# દમદાર દિલ્હીનો ઘાયલ હૈદરાબાદ સામે મુકાબલોઃ 'ડૅડી' રાહુલ આવી રહ્યો છે

વિશાખાપટનમઃ આઇપીએલમાં આજે (રવિવારે) દિલ્હી કૅપિટલ્સ (ડીસી)નો સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) સામે મુકાબલો (બપોરે ૩.૩૦ વાગ્યાથી) છે. અક્ષર પટેલની ટીમ રિષભ પંતના સુકાનવાળી લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ની ટીમને હરાવીને આ મૅચમાં રમશે, જ્યારે પૅટ કમિન્સની ટીમે ગુરુવારે પંતની જ એલએસજીની ટીમ સામેના થ્રિલરમાં પરાજય જોવો પડ્યો હતો.

ડીસીને રવિવારે બીજો મોટો ફાયદો એ છે કે તાજેતરમાં જ પહેલી વાર પિતા બનેલો વિકેટકીપર-બૅટર કેએલ રાહુલ રમવા આવી ગયો છે. તેની પત્ની આથિયા શેટ્ટીએ થોડા દિવસ પહેલાં બાળકીને જન્મ આપ્યો હતો.

રાહુલ ડીસી વતી ધમાકેદાર ડેબ્યૂ કરીને એની આગલી ટીમ (એલએસજી)ના માલિક સંજીવ ગોયેન્કાને કદાચ પોતાની તાકાત બતાવી દેવાના મૂડમાં હશે.

તાજેતરમાં ભારતને ચૅમ્પિયન્સ ટ્રોફી જિતાડનાર રાહુલને ડીસીની ટીમે ૧૪ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.

ખરેખર તો એસઆરએચની ટીમ એના ગઢ (હૈદરાબાદ)ની બહાર આવી છે એટલે એની વધુ આકરી કસોટી થશે. ■

### રવિવારે કોની વચ્ચે મુકાબલા?

- ★ દિલ્હી વિરુદ્ધ હૈદરાબાદ
- ▶ વિશાખાપટનમ, બપોરે ૩.૩૦ વાગ્યાથી
- ★ ચેન્નઈ વિરુદ્ધ રાજસ્થાન
- ▶ ગુવાહાટી, સાંજે ૭.૩૦ વાગ્યાથી

# પાકિસ્તાનના છેલ્લા છ બૅટ્સમેન વચ્ચે બન્યા માત્ર ત્રણ રન, ન્યૂ ઝીલૅન્ડ સામે પહેલી વન-ડે હાર્યું

નૅપિયરઃ ન્યૂ ઝીલૅન્ડે પાકિસ્તાન સામેની ટી-૨૦ સિરીઝ ૪-૧થી જીતી લીધા પછી હવે એની સામેની વન-ડે શ્રેણીમાં પણ વિજયી શરૂઆત કરી છે જેમાં ગઈ કાલે માઇકલ બ્રેસવેલના સુકાનમાં કિવીઓએ મોહમ્મદ રિઝવાનની ટીમને પહેલી વન-ડેમાં ૭૩ રનથી પરાજિત કરી હતી. નવાઈની વાત એ છે કે પાકિસ્તાને છેલ્લી સાત વિકેટ માત્ર બાવીસ રનમાં ગુમાવી હતી અને તળિયાના (૬-૧૧ નંબરના) છ બૅટ્સમેન વચ્ચે માત્ર ત્રણ રન થયા હતા.

૨૦૦૮માં હરારેમાં શ્રીલંકા સામે ઝિમ્બાબ્વેના આખરના છ બૅટ્સમેન વચ્ચે એક પણ રન નહોતો બન્યો અને એ રીતે ઝિમ્બાબ્વે આ ખરાબ રેકૉર્ડ-બુકમાં પ્રથમ સ્થાને છે. ૨૦૧૧માં હમ્બનટોટામાં કેન્યા સામે પાકિસ્તાનના છેવટના છ બૅટ્સમેન વચ્ચે કુલ ફક્ત બે રન થયા હતા. હવે જ્યારે પાકિસ્તાનના અંતિમ છ બૅટ્સમેન ત્રણ રન બનાવી શક્યા એટલે તેઓ આ રેકૉર્ડ-બુકમાં ત્રીજા સ્થાને છે.

ગઈ કાલે પાકિસ્તાને બૅટિંગ આપ્યા પછી ન્યૂ ઝીલૅન્ડે નવ વિકેટે ૩૪૪ રન બનાવ્યા હતા જેમાં માર્ક ચૅપમૅન (૧૩૨ રન, ૧૧૧ બૉલ, છ સિક્સર, તેર ફોર)નો સૌથી મોટો ફાળો હતો. ડેરિલ મિચલે (૭૬ રન, ૮૪ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર) અને મુહમ્મદ અબ્બાસ (બાવન રન, ૨૬ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)ના પણ મહત્ત્વના યોગદાન હતા. પાકિસ્તાન વતી પેસ બોલર ઇરફાન ખાને સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી.

મોહમ્મદ રિઝવાનની ટીમ જવાબમાં ૪૪.૧ ઓવરમાં ૨૭૧ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. બાબર આઝમ (૭૮ રન, ૮૩ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર) અને સલમાન આગા (૫૮ રન, ૪૮ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) સિવાય બીજો કોઈ બૅટર ૪૦ રન પણ નહોતો બનાવી શક્યો. પેસ બોલર નૅથન સ્મિથે સૌથી વધુ ચાર વિકેટ અને જૅકબ ડફીએ બે વિકેટ લીધી હતી.

માર્ક ચૅપમૅનને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. ■

માર્ક ચૅપમૅને ત્રણ કલાક સુધી બૅટિંગ કરીને ૧૧૧ બૉલમાં કુલ ૧૯ બાઉન્ડરીની મદદથી ૧૩૨ રન કર્યા હતા. તેણે ડેરિલ મિચલ સાથે ૧૯૯ રનની ભાગીદારી કરી હતી.




### પાકિસ્તાનના છેલ્લા છ બૅટ્સમેનના સ્કોર્સ

(૧) તૈયબ તાહિર, એક રન, રનઆઉટ
(૨) ઇરફાન ખાન, ઝીરો, ક્લીન બોલ્ડ
(૩) નસીમ શાહ, ઝીરો, કૅચઆઉટ
(૪) હૅરિસ રઉફ, એક રન, કૅચઆઉટ
(૫) અકીફ જાવેદ, એક રન, કૅચઆઉટ
(૬) મોહમ્મદ અલી, ઝીરો, અણનમ

# રિયાન પરાગે ફૅનને ૧૦,૦૦૦ રૂપિયા ચૂકવ્યા હતા? આકાશ ચોપડાએ અટકળને ફગાવી દીધી

ગુવાહાટીઃ ક્રિકેટના મેદાન પર કોઈ ક્રિકેટક્રેઝી છેક પિચ સુધી પોતાના ફેવરિટ ખેલાડીને ભેટવા કે તેને પગે લાગવા પિચ સુધી પહોંચી જાય એ કોઈ નવી વાત નથી અને આઇપીએલ પણ એમાં અપવાદ નથી અને એના અનુસંધાનમાં જ બુધવારે અહીં ગુવાહાટીમાં રાજસ્થાન રૉયલ્સના કાર્યવાહક કૅપ્ટન રિયાન પરાગ સાથે બનેલી એક ઘટના વાઇરલ થઈ ગઈ છે. એ તો ઠીક, પણ આ ઘટના બાબતમાં ફેલાયેલી એક અટકળ ખૂબ ચર્ચાસ્પદ થઈ છે. જોકે ભૂતપૂર્વ ક્રિકેટર અને કૉમેન્ટેટર આકાશ ચોપડા પાયા વગરની આ અટકળથી ખૂબ ગુસ્સે થયો છે.

વાત એવી છે કે બુધવારે આસામના ગુવાહાટી શહેરમાં રાજસ્થાન અને કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) વચ્ચેની મૅચ ચાલી રહી હતી ત્યારે એક યુવાન સલામતી કવચ ભેદીને ગ્રાઉન્ડ પર દોડી આવ્યો હતો અને રિયાન પરાગ પાસે પહોંચીને તેને પગે લાગ્યો હતો તેમ જ સલામતી રક્ષક તેને દૂર લઈ ગયા એ પહેલાં રિયાનને તે ભેટ્યો પણ હતો.

૨૩ વર્ષનો રિયાન આસામનો જ છે. તેનો જન્મ ગુવાહાટીમાં થયો હતો. મૅચ દરમ્યાન રિયાનના અનેક ચાહકો સ્ટેડિયમમાં હતા અને તેઓ રિયાનની જ બૂમો પાડતા હતા. પોતાના રાજ્યનો ક્રિકેટર સૌપ્રથમ આઇપીએલ ટાઇટલ જીતનાર ટીમ (રાજસ્થાન)નું સુકાન સંભાળી રહ્યો હોય એ તેમના માટે મોટું ગૌરવ કહેવાય અને એટલે તેઓ અતિ ઉત્સાહમાં હતા અને તેમનામાંથી એક ક્રિકેટ ક્રેઝી યુવાન રિયાનને નજીકથી જોવા તેની પાસે પહોંચી ગયો હતો.





આ ઘટના વાઇરલ થયા પછી ઇન્ટરનેટ પર કેટલાક નેટિઝન્સે એવી અટકળ ફેલાવી હતી કે ખુદ રિયાન પરાગનું જ આ સ્ટંટ હતું અને તેણે પોતાના ચાહકને મેદાન પર દોડી આવીને પોતાને પગે લાગવા તેમ જ પોતાને ભેટવાનું નાટક કરવા માટે ૧૦,૦૦૦ રૂપિયા ચૂકવ્યા હશે.

ખરેખર તો આ ક્રિકેટક્રેઝી પિચ સુધી આવ્યો ત્યારે ખુદ રિયાનને આશ્ચર્ય થયું હતું.

રિયાનના સ્ટંટ વિશેની નેટિઝન્સની અટકળ ગળે ઉતરે એવી ન લાગતાં કૉમેન્ટેટર આકાશ ચોપડાએ જણાવ્યું છે કે 'પત્રકારિત્વમાં જુઓ સ્તર કેટલું બધું નીચે ઊતરી ગયું છે! રિયાન પરાગે પોતાના ફૅનને મેદાન પર બોલાવવા તેને ૧૦,૦૦૦ રૂપિયા ચૂકવ્યા હશે એવી એક જાણીતા મીડિયા હાઉસની પાયા વિહોણી અટકળે તો હદ કરી નાખી. આ મીડિયા હાઉસે આ અફવાને ચકાસ્યા વિના એને વાઇરલ થવા જ શા માટે દીધી? સ્પોર્ટ્સ મીડિયામાં જવાબદારીપૂર્વકનું રિપોર્ટિંગ થવું જોઈએ.'

બુધવારની મૅચમાં રાજસ્થાન (૧૫૧/૯)નો કોલકાતા (૧૭.૩ ઓવરમાં ૧૫૩/૨) સામે આઠ વિકેટે પરાજય થયો હતો. ■

# ગિલ દર્દીઓની વહારે, ₹૩૫ લાખના તબીબી સાધનો ડૉનેટ કર્યાં

મોહાલીઃ ભારતના ટૉપ-ઑર્ડરના બૅટ્સમૅન અને આઇપીએલની ગુજરાત ટાઇટન્સ (જીટી) ટીમના કૅપ્ટન શુભમન ગિલે પંજાબમાં મોહાલીની જિલ્લા હૉસ્પિટલને ૩૫ લાખ રૂપિયાની કિંમતના તબીબી સાધનોનું દાન કર્યું છે.

આ મેડિકલ ઇક્વિપમેન્ટ્સમાં કેટલાક વેન્ટિલેટર, સીરિન્જ પંપ, ઓટી ટેબલ, સીલિંગ લાઇટ, આઇસીયુ બેડ અને એક્સ-રે મશીનનો સમાવેશ છે.

સિવિલ સર્જન ડૉ. સંગીતા જૈને જણાવ્યું છે કે 'શુભમન ગિલે દાનમાં આપેલા આ સાધનો જિલ્લા હૉસ્પિટલના દર્દીઓને ખૂબ મદદરૂપ થશે.'



શુભમન ગિલનો ઉછેર મોહાલીમાં થયો હતો. તે આ શહેરના ફેઝ-૧૦ની એક પ્રાઇવેટ સ્કૂલમાં ભણ્યો હતો. તે મોહાલીમાં એક બંગલો બનાવી રહ્યો છે અને એ રીતે તે આ શહેરના સતત સંપર્કમાં રહેવા માગે છે.

ઉલ્લેખનીય છે કે જાન્યુઆરીમાં બીસીસીઆઇએ સોશિયલ મીડિયામાં એક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં કેટલાક ભારતીય ખેલાડીઓએ 'તમારા શરીરના અવયવોનું દાન કરો, કોઈનો જીવ બચાવો' અભિયાન હેઠળ ક્રિકેટપ્રેમીઓને અનુરોધ કર્યો હતો. એ અભિયાન સંબંધિત ઇવેન્ટ અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાઈ હતી.

એ અભિયાન હેઠળ ક્રિકેટચાહકોને અપીલ કરનારાઓમાં શુભમન ગિલ ઉપરાંત વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ, અક્ષર પટેલ, હાર્દિક પંડ્યા, રિષભ પંત, અર્શદીપ સિંહ વગેરે ખેલાડીઓનો સમાવેશ હતો. ■

# પુજારાને સ્ટીફન ફ્લેમિંગના કયા નિવેદનથી ખૂબ નવાઈ લાગી?

## આરસીબીના હાથે સીએસકેનો ચેન્નઈમાં સૌથી મોટા માર્જિનથી પરાજયઃ ધોની અને જાડેજાના નવા વિક્રમ

ચેન્નઈઃ શુક્રવારે અહીં ચેપૉકમાં એમએ ચિદમ્બરમ સ્ટેડિયમના મેદાન પર રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ ૧૭ વર્ષે ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ને હરાવવામાં સફળતા મેળવી ત્યાર બાદ સીએસકેના હેડ-કોચ સ્ટીફન ફ્લેમિંગે તેની ટીમને ઘરઆંગણાનો કોઈ જ લાભ નહોતો મળ્યો એવી જે કમેન્ટ કરી એનાથી સીએસકેના જ ભૂતપૂર્વ ખેલાડી અને ભારતના ટેસ્ટ-સ્પેશિયાલિસ્ટ ચેતેશ્વર પુજારાને ખૂબ નવાઈ લાગી છે.

આરસીબીએ બૅટિંગ મળ્યા પછી સાત વિકેટે ૧૯૬ રન બનાવ્યા બાદ સીએસકેની ટીમે ૨૦ ઓવરમાં આઠ વિકેટે ફક્ત ૧૪૬ રન બનાવ્યા હતા અને આરસીબીનો ૫૦ રનથી વિજય થયો હતો. ચેન્નઈમાં સીએસકેની (રનની ગણતરીએ) એ સૌથી ખરાબ હાર હતી. સીએસકેની ટીમ અગાઉ ૫૦થી વધુ રનના માર્જિનથી ફક્ત બે વાર હારી હતી અને એ બન્ને મૅચ ચેન્નઈમાં નહીં, પણ અન્યત્ર રમાઈ હતી. ૨૦૧૩માં વાનખેડેમાં મુંબઈ સામે સીએસકેનો ૬૦ રનથી અને ૨૦૨૨માં બ્રેબર્ન સ્ટેડિયમમાં પંજાબ સામે સીએસકેનો ૫૪ રનથી પરાજય થયો હતો.

આરસીબીએ સીએસકેને ચેન્નઈના ચેપૉકમાં હરાવ્યું હોય એવું આ પહેલાં છેક ૨૦૦૮માં (આઇપીએલના પ્રથમ વર્ષમાં) બન્યું હતું. સીએસકેના ખેલાડી તરીકે નિવૃત્તિ થયા પછી પણ વર્ષોથી કોચ તરીકે સીએસકે સાથે જોડાયેલા ફ્લેમિંગના નિવેદન વિશે પુજારાએ પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે 'સીએસકે એક એવું ફ્રેન્ચાઇઝી છે જે પોતાની ટીમની તાકાતને આધારે એને માટેની પિચ તૈયાર કરતું હોય છે એટલે શુક્રવારે સીએસકે માટે હોમ ઍડવાન્ટેજ જેવું કંઈ નહોતું એવું સાંભળીને મને નવાઈ લાગી છે.'

આરસીબીએ આ પહેલાં સીએસકે સામે લાગલગાટ આઠ મૅચમાં પરાજય જોયો હતો, પરંતુ શુક્રવારે સીએસકેના ગઢ ચેન્નઈમાં જ પાટીદારના સુકાનમાં આરસીબીએ એ પરંપરા તોડી હતી.

દરમ્યાન એમએસ ધોની શુક્રવારે છેક નવમા નંબરે બૅટિંગ કરવા આવ્યો હતો અને ૧૬ બૉલમાં બે સિક્સર, ત્રણ ફોરની મદદથી બનાવેલા ૩૦ રને અણનમ રહ્યો હતો. ધોનીના સીએસકે વતી હવે કુલ ૪,૬૯૯ રન થયા છે. તેણે સુરેશ રૈનાનો ૪,૬૮૭ રનનો વિક્રમ તોડ્યો છે.

રવીન્દ્ર જાડેજા આઇપીએલમાં કુલ ૩,૦૦૦ રન કરવા ઉપરાંત ૧૦૦ વિકેટ લેનાર પહેલો જ ખેલાડી બન્યો છે. શુક્રવારે આરસીબી સામેની મૅચમાં તે વિકેટ નહોતો લઈ શક્યો, પરંતુ પછીથી તેણે પચીસ રન બનાવ્યા હતા અને આ અનોખો વિક્રમ નોંધાવ્યો હતો. ■

# ના, આ એપ્રિલ ફૂલ નથી... મંગળવારથી વીજળી સસ્તી

## પહેલી એપ્રિલથી અદાણી, મહાવિતરણ, બેસ્ટ, ટાટા સહિતની કંપનીઓ વીજદરમાં ઘટાડો કરશે

મુંબઈ: રાજ્યના ઘરેલુ, ઔદ્યોગિક અને કમર્શિયલ વીજ ગ્રાહકોને પહેલી એપ્રિલથી વીજળીના દરમાં ઘટાડો થવાથી રાહત મળવાની છે. રાજ્ય વીજ નિયામક આયોગે મહાવિતરણ, ટાટા, અદાણી તથા બેસ્ટ સહિત અન્ય વીજળી વિતરણ કરતી કંપનીઓને નવા વીજ દર લાગુ કરવા માટે શુક્રવારે મંજૂરી આપી હતી. સ્માર્ટ મીટર (ટીઓડી) બેસાડનારા ઔદ્યોગિક, કમર્શિયલ ગ્રાહકોને સવારે નવ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી તથા રાત્રે ૧૨ વાગ્યાથી સવારે છ કલાક સુધી વીજળી વાપરવા પર ૧૦-૩૦ ટકા છૂટ આપવામાં આવશે. ફક્ત સાંજે પાંચથી રાત્રે ૧૦-૧૨ કલાક સુધી વીજળીનો ઉપયોગ કરવા માટે વીસ ટકા વધુ ચાર્જ ભરવો પડશે. એનો અર્થ એવો થયો કે એક હાથે આવેલી સુવિધા બીજા હાથે કાઢી લેવામાં આવશે.

મહાવિતરણ તથા અદાણી કંપનીના વીજળીના દર એક એપ્રિલથી સરેરાશ ૧૦ ટકા, ટાટા કંપનીના ૧૮ ટકા જ્યારે બેસ્ટના વીજળીના દર ૯.૮૨ ટકા ઓછા થશે. આગામી પાંચ વર્ષમાં બિનપરંપરાગત કહેવાતી સૌર ઊર્જા તથા અન્ય સસ્તી વીજળી ઉપલબ્ધ થવાની હોઇ વીજળીના દર ઓછા થશે.

કૃષિ ગ્રાહકો માટે ઔદ્યોગિક, કમર્શિયલ તથા અન્ય ગ્રાહકો પર પડનારો ક્રોસ સબસિડીનો બોજો એક એપ્રિલથી આગામી પાંચ વર્ષ માટે તબક્કાવાર ઓછો કરવામાં આવશે. તેથી તેમને પણ વીજળીના દર ઓછા થવાને કારણે રાહત મળશે. આ સિવાય પર્યટનને પ્રોત્સાહન આપવા માટે રેસિડેન્શિયલ હોટેલ્સ, ગેસ્ટ હાઉસ વગેરેને કમર્શિયલના બદલે ઔદ્યોગિક ગ્રાહકના વર્ગમાં રાખવામાં આવશે જેથી તેઓને પણ વીજળીના દરમાં ખાસ્સી રાહત મળશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મહત્ત્વાકાંક્ષી પ્રધાનમંત્રી સૂર્યઘર યોજના વધુને વધુ નાગરિકો સુધી પહોંચાડવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર કાર્યરત છે ત્યારે હાલમાં જે નાગરિકોએ પોતાના ઘરની ઉપર સૌર ઊર્જાના પ્લાન્ટ બેસાડ્યા છે તેઓને વધારાની વીજળીના ડિડકશન માટે હાલની પદ્ધતિ જ ચાલુ રહેશે એવું પંચે સ્પષ્ટ કર્યું છે. ■

### અદાણીના ૩૪ લાખ ગ્રાહકોને ૧૦ ટકા રાહત

એમઈઆરસીની મંજૂરી સાથે અદાણી ઈલેક્ટ્રિસિટીના ૩૪ લાખ ગ્રાહકોને આ વર્ષે ૧૦ ટકા અને આગામી વર્ષે ૧૧.૭ ટકાના ટેરિફ કટનો લાભ થશે.

એમઈઆરસીના આદેશની રૂપરેખા (નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬થી ૨૦૨૯-૩૦)

પંચ બહુવર્ષ ટેરિફ (એમવાયટી:ના આદેશને એમઈઆરસીની મંજૂરીને લઇ અદાણી ઇલેક્ટ્રિસિટી મુંબઇ લિ.ના ૩૪ લાખ ગ્રાહકોને ઈલેક્ટ્રિસિટી ટેરિફમાં ઘટાડામાંથી લાભ મળશે. આ નિર્ણય ૧લી એપ્રિલ, ૨૦૨૫થી અમલી બનશે. પંચ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૭માં આશરે ૧૦.૦ ટકા અને ૧૧.૭ ટકાનો સરેરાશ ટેરિફ ઘટાડો મંજૂર કરાયો છે.

### સ્માર્ટ મીટર માટે દિવસે સુવિધા

રાજ્યના કૃષિ ગ્રાહકો સિવાય દરેક વીજ ગ્રાહકો માટે સ્માર્ટ મીટર (ટીઓડી) તબક્કાવાર બેસાડવામાં આવશે જેમાં ઔદ્યોગિક અને કમર્શિયલ ગ્રાહકોને પ્રાધાન્ય આપવામાં આવશે. આ મીટર બેસાડનારા ગ્રાહકોને સવારે નવ કલાકથી સાંજે પાચ કલાક દરમિયાન સૌર વીજળી વાપરવા માટે પ્રતિયુનિટે ૮૦ પૈસાથી એક રૂપિયા સુધીની સુવિધા મળશે. આ સિવાય સ્માર્ટ મીટર બેસાડેલા ઔદ્યોગિક અને કમર્શિયલ ગ્રાહકોને રાત્રે ૧૨ કલાથી સવારે છ તથા સવારે નવ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી ૧૦થી ૩૦ ટકાની છૂટ મળશે. ■

# એલ્ફિન્સ્ટન બ્રિજ પર ૨૧ વર્ષના કોલેજિયનની કારે ટેક્સીને મારી ટક્કર: ગુજરાતી મહિલા સહિત બેના જીવ ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દાદર પશ્ચિમમાં એલ્ફિન્સ્ટન બ્રિજ પર પૂરપાટ વેગે કાર હંકારી રહેલા ૨૧ વર્ષના કોલેજિયને સામેથી આવી રહેલી ટેક્સીને જોરદાર ટક્કર મારતાં ટેક્સી ડ્રાઇવર અને તેમાં પ્રવાસ કરી રહેલી પંચાવન વર્ષની ગુજરાતી મહિલાનાં મોત થયાં હતાં. દાદર પોલીસે આ પ્રકરણે કોલેજિયન પ્રિયાંશુ અમર વાંદ્રે સામે ગુનો નોંધી તપાસ આદરી હતી. માટુંગામાં રહેતો પ્રિયાંશુ ચેમ્બુર ખાતેની કોલેજમાં એન્જિનિયરિંગના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે પશ્ચિમમાં એલ્ફિન્સ્ટન બ્રિજ પર શનિવારે બપોરે ૧.૩૫ વાગ્યે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા બંને જણની ઓળખ ટેક્સી ડ્રાઇવર શંકરય્યા નરસૈયા ગોલીવાડા તથા પ્રવાસી કરી રહેલી પ્રવાસી રેખા પરમાર ઉર્ફે જમેરિયા તરીકે થઇ હતી. ચિંચપોકલી સ્થિત ચમેલીવાડી ખાતે રહેતી રેખા સાત રસ્તા વિસ્તારમાં ફૂલ વેચતી હતી. ગુડી પડવા નિમિત્તે રેખા શનિવારે સવારે ફૂલ ખરીદવા માટે દાદર ગઇ હતી અને બપોરે ટેક્સીમાં પાછી ફરી રહી હતી ત્યારે તેને અકસ્માત નડ્યો હતો. ટેક્સી ડ્રાઇવર ગોરેગામનો રહેવાસી હતો. પ્રાપ્ત માહિતી મુજબ માટુંગા વિસ્તારમાં રહેતો પ્રિયાંશુ વાંદ્રે શનિવારે બપોરે કારમાં લોઅર પરેલથી દાદર રેલવે સ્ટેશન તરફ જઇ રહ્યો હતો. બેદરકારીપૂર્વક અને પૂરઝડપે કાર હંકારી રહેલો પ્રિયાંશુ એલ્ફિન્સ્ટન બ્રિજ પરથી પસાર થઇ રહ્યો હતો ત્યારે તેણે અચાનક કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે તેની કાર વિરુદ્ધ માર્ગ પર જતી રહી હતી અને સામેથી આવી રહેલી ટેક્સી સાથે ટકરાઇ હતી, જેમાં ટેક્સી ડ્રાઇવર અને પ્રવાસી રેખા પરમારને ગંભીર ઇજા પહોંચી હતી. અકસ્માતમાં પ્રિયાંશુને પણ નજીવી ઇજા પહોંચી હતી. દરમિયાન અકસ્માતની જાણ થયા બાદ દાદર પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઘવાયેલા બંનેને સારવાર માટે તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યાં હતાં, જ્યાં ડોક્ટરોએ તપાસીને બંને જણને મૃત જાહેર કર્યા હતા. બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ પોલીસે કારચાલક પ્રિયાંશુ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ■





**ભૂલ કોની, સજા કોને:** એલ્ફિન્સ્ટન બ્રિજ પરના અકસ્માતમાં ટેક્સીનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને કારને પણ ઠીક-ઠીક નુકસાન થયું હતું.

(અમય ખરાડે)

# ભગવાનના દર્શન થાય એ પહેલાં અકસ્માત: મુંબઈના ડીસીપી સુધાકર પઠારેનું હૈદરાબાદ નજીક મૃત્યુ



મુંબઇ: મુંબઈ પોર્ટ ઝોનના ડેપ્યુટી પોલીસ કમિશનર (ડીસીપી) સુધાકર પઠારેનું હૈદરાબાદ નજીક માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. પઠારે શનિવારે બપોરે સંબંધી સાથે કારમાં મંદિરમાં દર્શન કરવા માટે જઇ રહ્યા હતા ત્યારે તેમની કાર એસટી બસ સાથે ટકરાઇ હતી, જેમાં પઠારેના સંબંધીએ પણ જીવ ગુમાવ્યો હતો.

થાણે પોલીસના ઝોન-૪માં પઠારે કાર્યરત હતા ત્યારે બદલાપુરમાં બે વિદ્યાર્થિની સાથે દુષ્કર્મના કેસના આરોપી અક્ષય શિંદેની ધરપકડ અને કેસની તપાસ તેમના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

૨૦૧૦ બેચના આઇપીએસ (ઇન્ડિયન પોલીસ સર્વિસ) ઓફિસર પઠારે હૈદરાબાદમાં ટ્રેનિંગ માટે ગયા હતા. પઠારે તેમના સંબંધી ભાગવત ખોડાકે સાથે શનિવારે બપોરે ઇનોવા કારમાં નંદયાલ જિલ્લાના શ્રીશૈલમ ખાતે મંદિરમાં દર્શન કરવા માટે જઇ રહ્યા હતા. ત્યારે ઘાટ નજીક તેમની કાર એસટી બસ સાથે ટકરાઇ હતી.

આ અકસ્માતમાં પઠારેના માથામાં, જ્યારે તેમના સંબંધીના પગમાં તથા આંતરિક ઇજા પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને તપાસી મૃત જાહેર કરાયા હતા. બંનેના મૃતદેહને બાદમાં પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા, તેલંગણાના કરનૂલના એસપી વૈભવ ગાયકવાડે જણાવ્યું હતું.

મુંબઈ પોલીસે પોતાના સોશ્યલ મીડિયા અકાઉન્ટ પર આ દુ:ખદ સમાચાર શૅર કરીને જણાવ્યું હતું કે આજે હૈદરાબાદ નજીક માર્ગ અકસ્માતમાં ડીસીપી પઠારેના અકાળે અવસાનની જાહેરાત કરતાં મુંબઈ પોલીસે ખૂબ દુખ થાય છે. ડીસીપી પઠારે એક સમર્પિત અધિકારી હતા, જેમણે પ્રતિબદ્ધતા અને પ્રામાણિકતાથી દળની સેવા કરી હતી.

ટ્વીટમાં આગળ લખ્યું છે કે પોર્ટ ઝોન અને નવી મુંબઈમાં કાયદો-વ્યવસ્થા જાળવવામાં તેમનું યોગદાન અમૂલ્ય રહ્યુ હતું. તેમના નિધને અમારા રૅન્કમાં એક ઊંડી ખોટ છોડી છે. આ મુશ્કેલ સમયમાં અમે તેમના પરિવાર, મિત્રો અને સાથીઓના દુ:ખમાં સહભાગી છીએ. ■

# મને ખોટા કેસમાં ફસાવાયો...

## આમ કહીને સૈફ અલી ખાન પર હુમલો કરનાર બાંગ્લાદેશીએ જામીનની માગ કરી

મુંબઈ: અભિનેતા સૈફ અલી ખાન પર તેના બાન્દ્રાના ઘરે કથિત હુમલો કરનાર ૩૦ વર્ષીય બંગલાદેશીએ જામીનની અરજી કરી છે અને દાવો કર્યો છે કે તેને ખોટા કેસમાં ફસાવવામાં આવી રહ્યો છે.

આરોપી મોહમ્મદ શરીફુલ ઇસ્લામ શેહઝાદે શુક્રવારે સેશન્સ કોર્ટમાં જામીનની અરજી કરી હતી જેમાં તેણે દાવો કર્યો છે કે તેની સામે નોંધવામાં આવેલી એફઆઇઆર ખોટો છે અને તેની સામે ખોટો કેસ નોંધવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે ૧૬મી જાન્યુઆરીના રોજ બાન્દ્રા ખાતેના સૈફ અલી ખાનના ૧૨મા માળે આવેલા તેના ઘરમાં આરોપીએ ચાકુ વડે હુમલો કર્યો હતો જેમાં અભિનેતા ગંભીર રીતે ઘાયલ થયો હતો અને લીલાવતી હોસ્પિટલમાં તેને તાત્કાલિક સર્જરી કરાવવાની ફરજ પડી હતી. પોલીસે બે દિવસ બાદ શરીફુલની ધરપકડ કરી હતી.

આરોપીએ અરજીમાં જણાવ્યું છે કે તેની ધરપકડ ગેરકાયદે છે, કારણ કે તપાસ એજન્સીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બીએનએસએસ)ની કલમ ૪૭ની અવગણના કરી છે. આ કલમ હેઠળ આરોપીને તેની કયા કારણસર ધરપકડ કરવામાં આવી રહી છે તે જણાવવામાં આવે છે તથા તેને જામીનનો અધિકાર હોય છે.

આ કેસની અરજી પહેલી એપ્રિલ સુધી મુલતવી રાખવામાં આવી હતી.

શરીફુલે અરજીમાં વધુમાં કહ્યું હતું કે આ કેસમાં જરૂરી સંશોધન અને શોધની પ્રક્રિયા પૂર્ણ થઇ છે. જરૂરી તપાસ પૂરી કરવામાં આવી છે અને હવે ફક્ત ચાર્જશીટ ફાઇલ કરવાની પેન્ડિંગ છે. ■

### એકનાથ શિંદે વિશે વાંધાજનક ટિપ્પણી

# સ્ટૅન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા વિરુદ્ધ વધુ ત્રણ એફઆઈઆર

મુંબઈ: નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વિશે વાંધાજનક ટિપ્પણી કરવા પ્રકરણે સ્ટૅન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા સામે રાજ્યમાં વધુ ત્રણ એફઆઇઆર દાખલ કરવામાં આવ્યા છે. કુણાલ કામરાએ તેના શોમાં નામ લીધા વિના શિંદેની શિવસેનામાંથી બળવાખોરી પરથી તેમને ગદ્દાર તરીકે સંબોધિત કરતાં વિવાદ ઊભો થયો હતો.

રાજ્યના અલગ અલગ ભાગમાં શુક્રવારે આ નવા કેસ દાખલ કરવામાં આવ્યા હતા અને વધુ તપાસ માટે તેમને ખાર પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

આ ત્રણ નવા એફઆઇઆર મનમાડના મયૂર બોરસે, જળગાંવ જામોદના સંજય ભુજબળ અને મનમાડના નાંદગાવના સુનીલ જાધવે દાખલ કરાવ્યા છે. તેઓ શિવસેનાના કાર્યકર છે.

કાર્યકરોએ ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે શિંદે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હોવા છતાં કામરાએ તેમનાં નૈતિક મૂલ્યોને બદનામ કર્યાં છે. તેણે વાંધાજનક નિવેદનો કરીને બે રાજકીય પક્ષ વચ્ચે ધિક્કારની લાગણી ઊભી કરી છે.

એકનાથ શિંદે વિશે વાંધાજનક ટિપ્પણી બદલ ખાર પોલીસે અગાઉ કુણાલ કામરા વિરુદ્ધ ફોજદારી બદનક્ષીના કેસની તપાસ શરૂ કરી છે અને તેને તપાસમાં જોડાયા બાદ બે સમન્સ પણ પાઠવ્યા છે. કામરાએ એક સપ્તાહનો સમય માગ્યો હતો, પણ પોલીસે તેની વિનંતી ફગાવી દીધી હતી અને તેને હાજર રહેવા માટે તાકીતદ આપી હતી. જોકે શુક્રવારે કામરાએ મદ્રાસ હાઇ કોર્ટમાંથી ૭ એપ્રિલ સુધી વચગાળાના આગોતરા જામીન મેળવ્યા છે.

શિવસેનાના વિધાનસભ્ય મુરજી પટેલે નોંધાવેલી ફરિયાદને આધારે ખાર પોલીસે કામરા સામે ગુનો દાખલ કર્યો હતો. ■

# ગરમીથી થોડી રાહત આપવા આવી રહ્યા છે મેઘરાજા

## આજથી છ દિવસ એમએમઆરમાં યલો એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિદર્ભને બાદ કરતા રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પડી રહેલી કાળઝાળ ગરમીમાં થોડી રાહત મળે એવી શક્યતા છે.

વેસ્ટર્ન ડિસ્ર્ટબન્સની અસર હેઠળ મહારાષ્ટ્રનાં મુંબઈ, થાણે સહિત મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડના જિલ્લામાં વીજળીના ગડગડાટ સાથે આવતા અઠવાડિયામાં કમોસમી વરસાદના ઝાપટાં પડવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

થાણે, પાલઘરમાં આજે અને આવતી કાલે તો મુંબઈ સહિત સમગ્ર મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં આજથી ચાર એપ્રિલ સુધી યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ દરમ્યાન મુંબઈ તાપમાનનો પારો ૩૬.૩ ડિગ્રી તો સમગ્ર રાજ્યમાં વિદર્ભનાં ચંદ્રપુરમાં સૌથી ઊંચુ ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હાલ મુંબઈ સહિત સમગ્ર રાજ્યમાં ઉનાળાની આકરી ગરમી પડી રહી છે, તેમાં પણ વિદર્ભમાં સૂર્ય આગ ઓકી રહ્યો છે. વિદર્ભના મોટાભાગના જિલ્લામાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની ઉપર નોંધાઈ રહ્યો છે. મુંબઈમાં પણ શનિવારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૬.૩ ડિગ્રી અને લઘુતમ ૨૧.૧ ડિગ્રી તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪.૫ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૪.૨ ડિગ્રી નોંધાયું હતું.

મુંબઈના તાપમાનમાં અચાનક થયેલા વધારા માટે નિષ્ણાતો સ્થાનિક સ્તરની ગરમી અને પવનોને જવાબદાર ગણાવ્યા હતા. એક તરફ તાપમાનનો પારો સતત ઊંચો જઈ રહ્યો છે ત્યારે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ રાજ્યના અમુક જિલ્લામાં કમોસમી વરસાદ પડવાની શક્યતા છે.

હવામાન ખાતાના જણાવ્યા મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર છત્તીસગઢ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને તમિલનાડુને થઈ છે.

ડિસ્ટર્બન્સની અસર હેઠળ સમગ્ર મહારાષ્ટ્રમાં કમોસમી વરસાદની શક્યતા છે. ડિસ્ટર્બન્સ હાલ દરિયામાં આંદામાન સહિત આજુબાજુના વિસ્તારમાં છે.

હવામાન ખાતાના જણાવ્યા મુજબ રવિવારે થાણે, પાલઘર, નાશિક, ધુળે, નંદુરબાર, અહિલ્યાનગર, સાતારા, સાંગલી, કોલ્હાપુર અને સિંધુદુર્ગ જિલ્લા માટે યલો એલર્ટ આપવામાં આવ્યું હોઈ વરસાદના ઝાપટાં પડવાની શક્યતા છે. તો પુણે સહિત મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ અને મરાઠવાડના અમુક જિલ્લામાં પણ હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ પડી શકે છે. તો પહેલી એપ્રિલના વિદર્ભને બાદ કરતા સમગ્ર રાજ્યમાં કમોસમી વરસાદ પવાની શક્યતા છે.

મુંબઈ સહિત મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તાર માટે પહેલી એપ્રિલથી ચાર એપ્રિલ સુધીમાં વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડવાની શક્યતા છે. તો રાજ્યના મોટાભાગના વિસ્તાર માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. તો બે એપ્રિલના સમગ્ર રાજ્યમાં કમોસમી વરસાદ પડવાની શક્યતા છે. ■

### માર્ચ મહિનામાં પ્રી-મોન્સૂન શાવર

મુંબઈ, થાણેમાં આજે વરસાદનાં ઝાપટાં પડવાની શક્યતા વચ્ચે માર્ચ મહિનામાં આ અગાઉ પણ અનેક વખત ચોમાસા પહેલાનાં ઝાપટાં પડવાનો ઈતિહાસ રહ્યો છે. અગાઉ માર્ચ ૨૦૨૩માં ૧૭.૧ મિલિમીટર વરસાદ સાથે સૌથી ભીનો માર્ચ નોંધાયો છે. તો એ પહેલા માર્ચ ૨૦૧૬માં ૧૦ મિલિમીટર અને ૨૦૧૫માં ૬.૫ મિલિમીટર વરસાદ પડ્યો હતો. ■

# અતિક્રમણ વિરોધ ઝુંબેશ વખતે પાલિકાના અધિકારીની મારપીટ, ત્રણ ફેરિયાને બે વર્ષની કેદ

થાણે: અતિક્રમણ વિરોધી ઝુંબેશ વખતે ૨૦૧૬માં પાલિકાના કામમાં અડચણ બનવા તથા પાલિકાના અધિકારીની મારપીટ કરવાના કેસમાં નવી મુંબઈની કોર્ટે ત્રણ ફેરિયાને બે વર્ષની જેલની સજા ફટકારી હતી.

સંબંધિત કલમો હેઠળ સેશન્સ કોર્ટે શ્રીકાંત સુરેન્દ્ર શર્મા (૪૨), દીપકકુમાર છોટેલાલ ગાયકવાડ (૪૮) અને સિરાજ ખાન (૫૩)ને દોષી ઠરાવ્યા હતા. વીસમી માર્ટે કોર્ટે આપેલા ચુકાદાની નકલ શુક્રવારે ઉપલબ્ધ થઇ હતી.

૧૯મી ઓગસ્ટ, ૨૦૧૬ના નવી મુંબઈ પાલિકાના વોર્ડ ઓફિસર સુભાષ દાદુ અદાગલે (૫૮) દ્વારા સીબીડી બેલાપુરમાં અન્ય સ્ટાફ સાથે અતિક્રમણ વિરોધ ઝુંબેશ હાથ ધરી હતી. ત્યારે ઉક્ત ત્રણેય આરોપીઓ પાલિકાના અધિકારીઓ પાસે ગયા હતા તેમના કામમાં અડચણ ઊભી કરી હતી તથા અમુક સ્ટાફને ધક્કે પણ ચઢાવ્યા હતા.

કોર્ટે ફરિયાદી સહિત છ સાક્ષીની જુબાની નોંધી હતી અને કહ્યું હતું કે તપાસકર્તા પક્ષે આરોપીઓ સામેના આરોપો કોઇ પણ શંકા વગર સાબિત કર્યા છે. કોર્ટે દરેક આરોપીને બે વર્ષની જેલની સજા તથા દરેકને ૨,૨૫૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ■

# મહિલાના ઘરેણાં લૂંટી તેની હત્યા કરનારને જનમટીપ

થાણે: આઠ વર્ષ પહેલા એક મહિલાની લૂંટ ચલાવી તેની હત્યા કરવા પ્રકરણે થાણે જિલ્લાની કોર્ટે તાજેતરમાં ૩૧ વર્ષના આરોપીને જનમટીપની સજા ફટકારી હતી.

કલ્યાણ કોર્ટે શાહપુર તાલુકાના ખારીવલી ગામમાં રહેતા આરોપી મુકેશ ગણપત નિમસેને જનમટીપની સજા અને ૨૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

દંડની રકમમાંથી ૧૯,૦૦૦ રૂપિયા પીડિતના પરિવારને વળતર તરીકે તથા કેસના ખર્ચ તરીકે ૧૦૦૦ રૂપિયા સરકારી તિજોરીમાં જમા કરાવવાનું કોર્ટે કહ્યું હતું. સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે નવમી ઓગસ્ટ, ૨૦૧૭ના આરોપીએ પીડિતા સંધ્યા ગણેશ નિમસેના ઘરેણાઓ લૂંટી ખેતરમાં તેની હત્યા કરી હતી.

આરોપીના વકીલે ઓછામાં ઓછી સજા કરવાની વિનંતી કરી હતી અને કહ્યું હતું કે આ કેસનો સમાવેશ દુર્લભ કેસમાં થતો નથી. ■

# કસાબને જીવતો પકડવામાં શહીદ થનાર તુકારામ ઓંબલેનું સ્મારક બાંધવામાં આવશે

### તેમના ગામ મૌજે કેડાંબેમાં ૧૩.૪૬ કરોડના ખર્ચે સ્મારક બાંધવાનો મહારાષ્ટ્ર સરકારનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ હુમલા દરમિયાન આતંકવાદી અજમલ કસાબને જીવતો પકડવા માટે પોતાના જીવની આહુતિ આપનાર શહીદ પોલીસ કર્મચારી તુકારામ ઓંબલેના સન્માનમાં મહારાષ્ટ્ર સરકારે એક મોટો નિર્ણય લીધો છે. સરકાર સતારા જિલ્લાના મૌજે કેડાંબે ગામમાં તેમના માનમાં એક ભવ્ય સ્મારક બનાવવા જઈ રહી છે, જેના માટે ૧૩.૪૬ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર સરકારે પ્રોજેક્ટના ૨.૭૦ કરોડ રૂપિયા એટલે કે ૨૦ ટકાની પહેલી રકમ વહીવટીતંત્રને આપી દીધી છે, જેથી સ્મારકનું બાંધકામ ટૂંક સમયમાં શરૂ થઈ શકે.

૨૬/૧૧ના મુંબઈ હુમલા દરમિયાન, બહાદુર મુંબઈ પોલીસ અધિકારી તુકારામ ઓંબલેએ પોતાનો જીવ જોખમમાં મૂકીને આતંકવાદી અજમલ કસાબને જીવતો પકડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમની બહાદુરી માટે તેમને મરણોત્તર અશોક ચક્ર એનાયત કરવામાં આવ્યું હતું.

૨૬ નવેમ્બર ૨૦૦૮ની રાત્રે મુંબઈ પર થયેલા આતંકવાદી હુમલામાં ૧૬૬ લોકો માર્યા ગયા હતા, જ્યારે સેંકડો ઘાયલ થયા હતા. આ હુમલો કરવા આવેલા આતંકવાદીઓમાંથી ફક્ત અજમલ કસાબ જીવતો પકડાયો હતો, જેને પકડવામાં તુકારામ ઓંબલેએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ જ્યારે ૧૦ પાકિસ્તાની આતંકવાદીઓએ મુંબઈ પર હુમલો કર્યો ત્યારે આખું મુંબઈ ગભરાઈ ગયું હતું. આમાંથી બે આતંકવાદીઓ છત્રપતિ શિવાજી ટર્મિનસ (સીએસટી) સ્ટેશન પર અંધાધૂંધ ગોળીબાર કરી રહ્યા હતા. એક અજમલ કસાબ અને બીજો અબુ ઇસ્માઇલ. પોલીસે આતંકવાદીઓને પકડવા માટે છટકું ગોઠવ્યું અને ગિરગામ ચોપાટી પર બેરિકેડ લગાવી દીધા.

આતંકવાદીઓની કાર બેરિકેડ નજીક આવતાની સાથે જ પોલીસે ગોળીબાર શરૂ કરી દીધો, જેમાં અબુ ઇસ્માઇલ માર્યો ગયો. અજમલ કસાબ પોલીસ પર ગોળીબાર શરૂ કરી દીધો, પરંતુ તુકારામ ઓંબલેએ પોતાના જીવની પરવા કર્યા વિના તેના પર હુમલો કર્યો અને તેની એકે-૪૭ છીનવી લીધી.

કસાબ સતત ગોળીબાર કરતો રહ્યો, પરંતુ ઓંબલેએ કસાબની બંદૂક મજબૂતીથી પકડી રાખી, જેના કારણે અન્ય પોલીસકર્મીઓને તેને જીવતો પકડવાની તક મળી. ગોળી લાગવાથી તુકારામ ઓંબલે શહીદ થયા હતા, પરંતુ તેમની બહાદુરીને કારણે ભારતે એકમાત્ર આતંકવાદીને જીવતો પકડી લીધો, આમ સમગ્ર કાવતરાનો પર્દાફાશ થયો હતો. ■




# ચશ્માં અને કોન્ટેક્ટ લેન્સથી મુક્તિ ઇચ્છો છો?

# લેસિકને કરો બાયબાય સ્માઈલને વેલકમ

**લેસિક સસ્તી છે અને સ્માઈલ મોંઘુ છે એ મોટી ગેરમાન્યતા છે. હકીકતમાં સ્માઈલ પણ આર્થિક સ્તરે પરવડે એવી કિંમતમાં છે**

ભારતમાં દર વર્ષે આશરે સાત લાખથી વધારે લોકો ચશ્માં - કોન્ટેક્ટ લેન્સથી છુટકારો મેળવવા માટેની આવશ્યક સર્જરી કરાવતા હોય છે જે પૈકી બહુધા પ્રમાણ યુવાવર્ગનું છે. જેની પાછળ મુખ્યત્વે ચશ્માને કારણે બબૂચક જેવા દેખાતા હોવાની ગેરમાન્યતા પ્રચલિત છે. મુંબઇમાં કોલાબાસ્થિત ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર - વિઝન વિસ્ટા આઇ ક્લિનિક પ્રાઇવેટ લિમિટેડના ડિરેક્ટર ડૉ. સાયરસ મહેતાના ક્લિનિકમાં દૃષ્ટિ સંબંધિત વિવિધ પ્રકારની ક્ષતિના સમાધાનાર્થે લેટેસ્ટ ટેક્નોલોજીયુક્ત મશીનનો રાફડો છે. આ અંતર્ગત ચશ્માં કે કોન્ટેક્ટ લેન્સથી મુક્ત થવા માટે સ્માઇલ નામે અત્યાધુનિક મશીન ઉપલબ્ધ છે.



મહારાષ્ટ્રના ગવર્નર તથા સ્વાસ્થ્ય પ્રધાનના વરદ્ હસ્તે ભારતના અગ્રણી આઇ-સર્જન તરીકેનો એવોર્ડ પ્રાપ્ત કરનાર ડૉ. સાયરસ મહેતાના જણાવ્યા મુજબ ચશ્માનાં નંબર દૂર કરવા માટે વિશ્વનું સર્વોત્કૃષ્ટ લેખાતું સ્માઇલ લેસર મશીન જર્મનીથી મગાવવામાં આવ્યું છે. અનેક પ્રખ્યાત કલાકારો, બિઝનેસમેન તથા ઉદ્યોગપતિ અર્થાત્ એક છેડે રોડપતિથી લઇને કરોડપતિ સુધીના, જ્યારે બીજે છેડે ભારત સહિત અમેરિકા, યુકે, યુરોપ અને આરબ સહિત વિવિધ દેશના અનેક લોકોએ આ નવીન ટેક્નોલોજીનો લાભ લીધો છે. હકીકતમાં સ્માઇલની સરખામણીમાં લેસિક હવે જૂનું લેખાય છે. ભારતમાં લેસિકના આશરે ૫૦૦ જેટલા મશીન હશે, પરંતુ સ્માઇલના ફક્ત ત્રીસેક મશીન જ છે. ડૉ. સાયરસ મહેતાએ આજપર્યંત હજારો લોકોને સ્માઇલ દ્વારા ચશ્માં - કોન્ટેક્ટ લેન્સથી મુક્તિ અપાવી છે. તાજેતરમાં 'ધ સાઇટ ગાઇડ' તથા 'સાયરસઃ એજ્યુકેશન ઓફ એન ઓફથેલ્મોલોજિસ્ટ' નામે સ્વલિખિત બે પુસ્તક પ્રકાશિત થયા છે. ડૉ. સાયરસ મહેતાને સ્વિસ આઇ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા બેસ્ટ રિસર્ચર એવોર્ડ સહિત અનેક અકરામ, સર્ટિફિકેટ, ટ્રોફી, મોમેન્ટો વગેરે એનાયત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત દેશ-વિદેશમાં અનેક સ્થળે માહિતીપ્રદ લેકચર પ્રદાન કરવા જાય છે. દૃષ્ટિ સંબંધિત વિવિધ પ્રકારની ક્ષતિનું સમાધાન સાધવા માટે નંબર વન લેખાતું ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર-વિઝન વિસ્ટા આઇ ક્લિનિકના ડિરેક્ટર ડૉ. સાયરસ મહેતા સાથેની મુલાકાતના મુખ્ય અંશઃ

| તફાવતઃ લેસિક | સ્માઈલ |
| --- | --- |
| મસમોટો કાપ મૂકવો પડે છે | આંખ પર મસમોટો કાપ મૂકવો પડતો નથી |
| દસ દિવસ બાદ માથે ન્હાઇ શકાય છે | પેશન્ટ એક દિવસમાં વાળ ધોઈ શકે છે અર્થાત્ માથેથી ન્હાઇ શકે છે |
| એક મહિના પછી આંખ ચોળી શકે છે | એક દિવસ બાદ પેશન્ટ આંખ ચોળી શકે છે |
| ક્યારેક પીડા થાય છે | તદ્દન પીડારહિત છે |
| એક મહિના પછી મેકઅપ કરી શકાય છે | પેશન્ટ બે દિવસમાં મેકઅપ કરી શકે છે |
| લેસિક સાથે અસ્ટીગમેટિઝમની ક્ષતિનું સમાધાન સાધી શકાતું નથી | અસ્ટીગમેટિઝમની ક્ષતિનું સમાધાન સાધી શકાય છે |
| લેસિક કરાવ્યા બાદ અમુક લોકોને પ્રાથમિક તબક્કામાં ડ્રાયનેસ કે ધૂંધળાશની પ્રતીતિ | પેશન્ટને ડ્રાયનેસ કે ધૂંધળાશની પ્રતીતિ થતી નથી |
| કહેવાય છે કે સ્માઇલની સરખામણીમાં લેસિક સસ્તી છે | આ મોટી ગેરમાન્યતા છે. હકીકતમાં સ્માઇલ પણ આર્થિક સ્તરે પરવડે એવી કિંમતમાં છે |
| લેસિક કરાવ્યા પછી ત્રણ-ચાર દિવસ બાદ વ્યક્તિ વ્યવસાયિક કામકાજ કરી શકે છે | પેશન્ટ એક દિવસમાં રોજિંદી ક્રિયા કરવા ઉપરાંત વ્યવસાયિક કામકાજ કરી શકે છે. |

**▸ પ્રશ્નઃ ચશ્માં કે કોન્ટેક્ટ લેન્સથી છુટકારો મેળવવા માટે કઇ પ્રક્રિયા પ્રચલિત છે?**

**ડૉ. સાયરસ મહેતાઃ** ચશ્માં - કોન્ટેક્ટ લેન્સથી મુક્ત થવા માટે લેસિક આશરે પચ્ચીસેક વર્ષ પ્રાચીન પ્રક્રિયા છે. એની સરખામણીમાં સ્માઇલ લેટેસ્ટ પ્રક્રિયા છે. આ અંતર્ગત સામાન્ય લેખાતી લેસિકમાં અમુક પ્રકારની સમસ્યા છે, જ્યારે સ્માઇલ સર્વોત્કૃષ્ટ છે.

**▸ પ્રશ્નઃ લેસિક અને સ્માઇલ વચ્ચે શું તફાવત છે?**

**ડૉ. સાયરસ મહેતાઃ** લેસિક કરાવ્યા પછી અનેક પેશન્ટને આંખો ડ્રાય થવાની સમસ્યા ઉદ્ભવે છે, જેના પરિણામે લાંબા સમય સુધી તેમને આઇ-ડ્રોપ્સ નાખવા પડે છે. આ ઉપરાંત રાતના સમયે ધૂંધળાશની પ્રતીતિ થાય છે, જેને પરિણામે સ્કૂટર કે કાર વગેરે ચલાવવામાં અકસ્માત થવાનો ભય રહે છે, જેને ધ્યાનમાં રાખીને અનેક લોકો ન રહેગા બાંસ ન બજેગી બાંસુરીની જેમ રાતના સમયે ડ્રાઇવિંગ જ નથી કરતા. લેસિકને અંતર્ગત આંખ પર બ્લેડ દ્વારા કાપ મૂકવા અનિવાર્ય છે. અમુક અપવાદરૂપ કિસ્સામાં બ્લેડ દ્વારા ખોટો કાપ મુકાય છે અને અમુક કિસ્સામાં સર્જરી દરમિયાન અટકી જાય છે. મોટો કાપ મૂકવાથી અનેક નસ કપાઇ જાય છે અને કાયમી સ્તર પર ડ્રાયનેસની ક્ષતિ સાથે આંખ પણ નબળી થઇ જાય છે. એની સરખામણીમાં સ્માઇલને અંતર્ગત કોઇ પણ પ્રકારનો કાપ મૂકવો પડતો નથી. પેશન્ટને સર્જરી બાદ ડ્રાયનેસની સમસ્યા કે ધૂંધળાશની પ્રતીતિ થતી નથી. પેશન્ટ એક દિવસમાં જ વાળ ધોઈ શકે છે તથા ચોવીસ કલાકમાં આંખ ચોળી શકે છે. તદ્દન પીડારહિત પ્રક્રિયા હોવા ઉપરાંત એક દિવસમાં રોજિંદી ક્રિયા-વ્યવસાયિક કામકાજ તથા બે દિવસમાં મેકઅપ કરી શકે છે. સ્માઇલને અંતર્ગત નજીકના નંબર પણ દૂર કરી શકાય છે.

**▸ પ્રશ્નઃ લેસિકની સરખામણીમાં સ્માઇલ ખૂબ મોંઘી સાબિત થાય છે?**

**ડો. સાયરસ મહેતાઃ** લેસિક સસ્તી છે અને સ્માઇલ મોંઘુ છે એ મોટી ગેરમાન્યતા છે. હકીકતમાં સ્માઇલ પણ આર્થિક સ્તરે પરવડે એવી કિંમતમાં છે.

**▸ પ્રશ્નઃ પાઇલોટ કે એસ્ટ્રોનટ બનવા માટે દૃષ્ટિ સતેજ હોવી અનિવાર્ય છે. નબળી દૃષ્ટિ ધરાવનાર માટે કોઇ સૂચન?**

**ડૉ. સાયરસ મહેતાઃ** સ્પેસ એજ ટેક્નોલોજી લેખાતી સ્માઇલને નાસા દ્વારા માન્યતા પ્રદાન કરવામાં આવી છે. અર્થાત સ્માઇલનો કોઇ પર્યાય નથી.



**સ્માઈલના પ્લસ પોઈન્ટઃ**

- + આંખ પર મસમોટો કાપ મૂકવો પડતો નથી
- + પેશન્ટ એક દિવસમાં વાળ ધોઈ શકે છે
- + ચોવીસ કલાકમાં આંખ ચોળી શકે છે
- + તદ્દન પીડારહિત
- + એક દિવસમાં રોજિંદી ક્રિયા-વ્યવસાયિક કામકાજ કરી શકે
- + બે દિવસમાં મેકઅપ કરી શકે છે
- + સ્માઇલને અંતર્ગત નજીકના નંબર દૂર કરી શકાય છે. લેસિકમાં આ પ્રકારની સુવિધા નથી



**▸ પ્રશ્નઃ તમારા ક્લિનિકમાં ફક્ત ચશ્માના નંબર દૂર કરાવવા માટે નહીં, પરંતુ દૃષ્ટિ સંબંધિત વિવિધ પ્રકારની ક્ષતિનું સમાધાન સાધનારા અનેક પેશન્ટ આવે છે. કંઇ કમેન્ટસ?**

**ડૉ. સાયરસ મહેતાઃ** લુક પ્રકાશ....હું કંઇ એવડો મોટો નથી.....(ડૉ. સાયરસ સર તેમની ટિપિકલ ભાષામાં ઉત્તર આપતા જણાવે છે). મારા ક્લિનિકમાં એક જ છત નીચે દૃષ્ટિ સંબંધિત વિવિધ પ્રકારની ક્ષતિનું લેટેસ્ટ ટેક્નોલોજી અને અત્યાધુનિક મશીન દ્વારા સમાધાન સાધવામાં આવે છે. કેટરેક્ટનું સમાધાન સાધવા માટે કેટાલિસ, એક્ટિવ સેન્ટ્રી, માઇક્રોસ્કોપ, નિકોન ઓપ્ટોસ મશીન, IOL માસ્ટર ૭૦૦ વિથ TOPO સહિત મશીનની વણઝાર છે. આ ઉપરાંત ગ્લુકોમાનું સમાધાન સાધનાર નેનો SLT દ્વારા પાંપણના પલકારામાં અર્થાત્ ફક્ત બે-ત્રણ મિનિટમાં આંખનું પ્રેશર ઓછું કરી શકાય છે.

**▸ પ્રશ્નઃ મુંબઇમાં કેટરેક્ટનું સમાધાન સાધવા માટે આપના ક્લિનિકને ધ બેસ્ટ સેંટર લેખવામાં આવે છે. તમારો શું અભિપ્રાય છે?**

**ડૉ. સાયરસ મહેતાઃ** મારો ફક્ત એક જ ઉદ્દેશ છે, પેશન્ટના હિતને જાળવવાનો. મારા ક્લિનિકમાં સારવારાર્થે આવેલ પેશન્ટ હસતે મોઢે ઘરે રવાના થવો જોઇએ.



Know yr Dr.

નામઃ ડૉ. સાયરસ મહેતા
માનદ્ પદવીઃ પ્રખ્યાત ઓફથેલ્મોલોજિસ્ટ
એડ્રેસઃ વિઝન વિસ્ટા આઈ ક્લિનિક - ધ ઇન્ટરનેશનલ આઈ કેર સેંટર રામનિમી બિલ્ડિંગ, બીજે માળે, તાજમહાલ હોટેલની પાછળ, કોલાબા પોલીસ સ્ટેશનની સામે.
કોન્ટેક્ટ નંબરઃ 98198 50971 - 81049 59459 - 81049 76013 - 99674 39039
Email: cyresmehta@yahoo.com

